णमोत्थु णं समणस्स भगवओ महावीरस्स

आयओ गुरुबहुमाणो

# આરાધના યાત્રા

## પૂ. હરિભદ્રસૂરિ મહારાજા કૃત પંચવસ્તુક પ્રકરણ આદિ આધારિત વાચના ધારા (પ્રવચન ૧૧ થી ૨૦)

પ્રિયમ્

= અવતરણ =

રિતેશ સરવૈયા

**अहो ! श्रुतम्**

શા બાબુલાલ સરેમલજી બેડાવાળા

સિદ્ધાચલ, હીરા જૈન સોસાયટી,

સાબરમતી, અમદાવાદ-૩૮૦૦૦૫

મોબાઇલ – 94265 85904 / E-mail : ahoshrut.bs@gmail.com

વૈશાખ, સંવત ૨૦૭૬

શ્રી ગણેશાય નમઃ! શ્રી સરસ્વતીનમઃ!

શ્રી ગૌતમ સ્વામિના લબ્ધિ હોજો શ્રી કેશરીયા[illegible] ભંડાર ભરપૂર હોજો શ્રી ભરત ચક્રવર્તિની ઋદ્ધિ હોજો બાહુબલ[illegible] હોજો શ્રી અભય કુમારના બુદ્ધિ હોજો શ્રી કયવન્ના શેઠનું સૌભાગ્ય હોજો શ્રી રત્નાકર સાગરના રત્ન હોજો

શ્રી [illegible] હોજો

ચોપડું લખ્યું પહેલા નવા વરસ મુહુર્તે લિખિત વાર તારીખ વગેરે આવ્યું

સંવત 2077 કારતુક સુદ-1

સોમવાર-16112020

પહેલી નીચે મુજબ શ્રી લખવો

શ્રી

શ્રી. શ્રી.

શ્રી. શ્રી. શ્રી.

શ્રી શ્રી શ્રી શ્રી.

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી.

શ્રી શ્રી [illegible] શ્રી શ્રી શ્રી શ્રી

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી.

શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી શ્રી.

ગુરુના [illegible] પછી લખવા.


[illegible] લખેલું ભાવ

[illegible] સાથિયા [illegible]

શરૂ [illegible] 14

તા 14.10.2020

રાખેલ [illegible]



# પ્રવચન-૧૧ સાધર્મિક વાત્સલ્ય

DATE 27 08 2020

દહેરાસર ની અંદર આપણે ચૈત્યવંદન કરતા હોઈએ, કોઈ કારણસર, અડધે ચૈત્યવંદને નીકળી જવું પડે, તો ઝટકો લાગે, અંદર ડંખે, દુઃખ થાય. સંઘની સેવા આપણે કરી રહ્યા હોઈએ, અને સેવા મુકી દઈએ એનો આપણને ડંખ કેટલો ? શાસ્ત્રએ સંઘનો કયો દરજ્જો આપ્યો છે ને આપણે કયો દરજ્જો આપ્યો છે ? જે દરજ્જો શાસ્ત્રોએ આપ્યો છે, એ દરજ્જો એ આપણે નથી આપ્યો, એનો અર્થ એ છે કે આપણે શાસ્ત્રો ને નથી માનતા, એનો અર્થ એ છે કે આપણે શાસ્ત્ર વિરોધી છીએ. એનો અર્થ એ છે કે શાસ્ત્ર સાથે આપણને લેવા દેવા નથી. સંઘની સેવા, સંઘનું વાત્સલ્ય, એ મરજીયાત વસ્તુ, નથી. આપણને ફાવ્યું તો કર્યું, નહિ તો રહેવા દીધું. આ એવી વસ્તુ છે, જે નિર્ણાયક બની રહે છે, કે આપણો ભવ સફળ કે નિષ્ફળ !! શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

ण कयं दीणुद्धरणं

આ જન્મ તો મળ્યો પણ દીનોનો ઉદ્ધાર ન કર્યો,

ण कयं साहम्मियाण वच्छल्लं

સાધર્મિકો પ્રત્યે વાત્સલ્ય ન કર્યું,

हिययम्मि वीयराओ ण धारिओ

અને હૃદયમાં વિતરાગ ને ધારણ ન કર્યા,

हारिओ जम्मो

તો આ ભવ આપણે હારી ગયા. શ્રાદ્ધવિધિ ગ્રંથમાં રત્નશેખરસૂરી મહારાજ કહે છે, કઈ રીતે સાધર્મિક - વાત્સલ્ય કરવું, અને ત્યાં જવાબ આપ્યો કે તમારા ઘરે જે પ્રસંગ હોય, એમાં તમે સાધર્મિક ને જોડો. જેનું આપણે કરી કરીને ભુક્કા બની જઈએ, તો એ પુણ્યનું ટીપું નથી મળવાનું, ફક્ત પુણ્ય બળવાનું છે, એમની પાછળ આપણે અડધા - અડધા થઈ જઈએ, જેમનું કરીને પુણ્યનો દરિયો - મળવાનો છે, એમની વાત આવતાની સાથે આપણા નાકનું ટેરવું ચઢી જાય, એમને શા માટે બોલાવવા એમનું શા માટે

કરવું, એ પ્રશ્ન થાય ? આ આપણી બહુ મોટી મુર્ખામી છે.
નિશ્ચય દ્રષ્ટિ એ આપણે મોટાભાગે, મોટા ભાગની જિંદગીમાં
મુર્ખા બનતા હોઈએ છીએ. જે કંઈક બાકી રહ્યું ઘડપણ
મુઠ યુવને એમાં મુર્ખામી લાગે છે. રત્નશેખરસૂરી
મહારાજ શ્રાદ્ધ વિધિ ગ્રંથ ની અંદર, સાધર્મિક વાત્સલ્ય
નો બીજો પ્રકાર બતાવે છે.

સ્વધનવ્યયેનાપિ

જે સાધર્મિક તકલીફમાં હોય તો પોતાના રૂપિયા ખર્ચીને,
પણ એમને તકલીફમાંથી ઉભા કરવા. તડકો અને છાંયો એ
જીવનના ક્રમ છે. સાધર્મિક ને પણ તકલીફ આવી શકે,
નોકરી છુટી શકે, પગાર તૂટી શકે અને ધંધો તૂટી શકે,
એને કોઈ તોફાની તત્ત્વ સતાવતું હોય, એને બીજી
ત્રીજી ચિંતા હોય, તો જૈન એ કે જેને કોઈપણ શ્રાવકની
તકલીફ પોતાની તકલીફ લાગે!

☆ જૈન એ જેને કોઈની તકલીફ પોતાના દીકરાની -
તકલીફ લાગે.

જ્યાં સુધી આપણને એની તકલીફ એની
લાગે છે, ત્યાં સુધી આપણે જૈન નથી. એક શ્રાવક છે,
ACCIDENT માં એના પગ કપાઈ ગયા છે, એની પાસે
કોઈ નોકરી નથી, રોજગાર નથી, આવકનું સાધન નથી,
ધંધો કરવા મુડી નથી, એના મમ્મી, પપ્પાના દવા કર-
વાના પૈસા એની પાસે નથી, એના ઘરે દૂધ આવતું જ
નથી, એના ઘરે અઠવાડિયે એક વાર શાક આવે છે,
કાલની નહિ, આવતા ટંકની પણ એને ચિંતા છે. આપણને
સમાચાર મળ્યા, આપણને ખ્યાલ આવ્યો કે આવા
કોઈ શ્રાવક છે, હું તમને પૂછું છું કે આપણી
પ્રતિક્રિયા શું ? હાય હાય બહુ ખોટું, બિચારા બહુ
તકલીફ માં, પાંચસો.. હજાર.. પંદરસો ની મદદ આપણ
કરી દઈએ, વાત પુરી થઈ જાય. એજ શ્રાવક -
એજ પરિસ્થિતિ, એ જ ઘર, એજ તકલીફ.

ને હવે આપણે એ શ્રાવકમાં આપણા દીકરાનો ચહેરો - જોઈએ છીએ. એમાં આપણને આપણો સગો દીકરો - દેખાય છે, અને હવે આપણી પ્રતિક્રિયા શું છે ? આપણે સીધા તુટી પડીએ છીએ. એમની આજની તકલીફ, એમની લાંબાગાળા ની તકલીફ, એમનું આજનું SETELEMENT એમનું લાંબાગાળા નું SETELEMENT, એમનું સાધન, એમની મુડી, એમનો ધંધો, એમના મા-બાપ, એમની પત્ની, પુત્ર, પરિવાર, એમનું ઘર આ બધું જ જ્યાં સુધી આપણે WELL-SET કરીએ નહિ, ત્યાં સુધી આપણને ચેન પડતું નથી.

બહુ મનોમંથન કરીએ કે ખરેખર - આપણે શું માનીએ છીએ ? પોતાનું અને પારકું માનીને કરાતી પ્રતિક્રિયામાં કેટલો બધો ફરક છે. લાખ રૂપિયાનો સવાલ એ છે, કે જ્યાં સાધર્મિક પારકો લાગે છે, ત્યાં જે પણ કર્યું એને સાધર્મિક ભક્તિ કહેવાય ખરું ? જીવને પારકો માનવો એ જ અભક્તિ છે. તો આપણે અભક્તિ થી ભક્તિ કઈ રીતે કરી શકીએ ?

શ્રાદ્ધ વિધિ ગ્રંથ કહે છે. સાધર્મિક - વાત્સલ્ય નો ત્રીજો પ્રકાર.

अन्तरायदोषादिभवक्षये पुनस्तद्भूमिकाप्रापणम् ।

કોઈને એવા અંતરાય કર્મ નો ઉદય થયો અને એમના વૈભવનો ક્ષય થઈ ગયો, તો ફરીથી એમને પોતાની - ભુમિકા એ મેળવી આપવી. આ પણ સાધર્મિક વાત્સલ્ય છે. આપણી ધારણા, ભાવના એવી હોય છે, કે આપણે પર્યુષણમાં લખાવી દીધા, વાત પુરી થઈ ગઈ, હવે - આપણે કંઈ ભળીએ નહિ. આપણે આપણને તપાસીએ. આપણે ઊંડા ઉતરીએ, ખરેખર જેને વાત્સલ્ય કહેવાય, જેને ભક્તિ કહેવાય, એવું આજ સુધી કર્યું છે ખરું ? આપણે બસ આપણી રીતે વિચારીએ, હું મારી આરાધના

કરું છું, હું ધ્યાન કરું છું, હું તપ કરું છું, મારી પાસે આટલો બધો ધર્મ છે, મારો મોક્ષ થવાનો જ છે. શ્રાદ્ધ વિધિ ગ્રંથમાં એક ઉદાહરણ આપ્યું છે, બહુ અદ્ભુત-વાત કરી છે.

एगत्थ सव्वधम्मा साहम्मियवच्छलं तु एगत्थ।

એક કલ્પનાના ત્રાજવાની રચના કરો, એના એક પલ્લામાં બધો જ ધર્મ, બધી સાધનાઓ, તપસ્યાઓ, આરાધના, બધું જ મુકી દો, બીજા પલ્લામાં માત્ર સાધર્મિક વાત્સલ્ય મુકો,

बुद्धितुलाइ तुलिया दोन्नि वि तुल्लाइं भणियाइं॥

એ બુદ્ધિના ત્રાજવાથી તોલવામાં આવે, તો બંને એ સરખા થાય છે. હજુ ઊંડા ઉતરીએ, ગમે તેટલો જપ કરો, તપ કરો, પૂજા કરો, સામાયિક-પ્રતિક્રમણ કરો, સ્વાધ્યાય કરો, ગમે તેટલા બીજા દાનો આપો, - સાધર્મિક પ્રત્યે અંતરમાં વાત્સલ્ય નથી તો સમ્યક્-દર્શન જ નથી, અને સમ્યક્ દર્શન વગરની બધી જ ક્રિયાઓ ફોગટ થાય છે. પલ્લા સમાન રહે એ માટે કે બીજા ધર્મો કરતા, અંતરમાં સાધર્મિક વાત્સલ્ય હોય, અને જો એ નથી તો, એ સમાન પલ્લા પણ નથી. બીજું પલ્લું એ ખાલી છે કારણકે ભગવાનની દ્રષ્ટિમાં એ ધર્મ જ નથી.

રત્નશેખરસૂરી મહારાજ શ્રાદ્ધ વિધિ ગ્રંથમાં કહે છે,

किं हि तस्य प्रौढिम्ना यः समानधार्मिकान् स्वसमानान् न विधत्ते,

જે પોતાના સાધર્મિકોને પોતાની સમાન ન કરી દે એવી તમારી રૂપિયાની છોળો, એવી તમારી શ્રીમંતાઈ એનો અર્થ જ શું છે! જે સાધર્મિકને કામ લાગ્યા એ તમારા ખરા પૈસા છે, જેનાથી તમે સાધર્મિક-વાત્સલ્ય કરી શકો એ તમારી ખરી શ્રીમંતાઈ છે. બાકી કહેવા માત્રની મિલકત છે, હકીકતમાં તમારી

DATE 27 08 2020

મુસીબત છે.

★ સાધર્મિક ઝુંપડામાં રહેતો હોય તો આપણો બંગલો એ આપણા માટે શરમની વાત છે.

★ સાધર્મિક પાસે દવાના પૈસા ના હોય, તો આપણું પાંચ-દસ હજારનું હોટલનું બિલ, આપણને ખરેખર શેમ થવું જોઈએ કે આપણે જ આપણને તમાચો મારી દઈએ.

★ સાધર્મિક સહાય માટે આમ થી તેમ આથડતા હોય, અને આપણે WORLD TOUR નો PLAN બનાવતા હોઈએ તો આપણા માટે ઢાંકણીમાં પાણી લઈને ડુબી મરવા જેવી વાત છે.

આપણા જે પૈસા સાધર્મિક ને કામ ન લાગ્યા, એ પૈસા આપણા માટે પીડા બની જવાના છે. શ્રાદ્ધ-વિધિ ગ્રંથમાં રત્નશેખરસૂરી મહારાજ, સાધર્મિક-વાત્સલ્ય નો ચોથો પ્રકાર બતાવે છે

धर्मे च विषीदतां तेषां तेन तेनोपायेन धर्मे स्थिरीकरणम्।

જે જે ધર્મમાં પ્રમાદ કરતા હોય, ધર્મમાં સીદાતા હોય, તો તે-તે ઉપાયથી તેમને ધર્મમાં સ્થિર કરવા. એક વ્યક્તિ છે, જે પૈસાના અભાવે સીદાય છે, દવાના પૈસા નથી, ખાવાના પૈસા નથી, દીકરા દીકરીની FEES ભરવાના પૈસા નથી, એક આ વ્યક્તિ છે ને બીજુ વ્યક્તિ છે, જેની પાસે સંપત્તિ નો ભરપૂર છે, પણ ધર્મ નથી, નથી પૂજા કરતા, નથી ચોવિહાર કરતા, ઘરે કંદમૂળ આવે છે, ગુરુ વંદન કરતાં આવડતું નથી, ચૈત્યવંદન કરતા, આવડતું નથી, તો દ્રવ્યથી સીદાતા સાધર્મિક કરતા, આવા ભાવથી સીદાતા સાધર્મિક એ વધારે દયા પાત્ર છે. શ્રીમંતોની બહુ મોટી કમનસીબી એ છે, કે એમને એમના દાન ધર્મથી એટલા મોટા કરી દેવામાં આવ્યા છે કે એમને ધર્મ સમજવાની જરૂર જ અનુભવાતી નથી, અને જેમની પાસે દાન ધર્મ પણ નથી, એમને ધર્મ સભામાં આવવાની જરૂર જ અનુભવાતી નથી. આ બંને રીતે, બંને પ્રકારના -



classmate

શ્રીમંતો ધર્મથી વંચિત રહે છે. પૈસો એ દુપાત્ય છે. પૈસો એ દુર્જન છે. માનવ સ્વભાવમાં સામાન્યથી પૈસાને - પચાવવાની શક્તિ હોતી નથી. પૈસો મગજને પ્રાયઃ કરીને ખરાબ કરી નાખે છે. ભર્તૃહરિના શબ્દોમાં કહીએ, તો મગજને OUT કરી નાખે છે.

द्रविणमदनि:सञ्ज्ञमनसाम् ।

એકાંત ના હોય શકે કે દરેક શ્રીમંત એવા જ હોય, પણ પ્રાયઃ કરીને શ્રીમંતોની આ સ્થિતિ થાય ને એના કારણે, એ ધર્મથી વંચિત બને. હાર-તોરા કરી દીધા, એમને આગળ બોલાવી લીધા, એમના અહમને ઉકસાવવામાં આવ્યો, પોષવામાં આવ્યો, એમને થાબડવામાં આવ્યા, શાબાશી આપવામાં આવી,

सर्वे गुणा: काञ्चनमाश्रयन्त: ।

બહુ બોલ બોલ કરનારા હોય તો એમના માટે એમ કહેવાય કે કર્તૃત્વ કળા સારી છે. બોલતા જ ન આવડે તો એમ કહેવાય, કે એની મૌનની સાધના સારી છે. હસે તો મળતાવડા કહેવાય, મોઢું ચડેલું હોય તો ગંભીર પ્રકૃતિના કહેવાય. દરેક એમના દોષોને ગુણ સ્વરૂપે જણાવીને કહેવામાં આવે, ચડાવવામાં આવે, અહમ પોસવામાં આવે આચાર્યોના આચાર્ય તરીકે એમને પોતાની અનુભૂતિ થાય, પછી એ કોને સાંભળવાના ?, શ્રીમંતોને ખબર નથી કે, દુન્યવી, તુચ્છ, એવું બાહ્ય ધન, એની રેલમછેલ, એમને અમુલ્ય, અણમોલ, આત્મહિતકારક એવા આંતર-ધનથી કેવા વંચિત કરી દે છે. જે પૈસો એ ધર્મ પ્રાપ્તિમાં અંતરાય બની રહેતો હોય તો, એ પૈસો સૌભાગ્ય નથી પણ દુર્ભાગ્ય છે. પૈસો ગમે તેટલો હશે, ભગવાનનું શાસન એનાથી એ વંચિત રાખે, જિનવાણીથી એ વંચિત રાખે, સામાયિક-પ્રતિક્રમણથી એ વંચિત રાખે, સંઘની સેવાથી એ વંચિત રાખે, સ્વાધ્યાયથી એ વંચિત રાખે, તો એ પૈસાથી વધારે

ખરાબ વસ્તુ, બીજુ કોઈ જ નથી. દેવતાઓ પાસે વિશિષ્ટ ભોગની સામગ્રી, ને એના કારણે એ એમને ધર્મ સુઝે- નહિ. વિશિષ્ટ સાધન સામગ્રીના કારણે, એ શ્રીમંતોને પણ ધર્મ ના સુઝે, તો એ સાધન- સામગ્રી તાત્વિક દ્રષ્ટિ એ એમની કમનસીબી છે. શ્રીમંતો ને પણ પ્રેમથી, આ વાસ્તવિકતા સમજાવવી, સમજાવી -- સમજાવી ને એમને ધર્મ માર્ગે વાળવા. એમને કહેવું કે ખ્યાતી શાબાશી ને હાર-તોરામાં તમે ફુલાય ના ભવ, આનાથી એ ઘમંડ વધ્યો, આનાથી એ જીનવાણી થી દુર ગયા, આનાથી એ તમે કોઈનું અપમાન કર્યું, તો તમે ખુબ ખાડામાં પડી જશો.

એક વર્ગ છે જે એમાં મૌન રાખે છે. બીજો વર્ગ છે જે સામે પડે છે, અને શ્રીમંતો નું અહિત કરવામાં મોટો ભાગ ભજવે છે. એક ત્રીજો વર્ગ- એવો જોઈએ, જે એમના સ્વમાનને પોષે, જે એમની અનુમોદના પણ કરે, અને SUGAR- COATED દવાની જેમ, એમને પ્રેમથી સમજાવતા રહે, કે ભાઈઓ મોક્ષ- માર્ગની સંપૂર્ણતા નથી.

* તકતિ માત્ર થી મોક્ષ નથી મળી જતો.
* BANNER માત્રથી મોક્ષ નથી મળી જતો.
* હારતોરા માત્રથી મોક્ષ નથી મળી જતો.

જો તાત્વિક સાધના જ નથી ને આપણે કષાયો જ વધારીએ છીએ, તો આપણે મોક્ષ ની નજીક ગયા કે દુર ગયા, એ પણ એક વિચારણીય મુદ્દો છે !! દાન ન આપવું એવી પણ વાત નથી, બોલી ન લેવી એવી પણ વાત નથી. કઈ રીતે લેવી- કઈ રીતે ના લેવી, શુદ્ધ ધર્મ શું છે. ભગવાનની વાણી શું છે ?, હકીકતમાં સામાયિક શું છે, હકિકતમાં પ્રતિક્રમણ શું છે, હકીકતમાં પૂજા શું છે, હકિકતમાં સંઘ અને સાધર્મિક શું છે ?, સમજવાનો પ્રયાસ કરો ! હું તમને લઈ જઈશ એવા

મહારાજ સાહેબ પાસે, જે નિઃસ્વાર્થ પણે તમને જ્ઞાન-આપશે, હું તમને એવા કલ્યાણ મિત્રની મિત્રતા કરાવી આપીશ, તમારા ઘરે આવશે, એકાદ કલાક સાથે બેસશે, માત્ર સાંભળશે, તમે ભણો તો ખરા! એવા પણ-સાધર્મિક વાત્સલ્ય છે. શ્રાદ્ધવિધિ ગ્રંથમાં રત્નશેખર-સૂરી મહારાજ સાધર્મિક ભક્તિનો પાંચમો પ્રકાર કહે છે.

प्रमाद्यतां च तेषां स्मारणादि०

પ્રમાદ કરતા હોય, આવ્યા ખરા ધર્મમાં જોડાયા ખરા, દ્રવ્યથી સીદાતા હતા, ભાવથી સીદાતા હતા, સાધારણ હતા, શ્રીમંત હતા, જે પણ સાધર્મિક હતા. ધર્મમાં આપણે જોડ્યા પણ ખરા, અઠવાડિયું વ્યાખ્યાન માં-એમને આવતા કરી દીધા, આઠમા દિવસે એ આવ્યા ન હતા, શ્રાદ્ધ દિન કૃત્યમાં આને ભાવ વાત્સલ્ય કહ્યું, આઠમા દિવસે એ દેખાય નહિ તો શ્રાવક શું કરે છે, આવું ના વિચારે, હશે-એવું એ ભણે, એવું ના વિચારે, શ્રાવક સાંજે એમના ઘરે પહોંચી જાય, એમને કહે,

केण कज्जेण साहि मे

આજે તમે દહેરાસરમાં દેખાયા ન હતા, આજે વ્યાખ્યાનમાં નહતા આવ્યા, આજે પાઠશાળા નહતા આવ્યા, શું કામ હતું, મને કહો કેમ નહતા આવ્યા? એમનું કારણ સાંભળવું,

जइ पमायस्स वसं गओ

અને જો એવું લાગે, કે પ્રમાદના કારણે એ નહતા આવ્યા, તો,

सव्वभावेण।

પોતે સર્વ પ્રયત્નથી, એમને સમજાવે, કે ભાઈ જીવનેતમાણે આ બધું ભણ્યું છે. તમે પૌત્રા ને રમાડવા બેસી ગયા. આ ભૌતિક ભભક તમને રમાડી રહ્યો છે, હવે તમને નથી દેખાતું? તમે પૈસાની ચિંતા મો પડ્યા, તમે

દુકાન વહેલી ખોલવાની ચિંતામાં પડ્યા, તમે આત્માની ચિંતા નહી કરી! અનંતકાળે મનુષ્ય ભવ મળે છે, - મનુષ્યભવ અનંતા મળે એમાં કોઈક ભવમાં ભગવાનની વાણી મળે કે ના મળે. અનંતભવોમાં ભગવાનની વાણી ક્યારેક મળી, એમાં પણ એ વચન પ્રત્યે શ્રધ્ધા થાય કે ન થાય. એ શ્રધ્ધા થઈ હોય, પછી પણ, એમાં પુરૂષાર્થ કરવાનું મન થાય કે ના થાય. આટલી દુર્લભ સામગ્રી મળી.

चत्तारि परमंगाणि दुल्लहाणि य जंतुणो ।

સર્વોત્કૃષ્ટ વિશ્વમાં કંઈ હોય તો એ પત્ની નથી, એ પતિ નથી, એ છોકરો નથી, એ દુકાન નથી, એ પૈસા નથી, એ ઘર નથી, એ વ્યવહારો નથી. સર્વોત્કૃષ્ટ દુર્લભ વસ્તુ હોય, તો એ શું છે? પશુઓને પણ પત્ની, પુત્ર, ઘર વગેરે હોય છે. દુર્લભ માં દુર્લભ હોય તો એ મનુષ્ય ભવ છે.

माणुसत्तं सुई सद्धा संजमम्मि य वीरियं ।

મનુષ્ય પણું દુર્લભ છે, ધર્મ શ્રવણ દુર્લભ છે, જિનવાણી-જિનવચન પ્રત્યેની શ્રધ્ધા દુર્લભ છે. અને સંયમમાં-વીર્ય ફોરવવું, પુરૂષાર્થ કરવો, એ દુર્લભ છે. શ્રાદ્ધવિધિ ગ્રંથમાં રત્નશેખરસૂરિ મહારાજ કહે છે,

એક સાધર્મિક ભૂખ્યા મરે છે, એમની કાળજી ના કરી-તો પણ આપણને અતિચાર લાગે છે. એક સાધર્મિક ભાવથી સીદાય છે, ધર્મથી સીદાય છે, એમની કાળજી ના કરીએ તો પણ આપણને અતિચાર લાગે છે. શ્રાદ્ધ દિન કૃત્ય ગ્રંથમાં કહ્યું,

सारणा वारणा चेव चोयणा पडिचोयणा ।
सावएणा वि कायव्वा सावयाणं हियट्ठया ॥

સાધર્મિકો નું બીજું આપણ વાત્સલ્ય કહ્યું છે, ધર્મસ્થાન માં તેઓ સીદાતા હોય, સર્વ પ્રયત્નથી એમને પ્રેરણા કરવી, સર્વ પ્રયત્ન એ સમજવું જોઈએ. ત્રુટી પાડીએ, ઉધડો લઈએ, ઉતારી પાડીએ, ગુસ્સો કરીએ, બધા વચ્ચે અપમાનિત

કરીએ. આ બધા ઉંધી દિશાના પ્રયાસો હોય છે. એ
કરતા હોય તોય ના કરે. સીધી દિશામાં પ્રયાસ,
મૈત્રી કરવી, અનુમોદના કરવી, ટેકો આપવી, એમની
તકલીફમાં સાથે ઉભા રહેવું. શ્રીમંતો ને એમની રીતની
તકલીફ હોય, સાધારણને એમની રીતની તકલીફ હોય.
દરેક તકલીફમાં સાથે ઉભા રહ્યા, અને પછી પ્રેમથી
કરીએ. શ્રાદ્ધ દિન કૃત્ય ગ્રંથ કહે છે,

પમ્હુટ્ઠે સારણા વુત્તા અણાયારે ય વારણા।

સારણા એટલે કે SMART. એ કંઈક ભુલી ગયા છે,
હાથે કરીને છોડ્યો નથી, ભુલી ગયા છે એમને યાદ કરાવો
એ સારણા કહેવાય. કંઈક ખોટું કરવા જઈ રહ્યા છે,
એમને અટકાવવા એને વારણા કહેવાય. ફરી ફરી એમને
પ્રેરણા કરવાની, જરૂર પડે તો એ પણ કરવી, એને ચોયણા
કહેવાય. અને પછી કડક થઈને પણ એમને કહેવું, પણ
ત્યાં સુધી એની સાથે મૈત્રી સાધી હોય, જેથી એને દુઃખ
ના થાય. પણ કડક થઈને કહેવાની જરૂર પડી હોય ને
આપણે કડક થઈને કહ્યું હોય, તો એનો ખુશી-ખુશી
અમલ કરે,

નિટ્ઠુરં પડિચોયણા।

જો નિષ્ઠુરતા થી પણ કહેવું પડે, પણ એ ભુમિકા હોવી
જોઈએ.

સાવગ્ગાવિ કાયવ્વા સાવયસ્સ હિયટ્ઠયા।

શ્રાવકો ના હિત માટે, શ્રાવકે આ-રીતે સારણા,
વારણા વગેરે કરવું જોઈએ. અહોભાવ, સંઘબહુમાન
કઈ કક્ષાનું હશે પેથડશા નું કે, એક પોતાને વધાવેલી
પહેરામણી એ એમ ને એમ આવી જાય, તો પોતાને
અતિચાર લાગતો હોય, વિનય ઓછો થતો હોય, સાધર્મિક
ને એવું લાગ્યું, દસ હજાર જણ સાથે સામે જઈને
સ્વાગત કરીને પહેરામણી નો સ્વીકાર કર્યો. સ્નાન કર્યું છે,
પેથડશાએ, એ વસ્ત્રો હાથમાં લીધા છે, કેસરની વાટકીમાં

આગળી ઓળી છે, કેસરના છાંટણાં એ વસ્ત્રો ઉપર કર્યાં છે, અને કંઈક વિચારી રહ્યા છે. એ જ સમયે એમના શ્રાવિકા ત્યાં આવે છે, એ દ્રશ્ય જુએ છે. કંઈક અંદાજ આવે છે, છતાં ઈશારો કરીને પુછે છે, શું વિચારો છો ? એમને પેથડશા ભીની પાંપણે કહે છે, હું આને લાયક થાઉં, તેનો વિચાર હું કરું છું. એ ખંભાત ના ભીમ શ્રાવકે કોને આ પહેરામણી આપી છે, ભારતભરના ચતુર્થ વ્રત-ધારીઓને આપી છે, મેં હજુ વ્રત લીધું નથી. એમણે એક ભાવનાથી મને પણ મોકલ્યું, બહુમાન થી મને પણ મોકલ્યું, પણ સંઘની અગ્રણી હોવા માત્રથી, મંત્રી હોવા માત્રથી, હું આને કઈ રીતે લાયક થઈ જઉં ! સાધર્મિકની ભેટ છે, એનો ઈનકાર કરવો એ પણ સાધર્મિક ની આશા-તના છે, માટે આનો સ્વીકાર તો કરું છું, પણ હું એ વિચાર કરું છું કે હું આને લાયક ક્યારે થાઉં, અને શ્રાવિકા કહે છે કે, તો પછી વિલંબ શા માટે, હું તૈયાર છું ! બત્રીસ વર્ષની પેથડશાની ઉંમર છે, પચીસ-ત્રીસ વર્ષ વચ્ચેની શ્રાવિકાની ઉંમર હશે, એક નિમિત્ત આવ્યું છે, યા આપણે વિચારીએ કે એટલી ઉંમરે આપણે લેવાની જરૂર શું છે ને યા એમ વિચારીએ કે ભાઈ તમને ભેટ પાછી, અમે કોઈ વ્રત લીધું નથી. યોગ-શાસ્ત્રમાં કલિકાલ સર્વજ્ઞએ શ્રાવકની આંતરદશાનું આખું શબ્દચિત્ર રજુ કર્યું છે કે શ્રાવક કેવા હોય ? કેટલા વાગે ઉઠે શું એમની દિનચર્યા હોય, કેવી એમની આંતર ધારા હોય, અને આખી દિનચર્યાનું વર્ણન કરીને છેલ્લો શબ્દ મુક્યો,

निद्रामल्पमुपासीत प्रायेणाब्रह्मवर्जकः।

શ્રાવક શું કરે ? આખી દિનચર્યા પૂરી થઈ સાંજનું પ્રતિક્રમણ થયું, સ્વાધ્યાય કર્યો, પછી એ અલ્પ નિદ્રા લે. ઘસઘસાટ બાર તેર કલાક શ્રાવક ના સુવે. બે પ્રહરની નિદ્રા કરે, બ્રહ્મ મુહૂર્તે ઉઠવાનું છે. અલ્પ નિદ્રા કરે

એની સાથે એક પદ કલિકાલ સર્વજ્ઞે મુક્યું, પ્રાયઃ કરીને શ્રાવક, અબ્રહ્મનો વર્જક હોય. શ્રાવક એટલે રાચી-માચીને સંસારમાં ખુંપેલો ગ્રહસ્થ નહિ! શ્રાવક એટલે પાપનો પ્રેમી નહી! શ્રાવક એટલે જેના સંસાર છુટવાની કોઈ શક્યતા જ નહી, એવી વ્યક્તિ નહિ. શ્રાવક એટલે બસ આમ સંસારને કેવાડે આવી ગયો. આખી દુનિયાની દ્રષ્ટિ, જેની સમાપ્ત થઈ ગઈ હોય, સાંસારિક દ્રષ્ટિ જેની ખુલી ગઈ હોય, એવા નહિ! શાસ્ત્રીય દ્રષ્ટિ, જેમની ખુલી ગઈ છે, એવા શ્રાવક હોય. દુનિયાના ગણિત કરતા - શિર્ષાસન રૂપ એમના ગણિત હોય, દુનિયાના વિચાર - કરતા તદ્દન વિપરિત વિચાર એના હોય, ભગવાનની વાણી, બસ મનમાં ચાલ્યા જ કરતી હોય, ઘુંટાયા કરતી હોય, એનું નામ શ્રાવક!

જેના માટે પરિવાર માથે પડેલો હોય, પત્ની, પુત્ર, પૈસો, ઘર, સમ્માન, પદ, બધું અળખામણું લાગે ને, પળે પળે જેને ભાવના હોય, ક્યારે સંયમ મળે... ક્યારે સંયમ મળે... ક્યારે સંયમ મળે... એનું નામ શ્રાવક! વિજાતીય, પત્ની, સ્ત્રી, અબ્રહ્મ, આ બધાની જેને સજ્જડ જુગુપ્સા હોય, જે ૨ડતો હોય, જે કકળતો હોય, ક્યારે આ બધુ છુટે, ન જ જોઈએ, મોટા ભાગના દિવસોમાં, એ વસ્તુ હોય જ નહિ. ક્યારેક હોય ને એ પણ એને અંદર સતત ખટકતી હોય, અને નિમિત્ત મળતાની સાથે ફેંટ દઈને જે છોડી દે, એનું નામ શ્રાવક!

શ્રાવક એટલે પીળું પાન, જેને તોડવાનું ના હોય જેને ખેંચવાનું ના હોય, જે વળગી રહે, જેવો તોય હવા ચીટી રહે, એનું નામ શ્રાવક નહિ, બસ જેને અડો અને એ ખરી પડે, આનું નામ શ્રાવક! શ્રાવિકા કહે છે કે હું તૈયાર છું, પૌષધશાળા-ની આંખ આંથી આનંદના આંસુ વહી જાય છે. એ

પહેરામણી રૂપે આવેલી વસ્ત્ર ની પોટલી, બત્રીસ વર્ષ ની વયે, સજોડે પેથડશા, બ્રહ્મચર્ય અંગીકાર કરે છે. જેમના મૂળમાં કંઈ હોય, તો એક સાધર્મિક પ્રત્યેનો અહોભાવ. રાજાની રાણીને તાવ આવ્યો છે, કોઈ હિસાબે તાવ ઉતરે નહિ. જે આખા નગર માં જે ખ્યાતિ હતી એ રાજમહેલ સુધી પહોંચી છે, પેથડશાની શાલ મંગાવવામાં આવી છે, જે શાલ ઓઢવાથી રાણીનો તાવ ઉતરી જાય છે.

જિનશાસન નો શ્રાવક કેવો હોય, કેવી એની પરિણતિ હોય, કેવી એની આંતર સ્થિતિ હોય, કેમ આપણે હજુ પાછળ છીએ, પછાત છીએ. હજુ એવો સંતોષ કેમ નથી, હજુ એવી પરિણતિ કેમ નથી ? હજુ એવી પ્રસન્નતા કેમ નથી ? હજુ કષાયો કેમ નડે છે ? હજુ ધર્મનું જે આત્માને સીધું ફળ મળવું જોઈએ, એ કેમ નથી મળતું ? એનો સીધો જવાબ આ છે, કે આ સંઘ પ્રત્યે નો અહોભાવ, સાધર્મિક વાત્સલ્ય, એમાં આપણે પાછા પડીએ છીએ. શ્રાદ્ધ વિધિ ગ્રંથમાં, રત્નશેખરસૂરી મહારાજ, સાધર્મિક વાત્સલ્ય નો છઠ્ઠો પ્રકાર કહે છે,

तथा तेषां वाचनापृच्छनापरावर्तनाऽनुप्रेक्षाधर्मकथा।
यथायोगं योजनम्

સાધર્મિકો ને વાચના માં જોડવા. તમને આ પ્રશ્ન છે, બહાર બહાર ચર્ચા કરો છો, શું વપરાય, આટલું કેમ ન વપરાય, આવું કેમ ને તેવું કેમ ને, ચડાવા ના-જોઈએ ને, પૈસા ના હોવા જોઈએ ને આનું શું હશે ને તેનું શું હશે ને, ચાલો તમને હું લઈ જઉં મહારાજ સાહેબ પાસે, પૃચ્છના માં જોડવા. તમે ભણ્યા આટલું બે-પ્રતિક્રમણ તમે ભુલી જશો, ચાલો રોજ રાતે મારી પાસે આવી જજો, એક કલાક REVISION કરશું. પરાવર્તના માં એમને જોડવા. તમે ચિંતન કરો, તમે નવકાર-સમજ્યા, નવકારના અર્થ સમજ્યા, હવે અનુપ્રેક્ષા કરો,

એમને અનુપ્રેક્ષામાં બેડ્યા. ધર્મકથામાં બેડવા, વ્યાખ્યાનમાં લઈ ગયા, શિબિરમાં લઈ ગયા, કોઈ વાચના હોય એની અંદર સાંભળવા લઈ ગયા. પાંચે પ્રકારના સ્વાધ્યાય, - જેવા શ્રાવક, જેવી એમની ભૂમિકા, જે રીતે એ આગળ વધી શકે, લો આ ચોપડી બહુ સારી છે, તમે વાંચજો, એને વાંચવાની છે હં! પછી હું પૂછીશ એમાંથી! (ભાવ વાત્સલ્ય :) ! ચોપડીઓ ઘણી નીકળે છે, ઘણી છે, ઢગલા છે, ઘરમાં જગ્યા નથી, આવું બધું બોલતા આપણને આવડે છે, પણ આ ચોપડી બહુ જ સરસ છે, ખરેખર વાંચવા જેવી છે, આ નથી વાંચી તો તમે ઘણું બધું ગુમાવશો, પહેલું કામ આ ચોપડી વાંચવાનું કરજો, પછી બીજું બધું કરજો, ખાસ વાંચવા જેવી છે, આવું આપણે કોઈને પણ કહ્યું ખરું ?

આપણે આમ કેટલા બધા ઉદાસીન, મધ્યસ્થ ભાવમાં, આમ જાણે અંતર્મુખ થઈ ગયા હોઈએ, કંઈ લેવા દેવા નહિ, કંઈ લાગે વળગે નહિ, અમારી નીચે પેલા રહે છે પણ એમનામાં એટલો ધર્મ નથી, નથી તો શા માટે નથી ? એમનામાં નથી એનો અર્થ તમારામાં પણ નથી! તમને હોત તો, એમને આપત, તમને જ સાચો ધર્મ મળ્યો નથી, એટલે તમને આપવાનું મન થતું નથી. એ જરા આમ-આમ કરે, એમને કંઈ કહેવા જેવું નથી, હું કહું છું એવું નથી, તમે પ્રયત્ન તો કરો, તમે જોઈ શકશો કે તમારા કરતા એ ધર્મમાં વધારે - આગળ વધશે.

બાર મહિને તમે સો વાર - બસો વાર વ્યાખ્યાન સાંભળતા હો, ને તમારા પડોશી, એક પણ વાર વ્યાખ્યાન ન સાંભળતા હોય, તો એ તમારા માટે પણ શરમની વાત છે. ને એક અપેક્ષા એ એના કરતા તમારો દોષ વધારે છે. એને તો બિચારાને વધારે કશી ખબર નથી, એનો કહીં પગ જ વળ્યો નથી, એ અહીં આવીને બેઠો જ

નથી. એને કશી ખબર નથી, ને નથી આવતો. તમને તો ખબર છે, કે આ બધું જરૂરી છે ને છતાં તમે એને નથી લાવતા, તો તમારા જે માં વધારે દોષ કોનો ? તમારા પડોશીને સામાયિક લેતા આવડે નહિ, તમારા પડોશીને મુહપત્તિનું પડિલેહણ ન આવડે, તમારા પડોશીને ચૈત્યવંદન કરતા ન આવડે, તો એ તમારા ધર્મ પરનું કલંક છે. તમારા દીકરા સુધ્ધાને આવડતું ના હોય, હું તમને કહું છું, વર્ષોના લાખો રૂપિયા તમે જે દીકરા પાછળ ખર્ચો છો, જે દીકરો તમારી શોટી જાય છે ને ધર્મમાં પાછળ છે ને, તો તમારો ધર્મ પણ કાચો છે, તમારા ધર્મમાં પણ - અતિચાર લાગે છે, અને તમે પણ એ નિમિત્તનો પાપબંધ કરો છો. નીતિશાસ્ત્ર ની અંદર કહ્યું.

राजा राष्ट्रकृतं पापं, राजपापं पुरोहितः।

દેશ જે પાપ કરે, રાષ્ટ્ર જે પાપ કરે, એ રાજાને પણ લાગે, કારણકે, દેશ રાજાને આધિન હતો. રાજા જે પાપ કરે એ પુરોહિત ને પણ લાગે, કારણકે, રાજા પુરોહિતના કહ્યા - અનુસાર ચાલતો હતો.

भर्ता पत्नीकृतं पापं, शिष्यपापं गुरोस्तथा ।।

પતિ છે, પત્ની જે પાપ કરે, દીકરો જે પાપ કરે, એ પાપ ઘરના પ્રેરણાપોષણ કર્તા ને લાગે કારણકે, એ તમારે આધીન હતા.

शिष्यपापं गुरोस्तथा ।

અને શિષ્ય જે પાપ કરે એ ગુરૂને લાગે. મહાનિશીથ સૂત્રકાર છે, શિષ્ય જે પાપ કરે એ ગુરૂને સત્તર ગણું લાગે, જો ગુરૂ શિષ્ય ની ઉપેક્ષા કરે. અમારા માટે આ બધું કહ્યું, તમારા માટે ના લાગે ? દીકરાને તમે ના કહી શકો કે દીકરા, વ્યાખ્યાનમાં આવીશ તો POCKET MONEY મળશે. તમે ના કહી શકો ? દીકરી ગમે તેવા કપડા પહેરે, તમે ના કહી શકો, ગમે ત્યારે ઘરમાં આવે તમે ના કહી શકો. SMART PHONE નો યુઝ કરે ને તમારે ચલાવવું પડે.

તમે ના ન કહી શકો. યા તમારે એમને સુધારવા જોઈએ, યા તમારું કંઈ ચાલતું નથી, યા તમારું કોઈ સાંભળતા નથી, તો પછી આવા સંસારની જવાબદારી તમારે છોડી દેવી જોઈએ. જવાબદારી ને નામે ના અટકવું જોઈએ. આટલી સીધી વાત તમને સમજાતી નથી. તમે ધર્મ સમજ્યા, તમને ખબર છે, આ કરવા જેવું છે. જે સંતાનો, જે પરીવારજનો તમારી રોટી ખાય છે એ કોઈ તમારું સાંભળવા તૈયાર નથી. અને વગર મફતનું એમનું પાપ તમારા માથે ચોંટે છે. તો તમને પહેલો પ્રશ્ન ના થવો જોઈએ કે હું કોના માટે આ બધી હજામત કરું છું! કોનાં કરે રાખવું પડે, પાપ વહોરી રાખવું પડે, તમારી જિંદગી બગાડે, એની જિંદગી બગાડે, તમારા આત્માનું બગાડે, એના આત્માનું બગાડે, આવું શા માટે કરવાનું. હું સંઘના ખુણે ખાંચરે રહેતો સાધર્મિક એ ધર્મ ના પામ્યો હોય, તો એ તમારું કલંક છે, તમારી ફરજ છે, એને ધર્મ પમાડવો, એની વાત કરું છું, ને તમે સગા સંતાનો, સગા દીકરાઓ, એમની આગળ તમારું કંઈ ચાલતું ના હોય.

પુર્વના કાળમાં એવી કડકાઈ હતી ને એ છોકરી માને જ નહિ ને, એટલે સગો બાપ એને ઘરની બહાર કાઢી મુકે. તમે પોતે મોહમાં એટલા રંગાયા છો, મોહના કાદવમાં ખુંપેલા છો ને, એ નથી સાંભળતો એ એ તમારી મોટી તકલીફ નથી, હજુ તમારો મોહ છુટતો નથી એ તમારી મોટી તકલીફ છે. દીકરી હોય ના માને, વહુ હોય ના માને, નીકળી જવું પડે, અને જો આવું ન કરવામાં આવે તો સમાજની બીજી હજાર દીકરીઓ બગડે, બીજા ખોટા દાખલા લે. સમાજમાં પેલાને નીચાજોણું થાય. આખુ તેડું થયું હોય એટલે બાપ રસ્તા વચ્ચે જઈ ને માથે પાણી નાખીને કહી દે, મેં એના નામનું નાહી લીધું છે, એ મારી દીકરી નથી, એ મારી દીકરી નથી,

હું એનો બાપ નથી. અને આ સજ્જડ વ્યવસ્થાના કારણે સમાજના ઘણા બધા પાપો ઓછા થઈ જતા, સમાજ આખો સીધો રહેતો, ને સમાજના પાયા ઉપર ધર્મનું ચણતર સારું થતું. આજે તમારો સમાજ તુટ્યો છે. તમારા ઘરે અમે ગોચરી આવીએ ને, એવી પરિસ્થિતિ આજની - તારીખમાં રહી નથી, અમને તમારા ઘરે ગોચરી આવવામાં કોઈજ રુચિ-રસ રહ્યો નથી. અમારે મજબુરીથી આવવું પડે છે. અમારા સાધુઓને, તમારા ઘરે ગોચરી મોકલીએ, એવા તમારા ઘરના વાતાવરણો રહ્યા નથી. ગમે તેવા કપડા તમે પહેરી શકો, હું તમને કહું કે આ ધાર્મિક મુદ્દો છે, કે સામાજીક મુદ્દો છે ?, સમાજના એવા કાયદા ના હોય શકે, આજે ભારતમાં એવી કોમ છે જેણે કાયદા કર્યા છે, કે આવા પ્રકારના કપડા નહિ- ચાલે, આપણે ના કરી શકીએ ?, હું તમને પુંછું છું તમે તમારા ઘર માટે કાયદો ના કરી શકો ?, કે આવું.. આવું નહી ચાલે, બે વરસની દીકરી હશે એના માટે પણ નહિ ચાલે. બધા પહેરે છે, હવે આમ ચાલે છે હવે તેમ ચાલે છે, અહીંયા નહીં ચાલે, ના કહી શકો તમે ! કે તમને જ ઓરતા છે, તમને જ શોખડા છે! અને તમને જ પાછો આનંદ થાય છે, કે મારી દીકરી હિરોઈન બની ગઈ! હાથે કરીને પગ ઉપર કુહાડી આપણે મારીએ છીએ, અને પછી જ્યારે એના પરિણામો આવે છે, ત્યારે આપણે ઘરનું બારણું બંધ કરીને રોવા બેસીએ છીએ. અમારે ક્યાંથી શરૂ કરવું, એનો અમને વિચાર આવે, પાઠશાળાની અંદર ભણવાની વાત આવે, ગુજરાતી ક ખ ગ ઘ... જેને તત્ત્વજ્ઞાન આપવાનું હતું, જેમને જિનશાસન ના પદાર્થો આપવાના હતા, એમને ક ખ ગ ઘ આપવા પડે, કે ભાઈ ગુજરાતી ભાષા શીખો, પછી સૂત્ર બરાબર આવડે, પછી વાંચી શકે, સમજી શકે. હું તમને કહું કે ક.. ખ.. ગ.. ઘ ના પણ ઘણા પ્રકારો હોય છે. ક્યા

કપડા પહેરવા એ ય ક..ખ..ગ..ઘ છે. શું કરવું, શું
ના કરવું આ પણ ક..ખ..ગ..ઘ છે, એના માટે
ક્યાંથી શરૂઆત કરવાની ? અને હજુ ક..ખ..ગ..ઘ
ની પણ શરૂઆત કરી શકાય એમ નથી, કારણકે -
જેમને શીખવાડવાનું છે, તેઓ આવતા જ નથી, ત્યારે
શું કરવાનું ? હું તમને પુછુ સંઘની ચિંતા તમને ખરી.
સમાજની ખરી ? તમારા ઘરની ખરી ? તમારા સંતાનની
ખરી ? વર્ષે બે-ચાર લાખ રૂપિયા તમે ધર્મમાં વાપ-
રતા હો, હું તમને કહું તમે એટલું ના કરી શકો,
દીકરાને એટલું ના કહી શકો બેટા, પાંચ પ્રતિક્રમણ,
નવસ્મરણ, ચાર પ્રકરણ, ત્રણ ભાષ્ય, આટલું તારું
આ વર્ષે થઈ જાય એવું છે, આટલું થઈ જાય એટલે
મારે તને આવતા પર્યુષણમાં લાખ રૂપિયા આપી દેવાના.
ના થઈ શકે આટલું ? તમે કહી પણ ના શકો ?
તમારી દીકરીને તમે ના કહી શકો બેટા, તને સારામાં
સારો NECKLACE મારે આપવાનો છે, સોનાની ચેન
આપવાની છે, સોનાની વીંટી આપવાની છે, તું શાંત-
સુધારસ, ઉપદેશમાલ ને પ્રશમરતિ આટલું ભણી લે,
એટલે મારે તને આ આપવાનું છે. બે બેટા,
સાધ્વીજી મહારાજ સાહેબ છે, હું તને સાથે પહેલો
દિવસ લઈ જઈશ, તને પ્રેમથી સમજાવશે, રોજ તું
એક કલાક કરીશ ને, એટલે તારું ચાર મહિનામાં -
છ મહિનામાં આટલું થઈ જવાનું છે, અને તને ગમે
એવી વીંટી અપાવવાની જવાબદારી મારી. આટલું -
આપણે ના કહી શકીએ, દીકરીને વિદેશમાં -
ADMISSION મળી જાય એના માટે, ઓફિસોમાં
ધક્કા ખાવાની મજૂરી આપણને સૂઝે છે, હું તમને
કહું છું, તમે એને જીવતી સળગાવી રહ્યા છો, એને
બેંગ્લોર મોકલવી છે, એને પુના મોકલવી છે, એને
NEWYORK મોકલવી છે, અને AUSTRALIA મોકલવી

છે, એને LONDON મોકલવી છે. દીકરાને WASHINGTON મોકલવો છે. એને ભણાવવો છે. એને આગળ વધારવો છે. તમે એને આગળ નથી વધારી રહ્યા, તમે એને ધક્કો મારીને કુવામાં પાડી રહ્યા છો.

માતા શત્રુ: પિતા વૈરી યેન બાલો ન પાઠિત: ।

જેણે દીકરાને ભણાવ્યો નહિ એ માતા શત્રુ છે, પિતા વૈરી છે. મુનિસુંદર સૂરી મહારાજ અધ્યાત્મ કલ્પદ્રુમ ગ્રંથમાં કહે છે,

માતા પિતા સ્વ: સુગુરુશ્ચ તત્વાત્ પ્રબોધ્ય યો યોજતિ શુદ્ધધર્મે ।

એ "મા" નથી, એ "બાપ" નથી, એ ભાઈ નથી, એ બહેન નથી, જે સંસારમાં પ્રેરે, જે મિથ્યાત્વમાં પ્રેરે, જે કુસંસ્કારોના વાતાવરણમાં મોકલે.

ન તત્સમોઽરિ: ક્ષિપતે ભવાબ્ધૌ, યો ધર્મવિઘ્નાદિકૃતેશ્ચ જીવમ્ ॥

એના જેવા દુશ્મન બીજા કોઈ જ નથી । તમારા સંતાનના બધા જ પાપો માટે તમે જવાબદાર થશો. એમને જેટલું પાપ લાગશે, એના કરતા અનેક ગણું પાપ તમને લાગશે. તમે ઇચ્છો તો એમને ધર્મ માર્ગે વાળી શકો એમ છો. સામ, દામ, દંડ, ભેદ, બધા જ ઉપાયો છે. ALREADY તમારા ઉપર નભે છે, ALREADY તમારી રોટી ખાય છે, ALREADY તમારી POCKET MONEY લે છે. એમને તમારું કશું ના ચાલે, બાકી તો કઈ રીતે ચાલે. થોડી ધર્મની ખુમારી ધારણ કરો, થોડી શાસનની દાઝ ધારણ કરો, સંઘનું વાત્સલ્ય, સાધર્મિકની ભક્તિ, પરિવાર એનું ભાવવાત્સલ્ય, પરિવારને ધર્મમાં જોડવો. મા-બાપ હોય - એમને એમની રીતે, પત્ની-પતિ ને એમની રીતે, સંતાનો હોય એમને એમની રીતે, એમની ભાષામાં વાત કરીને વધુ ને વધુ એમને ધર્મમાં જોડવાનો પ્રયાસ કરીએ. બરેબર આપણું સમ્યક્દર્શન વિશુદ્ધ બને, બરેબર દીપે અને ભાવમય થઈ શકે, આજે સમય થયો છે આજે આટલું રાખીએ.

x x x x x

# પ્રવચન-૧૨ અંતિમ આરાધના તથા ચાર ભાવનાઓ

DATE 29 08 2020

મોક્ષે જવું હોય તો સંઘને વળગી રહો. સંઘ વિના મોક્ષ નથી. યા સંઘ યા સંસાર! યા સંઘ યા ભવભ્રમણ! યા સંઘ યા નરક! યા સંઘ યા નિગોદ! યા સંઘ યા સત્યાનાશ! સંઘ ધર્મી હોય, સંઘ સુખી હોય, આવી લાગણી સમ્યક્ દર્શન નિર્મળ બનાવે છે. સંઘનું જે થવું હોય એ થાય, હું મારી રીતે વર્તું, આવી લાગણી આવા વિચાર, પ્રાયઃ સમ્યક્ દર્શન સાથે હોતા નથી, કદાચ હોય, તો આવા વિચાર સાથે સમ્યક્ દર્શન ટકતું નથી.

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, પંચવસ્તુક ગ્રંથમાં, સોળસો અગણસિત્તેર (૧૬૬૯) મી ગાથામાં કહે છે,

एआणं विसेसेणं तच्चाओ तेण होइ कायव्वो ।

પંદર વગેરે જે ભાવનાઓ, એ ભાવનાઓનો વિશેષથી ત્યાગ થાય એવું કરવું જોઈએ. વિશેષથી જેમાં અનશન લીધું, અંતિમ આરાધનામાં પ્રવેશ કર્યો, એમણે અને એમણે પણ પહેલા રૂપે કર્યું હોય, તો પશ્ચાત્તાપ વગેરેના યોગથી, આ ભાવનાઓનો ત્યાગ કરવો જોઈએ. હરીભદ્રસૂરી મહારાજ કહે છે, આને આનુષાંગિક વાત કરી, હવે ભક્ત પરીજ્ઞાનું જે સર્વનય વિશુદ્ધ, એવું જે સાતમું સ્થાન, એને સંક્ષેપથી જે કહેવાનું બાકી છે તે કહીશ.

वियडं अब्भुट्ठाणं उचियं संलेहणं च काऊणं ।

શું કરે? અંતિમ આરાધના આપણે કરવી છે, મોત આપણે સુધારવું છે, તો SHORT માં શું કરવું જોઈએ, એની વાત હરીભદ્રસૂરી મહારાજ, સોળસો એકોતેરમી (૧૬૭૧) ગાથામાં કરે છે. પહેલા નંબરમાં આલોચના આપવી જોઈએ, જો આત્મ શુદ્ધિ જોઈએ છે તો આપણો હિસાબ, કાયમ ચોક્ખો હોવો જોઈએ. ગચ્છાધિપતિ - જયઘોષસૂરીશ્વ મહારાજ કહેતા હતા, કે જે નિયમિત આલોચના કરતા નથી, તે યા કેવળજ્ઞાની છે, અને યા નાસ્તિક છે. કેવળજ્ઞાનીને પાપની ચિંતા હોતી નથી,

કારણકે એમને પાપ લાગતા જ નથી. નાસ્તિક ને પાપની ચિંતા હોતી નથી, કારણકે પાપ લાગે છે, એવું એ માનતા જ નથી. જો આપણે કેવળજ્ઞાની નથી ને આપણે નાસ્તિક નથી. નિયમિત આલોચના કરતા રહીએ, નિયમિત ચાદર ધોતા રહીએ, તો ચાદર ચોકખી રહે, ન જ ધોઈએ .. ન જ ધોઈએ ને છેલ્લે કરશું આવું વિચારીએ, તો છેલ્લે એટલી મેલી દાટ ચાદર હોય, એને ધોવાનું મન ના રહ્યું હોય. એવી શારિરીક કે માનસિક ક્ષમતા ના હોય. એ સમયે પછી આપણે કેવી રીતે ચાદર ધોશું. આજે. ને આજે, આજના દિવસે મોત આવે તો આપણે તૈયાર છીએ. આજે જ જો મૃત્યુ આવી જાય, આપણે તૈયાર ? તૈયાર નો અર્થ શું ? આ બધું છોડવું પડે તો મને-વાંધો નથી, સારું છે. આ ચાદર તો મેલી છે, મેલી-ચાદર લઈને પરલોકમાં જશો ? અને ચાદર મેલી હશે તો કરેલો ધર્મ પણ સાથે નહીં આવે. ચાદર મેલી હશે તો અશુભ અનુબંધો આવશે. ચાદર મેલી છે એનો અર્થ છે કે અંદર શલ્ય છે. અંદર શલ્ય છે તો અનંત સંસાર થઈ શકે છે, તો આપણે તૈયાર છીએ એવું કઈ રીતે કહી શકાય ?

પંદર દિવસે, ચાર મહિને, વર્ષે, અવશ્ય-અવશ્ય આલોચના કરવી જોઈએ. એક નોટ કાયમ માટે આપણી પાસે હોવી જોઈએ. જેની અંદર આપણે દૈનિક અતિચારો, અનાચારો એની નોંધ કરીએ. નિયત સમયે બધા ને FAIR કરીને, સુવાચ્ય કરીને ગુરુ ભગવંત ને આપીએ. જે પ્રાયશ્ચિત આવે, એ પ્રાયશ્ચિત નું વહન કરીએ. આને આત્માર્થી પણું કહેવાય. ગમે તેટલી આરાધના કરો, જો આલોચના આપણે નથી કરતા, તો આપણી આરાધના, આપણા આત્માને કામમાં નહી આવે. મોત ક્યારે પણ આવી શકે છે તો અંતિમ આરાધના માટે ક્યારે પણ તૈયાર રહેવું જોઈએ. અંતિમ આરાધના માટે

તૈયાર રહેવામાં પહેલો STEP છે, આલોચના ! બીજા નંબરમાં કરે છે,

અબ્ભુટ્ઠાણં

સંયમ જીવનમાં કે શ્રાવક જીવનમાં, અત્યાર સુધી થોડી ઢીલાશ ચલાવી, થોડી શિથિલતા ચલાવી, થોડું હોતા હૈ ચલતા હૈ ચલાવ્યું, અંતિમ આરાધના કરવી છે, થોડા સમયમાં ઘણી બધી આરાધના કરી લેવી છે, હવે એમાં પ્રમાદ કઈ રીતે ચાલે. વાંદણા સુત્ર, શ્રમણ પ્રતિક્રમણ સુત્ર, એની અંદર બહુ સરસ મઝાનો શબ્દ છે,

અબ્ભુટ્ઠિઓ મિ આરાહણાએ

ગઈ કાલ સુધી હજુ કદાચ ઢીલાશ હતી, આવો ધર્મ મળ્યો,

સિદ્ધિમગ્ગં મુત્તિમગ્ગં નિજ્જાણમગ્ગં નિવ્વાણમગ્ગં ।

તો હવે મારે શું કરવું જોઈએ ?

અબ્ભુટ્ઠિઓ મિ આરાહણાએ

અને એ બોલતા સાથે, એવો ભાવ આવે ને, એના માટે ત્યારે ત્યાં ઉભા થઈ જવાનું હોય છે. પડ્યા રહીએ બેઠા રહીએ તો

અબ્ભુટ્ઠિઓ મિ

એની એવી FEELINGS ના આવે, FEELINGS માટે PHYSICALLY પણ ઉભા થઈ જવાનું કહ્યું.

અબ્ભુટ્ઠાણં

ગઈ કાલ સુધી અષ્ટપ્રવચન માતામાં હજુ કદાચ ઢીલાશ હતી, અંતિમ આરાધના માટે સજ્જ થયું છે, હવે અષ્ટપ્રવચન માતામાં NO COMPROMISE ! ગઈકાલ સુધી કોઈની સાથે અણબનાવ બન્યો ને મનમાં કષાય જાગતો હતો, હવે બિલકુલ નહી, કોના પર કષાય કરવો છે, શું લઈને જવું છે ?, ગઈ કાલ સુધી ખાલી કદાચ બે-પાંચ મિનિટ બેઠા રહેતા હતા, હવે બે-પાંચ સેકંડ પણ નહિ, SECOND - SECOND ની જાગૃતિ જોઈએ છે, ગઈકાલ સુધી રાત્રિ સ્વાધ્યાય કર્યો - ન કર્યો, ગઈકાલ

સુધી વડિલનો વિનય કર્યો - ન કર્યો, ગઈકાલ સુધી પંચાચાર નું વિશુદ્ધ પાલન કર્યું ના કર્યું, હવે કરવું પડશે. પહેલા નંબરમાં આલોચના, બીજા નંબરમાં સંયમમાં અભ્યુત્થાન, ત્રીજા નંબરમાં ઉચિત સંલેખના. ઉચિત સંલેખના એટલે જેની જેટલી જરૂર છે. ઉગ્ર તપ ચાલતા હોય ને શરીર આખું સુકાઈ જ ગયું હોય, લેવાઈ ગયું હોય, નંખાઈ ગયું હોય, એ થોડી સંલેખના કરે અથવા ન પણ કરે તો વાંધો નથી. એવો કોઈ ઉગ્ર તપ પહેલા ના હોય શરીર હજુ હૃષ્ટ-પુષ્ટ હોય, તો એ અનશન લેવા માટે યોગ્ય શરીર ના કહેવાય. ધીમે-ધીમે જઘન્ય થી ૬ મહિના ને ઉત્કૃષ્ટ થી બાર, બે વર્ષ ની સંલેખના, જેમાં એકાંતરા આયંબિલ, સળંગ આયંબિલ, એકાંતરા ઉપવાસ, છઠ્ઠ-અઠ્ઠમ, વગેરે કરવાનું આવે. અને એના દ્વારા શરીર ધીમે-ધીમે-ધીમે સુકાતુ જાય.

શરીર ધીમે-ધીમે સુકાય, એકદમ સુકાય, પછી અનશન લેવામાં આવે. જે અનશન-સુખે થી થાય. શરીર હૃષ્ટ-પુષ્ટ હોય, અનશન-કરવાનું છે, એટલે જો વરસ બરાબર વાપરશે, શરીર-એકદમ તગડું થયું પછી સીધા ઉપવાસ ઉપર-ઉતરશે, એટલે અસમાધિ થાય.

सहसा धाऊहिं खिज्जमाणेहिं ।

તરત જ, અચાનક ધાતુઓ ક્ષીણ થવા લાગે, જેનાથી શારિરીક તકલીફો પણ આવે, માનસિક તકલીફો પણ આવે. ભગવાને કેવળજ્ઞાનમાં આ જોઈને, અંતિમ આરાધના નો વિધિ બતાવ્યો, તમે આ રીતે અંતિમ આરાધના કરો, એટલે તમારી આરાધના એ સારી રીતે થશે, તમે આરાધના નો પાર કરશો.

पच्चक्खइ आहारं ।

આલોચન, અભ્યુત્થાન, સંલેખના, અને હવે ચોથા નંબરમાં કરે છે, અનશન !

તિવિહં ચઉવ્વિહં વા વિ

ગાથા નંબર સોળમો ચાલે છે,

ઉવ્વત્તઇ પરિવત્તઇ સયમણ્ણેણાવિ કારવઇ કિંચિ।

ભક્ત પરીક્ષા નામના જે અનશન નો પ્રકાર છે, એમાં ઉધ્વર્તના, અપવર્તના, પડખા ફેરવવા, સીધા થવું, પડખે થવું, વગેરે અનુજ્ઞાત છે. અને કરી શકે તો પોતે કરે. અને ન કરી શકે, તો બીજા એમને પડખા ફેરવી દે. પાદપોપગમન અનશન એની અંદર કોઈ પણ ચેષ્ટા, એ ALLOWED (પરવાનગી) નથી. સ્થિર થઈ જવાનું છે,

અપ્પાણં વોસિરમિ

ભક્ત પરીક્ષા એની અંદર આવી ચેષ્ટા એ અનુજ્ઞાત છે,

જત્થ(સમત્થો ણવરં સમાહિજણગં અપડિબદ્ધો

તમે પોતે જ્યાં સમર્થ હો, ત્યાં પોતેજ કરો. આ બધું પ્રમાદ માટે નથી, સમાધિ રહે, એક જ પડખે શરીર આખું દુખી જાય, એવું સંઘયણ જેનું નથી, એના માટે આ પડખા ફેરવવા વગેરે ની પણ રજા છે. ત્યાં છેલ્લો શબ્દ મુકે છે,

અપડિબદ્ધો

એમાં પણ એમને ક્યાંય માનસિક પ્રતિબંધ એટલે કે આસક્તિ, કેટલું અદ્ભુત જિનશાસન, કેટલી - અદ્ભુત એક એક આરાધના ની પ્રરૂપણા, ચાલો હવે મારે કંઈ કરવાનું નહિ, બધા સાધુઓ બધું કરે છે. બહુ મઝાનું છે, આવું પણ ના વિચારવું. પડખું ફેરવ્યું તો બહુ સારું લાગે છે એવી છુટમળી, આવું પણ ના વિચારાય. બાળજીવ હોય છે સામાયિક પારતા એમ થાય, સંવત્સરી પ્રતિક્રમણ પત્યું ને જેલ માંથી છુટ્યા એવું એને લાગે. ઉપધાનમાં બેઠા છે, કંઈક તકલીફ આવી, ગુરૂ પાસે ગયા, ગુરૂએ છુટ આપી, તો છુટ બહુ જ વહાલી લાગે. સારી લાગે,

આ બધા બાળ જીવના લક્ષણ છે. છૂટનો રાગ છે કે આરાધના નો રાગ છે, એ આપણે અંદર પૂછવું જોઈએ. ભલે છૂટ OFFICIALLY મળી, છૂટ મળી માટે લીધી, પણ છૂટ પ્રત્યે મનમાં એક ડંખ ના હોય, એક અણગમો ના હોય, આ ખોટું છે, એવો ભાવ ન હોય, ક્યારે માં ક્યારે એવા સંયોગ ઉભા થાય, કે આ છૂટને છોડી ને હું આરાધનામાં સ્થિર થઈ જાવ. આવો ભાવ જ્યાં સુધી નથી, ~~જ્યાર~~ ત્યાં સુધી આપણે ખરા અર્થમાં આરાધક નથી.

શ્રાવક ધર્મ એ પણ એક જાતની છૂટ છે, ચાલો ભાઈ તમે નથી જ લઈ શકતા, દીક્ષા તો તમે બાર વ્રત ધારણ કરો, સામાયિક કરો પ્રતિક્રમણ કરો અને એટલું પરિગ્રહ નું પરિમાણ કરો. સાધુને એક રૂપિયો રાખવાની છૂટ નથી. શ્રાવક હજાર, પાંચ હજાર, લાખ, પાંચ લાખ, દસ લાખ, કરોડ, પાંચ કરોડ, પોતાના ધર્મની અપેક્ષા એ OFFICIAL છૂટ રાખી શકે, પણ એ છૂટ એને ડંખતી હોય, અંદર એને ત્રાસ આપતી હોય, એને એમ થાય, ક્યારે આ બધું છોડું. તો એની આરાધકતા સાચી!

સાધુને છૂટ આપી કે ચાલો ભાઈ તમારો સ્થવિર કલ્પ છે, તમારી અનુકૂળતા નથી, તમે રોજ આયંબિલ ના કરી શકો, તમને એકાસણા ની છૂટ! તમે એકાસણામાં અંતપ્રાંત ન વાપરી શકો, જે સાવ વધ્યું, ઘટ્યું, ફેંકી દેવા જેવું, બે-અઢી વાગે ગોચરી એ જઈને લાવેલું, ચાલો તમને અગિયાર વાગે ગોચરી જવાની છૂટ. ચાલો તમારાથી એકાસણા નથી થતા, બેસણા ની છૂટ, બેસણા નથી થતા નવકારશી ની છૂટ, દવા વગર નથી ચાલતું તો તમને દવાની છૂટ, આ બધી છૂટો સારી લાગે, વહાલી લાગે, અનુકૂળતા લાગે, મજા લાગે, એનું સાધુપણું ટકે કે આ છૂટો તો હરગીઝ જોઈએ જ નહિ.

ક્યારે આ બધી છુટો છુટે ! ક્યારે શુદ્ધ ધર્મની આરાધના આપણે કરીએ આવો ભાવ, સ્પર્શો તો સાધુતા ટકે. એક જ શબ્દમાં સાધુતા અને આરાધના નો સાર અહીંયા આપી દીધો છે.

अपडिबद्धो

છુટ પ્રત્યે જેને બે પૈસા જેટલી પણ લાગણી નથી. છુટ અળખામણી લાગે, છુટ ત્રાસ લાગે, છુટ અત્યાચાર - લાગે, છુટ માથાની દુખાવો લાગે, છુટના નામે આંખમાં આંસુ આવી જાય.

પૂજ્ય પ્રેમસૂરીજી મહારાજ, અડસઠ વર્ષના દીક્ષા પર્યાયમાં મોટાભાગે એકાસણા કર્યા, અંતિમ સમય માં PROSTATE ની તકલીફ, HEART ની તકલીફ મોટી ઉંમર, એના કારણે એકાસણા મુકવા પડ્યા. મગનું પાણી વગેરે, અમુક સમયે થોડું થોડું સાહેબને વપરાવવું પડે એવી પરિસ્થિતિ પડી. અમાર જયઘોષ. મહારાજ પાત્રી લઈને ગયા હોય, સાહેબ આપ વાપરો. અને સાહેબ ની આંખો ભીની બની. સાહેબ, કહે મને આ નથી જોઈતું, સાહેબ, બીજુ કોઈ રૂચિ છે, બીજુ કોઈ અનુકૂળતા, મગનું પાણી નહીંતો લીંબુનું પાણી, કેરનું પાણી, અને સાહેબ કહેતા મારા એકાસણા લાવને !! આખી જિંદગી એકાસણા કર્યો પછી આ રીતે પાછો કહેતા, મને મારા એકાસણા પાછા લાવવા છે.

પૂજ્ય ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબે, બે હજાર વીસના પીંડવાડા ના ચોમાસાની અંદર, એ મહાપુરૂષ ના ઉદ્ગારો ને શબ્દદેહ આપી દીધા, એ ઉદ્ગારો આજે પણ વાંચીએ ને એ છેલ્લી ઉંમર, એ રોગો, એમાં લેવી પડતી કેટલીક છુટ, આપણી દ્રષ્ટિ એ એને છુટ પણ ના કહેવાય. એ છુટ ના કહેવાય એ પણ એક ભૂમિકાની આરાધના કહેવાય. છેદ સૂત્રો ભણેલા હતા, મહાગીતાર્થ હતા. ઉત્સર્ગ / અપવાદને જાણતા હતા.

આપણે નહી ભાગનારાઓ, વધુ ભાગી ગયા હોય, એવું આપણું વર્નન હોય. PLUS - MINUS ભેગાના, લાખો-લાખ ભેગા-નો, અપવાદ પણ ભગવાને બતાડ્યો છે. આ બધી આપણી પરિણતિ હોય છે કે હૃદયની નિષ્ઠુરતા હોય છે. આ પણ એક સવાલ છે. મહાપુરૂષ ન હતા ભાગતા કે કેટલી છુટો આપેલી છે. અપવાદ છે, ખ્યાલ નહિ હોય (?) કઈ કઈ રીતે અપવાદ સેવાય, દોષ સેવાય એના પ્રકારો આગમની અંદર બતાડ્યા, હાથે કરીને સેવે, હોંશે, હોંશે સેવે, એમાં અનેક ગણું પ્રાયશ્ચિત આવે, પ્રમાદથી સેવે અનેક ગણું પ્રાયશ્ચિત આવે.

બીજો પ્રકાર એમાં બતાડ્યો કે, અપવાદ સેવવાનું કારણ છે, મજબુત કારણ છે, પ્રમાદથી નથી સેવ્યો, હોંશે હોંશે નથી સેવ્યો, ગુરુની રજા સાથે અપવાદ સેવ્યો. પણ એ સેવ્યા પછી પણ.

ણાણુતપ્પઇ પચ્છા

પછી સંતાપ ના હોય કે, ખોટું થયું, મેં ખોટું કર્યું, તો એમને વધારે પ્રાયશ્ચિત આવે. કારણ હતું એનો અર્થ એ નથી કે આપણે કારણની રાહ જ જોતા હતા, કારણ હતું એનો અર્થ એ નથી કે બહુ સારું થયું, કારણ હતું એનો અર્થ એ નથી કે બહુ મજેથી અપવાદ સેવો. કારણ હતું એનો અર્થ એ નથી કે આપણને ઉત્સર્ગની તમન્ના જ ના હોય. સાચો અપવાદ એ છે કે જે સેવતા સેવતા એને ડંખે, એકાસણા માંથી બેસણા માં બેસતા ત્રાસ-ત્રાસ થઈ જાય, અને સતત મન ઝંખે, કે ફરી મને એકાસણું ક્યારે મળે. એવા મહાપુરૂષોનું જીવન શાસ્ત્ર હોય છે. એવા મહાપુરૂષો સાચો અપવાદ માર્ગ હોય છે. એવા મહાપુરૂષો શુધ્ધ આરાધના હોય છે. પૂજ્યશ્રીના ઉદ્ગારો સાંભળી ને રૂંવાડા ખડા થઈ જાય, કે હવે આ શરીર જવાનું છે, હવે એને પોસવાનું શા માટે (?) ધન્ય છે પહેલા બાપજી મહારાજને, જેમને છેલ્લા દિવસ સુધી -

વર્ધમાન તપ ચાલુ રહ્યો, મારા બેઠાસણા પણ ચાલુ ન રહ્યા. બીજાની આરાધનાની અંતરથી અનુમોદના હોય, અને ભારોભાર આત્મનિંદા હોય તો સમજવાનું કે આપણે આરાધક છીએ. આપણા ગુણો જ દેખાયા કરતા હોય ને બીજાના દોષો જ દેખાયા કરતા હોય, તો સમજી લેવું કે આપણે વિરાધક છીએ.

એકસો પાંચ વર્ષની ઉંમર સુધી આચાર્ય મહારાજ સાહેબને, જીવનના છેલ્લા દિવસ સુધી વર્ધમાન તપ અખંડ ચાલુ રહ્યો, એની ભારોભાર અનુમોદના, ગુણાનુવાદ! જિંદગીના છેલ્લા વર્ષમાં મેં આજીવન ચલાવેલા બેઠાસણા પણ અખંડ રહી ન શક્યા. મારે નીચે ઉતરવું પડ્યું. એનો ભારોભાર ડંખ. આવો માનસિક ત્રાસ અનુભવાય, એનું નામ આરાધક!

अपडिबद्धो

અંતરને તપાસો, અંતર ક્યાં ભૂલ કરે છે, ક્યાં ચૂકે છે. ક્યાં સંસારમાં લપટાઈ જાય છે, ક્યાં કષાયોને આધીન બની જાય છે. ક્યાં મોહરાજાની UNDER માં પહોંચી જાય છે. આપણે ઘણું બધું કરતા હોઈએ છીએ, ભણીએ, ગણીએ, સ્વાધ્યાય કરીએ, સેવા કરીએ, તપસ્યા કરીએ, મોહરાજા લુચ્ચું હસતો હોય કે તું કર, જેટલું કરવું હોય એટલું કર, તારી ચોટી તો મારા હાથમાં છે.

अपडिबद्धो

જ્યાં સુધી રાગ-દ્વેષ છે, જ્યાં સુધી એકસરખા ભાવે આરાધના નથી, જ્યાં સુધી રમત રમવી છે, જ્યાં સુધી અંદરથી હજુ સંસારને જ પોષવો છે, જ્યાં સુધી અનુકૂળતા મળે ને ગલગલિયા થાય છે, જ્યાં સુધી છૂટ પ્રત્યે SOFT CORNER છે, જ્યાં સુધી અપવાદ મળે તો સારું એવો ભાવ છે, જ્યાં સુધી ઉત્સર્ગમાં આવેહડ રાગ નથી, જ્યાં સુધી ન છૂટકે સેવાતા,

અપવાદ પ્રત્યે, તીવ્ર અણગમાનો ભાવ નથી, ત્યાં સુધી આપણે આરાધક નથી. હરીભદ્રસૂરી મહારાજ, આગળ વધે છે, ગાથા નંબર સોળસો તોતેર,

મેત્તાદી સત્તાઇસુ

ભગવાનના વચનનું અવલંબન લઈને, જીવ અત્યંત મૈત્ર્યાદિ ભાવના ભાવે! આરાધકતા ઘણી બધી હશે, પણ એ ભાવના નહીં હોય તો આરાધકતા અધુરી રહેશે.

★ સર્વ જીવ પ્રત્યે મૈત્રીભાવ!

★ ગુણવાન પ્રત્યે પ્રમોદભાવ!

★ હીન દુઃખી પ્રત્યે કરુણાભાવ!

★ દોષિત / તીવ્ર દોષિત પ્રત્યે માધ્યસ્થ્ય ભાવ!

આ ચાર ભાવના, જે આરાધના ને આરાધના બનાવે છે. એક જીવ પ્રત્યે પણ મૈત્રીભાવ નથી,

મેત્તાદી સત્તાઇસુ જિણિંદવયણેણ તહ ય અચ્ચત્થં।। मैत्री परस्मिन् हितधीः समग्रे।

વિશ્વનો એક પણ જીવ આપણી હિતબુદ્ધિ માંથી બાકાત ના હોય, એનું પણ હિત થાવ... એનું પણ હિત થાવ. એના પ્રત્યે પણ જ્યાં સુધી છે, કે આનું નખ્ખોદ જાવ, બાકી ભલે બધાનું હિત થાવ, બધાનું ભલું થાવ, ત્યાં સુધી આરાધના... આરાધના નથી. અગ્નિશર્મા એ અનશન લઈ લીધું. ત્રણ ત્રણ વાર સમતા રાખી છે, પારણું ચુક્યા છે, ચોથી વાર અગ્નિશર્માનું મગજ ગયું છે. નિયાણું કર્યું છે કે એને હું મારનારો થાઉં. કુલપતિ કેટલું સમજાવે છે કે, આ ગુસ્સો છોડી દે, આ એક જીવ પ્રત્યેનો દ્વેષ ભાવ, ભલે તમે અનશન કર્યું, બધું બરાબર, પણ આ દ્વેષ ભાવ છે જે તમારા આત્માને નુકશાન કરશે, પણ એ દ્વેષ છોડવા તૈયાર નથી. કમઠ ને મરુભૂતિ પ્રત્યે તીવ્ર દ્વેષ છે, એમને મારનારો થાઉં. ભવોભવ એમને મારવાના પ્રયાસ કરીને, ઉત્તરોત્તર આગળ આગળની નરકમાં જે કમઠ નો જીવ જાય છે.

જિણિંદવયણેણ તહ ય અચ્ચત્થં।

બહુ જ જિનવચનનું પરિભાવન કરો, અને વિચાર કરો
કે એ એક જીવ પ્રત્યે પણ કડવાશ છોડી નહિ, તો
મારી બધી જ આરાધના એળે જશે. અનેક ભવો સુધી
વેરના અનુબંધો બંધાશે, અનેક ભવો સુધી એક જીવ
સાથે લડવાનું, ઝઘડવાનું, બળતા ફરી જવાનું થશે.
અનેક ભવો સુધી સાનુબંધ એવું કર્મ બંધાશે, -
ઉત્તરોત્તર નીચે નીચે ની નરકમાં જવું પડશે, અનંત -
ભવ ભ્રમણ કરવું પડશે, આવું મારે શા માટે કરવાનું!

* ગુણવાન પ્રત્યે પ્રમોદ ભાવના!

ખુબ અનુમોદના કરો! છાપા વાંચતા, ઓટલા -
પરિષદ ભરવી, ગામની પંચાત કરવી, ગામની નિંદા
કરવી, આની બદલે એવું કેમ ના થાય, એક સંઘમાં
આપણે રહેતા હોઈએ ને, એ સંઘની અંદર, જે પણ
વિશિષ્ટ આરાધનાઓ થઈ હોય, એની અનુમોદનાની
વાત આપણા મોઢે થાય!

દોષો તો રહેવાના, પાપો તો રહેવાના, આ
બધું તો અનાદિ કાળનું છે. પાપોમાં શું આશ્ચર્ય છે!
છાપા ની ભાષામાં એમ કહેવાય કે, કુતરો માણસને
કરડે એ સમાચાર ના કહેવાય. માણસ કુતરાને
કરડે એ સમાચાર કહેવાય. કહેવાની ભાવ એ છે કે
કુતરો માણસને કરડે એ બહુ સામાન્ય ઘટના કહેવાય.
જે અસામાન્ય ઘટના છે એ સમાચાર કહેવાય,
એ વિશેષ કહેવાય, એની જિજ્ઞાસા હોય. એવું
તમારે છાપું જોઈએ. જ્ઞાની ઓની ભાષામાં કહીએ કે
દોષો ના શું સમાચાર છે. દોષ તો સામાન્ય છે.
દોષ તો અનાદિ કાળના છે. સમાચાર તો ગુણના કહેવાય.
પહેલાએ આમ ખોટું કર્યું ને, તેમ ખોટું કર્યું ને,
આમ થયું ને તેમ થયું, આ બધું એનો દોષ છે એ
જેટલું સત્ય છે, એટલું એ પણ સત્ય છે કે આ બધું
આપણું ગાંડપણ છે.

★ વિષ્ટા ચૂંથવી એટલે હાથ ગંદા જ થવાના છે.
★ કાદવ ફેંકશો એટલે તમે ખરડાવાના જ છો.

એક ઇતર વ્યક્તિ તમારી નજર સામે છે, નવસો નવ્વાણું ગંદી ગોબરી છે. એક વ્યક્તિ બહુ જ સ્વચ્છ ને સુંદર છે. તો નવસો નવ્વાણું ને શોધવાની બદલે તમે એક ને પૂજો. નવસો નવ્વાણું વ્યક્તિ કદાચ દોષિત છે, પાપી છે. એક વ્યક્તિ ધર્મી છે, આરાધક છે, - પુણ્યશાળી છે. નવસો નવ્વાણું ના પાપની ચર્ચા પણ આપણે કરી શકીએ છીએ ને એક વ્યક્તિના ધર્મની વાત પણ આપણે કરી શકીએ છીએ. આપણે શાની વાત કરીએ છીએ, એ બતાવે છે કે આપણે શું છીએ!

છગનનો છોકરો હતો ને સ્કુલે ગયો ને TEACHER એ કહ્યું કે એક દિવસ બધા દરીયા ફરી વળશે ને આપણી પૃથ્વી છે એ પાણીમાં ડુબી જશે. છગનના છોકરા એ તરત પ્રશ્ન કર્યો કે, TEACHER એ દિવસે સ્કુલે આવવાનું છે કે નથી આવવાનું ? એટલે છોકરાની દ્રષ્ટિ બસ એ જ છે કે ભાઈ મને રજા મળે છે કે નથી મળતી. બીજુ આખી દુનિયા ડુબી જાય એની સાથે એને કોઈ લેવા દેવા નથી.

આપણને નિસ્બત એના જ સાથે છે કે કોનામાં કયો દોષ છે, કોણ દોષીત છે, કોણ ધર્મી નથી, આજ આપણી દ્રષ્ટિ છે, તો આપણી પણ છીછરી રમત જ છે. જે એ બધી એ મનમાં રમશે, જે મનમાં રમશે એની આત્મા ઉપર અસર થશે, આત્મામાં ઊંડા સંસ્કાર પડશે. અનાદિના અવળા સંસ્કાર છે, દોષો જોવાના, નિંદા કરવાના, પૈશુન્ય કરવાના, અભ્યાખ્યાન કરવાના.

★ કેરી નો રસ છોડવો સહેલો છે,
નિંદા નો રસ છોડવો અઘરો છે. ★

જ્યાં સુધી આ રસ નહિ છુટે ત્યાં સુધી ગુણોનો પરિપાક જ નહિ થાય, આરાધનાની ખરી ગમી જ આપણને નહિ

સ્પર્શે, અને જ્યાં સુધી એ નહિ થાય, ત્યાં સુધી જરા અર્થમાં આરાધના શરૂ જ થવાની નથી. આપણને જે ગમે છે એની વાત આપણે કર્યા કરીએ છીએ. આપણને દોષો ગમે છે તો દોષોની વાત કર્યા કરીએ છીએ, ગુણો ગમે છે તો ગુણોની વાત કર્યા કરશું. વાત દોષોની કરવી છે ને માનવું એવું છે કે મને ગુણો જ ગમે છે, તો આ તો જાતને છેતરવાની વાત છે.

સંઘમાં કોણે શું ખોટું કર્યું, GROUP માં કોણે શું ખોટું કર્યું, અડોશ-પડોશમાં કોણે શું ખોટું કર્યું, આની નોંધો રાખવી, આ બધું બોલવું વધારે ગમે છે, કે કોણે સારી આરાધના કરી, કોણે સારો તપ કર્યો, કોણે સારું દાન આપ્યું, કોણે સારી ગુરૂની સેવા કરી, કોણે સારો સ્વાધ્યાય કર્યો, એ બોલવું ગમે છે !! અંદર નિરીક્ષણ કરો કે આપણે ક્યાં છીએ, આત્મ નીરિક્ષણ, કર્યો હોય છે. અંદરની પક્ષપાત કઈ તરફ છે. ને જ્યાં સુધી આત્મ નિરીક્ષણ નથી, ત્યાં સુધી આપણું કલ્યાણ થવાનું નથી.

દ્રવ્યથી કોઈ દુ:ખી છે એના પ્રત્યે કરૂણા. ધર્મથી કોઈ સિદાય છે એના પ્રત્યે કરૂણા, કોઈ દોષિત છે, પાપી છે, અને એના પ્રત્યે અસદ્ભાવ-થાય છે તો આપણે પણ પાપી છીએ. ભગવાને ચાર જ ભાવના બતાડી છે.

★ સર્વ જીવો પ્રત્યે મૈત્રી

★ ગુણવાન પ્રત્યે પ્રમોદ

★ દ્રવ્ય કે ભાવથી દુ:ખી પ્રત્યે કરૂણા અને

★ નિર્ગુણી પ્રત્યે માધ્યસ્થ્ય !!

દ્વેષ ભાવના, અસદ્ભાવ ભાવના, મત્સર ભાવના, ઈર્ષ્યા ભાવના, રાંટિયાજેવ ભાવના, નિંદા ભાવના,

ભગવાને અનાડી જ નથી. જ્યારે આપણે બીજાના દોષ જોઈએ છીએ, ત્યારે આપણે પણ દોષિત થઈ જઈએ છીએ. આપણો સ્વભાવ એટલો જ છે કે એ તો દોષિત છે તે માટે એને દોષિત કહું છું, પણ એને દોષિત કહેવાની સાથે એને દોષિત તરીકે જોવાની સાથે, એના પર અપ્રીતિ કરવાની સાથે, આપણે પણ દોષિત થઈ જઈએ છીએ, એ આપણને દેખાતું નથી!

જ્ઞાનીઓ ત્યાં સુધી કહે છે આખા-ભુવનમાં કોઈ દોષ પણ હશે, કદાચ એ રાતે ખાતો હોય, કદાચ એ કંદમૂળ ખાતો હોય, માંસ ખાતો હોય, દારૂ પીતો હોય, જુગાર રમતો હોય, એ બધુ કદાચ તારા દોષ કરતા, ઓછો દોષ હશે, અને તારી જે દોષ દ્રષ્ટિ છે, મત્સર છે, દ્વેષ છે, એ કદાચ મોટો દોષ હોય શકે છે. ઋષિભાષિત આગમમાં પ્રત્યેકબુદ્ધ મહર્ષિ કહે છે,

मोहोदए सयं जंतू मंदमोहं तु खिंसइ ।

જ્યારે મોહ નો ઉદય થાય છે ત્યારે જીવ જે મંદમોહ-વાળી વ્યક્તિ હોય, એની નિંદા કરે છે, કે આ મોહવાળી વ્યક્તિ છે.

छिन्नकण्णो जहा कोइ हसेज्ज छिण्णणासियं ॥

જેમ જેના કાન કપાઈ ગયા છે એ કોઈ બીજા પર હસે કે આ આનું નાક કપાઈ ગયું છે. કોઈનું નાક કપાઈ ગયું છે એ બીજા કોઈ ઉપર હસે, કે આના કાન કપાઈ ગયા છે. આ પણ એક પ્રકારનું ગાંડપણ જ છે. બહુ સરસ મજાની કૃતિ, "મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું" તમારી આરાધના, આરાધના બની રહે, તમારી આરાધના, તમારા આત્માને કામ લાગે, તમારી આરાધના લુંટાઈ ન જાય. આવું જો તમે ઈચ્છતા હો, "મૈત્રી ભાવનું પવિત્ર ઝરણું" ચાર કડી, ચાર ભાવના, સરળ શબ્દો, સચોટ શબ્દો, દિવસમાં-પાંચ મિનિટ કાઢો, આંખ બંધ કરીને, પલાંઠી લગાડીને, બેસો. અને આટલી કૃતિ એનું તમે ભાવથી પારાયણ કરો.

જ્યાં સુધી ચાર ભાવના બરાબર પરિણમી નથી, વિપરીત ભાવનાઓ છે, ત્યાં સુધી આપણી આરાધના અશુદ્ધ રહેશે, આરાધનાના ફળના ભાગાકાર થઈ જશે. કદાચ આરાધના એવી હશે કે ગણતરીના ભવમાં આપણને મોક્ષ મળી શકે, પણ જો આ ચાર ભાવના શુદ્ધ નહી હોય, એના કારણે આપણો સંસાર લંબાઈ જશે.

હરીભદ્રસૂરી મહારાજ, સોળસો તીત્તેરમી ગાથાની અંદર કહે છે, કેવી રીતે આ ભાવના ભાવવી.

ભાવેઙ્ઙ તિવ્વભાવો પરમં સંવેગમાવણ્ણો ।

તીવ્ર ભાવથી આ ભાવનાને અંતિમ આરાધના સાધક ભાવે. વિપરીત ભાવનાઓને તીવ્ર ભાવથી ભાવી છે, હવે આ શુભ ભાવનાઓ ને મંદ ભાવથી ભાવીએ, રોગ મોટો છે, DOZE MILD છે, તો રોગ કઈરીતે મટશે. રોગ જો HIGH છે તો DOZE પણ HIGH જોશે, તીવ્ર મૈત્રી ભાવના, જેમના પ્રત્યે અમૈત્રી ભાવના હોય - એમના પ્રત્યે તીવ્ર બહુમાન ભાવ ભર્યું વર્તન, જેમની સાથે ઉદ્વાસ હોય, એમના પ્રત્યે અનુકૂળ વર્તન, એમને વિશેષ સહાય, એમનો વિશેષ આદર, એમની સાથે વિશેષ મધુર વ્યહવાર, તો જે વિપરીત ભાવના છે - એની ક્ષય થશે.

Q આપણો ધર્મ કેમ હજુ સફળ થતો નથી, જોઈએ એવું ફળ આપણને કેમ નથી મળતું, પાપ બધા જ તીવ્ર ભાવથી થાય છે. ધર્મ મંદ ભાવથી - થાય છે, અને માટે જે ધર્મ આપણા આત્માનું કલ્યાણ કરી શકતો નથી. તીવ્ર ભાવથી ધર્મ થાય, તીવ્ર ભાવથી આરાધના થાય, તીવ્ર ભાવથી તપસ્યા થાય, તીવ્ર ભાવથી આ ચાર ભાવનાઓનું પરીભાવન કરીએ, તો જે તીવ્ર ભાવ, વિપરીત ભાવ ઉપર વિજય મેળવી શકશો, અંદરની સફાઈ કરી શકશો, શુદ્ધિકરણ કરી શકશો. થોડો કુંઘપાક એ લીધો જે

થોડું વળી એસિડ એ લીધું, અને હલાવીને પી ગયા. એનાથી આપણા શરીરને શ્યો ગુણ મળશે ? હરીભદ્રસૂરી મહારાજ, કેવા શબ્દોનો પ્રયોગ કરે છે.

પરમં સંવેગમાવણ્ણો

અંતિમ આરાધના શરૂ થઈ છે, મોત સામે દેખાઈ રહ્યું છે, અને વૈરાગ્ય જે ઉછળે... જે ઉછળે... જે ઉછળે... કોઈના ઉપર પણ ગુસ્સો આવે ને મૈત્રી ભાવનામાં આપણે પાછા ફરીએ ને, એટલું વિચારો કે મોત નક્કર સામે છે, મોત આવી છે, આ ક્ષણે પણ મોત આવી શકે છે ને એ મરી જ જવાનું છે તો, શેના માટે ગુસ્સો રાખવો, કોના ઉપર ગુસ્સો રાખવો, શું લઈ જવું છે સાથે ?

પરમં સંવેગમાવણ્ણો

મરણ વિભક્તિ આગમની અંદર, અંતિમ આરાધનાના સાધક ને બળ પુરુ પાડવા, અનેકાનેક દ્રષ્ટાંતો, અને એ દ્રષ્ટાંતો ની અંદર, તિર્યંચો ની પણ આરાધનાનું વર્ણન કર્યું છે ! એક વાંદર જેવા વાંદરાએ કેવા ઉપસર્ગો સહન કર્યા, અનશન લઈને કેવો નિશ્ચલ રહ્યો, માછલા જેવો માછલો છે, દરિયાની અંદર ફરી રહ્યો છે, વડવાનળ આવી જાય છે, ખ્યાલ રહેતો નથી ને ખુબ જ નજીક વડવાનળ ની પહોંચી જાય છે, એ LIGHT થાય છે, ભયંકર હદનો વડવાનળ, દરિયાની અંદર જે આગ હોય ને એને વડવાનળ કહેવાય. પાણીની અંદર જ એ આગ થાય, ભયંકર આગ હોય, ક્યાય સુધી એનો ફેલાવો પણ હોય શકે, પણ એ આગ પાણીથી બુઝાય નહીં.

પીતં ન કિં તદપિ દુર્ધરવાડવેન।

આગ પાણી અગ્નિ ને બુઝાવી જાય, પણ વડવાનળ દરિયાનો અગ્નિ એવો હોય કે એ બધા જ પાણીને ઘોળી ને "પી" જાય. માછલું એકદમ નજીક આવ્યું એ ભડકું થઈ ગયું, એ બળી ગયું, જરાકમાં બળી ગયું. અને ત્યાં શબ્દો મુક્યા છે,

જ્ઞપ્તિ સંક્રમાવણો

તીવ્ર સંવેગ એ માછલા ને થઈ ગયો, એમણાં મરી ગયો હોત. અમારા મહાત્મા ગૃહસ્થપણામાં, મુંબઈ માં એક રસ્તા ઉપરથી જતા હતા, રસ્તો બંધ હતો ને કોઈ કારણસર ફરીને જવાનું થયું, જે રસ્તા ઉપરથી જવાનું હતું, WITHIN TWO MINUTES એ રસ્તા ઉપર મોટો BLAST થયો, આતંકવાદીઓ દ્વારા, BOMB નો ધડાકો થયો, અને એ પોતે ફરી ને પેલી બાજુ પહોંચ્યા ત્યારે એ બધા ઘાયલ લોકોને, લઈ જવામાં આવતા હતા ને, એમને એટલો સંવેગ.. સંવેગ --- સંવેગ થઈ ગયો.

હું તમને કહું કે આ જીવન એ જ આશ્ચર્ય છે, આરોગ્ય એ "આશ્ચર્ય" છે. આ બધી નસો, આ શ્વાસની ધમણ, આ શરીરનું તંત્ર બરાબર ચાલે છે, આપણે રસ્તા ઉપરથી જઈએ છીએ ને કોઈ ગાડી ઉડાવી નથી દેતી, કોઈ CANCER ની ગાંઠ આજે આપણને DETECT થતી નથી. આજે કોઈ VIRUS આપણામાં આવી જતો નથી. આજે કશી આપણી સાથે નવાજુની થતી નથી, આજનો આખો દિવસ સહીસલામત પુરો થઈ ગયો, એમને આપણું મૃત્યુ થયું જ નહિ, એય "આશ્ચર્ય" છે.
"જીવનં" આ વિકૃતિ છે, "મરણં" આ પ્રકૃતિ છે.

मरणं प्रकृतिः शरीरिणां विकृतिर्जीवितमुच्यते बुधैः।

જ્ઞાની ભગવંતો કહે છે,

क्षणमपि यज्जीव्यते।

ક્ષણ માત્ર પણ જે આપણે જીવી શકીએ છીએ, એ ય આશ્ચર્ય છે, એય નવાજુની છે જો મોત એકદમ સમીપ આવી ને જતું રહે, તો હળુકર્મી જીવ ને સંવેગ પ્રગટે, પેલા માછલા આ એક ઘટનાથી - અનશન લઈ લીધું, આરાધના કરીને દેવલોકમાં પોતે

એકાવતારી દેવ રૂપે જન્મ પામી ગયો, તો આપણને એટલો વિવેક ના મળે.

પરમં સંવેગમાવણ્ણો

પાંત્રીસ-ચાલીસ વર્ષનો છોકરો આપણી બાજુબાજુ રહેતો હતો, ગઈ કાલે જ એને રોગ DETECT થયો ને આજે એ ઉપડી ગયો, મજેથી સંસારમાં આપણે રહી શકીએ, ખાય શકીએ, પી શકીએ, ધસધસાટ સુઈ શકીએ, એનો અર્થ એટલો જ છે કે હજુ આપણે ભારે કર્મી છીએ! આજે કોઈની ઠાઠડી નીકળી છે, આપણી નીકળવાની - આજે એમનો વારો છે, આવતી કાલે આપણો આવવાનો. અને આ સ્થિતિ ની અંદર પણ હજુ કષાયો છોડવા નથી, વિષયો છોડવા નથી, મૈત્રી વગેરે ભાવનાઓને શુદ્ધ રૂપે ભાવવી નથી, પરમ સંવેગ આદરવો નથી, તો એનો અર્થ એ જ છે, કે હજુ આપણો ઘણો સંસાર બાકી છે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે.

પરમં સંવેગમાવણ્ણો

તમને કેટલું આવડે છે, કેટલા સુત્રો આવડે છે, બે-પ્રતિક્રમણ થઈ ગયા, પાંચ પ્રતિક્રમણ થઈ ગયા, પ્રકરણ, ભાષ્ય તમારા થઈ ગયા, પીસ્તાલીસ આગમ થઈ ગયા, એના આધારે તમારો મોક્ષ નથી થવાનો. તમારો આત્મા જ્ઞાનથી પલળ્યો કેટલો, તમને સંવેગ મળ્યો કેટલો, તમે અંદરથી કેટલા ભીના થયા, એના આધારે તમારો મોક્ષ થવાનો છે. પયન્ના આગમ સુત્રોની અંદર કહ્યું,

इक्कं पि पयं सोउं संवेगं जो वच्चइ वीयरायमए।

એક પદ પણ સાંભળીને, જેને વિતરાગ વાતમાં સંવેગ પ્રગટે છે,

तं तस्स होइ णाणं छिंदइ सो तेण दुहजालं ॥

એ એનું જ્ઞાન છે, એનાથી એ દુઃખો ની જાળમાંથી મુક્ત થવાનો છે.

इक्कं पि पयं सोउं ।

જેણે તમને પલાળ્યા એ તમારું "પદ". જેણે તમને પલાળ્યા એ તમારું "જ્ઞાન". જેણે તમને પલાળ્યા એ તમારું "આગમ". જેણે તમને પલાળ્યા એ તમારું "શ્રુત". જેણે તમને પલાળ્યા એ તમારું "ભણતર". જેણે તમને પલાળ્યા એ તમારો "નશો". જેણે તમને પલાળ્યા એ તમારી "આરાધના". જેણે તમને પલાળ્યા એ તમારી "તપસ્યા".

આને જે મળ્યા પછી તમે સુક્કા ને સુક્કા જ રહ્યા, સ્વરૂપથી એ આરાધના હશે, સ્વરૂપ થી એ જ્ઞાન હશે, સ્વરૂપ થી એ આગમ હશે, સ્વરૂપ થી એ તારક હશે, પણ - તમારા માટે તો એ ડૂબવાનું જ સાધન છે.

એક વ્યક્તિ પત્ની, પુત્ર, પૈસો, - એનાથી ડૂબી જાય છે, બીજાને આગમ મળ્યું, શ્રુત મળ્યું, જ્ઞાનને આરાધના મળી, છતાં એ ડૂબ્યો, તો એમાં ફરક જ શું રહ્યો.

इक्कं पि पयं सोउं संवेगं जो वच्चइ वीयरायमए ।

જ્ઞાન નો અર્થ પોથા નથી, જ્ઞાનનો અર્થ ગાથા નથી, જ્ઞાનનો અર્થ પુસ્તકોની સંખ્યા નથી, જ્ઞાનનો અર્થ કેટલા વ્યાખ્યાન સાંભળ્યા એ પણ એકાંતે નથી, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ જ્ઞાનસાર માં કહે છે,

निर्वाणपदमप्येकं भाव्यते यन् मुहुर्मुहुः ।

એક જ નિર્વાણ પદ ખુબ ભાવવામાં આવે, વારંવાર ભાવવામાં આવે,

तदेव ज्ञानमुत्कृष्टम् ।

એ જ ઉત્કૃષ્ટ જ્ઞાન છે, અને તમે ઘણું બધું ભણ્યા હોવું જોઈએ, ઘણું ભણો એ સારું જ છે.

પ્રમાદ કરશો તો એ પ્રમાદ પણ જ્ઞાન નથી. ઘણું-ભણ્યા પણ ભાવિતતા નથી, અંતઃસ્પર્શના નથી, ભીનાશ નથી, અંદરથી પલળ્યા નથી, તો એ જ્ઞાન નથી. એક જ પદ, ખુબ ભાવિત કર્યું, પલળ્યા,

तदेव ज्ञानमुत्कृष्टम्

ચૌદ પૂર્વી, ચૌદ પૂર્વને ભાવીત કરીને મોક્ષે જાય, એવું બને. જેનો એવો ક્ષયોપશમ નથી, એવી શક્તિ નથી, એક જ મોક્ષ પદ, એનાથી વધુ કશું યાદ રાખી શકે એમ નથી, એ એક પદને ખુબ ભાવિત કરીને, એના દ્વારા કેવળજ્ઞાન મેળવીને, એ જ ભવે મોક્ષે જાય, એવું પણ બને. તત્ત્વાર્થ ભાષ્ય ની અંદર ઉમાસ્વાતી મહારાજ કહે છે

श्रूयते चानन्ताः सामायिकमात्रपदसिद्धाः।

અનંત જીવો "સામાયિક" માત્ર પદ એનાથી સિદ્ધ થતા હોય, આવું પણ સંભળાય છે. બહુ મનોમંથન કરો, આ ભવની હારી જવી છે કે જીતી જવી છે. લોક તમને શું માને છે, એના આધારે તમારો મોક્ષ થવાનો નથી. જ્ઞાનીઓની-દ્રષ્ટિમાં આપણે શું છીએ, કેટલામાં છીએ, ક્યાં છીએ, કેટલા ગુણમાં છીએ કે કેટલા દોષમાં છીએ, એના આધારે આપણો મોક્ષ થવાનો, તો જ્ઞાનીઓની દ્રષ્ટિ શા માટે ન અપનાવવી ! એવો પ્રયાસ કરીએ, અંતિમ આરાધના-ના સંદર્ભમાં, હજુ હરીભદ્રસૂરી મહારાજ ઘણી વાત કહે છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

× × × ×

## પ્રવચન-૧૩

DATE 01 09 2020

ચૌદસો ચુમ્માલીસ ગ્રંથકર્તા પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, પંચવસ્તુક ગ્રંથની અંદર, ગાથા નંબર સોળસો - ચુમ્મોતેરમાં, અંતિમ આરાધનાના સંદર્ભમાં, બહુ માર્મિક વાત કરી રહ્યા છે,

સુહજ્ઝાણાઓ ધમ્મો

ધર્મનું હાર્દ શું છે ? ધર્મનો પાયો શું ? ધર્મનું પ્રવર્તક બળ શું ? ધર્મનું પ્રયોજક બળ શું ? અને એક જ શબ્દમાં અહીંયા જવાબ આપ્યો છે.

સુહજ્ઝાણાઓ

શુભધ્યાનથી ધર્મ થાય છે. તમે શું કર્યું ? કેટલું કર્યું ? કેવી રીતે કર્યું ? આ બધા જ પછીના પ્રશ્નો છે, તમે અનુકંપા કરી, જીવદયા કરી, સાધર્મિક ભક્તિ કરી, દહેરાસરમાં પૂજા ભણાવી સ્નાત્ર ભણાવ્યું, પૂજન ભણાવ્યું, તીર્થયાત્રા કરી, તમે આઠ-આઠ કલાક સ્વાધ્યાય કર્યા કર્યો, તમે ઉગ્ર-ઉગ્ર તપસ્યા કરી, માટે તમે ધર્મી થઈ ગયા, હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે એવું તમે ના સમજના. તમારું શુભ ધ્યાન કેટલું છે ? તમે પ્રતિક્રમણ કર્યું, ઊભા-ઊભા કર્યું, મુદ્રા સાથે કર્યું, બધું જ પ્રમાર્જન પૂર્વક કર્યું પણ તમારા મનમાં શુભ ધ્યાન હતું ખરું ? કે તમારું મન બીજે ક્યાંય રમતું હતું ? તમારે જલ્દી પુરુ કરવું હતું,

સુહજ્ઝાણાઓ ધમ્મો

જે પ્રવૃતિ કરતા તમારા મનમાં શુભ ધ્યાન નથી, તે પ્રવૃત્તિ "ધર્મ" નથી ધર્મનો BASE જ એ છે "શુભ ધ્યાન"! મુંઢ ખુબ સંકુલિત ચિત્તથી ધર્મ કરવા માંગો છો, એનો એટલો પધારો પાથર્યો કે એ ગાંડો ગાંડો થઈ ગયો. એને એટલું બધું ઉપાડ્યું કે એને થયું કે આ બધું હું ક્યારે -

બાજુ ઉપર મુકું... ક્યારે મુકું.... ક્યારે મુકું ! હરીભદ્ર-સૂરી મહારાજ કહે છે કે તમે એ મુકવાની મોડી છો તો, તો જરા અર્થમાં તમે ઉપાડ્યું જ નથી. તમે જે મનમાં બનો છો, એ તમે બનો છો.

મનથી ધર્મનો એ દ્રેષ, મનથી એ ધર્મ કંટાળો છે, મનથી ધર્મ એ વેઠ છે, મનથી ધર્મ એ પૂરો કરવાનો છે, તો તમે ધર્મ નથી કરી રહ્યા,

સુહજ્ઝાણાઓ ધમ્મો

સભાનો પ્રશ્ન :- શુભ ધ્યાન અને શુભભાવમાં ફેર ખરો ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- એક ભાવની જ અવસ્થા વિશેષ, એને જ અહીંયા શુભ ધ્યાન કહ્યું છે. એટલે તમે ધ્યાન કરવા બેસો, તમે પલાઠી વાળીને બેસો, ધ્યાનની પદ્ધિતી કરી ને તમે કહો એ જે ધ્યાન કર્યું એજ ધર્મ, એવો નિયમ આમાં નહિ. અહીં ચિત્તના અધ્યવસાય વિશેષ ના સંદર્ભમાં ધ્યાન શબ્દ મુક્યો છે, અને શુભ ધ્યાન એનો સીધો અર્થ લઈ શકાય, શુભ અધ્યવસાય. જે ચિત્ત સંકલિષ્ટ છે, જ્યાં કસાય છે, જ્યાં સાંસારિક તૃષ્ણા છે, જ્યાં મન સ્વસ્થ નથી, જ્યાં બીજું જ કાંઈક અંદર રંધાઈ રહ્યું છે, એને ધર્મ કઈ રીતે કહી શકાય !

સ્વાધ્યાય કરવા તમે બેઠાને, ઉંડે ઉંડે તમારા મનમાં એવા કીડા રમી રહ્યા છે કે હું ભણી ગણીને વિદ્ધવાન થઈ ને મારું નામ કરી લઉં, મારો પ્રભાવ પાડી દઉં, આનું નામ "અશુભ ધ્યાન"! અને સ્વાધ્યાય-કરતા કરતા, એક અંદર પરિણામ પડ્યો છે કે મારે મારા આત્માની શુધ્ધિ કરવી છે, મારે ભગવાનની વાણી પામવી છે, રાગ-દ્રેષ ઓછા કરવા છે, મોક્ષ-મેળવો છે, શ્રુતની પરંપરા આગળ ચલાવવી છે, આનું નામ "શુભ ધ્યાન" !!

सुयं मे भविस्सइ त्ति अज्झाइयव्वं भवइ।

★ મારું નામ પડશે માટે નથી બોલવું.
★ મારો પ્રભાવ પડશે માટે નથી બોલવું.
અને શ્રુત મળશે, શ્રુતજ્ઞાન મળશે, માટે બોલવું છે. આનું નામ "શુભ ધ્યાન"!

एगग्गचित्तो भविस्सामि त्ति अज्झाइयव्वं भवइ।

હું બોલીશ... બોલીશ... બોલીશ ને મારું મન વધારે એકાગ્ર થશે, એની ચંચળતા દૂર થશે, માટે બોલવું છે. આનું નામ "શુભ ધ્યાન"!

अप्पाणं ठावइस्सामि त्ति अज्झाइयव्वं भवइ।

હું મારા આત્માને, સંયમમાં, મોક્ષ માર્ગમાં, રત્નત્રયીમાં સ્થિર કરીશ, આવા ઉદ્દેશ્ય થી બોલવું, આનું નામ "શુભ ધ્યાન"!

ठिओ परं ठावइस्सामि त्ति अज्झाइयव्वं भवइ।

હું પોતે સ્થિર થઇને, બીજાને પણ સ્થિર કરીશ, આવો જે ભાવ એનું નામ "શુભ ધ્યાન"!

सुहज्झाणाओ धम्मो

જેની પરિસ્થિતિ નથી, શક્યતા જ નથી, કે દેખીતો ધર્મ બાહ્ય તપ વગેરે, બાહ્ય દાન વગેરે, બાહ્ય આરાધના વગેરે, કરી શકે એવી કોઈ જ પરિસ્થિતિ નથી, આખા શરીરે લકવો છે, ભયંકર શરીરમાં રોગો છે. કશું કરતા, કશું થાય એમ નથી. મનમાં શુભ-અધ્યવસાય ની ધારા ચાલુ છે, એ ધર્મમાં છે.

બાહ્ય દ્રષ્ટિ એ મોટા મોટા ધર્મ કરનાર વ્યક્તિ છે, મનમાં ઊંધુ, ચત્તુ, ઉલ્ટું, સીધું, આડં-અવળું, વિષયો, કષાયો, આ બધું ચાલી રહ્યું છે, એ વ્યક્તિ ધર્મ કરી તો નથી રહી. એ વ્યક્તિ ધર્મથી ઘણી દૂર છે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

सुहज्झाणाओ धम्मो तं देहसमाहिसंभवं पायं।

શુભ ધ્યાનથી ધર્મ થાય છે, અને પ્રાય: કરીને, તે દેહ સમાધિથી ઉત્પન્ન થાય છે. અંતિમ આરાધનાના

જે સાધકે પ્રવેશ કર્યો, એમને આતાપના લેવી, એમણે કોઈ મનની સેવા ન લેવી, એમણે એમનું અનશન બીજું બધું સહજ રીતે સહન કરીને પુરુ કરી દેવું, આવો આગ્રહ ના રાખવો. કારણકે જ્યાં સુધી દેહમાં સમાધિ નથી, ત્યાં સુધી શુક્લ ધ્યાન છે, એ પણ પ્રાયઃ કરીને આવતું નથી.

કોઈ મહાવિશિષ્ટ સત્ત્વ વાળા મહાપુરુષ - હોય, કે જે પરિષહો અને ઉપસર્ગોની સામે શુક્લ ધ્યાન કરી શકે. અલ્પસત્ત્વી જીવ હોય, એને પ્રાયઃ કરીને, શારીરિક કષ્ટો માં માનસિક અસમાધિ થાય, વિશેષ કરીને, જેમણે અનશન કર્યું, જેમને પાંચ-પચ્ચીસ ઉપવાસ થઈ ગયા,

तं देहसमाहिसंभवं पायं।

શરીર ને સમાધિ હશે, તો એમના મનમાં પણ શુક્લ ધ્યાન આવશે.

ता धम्मापीडाए देहसमाहिम्मि जइयव्वं।

માટે એમના દેહને જે રીતે સમાધિ રહે, એ રીતે પ્રયાસ કરવો, અને અહીંયા કહ્યું, કે

धम्मापीडाए

ધર્મને પીડા ન થાય, તેમ! અનશની આત્મા એમ કહે, કે આવી આવી રીતે મને અનુકૂળતા જોઈએ છે, પણ એ રીત ની અંદર ધર્મ સીદાતો હોય, એવી રીતે સમાધિ આપવા જવું, અને પેલાને પ્રસન્નતા થાય, એ પણ હકીકતમાં તો - અપ્રસન્નતા છે, હકીકતમાં અસમાધિ છે. દેહ સમાધિનો અર્થ જ દ્રવ્ય સમાધિ છે. દ્રવ્ય સમાધિ એ ભાવ સમાધિનું કારણ બને છે, અને એમાં એટલો ખ્યાલ રાખવો કે, દ્રવ્ય સમાધિ એ ભાવ સમાધિની બાધક ન થાય! અને આ જ આખી વાત, હરીભદ્રસૂરી મહારાજ એક જ પદથી કહે છે,

ધમ્માપીડા૭

સભાનો પ્રશ્ન :- સાહેબ અંતિમ આરાધના કેમ કરીએ, આમ તો રોજિંદા જીવનમાં હશે તો જ અંતિમ સમયે આવશે ને ? અંતિમ શબ્દ એટલે છેલ્લે જ કરવાની વસ્તુઓ થોડી છે આ !

પૂજ્ય શ્રી નો ઉત્તર :- મુખ્યત્વે, આ સાચી જ વાત, આજો પંચવસ્તુક ગ્રંથ સાધુને ઉપદેશી ને છે. પાંચ વસ્તુ સંયમના સંદર્ભ માં બતાડી છે, પ્રવ્રજ્યા માટે યોગ્ય કોણ, પ્રવ્રજ્યા ની વિધિ શું, પ્રવ્રજ્યા પાળવી કઈ રીતે વગેરે વગેરે. મુખ્યત્વે જ્યાં જીવન સમાધિમય હોય ત્યાં મરણ સમાધિમય હોય છે. શ્રાવકોના સંદર્ભ માં - લઈએ, અત્યંત પાપીના સંદર્ભમાં આપણે લઈએ, તો પણ એવી એકાંત નથી કે, જીવનમાં સમાધિ હોય, તો જ મરણમાં સમાધિ મળે.

ચિલાતીપુત્ર, અર્જુન માળી, દ્રઢપ્રહારી, વગેરે અપવાદો પણ હોય શકે છે. સમાધિ, દ્રવ્ય ને ભાવ, દ્રવ્ય શરીર સ્તરે, ભાવ આત્મ સ્તરે, શરીર સ્તરની સમાધિ એ આત્મ સ્તરની સમાધિનું કારણ બને, અને એના કારણે સંવેગરંગશાળા, મરણ વિભક્તિ, મહાપચ્ચખાણ, આરાધના પતાકા, વગેરે અંતિમ આરાધના ના જે પણ ગ્રંથો છે, એમાં ઊંડુ એટલે કે અનશની, એટલે કે અંતિમ આરાધના સાધક એમને કઈ રીતે શારીરિક શાતા પણ આપવી, એની બધી જ વિધિ બતાડી. એ વિધિ જોઈએ, એટલે ખ્યાલ આવે કે જિનશાસન કેટલું ઊંડું છે, કેટલું સુક્ષ્મ છે, કેટલી દીર્ઘદ્રષ્ટિ છે, કેટલી એમાં સમજણ છે, કેટલો વિવેક ભરેલો છે, અને કઈ રીતે એક આરાધક ને આરાધનાનો પાર

પમાડવો, એનો પુરુષાર્થ છે. કેવી સાધર્મિક ભક્તિ છે.
આપણા માટે સાધુ એટલે સાધર્મિક! અને શાસ્ત્રોમાં
કહ્યું છે, HIGHEST નિર્જરા જિનશાસનમાં કયા યોગમાં?
તો કહ્યું કે સ્વાધ્યાયમાં! સ્વાધ્યાય કરતા વધારે નિર્જરા
શેમાં? તો કહ્યું વૈયાવચ્ચમાં. અને વૈયાવચ્ચ કરતા-
વધારે નિર્જરા શેમાં, તો બતાડ્યું ઉત્તમાર્થ! ઉત્તમાર્થનો
અર્થ છે, જે અંતિમ આરાધના કરે, એમને સમાધિ-
આપવી, અથવા તો અંતિમ આરાધના સ્વયં, સમાધિ-
પૂર્વક કરવી, આ ઉત્તમાર્થની આરાધના!

પૂજ્ય ભુવનભાનુસૂરીશ્વરજી મહારાજ,
મુંબઈમાં મલાડ મુકામે બિરાજમાન હતા, અને સમાચાર
મળ્યા, કે અમુક મહાત્મા વયોવૃદ્ધ, એમની અંતિમ-
સ્થિતિ જેવું સર્જાયું છે, અને એ ક્યાં છે, તો એ
વાલકેશ્વર છે. મુંબઈ જેણે જોયું હશે એમને ખબર હશે,
કે વાલકેશ્વર ક્યાં ને મલાડ ક્યાં! લગભગ એક છેડાથી
બીજો છેડો થાય. બીજા છેડામાં થોડું બાકી રહે. પૂજ્યશ્રી
સવારે નીકળી ગયા, વિહાર ચાલુ છે... ચાલુ છે...ચાલુ
છે. ખાવાપીવાનું નામ નહિ, તડકો વગેરે જોવો નહિ,
શ્રમ જોવો નહિ, ઉંમર જોવી નથી, ચાલે ગયા.. ચાલે
ગયા... આઠ વાગ્યા, નવ, દસ, અગિયાર, બાર, એક,
બે.... બપોર પછી, ત્યાં પહોંચ્યા, અને હવે પહોંચ્યા-
એટલે પચ્ચખાણ પારો, ગોચરી લાવો, પાણી વાપરો, પછી
બધું કરીએ એવું કશું જ નહિ. જ્યાં એ મહાત્મા-
સંથારેલા હતા, ત્યાં પહોંચી ગયા, બેસી ગયા, અને
સંભળાવવા લાગ્યા. તમે મહાત્માને કહો કે સાહેબ,
પગલા કરવા પધારો, કોઈ પણ પ્રસંગ છે, મહાત્મા આવશે
કે નહિ આવે, પણ તમે જ એમ કહેશો કે મારા માતુશ્રી
બ્યાશી વર્ષના છે, ને DOCTOR એ LIMIT આપી
દીધી છે, કેટલી મિનિટો કાઢે એ પણ કહેવાય નહિ,
આજનો દિવસ પણ હોય શકે, બે દિવસ પણ હોય શકે,

કશું નક્કી નહી સાહેબ, આપ માંગલિક સંભળાવવા - પધારશો. મહાત્મા જે કામ કરતા હશે એ મુકીને ચાલવા માંડશે. ગુરૂતત્વ વિનિશ્ચય ની અંદર, મહોપાધ્યાય - યશોવિજયજી મહારાજે કહ્યું

उत्तिमट्टे विसेसेणं

વિશેષ નિર્દેશ શેમાં થાય તો ઉત્સર્ગમાં થાય | શાસ્ત્રીય મર્યાદા આ છે કે કોઈપણ મહાત્મા, એમને અંતિમ - આરાધના કરવી છે તો પોતાના ગચ્છમાં ના કરવી, બીજાના ગચ્છમાં જઈને કરવી. એક ગચ્છાધિપતિ છે, પચાસ એમના પોતાના શિષ્યો છે, બસો એમના - આજ્ઞાવર્તી છે, એ ગચ્છાધિપતિ ની હવે સ્થિતિ થઈ, ઉંમર થઈ, હવે ગણતરી નો સમય એમની પાસે છે, એમને લાગે છે, અંતિમ આરાધના કરવી છે, એમને ક્યારે પણ પોતાના ગચ્છમાં અંતિમ આરાધના ન કરાય. આને ઉત્સર્ગ વિધિ કહી છે. સ્વગચ્છની અંદર જેમને વહાલ આપ્યું, વાત્સલ્ય આપ્યું, જેમનું અનુશાસન કર્યું, જેમની સાથે વિશેષ લાગણી બંધાઈ, બાળ મુનિઓ હોય, યુવાન મુનિઓ હોય, વૃદ્ધ મુનિઓ હોય, કોઈકને કઠોર કહેવું પડ્યું હોય, કોઈને વઢવું પડ્યું હોય, આવું પણ બને. અને આ બધા ના કારણે અંતિમ સમયે, જે પરસ્પર ની લાગણી બંધાય, મહાત્માઓ ધ્રુસકે ને ધ્રુસકે રડવા લાગે, વૃદ્ધ મુનિઓ કાંઈક અજુગતું કરતા હોય, એ એઈને અંદરથી અકળામણ થાય, અને કદાચ અંતિમ સમય એમનો બગડે, આવું પણ બની શકે, માટે અંતિમ આરાધનાનો પહેલો STEP બતાવ્યો, પોતાનો ગચ્છ છોડીને બીજાના ગચ્છમાં જવું. જે સંવિગ્ન હોય, જે ગીતાર્થ હોય, જે સક્ષમ હોય આરાધનાને પાર પાડવા, એમની પાસે જવું. ત્યાં કોઈ આવી રીતના રાગ-દ્વેષના પ્રસંગો ના બન્યા હોય, ત્યાં આ રીતે જે મમત્વ ના સંબંધો, ધ્રુસકે

ધ્રુસકે રડવા મંડે આવું બધું ના થાય. પણ મધ્યસ્થ રહીને શાસ્ત્ર વિધિ મુજબ આરાધના કરાવી શકે, એવા મહાત્માઓ હોય. બીજા નંબરમાં એ મહાત્માઓ વિચારે કે, આમની પાસે તો બધું હતું, એ બધું છોડીને અમારા વિશ્વાસે અહીંયા આવ્યા, તો તેઓ હોંશે હોંશે સારામાં સારી સેવા પણ કરે, જે દ્રવ્ય સમાધિની જરૂર પડે એ પણ આપે.

ગણાણુસરણ।

નુતન ગચ્છાધિપતિ નિયુક્ત કરે, હિત શિક્ષા નુતન-ગચ્છાધિપતિ ને અને ગચ્છ ને આપી દે. હવેથી તમે બધા એમની આજ્ઞામાં રહેજો, તમારા જે બધા શરણાગત છે, તમે એમનું યોગ્ય રીતે યોગક્ષેમ કરજો. સંવેગરંગ-શાળા ગ્રંથની અંદર આ આખી ઘટના છે, અદ્ભુત ઘટના. ગુરુદેવે આખી ઘટનાને સરળ ગુજરાતીમાં, અનુશાસિત કરી છે. પુસ્તક નું નામ છે " ગુરુની શિખડી અમૃતની વેલડી" એ ભાગની અંદર નાનું નાનું પુસ્તક છે. તમારે ખરેખર ધર્મનું હાર્દ સમજવું હોય ને, ગુરુની શું કૃપા હોય છે, ગુરુની શું લાગણી હોય છે, ગુરુની આપણી પાસે શું અપેક્ષા હોય છે, આપણે કેવું સંયમ પાળીએ. ગુરુ જઈ રહ્યા છે, બીજા ગચ્છમાં વર્ષો સુધી યોગક્ષેમ કર્યું, અને હવે અંતિમ હિતશીક્ષા આપી રહ્યા છે. હવે કદીપણ ગુરુ એક શબ્દ બોલવાના તો નથી, ગુરુના દર્શન સુદ્ધા થવાના નથી, જે ગુરુ કહીને ગયા છે, કે બધું જેમાં છે એ આ પુસ્તક, " ગુરુની શિખડી, અમૃતની વેલડી".

ધમ્માપીડાએ દેહસમાહિમ્મિ જઇયવ્વં।

હરીભદ્રસૂરી મહારાજ કહે છે, જે દ્રવ્ય સમાધિ, ભાવ સમાધિ. નું કારણ છે, એ દ્રવ્ય સમાધિ આપવામાં, કરકસર કરવી, કંજુસાઈ કરવી, હાથ ટુંકો રાખવો, એ પણ એક પ્રકારની ભાવ સમાધિની અંતરાય કરવાની પ્રવૃત્તિ છે. અંતિમ આરાધનાના સંદર્ભમાં જ નહિ, ગચ્છની અંદર

વગર અંતિમ આરાધનાએ પણ જે મહાત્માનો એવો સ્વભાવ હોય, એવી પ્રકૃતિ હોય, એ મહાત્માને - અનુકૂળ ના રહેવું, તમારું આ ન ચાલે, તમારું આ ન ચાલે, નહી આ રીતની સહાય તમને નહી મળે, આવું વલણ રાખવું, આ પણ એક પ્રકારની નિષ્ઠુરતા છે.

સાધર્મિક છે, એને તકલીફ છે, એને સ્વભાવ-ની તકલીફ છે, એને પૈસાની તકલીફ છે, એને પરિવારની તકલીફ છે, એને પણ દ્રવ્ય સમાધિ કઈ રીતે મળે, કશું વિચારવું જ નહિ, તમારું આ ખોટું, તમારું પેલું ખોટું, તમારું આ ન ચાલે, તો એને ઈક કરવું છે, જે દ્રવ્ય સમાધિનો અંતરાય કરે છે, એ ભાવ સમાધિનો પણ અંતરાય કરે છે. કોઈનો સ્વભાવ હોવ હોય શકે, કોઈનામાં કંઈક ખામી હોય શકે, કોઈની કોઈ ટેવ ખોટી હોય શકે, કોઈની કોઈ પ્રવૃત્તિ ખોટી હોય શકે, એનો અર્થ એ નથી કે એના ઉપર તૂટી પડીએ, નિંદા કરીએ, હાય !! ઓઘ નિર્યુક્તિ ગ્રંથની અંદર શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે,

કામેણ જોજયંતો સાહૂ કામંતરાઇયં હણઇ

જે મહાત્માને ભાભથી મેડે છે, એક મહાત્માને એક વસ્તુની જરૂર હતી, તમારા આસને મહાત્મા આવ્યા, PENCIL ની જરૂર હતી RUBBER ની જરૂર હતી, કદાચ તમે એનો ઉપયોગ જ કરી રહ્યા હતા, મહાત્મા જરા ખંચવાયા એ માંગતા નથી, આપણે વિહ્વળ થઈએ, શું જરૂર છે, શું જોઈએ છે એ બોલો અને PENCIL જોઈતી હતી પણ તમે વાપરો છો, કંઈ નહી પછી વાત, ના.. ના આ લઈ જાવ, એમ કેમ ચાલે, એવું કોઈ URGENT કામ નથી, આપ લઈ જાવ, હું પછી કામ કરી લઈશ. મહાત્મા આપણી

પાસે PENCIL માંગવા આવ્યા, આપણી પાસે હતી નહિ, નથી, આવું આપણે બોલી જ ના શકીએ, તો આપણે સાચા સાધક! એવા મહાત્મા હોય છે, આવું થાય ને, એ નથી એમ "ના" કહે, એક જ મિનિટ, પોતે ફરી વળે, PENCIL શોધી ને એ મહાત્માને આપે, પછી એમને શાંતિ થાય. મહાત્માને મારું કામ છે, મહાત્મા મારી પાસે આવ્યા ને મહાત્માને ન આપી શકું તો, કેમ ચાલે!

अभेता जोजयंतो साहू आभंतरइयं हवइ।

મહાત્મા માંદા છે, અમુક વસ્તુનો ખપ છે, ક્યા ઘરે હોય - કશું કહેવાય નહિ. મહાત્મા એ આપણને વાત કરીને - આપણે કહીએ ક્યાં મળ આમાં, બીજુ વસ્તુ હોત તો હું લાવી દેત, આ તો ક્યાં હોય, શું હોય! હું ક્યાં ગોતવા જાઉં! વાત બધી જ પતી ગય. જેને સીધો એવો જ ATTITUDE હોય મળશે જ ને, એમાં ન મળવા જેવું શું છે, મળી જ જશે. ને શાસ્ત્રમાં કહ્યું કે જ્યાં આવા BASE સાથે કામ કરવામાં આવે ત્યાં કામ થઈ જ જાય છે મળી જ જશે, આ પણ એક મંગલ હોય છે. ક્યાં મળશે આ અપમંગળ હોય છે. અપમંગળ થી અપમંગળ જ સર્જાય છે. મંગળ થી મંગળ સર્જાય છે.

સાધુપણા ને તરબતર કરી દેવું હોય, તાજુ-માજુ કરી દેવું હોય, જીવન માંથી "ના" શબ્દ કાઢી નાખો. આપણે માંદા હોઈએ, આપણે ચરતા હોઈએ, આપણી એવી કોઈ સ્થિતિ જ ના હોય પણ મન તાજુમાજુ હોય, કે મળી જ જશે મહાત્મા માટે, એમાં શું થઈ ગયું. બધું જ થઈ જશે, સો ટકા થઈ જશે. જિંદાદિલી, ઉદ્યતપણું, અપ્રમત્ત પણું, વાત્સલ્ય ભાવ, ચિત્ત સમાધિ, ટેકો, SUPPORT, હું છું ને કેમ ચિંતા કરો છો!!

ટુંકું હૃદય, ટુંકો હાથ, છીછરા વિચારો, મલીન અધ્યવસાય, સ્વાર્થીપણું, ક્ષુદ્રતા, તુચ્છતા, આ એવા હોય છે,

જે બીજા ઘણા બધા ગુણોને સ્વાહા કરી દે છે. પૂજ્ય રત્નસુંદરસૂરીજી મહારાજ, એક જગ્યાએ ચોમાસું હતા, એક યુવાન અવારનવાર મળવા આવે, અને સાહેબને એમની સ્થિતિ ખબર નૈ, સામેથી પુછ્યું કે એક જાતનું સુકૃત કરવું છે, સાધર્મિક ભક્તિમાં, તારી ઈચ્છા હોય તો વાત કરું, તને અમુક સારી રકમ તેઓ આપે, એ યુવાને કહ્યું કે સાહેબ, બહુ હું કાંઈ કમતો નથી, મહીને નવસો રૂપિયા હું કમાવ છું. આમ દુનિયાની દ્રષ્ટિએ હું ગરીબ હોઈશ, પણ મને કોઈ તકલીફ નથી, મેં નક્કી કર્યું છે કે સવારે રોજ દુધનો ત્યાગ, બપોરે રોજ શાકનો ત્યાગ, સાંજે કોઈ બીજુ એકાદ વસ્તુ નો ત્યાગ, અને આ રીતે હું જીવું છું, વધારે કોઈ અપેક્ષા નથી, વધારે કોઈ જરૂરિયાતો નથી, ઘરમાં હું ને મમ્મી બે જણ છીએ, અમારું સરસ બધું થઈ જાય છે. ને આ રીતે મારે કરવાથી ત્રણસો રૂપિયા બચે છે, અને સાહેબ આપના ધ્યાનમાં કોઈ હોય ને, તો મારે એને ત્રણસો રૂપિયા આપવા છે. પચીસ હજાર કમતો હોય, પચાસ હજાર કમાતો હોય, લાખ, બે લાખ કમાતો હોય, ને હાથ ટુંકો હોય. હાય હાય મોંઘવારી બહુ છે, હવે પહોંચાતુ નથી, હવે ખર્ચા ઘણા છે, હવે આમાં ક્યાં આપણે સાધર્મિક ભક્તિ કરીએ, આ પણ વિચારી શકાય છે. અને આ નવસો રૂપિયાની માસિક આવક વાળો યુવાન, એને ત્રીજો ભાગ વધે છે ને મારે કોઈની સાધર્મિક ભક્તિ કરવી છે આવું પણ વિચારી શકાય છે.

જેના વિચાર મરેલા છે, જેનો હાથ ને મન ટુંકું છે, એનો મોક્ષ હજુ બહુ દુર છે. મારી પાસે સમય નથી, મારી પાસે પૈસો નથી, મારી પાસે અનુકુળતા નથી, મારી પાસે મારી જ તકલીફો છે, આવી વ્યક્તિ કદી તકલીફો માંથી બહાર આવતી જ

નથી, જે પોતાના જ દુઃખોમાં મસ્ત હોય છે, મગ્ન-હોય છે, એનો જ બોજો વેઠવાનો હોય, બોજો છે કે નથી એ મહત્વનો પ્રશ્ન નથી, તમારું મન-POSITIVE છે કે નહિ, તમારું મન ધર્મમાં ઉત્સાહ તરવરાટ, ભાવે છે કે નહિ, તમે લાગ શોધો છો કે નહિ, કે હું બીજાને ક્યારે કામ લાગું. એક વ્યક્તિ છે જેના ખિસ્સા ખાલી છે, ને જેને ઘણું બધું આપ-વાની ઈચ્છા છે. એક વ્યક્તિ છે, જેના મનમાં એ જ ચાલ્યા કરે છે કે મારા ખીસ્સા ખાલી છે, હું કશું આપી શકું એમ છું જ નહિ! એક વ્યક્તિ એવી છે જેના ખીસ્સા ભરેલા છે પણ હજુ એને જ ઓછું લાગે છે, હજુ એને જ ઘણું જોઈએ છે. એક વ્યક્તિ એવી છે, જેના ખીસ્સા તો ભરેલા છે, અને છતાં એને બીજા પાસે ભીખ માંગવી છે.

જેમ શરીરે જે પોતાનાથી થાય એવું કામ જેને બીજાને આપ્યું છે, એ ઘોર વીર્યાંતરાય કર્મ બાંધે છે.

अणिगूहियबलवीरिएणं साहुणा भाव होयव्वं।

બિલકુલ વીર્યને ગોપવ્યા વિના સાધુએ રહેવું જોઈએ. મારાથી જે થાય છે, એ મેં બીજા પાસે કરાવ્યું, બીજા ભવમાં મને હાથ નહી મળે, યા હાથનો PARALYSIS (લકવો) મળશે, મળ્યા હશે હાથ ACCIDENT માં કપાઈ જશે, મળ્યા હશે હાથ, એમાં કંઈક એવું થઈ જશે, હાથ મારા કામના જ નહી રહે. કઈ રીતે લુલો રીબાય છે, કઈ રીતે લકવાગ્રસ્ત થાય છે, કઈ રીતે ભયંકર અકસ્માતની અંદર બંને પગ જતા રહે છે. કઈ રીતે ACCIDENT થઈ જાય છે, આમાં કોઈ જ ગણિત કામ લાગતા નથી, તમે આમ કરો તો ના થાય, તમે આમ કરો તો ના થાય, તમે SAFE DRIVE કરતા હો, સામી વ્યક્તિ તમને ઠોકી દે તમે કરો શું!

આ ભવમાં મળેલી સંપત્તિ, આ ભવમાં મળેલું શરીર, આ ભવમાં મળેલો સમય, આ ભવમાં

મળેલ ધર્મ ની અનુકૂળતાઓ, અને જેઓ સફળ કરતા નથી, તેમની બીજા ભવમાં એ અનુકૂળતાઓ જ મળતી નથી. એક બાજુ આપણી વૈયાવચ્ચનો CONCEPT છે, એક મહાત્મા માંદા છે તે પડાપડી કરી દેવી, એવું છેદ સૂત્રો ની અંદર કહ્યું

जह भमर महुयरीगणा णिवडंति कुसुमियम्मि वणसंडे ।

ખીલેલું ઉદ્યાન હોય ને એની અંદર જેમ ભમરાઓ પડાપડી કરીને તૂટી પડે,

इय होइ णिवडियव्वं गेलन्ने कइयवजढेणं ।

બરાબર એ જ રીતે એક મહાત્મા માંદા હોય, બધા-મહાત્માઓ પડાપડી કરીને એમની સેવા કરે. એક બાજુ આપણી વૈયાવચ્ચની વાત કરી, અને બીજુ બાજુ જે ઢોંગી છે, જે માયાવી છે, આળસુ છે, પ્રમાદી છે, એ વ્યક્તિ ખોટી રીતે થોડી પણ બીજાની ભક્તિ લે અને તીવ્ર કર્મબંધ પણ થાય છે. નિશીથ સૂત્રમાં ત્યાં સુધી કહ્યું કે, મહાત્મા છે, પૂર્વ કાળમાં આ રીતે પાત્રો લાવવાના ન હતા, શ્રાવકો લઈ આવ્યા વહોરી લીધા. ના ચાલે ! જે રીતે ગોચરી વહોરાય ના વહોરાય, એ રીતે બીજું પણ ના વહોરાય. પૂર્વકાળની મર્યાદા હતી, ઉપકરણો દુર્લભ થયા, દોષિત થયા, અને આ દોષો થયા, આચારાંગ સૂત્રની અંદર, પીંડેશણા બતાવી, પાત્રેશણા બતાવી, અને આ પાત્રેશણા ની અંદર, જેમ ભિક્ષાટન કરવાનું હોય એ રીતે ફરીને, યોગ્ય પાત્ર એની ગવેશણા કરીને, લાવવાનું બતાવ્યું. એક મહાત્માનું પાત્ર તુટ્યું છે, બીજા મહાત્મા છે, એમણે જોયું કે આમને જરૂર છે. એ મહાત્મા સમર્થ છે, અને છતા મર્યાદા-ઓળંગી ને એ મહાત્મા એમની માટે પાત્ર લઈ આવે, તો એમને પણ પ્રાયશ્ચિત આવે. ~~એમાં~~ ત્યાં શબ્દો વાપર્યા, મર્યાદાઓ ! કઈ વસ્તુ ની શું મર્યાદા છે,

જે આ મર્યાદાનું હાર્દ આટલું જ છે,

पुरिसं तस्सुवयारं अवयारं च अप्पणो णाऊणं।

સાધર્મિક છે એને કામ ન આપવામાં આવે, નોકરી ન-આપવામાં આવે, ધંધો ન આપવામાં આવે, એને માત્ર ને માત્ર કવર આપ્યા, કિટો આપી, કવર આપ્યા, કિટો આપી, એ કટાઈ જશે માણસ, એ સડી જશે, એનું સ્વમાન જતું રહેશે, એનું તેજ જતું રહેશે. એ શું કામ કરવું એ વિચારશે જ નહિ, એ ૨૫ જગ્યાએ હાથ લંબાવવા, લાઈનમાં ઉભા રહેવા, એની જ શોધ કરશે. એ એનો આત્મા ગુમાવી દે. ખમીર ગુમાવી દે, એનું સત્વ ગુમાવી દે. આગમમાં સ્પષ્ટ કર્યું, જરૂર છે ત્યાં સેવા, જરૂર નથી ત્યાં હિતશિક્ષા.

કોઈ દંભથી દાન થાય, અને અનાદિકાળના દોષો! અને દંભથી જીવોની સેવા લે, ત્યાં જે અધિકારીતા જે નિસ્પૃહતા હોય, એને સમજાવે, કે ભાઈ આપણે તો સાધુની સેવા કરાય. જે સાધર્મિક કામ કરી શકે એમ છે, એને માંગવા... માંગવા.. માંગવા.. માંગવા... એને કાઢી મુકવો એ પણ ઉચિત નથી, એનું એ માગે, મેં તો એને આપી દીધું... મારો તો ધર્મ થઈ ગયો. આ પણ ઉચિત નથી. એના પ્રત્યેની લાગણી, એના પ્રત્યેની આત્મીયતા, એના પ્રત્યે મૈત્રી, એના પ્રત્યે મધુર વ્યવહાર, એને પ્રેમથી સમજાવો કે ભાઈ આ વર્તનનું પરિણામ શું આવશે !!

★ તારા પરિવારનું શું ?
★ તારા સ્વમાનનું શું ?
★ તારા ધર્મનું શું ?

જે ખરેખર પાત્ર છે, યોગ્ય છે, ૮૫ વર્ષની ઉંમર છે, પથારીવશ છે, સગા-પરિવાર કોઈ જ નથી, બિલકુલ કામ કર્યા વગર જે મદદ લેવાને પાત્ર છે, એ તારા કારણે વંચિત રહેશે! જે આપનાર છે એનો ભાવ પડી જશે કે આવા ને મારે આપ્યા કરવાનું! એનો ભાવ પડશે, બીજા

ઉંમર સાધર્મિક વંચિત બનશે, તારા દિકરામાં શું સંસ્કાર આવશે, તારે તારા દીકરાને ભિખારી બનાવવો છે ! આ આપણો ધર્મ નથી, છતી શક્તિ એ કામ નથી કરવું, મફતનું લેવું છે તો એ પાપ છે. એ તારે અનેકગણું કરીને ચૂકવવું પડશે. પાડા બનવું પડશે, બળદ બનવું પડશે, ખચ્ચર બનવું પડશે, ઉંટ બનવું પડશે, બધો માલ તારે વહન કરવો પડશે, ગાડાઓ ખેંચી જવા પડશે. દુર્ગતિમાં પરિભ્રમણ થશે. ચાલને હું તને સરસ રીતે શીખવાડું, ગોઠવી આપું. તમે આપતા થઈ જશો, બહુ આનંદ છે .... તમે આમ રૂપ કલ્યાણ કરતા હો, એમાં શું આનંદ ! પ્રેમથી એમને સમજાવી, સમજાવીને, કામે લગાડીએ.

જ્યાં કોઈ જ નથી, જ્યાં કામ કરવાની સ્થિતિ જ નથી, રોગ છે, ઉંમર છે, પરવશતા છે, ત્યાં કોઈ પણ મતના કામ વગર, રીટર્ન વગર, LOAN વગર, સીધી સેવા કરવી, આનું નામ ભક્તિ. જ્યાં અડધી પડધી જરૂર છે, અડધું પડધું થઈ શકે એમ છે, ત્યાં એટલી મદદ કરવી, એ ભક્તિ !! જ્યાં બધું થઈ શકે છે, ત્યાં એવી GUIDELINE આપી દેવી. એ પોતાની રીતે કામે લાગી જાય, સધ્ધર થઈ જાય, આનું નામ ભક્તિ.

સભાનો પ્રશ્ન :- બાળનું પડિલેહણ કરવું કે ન કરવું ?

પૂજ્યશ્રી નો ઉત્તર :- પડિલેહણ, પડિલેહાવશોજી, આ આદેશ શા માટે મુક્યો ?

રત્નાધિક નો વિનય, રત્નાધિકનું OBJECTIVE જ્યાં નથી, ત્યાં ધર્મનો પાયો જ નથી. જુદી જુદી પરિસ્થિતિ, જુદી જુદી વ્યક્તિ, જુદા જુદા ભક્તિના પ્રકાર, એક પરિસ્થિતિ હોય તો એ કાયદો હોય.

પરિસ્થિતિ એક નથી, વ્યક્તિ એક નથી માટે ~~[illegible]~~ કાયદો પણ એક નથી. હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

ધમ્માપીડાઈ

સમાધિ એ રીતે આપો, સેવા એ રીતે કરો, કે ધર્મને બાધા ન આવે. એક સાધુની મને ભક્તિ કરવાનું મન થયું, TOTALLY એમનું પડિલેહણ. એમનું સામર્થ્ય હોવા છતાં, રોજ હું કરી લઉં છું. એમનો બધો જ કાપ હું કાઢી દઉં છું, એમની બદલે હું ગોચરી જઈ આવું છું, મને એમના પ્રત્યે બહુ જ આદર છે, ને માટે હું એમની ભક્તિ કરી દઉં છું. મહિનો ... બે મહિના .. ત્રણ મહિના બારમું થયા પછી, હવે મહાત્માની સ્થિતિ એવી થઈ ગઈ કે, હવે એક પણ કપડું પડિલેહણ કરવા જતાં, એમની ટેવ છુટી ગઈ. એ એ રીતે ટેવાઈ ગયા કે મારું કપડું પડિલેહણ થઈ જ ગયું હોય, એ રીતે ટેવાઈ ગયા કે હવે ગોચરી જવું તો હવે મને ફાવે જ નહિ. તો મેં એમની ભક્તિ કરી કે, શું કર્યું ?

શ્રાવક માટે તથાવીધ જૈન, સાધુ માટે સરવર્તી સાધુ, કઈ રીતે ભક્તિ કરવી ?, કઈ રીતે સેવા કરવી. એના સંદર્ભમાં ઉપદેશ પદની અંદર, હરી-ભદ્રસૂરી મહારાજ કહે છે,

પુરિસં તસ્સુવયારં અવયારં ચ અપ્પણો ણાઊણં ।

પુરૂષ ને તમે સમજો, એનો ઉપચાર સમજો, અપકાર સમજો, એમના પર ~~[illegible]~~ ઉપકાર શું થયો એ સમજો, અપકાર શું થયો એ સમજો, તમારા ઉપર શું ઉપકાર થયો એ સમજો, તમારા ઉપર શું અપકાર થયો એ સમજો. તમે ~~[illegible]~~ વિધિપૂર્વક નું નથી કર્યું, ઔચીત્યપૂર્વક નું નથી કર્યું, તો એમનું પણ હિત નથી, અને તમારું પણ હિત નથી. ધારોકે એ જરૂરર સીદાતા હતા, અને તમારે જરૂરર મદદ કરવા જેવી હતી, પણ તમે એટલી મદદ કરીકે તમારું ઘર સીદાવા લાગ્યું, તો પોતાના ઉપર અપકાર થયો,

ઘરમાં બધા, ધર્મ પ્રત્યે અભાવ વાળા થવા લાગ્યા,
આ બધું શું માંડ્યું છે, ઘરના છોકરા ઘેટી ચાટે !!
એવી પણ સેવા ના કરાય. ચાર સાધુ માંદા છે ને તમે
એવી રીતે સેવામાં લાગી ગયા કે સાંજે તમે માંદા
પડી ગયા, આવું પણ ન ચાલે.

पुरिसं तस्सुवयारं अवयारं च अप्पणो णाऊणं ।

મહાત્મા ને આળસ આવી ગઈ, હંબે આવી ગયો, હંબે
પોષાયો, ટેવ છુટી ગઈ, ભાવ જ ના રહ્યો કરવાનો,
આટલી બધી સેવા આપણે વિના કારણે કરી દીધી !
૮૫ વર્ષના સાધુ છે કોઈ એનાર કરનાર નથી, બિલ-
કુલ બાવક નથી, એનું બધું તમે પુરું કરી દો તો
એમને હંબે નથી આવવાનો, એમને આળસ નથી
આવવાની, એમની આંખમાં આંસુ આવશે, કે બેટા તું
મારો બરાબર સાચો દીકરો થઈ ગયો. મહાત્મા -
બરાબર પધારી વશ છે, કશું થાય એમ નથી, તમે
બધું પડિલેહણ કરી દીધું એ ભક્તિ ! એ સીવાય
એમને કોઈક દિવસ IMMERGENCY થઈ ગઈ છે,
ક્યાંક જવાનું છે, મોડું થઈ ગયું, પડિલેહણ બાકી છે,
એ સમયે બધું કરી દો, એ ભક્તિ ! એવું કોઈ જ
કારણ નથી આપણા રત્નાધિક છે, પડિલેહણ પડિલેહા-
વીનુ કરીને, એમનું એક વસ્ત્ર કરી લઈએ.

पुरिसं तस्सुवयारं अवयारं च अप्पणो णाऊणं ।

વ્યક્તિ ને જુઓ, એના પર શું ઉપકાર થશે એ જુઓ
એમનું કંઈ આ સેવાથી બગડશે તો નહિ ને, એ જુઓ.
હું મારો ધર્મ બરાબર સાચવું છું ને, એ જુઓ. મારું
પોતાનું, આત્માનું, આમાંથી સિહાય એવું તો નથી
થતું ને, એ જુઓ.

कुज्जा वेयावच्चं ।

હરીભદ્રસૂરી મહારાજ, ઉપદેશ પદ ગ્રંથમાં કહે છે,
આટલી આટલી વસ્તુ જોઈ, પછી તમે નિર્ણય કરો.


classmate

DATE 01 09 2020

ધર્મ આડેધડ થઈ શકે તેમ નથી. ધર્મ આપણી મનમાની-
થી પણ થઈ શકે એમ નથી. ધર્મ વિવેક સાથે થાય છે.
ઉપમિતિ ભવ પ્રપંચ કથા ગ્રંથની અંદર સિદ્ધર્ષિગણિ-
મહારાજ કહે છે, એક વિવેક નામનો પર્વત છે. એ
પર્વતમાં તમે ચડો પહોંચો ને, ત્યાં જિનશાસન નગર
છે, ત્યાં જૈન ટુંક છે. જ્યાં સુધી આપણને વિવેક નથી
મળ્યો ને, ત્યાં સુધી જૈનત્વ તો નથી મળ્યું, જૈનત્વ નો
રસ્તો પણ નથી મળ્યો. વિવેક આવે છે, વિવેક આવે છે,
એના પછી આપણને જૈનત્વ મળવાની સંભાવના ઊભી
થાય છે ને, વિવેક ના રસ્તે તમે આગળ વધો, હજુ
ઉપરના LEVEL એ, હજુ ઉપરના LEVEL એ, હજુ ઉપર-
ના LEVEL એ, તમે વિવેક પર્વત ની ચડે આવો ભવ
ત્યારે જૈનત્વ મળે. અને એ જૈનત્વ સાથે વિવેક પર્વત
ઉપર હજુ આગળ વધે ભવ... વધે ભવ... વધે ભવ...
અને ટોચે પહોંચો ત્યાં મોક્ષ મળે છે!

બહુ મનોમંથન કરો, મળેલી આ સામગ્રી,
મળેલો આ અવસર, મળેલું આ સંયમ, મળેલું આ
જિનશાસન, વિવેક પૂર્વક જાની એ પરિણતિ પામશું તો
સફળતા મળશે, નહી તો બધું મળવા છતાં, યા તો
વિરાધક બનશું, યા તો ગમે તેવી આરાધના કરીને મેળવીએ
એવું ફળ મેળવી નહી શકીએ. આજે સમય થયો છે,
આજે આટલું રાખીએ.

x x x x

प्रवचन - १४ अंतिम आराधना DATE 02 09 2020

પૂજ્ય હરીભદ્ર સૂરી મહારાજ, પંચવસ્તુક ગ્રંથની અંદર, અંતિમ આરાધના, એના સંદર્ભમાં, દ્રવ્ય સમાધિ અને ભાવ સમાધિ એની વાત કરતા, સોળસો પંચોતેર મી ગાથામાં કહે છે

इहरा छेवट्ठम्मि संघयणे थिरंईए रहियस्स ।

જો દ્રવ્ય સમાધિની ધરાહાર ઉપેક્ષા કરવામાં આવે જો દ્રવ્ય સમાધિને બાજુ ઉપર મુકીને ભાવ સમાધિની જ ચિંતા કરવામાં આવે, તો ભાવ સમાધી પણ કઈ રીતે ટકશે ?

देहस्स(समाहीए कत्तो सुहझाणभावो त्ति ? ॥

અપક જનશની આત્મા એને પંદર.. વીસ.. પચ્ચીસ.. ત્રીસ.. પાંત્રીસમો ઉપવાસ હોય એ તો પછી ની વાત છે, માટે એમની સેવા કરવાની એ પણ પછીની વાત છે. પહેલા નંબરમાં એમનું સંઘયણ જ છઠ્ઠું છે. વિશિષ્ટ ધૃતિ નથી, વિશિષ્ટ બળ નથી, અને એવી સ્થિતિ ની અંદર, શરીરમાં પીડા હોય,

इहरा छेवट्ठम्मि संघयणे

અપક એને કેવી રીતે શાતા આપવી, એનું વિસ્તૃત વર્ણન આગમોમાં કર્યું છે. અપક, કોની પાસે અનશન લઈ શકે, એ ઉત્કૃષ્ટ થી ઉત્સર્ગથી બતાડ્યું કે અડતાલીસ નિર્યામકો હોવા જોઈએ. અડતાલીસ નિર્યામકો, ચાર જણ પડખું ફેરવનાર, ચાર જણ આ સેવા કરનાર, ચાર જણ આ સેવા કરનાર, ચાર જણ આ સેવા કરનાર, એવા અડતાલીસ નિર્યામકો - બતાડ્યા. જો અડતાલીસ હોય તો પછી એમનું એ બધું જ કૃત્ય, એ ઉત્સર્ગ દ્રષ્ટિ એ બધું જ થઈ શકે. કાળ દોષ છે, ગચ્છમાં જ એટલી સંખ્યા નથી, એટલા સાધુઓ જ નથી. અડતાલીસ નહીં તો છેતાલીસ, પીસ્તાલીસ, ચુમ્માલીસ એમ કરતા, છેવટે ચાર, છેવટે બે, પણ હોવા જોઈએ. જ્યાં અડતાલીસ

નિર્યામકોની કાળજી બતાડે છે, ત્યારે ઊપક ને ઉની -
ઝાંપ ન આવે, કોઈ મનની ખોટ ના પડે, એનું બધી
જ મનનું ઘ્યાન, શાસ્ત્રકાર ભગવંતો રાખે છે. એટલું
બધું PERFECT જિનશાસન છે, એમ કરી દીધું કે
અનશન કરી લેવું, ને બધું તમારી રીતે કરી લેવું -
પછી આ થઈ ગયું ને તે થઈ ગયું ને, અસમાધિ -
થઈ ગઈને, અસમાધિ મરણ સુદ્ધા થઈ ગયું, દુર્ગતિમાં
એ જીવ જતો રહ્યો, તો અમે શું માણીએ એવું
જૈન શાસ્ત્રો કહેતા નથી. કેટલા આચારો બતાડયા -
એ બધા જ આચારો ને પાળવાના, સંપૂર્ણ માર્ગો પણ
એ જ શાસ્ત્રો એ બતાડયા છે.

દીક્ષા લઈ લીધી, પાંચ મહાવ્રતો -
લઈ લીધા, પાણી લેવા, એમ નહિ લાખો શ્રુત પ્રમાણ
સાહિત્ય, કઈ રીતે મહાવ્રતો નું પાલન થઈ શકે,
કઈ રીતે મુલ ગુણો, ઉત્તર ગુણો, વ્યવહાર, ચર્યા,
આહાર, પરસ્પર નો વ્યવહાર, કઈ રીતે સ્વાધ્યાય,
કઈ રીતે ઉપશમ પદાર્થ, બધી જ બાબતમાં ઝીણી -
બાબતો જૈન શાસ્ત્રો એ બતાડી.

દેહસ્સ (સમાહીએ કત્તો સુહઝાણભાવો ત્તિ ।

ઠાણાંગ સુત્રની અંદર એક વચન, જ્યારે કોઈ મારી
નાખે છે, ત્યારે કયું - કયું કર્મ બાંધે છે. એની વાત
કરતા - કરતા કહ્યું કે, એનું આયુષ્ય હતું તો એ શાતા
એ ભોગવત, એનું આયુષ્ય હોત તો એ સુખ પણ
ભોગવત, એનું આયુષ્ય હોત તો બીજા - બીજા પણ
કલ્યાણો એના થાત. એ બધાથી એને ચુકાવે છે,
કોણ, જે એની હિંસા કરે છે. માટે હિંસા કરનાર
એ આટલા આટલા પ્રકારના કર્મો બાંધે છે. સાધકને
શાતા આપવી, એ માત્ર શાતા વેદનીય કર્મનો બંધ નથી
કરાવતો, કોઈને અશાતા આપવી, એ માત્ર અશાતા
વેદનીય કર્મનો બંધ નથી કરાવતો. એના વચન આપે,

એની શાતા સાથે, જેટલું - જેટલું જોડાયેલું છે, એ દરેક શુભ તત્વ, આપણને વોચિત કરે એવું પણ કર્મ બંધાય છે.

એક મહાત્મા રોજ બે હજાર શ્લોક પ્રમાણ વાંચન કરતા હતા, આજે સવારે તમે એમની સાથે ઘસાતો વર્તાવ કર્યો, એના કારણે મહાત્મા અપ્રસન્ન થયા, મહાત્માને એટલી સમાધિ ના રહી, ને એના કારણે એમનો આજનો સ્વાધ્યાય બે હજાર માંથી બસોમાં આવી ગયો, બસોમાં પણ બરાબર સ્વૈચ્છતા ના સચવાઈ. હું તમને પુછુ કે એ દોષ કોના માથે ?

સાધુ એટલે દુનિયાના સર્વોત્કૃષ્ટ વ્યક્તિ, સાધુ એટલે VIP, સાધુ એટલે, રોજના દરેક કલાકે-કરોડો DOLLAR (ડોલર) કમાઈ જતા હોય, એવા દુનિયાના મોટા ઉદ્યોગપતિ હોય, એના કરતા પણ ચડી જાય. કેટલાક વકિલો હોય છે, એટલા મોટા વકિલો હોય, એમની APPOINTMENT ના જ પહેલા એટલા રૂપિયા ભરી દેવાના હોય, પછી એ મળે. એ તમારું શું ઉકાળશે, શું કરશે એ બધી તો બહુ દુરની વાત છે, એને મળવા માટે પહેલા તગડી રકમ આપી દેવાની.

છગન એક વકિલ પાસે ગયો, પહેલા ત્રીસ હજાર રૂપિયા ભરી દેવાના હતા, કાયદો હતો ત્રણ જ પ્રશ્ન તમે પુછી શકો. ત્રીસ હજાર રૂપિયા ભર્યા ને અંદર ગયો છગન વકીલ પાસે, બેઠો ને અંદરથી છગન એટલો ધુંઆપુંઆ થયો હતો, છગને કહ્યું કે આ ત્રીસ હજાર રૂપિયા FEES ના વધારે ના કહેવાય ? વકીલે કહ્યું વધારે કહેવાય, છગન કહે ઓછી ના કરવી જોઈએ ? વકીલ કહે ઓછી કરવી જોઈએ. ત્રીજો પ્રશ્ન કરો !

જે લૌકિક પણ શું ભેલું કરવાના એ પ્રશ્ન છે,

જેમના સમયની જો આટલી બધી કિંમત હોય ! જેમની આરાધના આપણી આરાધનાને જરા અર્થમાં આરાધના બનાવે. જેમની આરાધના સર્વોત્કૃષ્ટ ફળ આપે. જેમની અણ અણ સમગ્ર વિશ્વમાં બધા કરતા વધુ મુલ્યવાન છે, એવા મહાત્માની અપ્રસન્નતામાં આપણે નિમિત્ત બનીએ એનો અર્થ એ નથી કે આપણને વ્યક્તિનું મુલ્ય નથી, એનો અર્થ એ છે કે આપણને સંયમનું, સંયમ જીવનનું, સંયમ યોગોનું, સ્વાધ્યાય વગેરેનું પણ મુલ્ય નથી !!

એક વ્યક્તિ સાથે તડાતડી કરી શકાય છે, ધસાતો વ્યવહાર કરી શકાય છે, ગમે તેવા વચન બોલી શકાય છે. એક વ્યક્તિને મધુર અને કોમળ ભાષામાં સંબોધિત કરી શકાય છે, એના મનને પ્રસન્ન કરી શકાય છે. આપણા વ્યવહારોનો આધાર એ હોય છે કે એમણે આવું કર્યું, માટે મેં આવું કર્યું. હું તમને બહુ પ્રેમથી કહું છું, આ બધી વાત મગજમાંથી કાઢી નાખો, આ બધુ ભુસુ છે. એક વાત મનમાં FIT કરો, હું આવો હતો માટે મેં આવું કર્યું. આપણા વર્તનના જવાબદાર કદી બીજાને બનાવવા જ નહિ. આપણા વર્તનના જવાબદાર આપણા સિવાય કોઈ નથી !!

મોર ને ગમે તેટલો હેરાન કરવામાં આવે, મોર કદી કાં... કાં કરવાનો નથી. મોર જે છે એ જ કરવાનો છે.

સભાનો પ્રશ્ન :- સાહેબ, આશ્રિતોને સુધારવા માટે જે કરવું પડે તે આપ ?

પૂજ્યશ્રીનો ઉત્તર :- જ્યાં ગુરુ પદ છે, અધિકારી પદ છે, જવાબદારી છે, ત્યાં જે રીતે સામી વ્યક્તિ સારી થાય, ત્યાં સુધી નીચે ઉતરવામાં વાંધો નથી, શાસ્ત્રો છુટ પણ આપે છે. જુદા-જુદા જીવો, જુદો જુદો સ્વભાવ, એ બધું જોઈને, એના

સ્વભાવ મુજબ એ કઈ રીતે આગળ વધે, એવી કરૂણા બુદ્ધિ થી, અંતરમાં જુદા જ લાગણી રાખવા-સાથે, બહારથી ગુસ્સો કરવો પડે કે મારવું પડે, ત્યાં સુધી ની શાસ્ત્રોની છૂટ છે. ખરો સવાલ એ પણ કેવો છે એ હોતો નથી, ખરો સવાલ આપણે આપણો સ્વભાવ છોડી ને EGO છોડીને, અહમ છોડીને, હિત બુદ્ધિ થી એમની યોગ્યતા મુજબ-એમનું અનુશાસન કરીએ છીએ કે નહિ એ છે ને એનાથી મોટો સવાલ એ છે કે આપણા માથે એની જવાબદારી છે કે નહિ ?

**સભાનો પ્રશ્ન :-** ગુરુ શિષ્યસ્વભાવાદિ જોઈને અનુશાસન કરે તો ગુરુકુળવાસનો ફાયદો શું?

**પૂજ્યશ્રીનો ઉત્તર :-** જ્યારે આપણા પ્રત્યે કોઈ અનુશાસન કરે, ત્યારે આ વાક્ય યાદ રાખવાનું. અને હજુ આપણે અધિકારી નથી, હજુ આપણને વિધિ ખબર નથી. હજુ-આપણે અનુશાસનના BASE રૂપ મૈત્રીભાવ-લાગણી, આત્મીયતા, સ્નેહ, આ બધું કોઈ કર્યું નથી, ત્યારે આપણા માટે એવું ના વિચારવું કે હું કોઈનું અનુશાસન કરું ! જવાબદારી હોય, લીધી હોય, લાગણી હોય, હિતબુદ્ધિ હોય, અને વિધિ-પૂર્વક કહેવાય, તે વસ્તુ જુદી છે. જ્યાં જેને જેમ સૂઝ્યું એમ કહી દે, એની કશી ખબર નથી, એ એની રીતે પૂજા કરે છે, એ જણ એની રીતે અનુ-શાસન કર્યું, એ જણ એની રીતે કર્યું, એ જણ એની રીતે કર્યું, હવે કાલથી પેલો નહિ આવે ! એ દોષ કોના માથે ? પ્રતિક્રમણ કરવા આવ્યા, એક જણે આદેશ માંગ્યો, સૂત્ર કાચું છે, ભૂલોની ભરમાર છે, આપણી કાઢવાની રીત એવી છે કે

પેલા ને એવું લાગે છે કે હું અહીંયા પ્રતિક્રમણ કરવા આવ્યો એ જ ગુનો થઈ ગયો. કેવી રીતે થાલે !! દિલ્હી પાસે બહુ મોટી જેલ, એ જેલમાં વર્ષો સુધી, કામ કરનાર ઉપરી અધિકારી, આપણા મહાત્માને મળ્યા, અને એમનો અનુભવ એમણે બતાવ્યો કે, મેં અનુભવથી જોયું છે, કે કાયદાઓથી, સજાઓથી, દંડોથી, મારપીટથી, કોઈ સુધરતું નથી. જેટલા સુધરે છે, એ પ્રેમથી જ સુધરે છે.

એણે ચોરી કરી, એણે ખુન કર્યુ, એણે કોઈપણ ગુનો કર્યો, ગમે તેવા ગુનેગારો - અમારી જેલમાં આવે ને મેં જોયું, જેને પ્રેમ આપવામાં આવ્યો, જેને લાગણી આપવામાં આવી, જેને પ્રેમથી - સમજાવવામાં આવ્યા, એ બધા સુધરી ગયા !

બીજા નો અહમ તોડીને, બીજાને અશાતા આપી ને, બીજા ને મનદુઃખ કરીને, આપણે એને સુધારવાનો નહિ પણ બગાડવાનો પ્રયાસ કરી રહ્યા છીએ.

ઔષધ ને જરૂર હતી, એ જરૂર પુરી ના થઈ, એની યોગ્ય સેવા ના થઈ, એમની કાળજી ન કરવામાં આવી, ત્યારે એમના મનમાં કેવું ઘમસાણ થાલે, એવી સ્થિતિમાં એમને શુભ ધ્યાન ક્યાંથી જ કઈ રીતે ? બહુ મનોમંથન કરો, કેવું જિનશાસન, કેવા એના આચાર, બે પાંચ પ્રતિક્રમણ ભણી લેવાથી - ગીતાર્થ થઈ જવાય ? બે-ચાર આગમ ભણી લીધા - થોડું વાંચી લીધું, બે-ચાર વર્ષનો પર્યાય થઈ ગયો, એનાથી આપણને બધું આવડી ગયું. અત્યારના તમારા બધા જ વિચારો લખજો, એક દિવસ એવો કાઢો કે તમારા જે બાબતના જે વિચારો આવે એ બધા લખજો, બાંધીને કવરમાં મુકી દો, કવર PACK કરી દો, કવર રાખી દો, પાંચ વર્ષ પછી ખોલો ને વાંચો, તમે હાલ બધા વિચારો સાથે સંમત નહિ થાવ ! તો પછી એ વિચારોના -

આધારે, આપણને મન ફાવે ઠીક લાગે, એમ કરી લેવું, તો આપણો આપણી દ્રષ્ટિમાં જ સાચા નહી હોઈએ, તો ભગવાનની દ્રષ્ટિમાં તો કેવી રીતે સાચા હોઈશું.

હરીભદ્રસૂરી મહારાજ કહે છે, ગાથા નંબર સોળસો છોત્તેર (૧૬૭૬)

तयभावम्मि अ असुहा जायइ केसा वि तस्स णियमेणं।

દ્રવ્ય સમાધિ નથી, માટે ભાવ સમાધિ નથી અને ભાવ સમાધિના અભાવે, અવશ્ય પણે એને અશુભ લેશ્યા થશે,

तत्तो अ परभवम्मि अ तल्लेसेसुं तु उववाओ।

અને એના કારણે, એ ઔપક કાળ કરીને જ્યાં પરલોકમાં જાય, ત્યાં એવી જ લેશ્યાવાળા સ્થાનમાં ઉત્પાત, એટલે કે જન્મ થાય છે. યોગશતકમાં હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

जल्लेसे मरइ जओ तल्लेसेसुं तु उववाओ।

એક નિયમ છે,

अंतोमुहुत्तम्मि गए अंतोमुहुत्तम्मि सेसए चेव।

જ્યારે છેલ્લું અંતર્મુહૂર્ત આયુષ્યનું હોય છે, બસ હવે જવાનું!

लेसाहिं परिणयाहिं जीवा वच्चंति परलोयं॥

બૃહદ સંગ્રહણી સુત્ર કહે છે, કે જ્યારે જે પરલોકમાં જે લેશ્યામાં જન્મ થવાનો હોય, એ લેશ્યાની પરિણતિ ત્યારે જ આવે.

જેને સાપમાં ઉત્પન્ન થવાનું છે, જે સાપ બનવાનો છે, એને અંત સમયે ના હોય ત્યાંથી ગુસ્સો આવી જ જાય. જેને શિયાળ થવાનું છે એને અંત સમયે ખાસ માયા થશે જ. જેને ઉંદર થવાનું છે, એને ખાસ અંત સમયે લોભ થશે. જેને નરકમાં ઉત્પન્ન થવાનું છે ત્યાં ભય બહુ હોય!

એને અંત સમયે ભયંકર ભય લાગો. નારકમાં રૌદ્ર ધ્યાન હોય એને અંત સમયે રૌદ્ર ધ્યાન આવે. આયુષ્ય નારકનું જ્યારે પણ બાંધ્યું હોય, અંત સમયે એ લેશ્યા લેવા આવે.

ઉપકને સમાધિ આપી નહિ, સેવા એમની બરાબર કરી નહી, અને સેવા ન થવાના કારણે, એમને અસમાધિ થઈ. અસમાધિમાં અવશ્ય અશુભ લેશ્યા લાગી, અશુભ લેશ્યા લાગી, એટલે અશુભ લેશ્યા વાળા સ્થાનની અંદર દુર્ગતિની અંદર, એમનો જન્મ થયો. જેનો અંત સુધર્યો એનું બધું જ સુધર્યું. જેનો અંત નથી સુધર્યો એનું કશું જ સુધર્યું નથી. અંત સુધારે એના માટે જ અંતિમ આરાધના છે, ને એમાં જ એ અંત બગાડે એવું કરવામાં આવે, આવી વિધિ બતાવી કઈ રીતે અનશન લેવું !

આપણા દુર્ભાવો નું, આપણા અસદ્ વ્યવહારોનું, આધાર એ હોય છે કે આનામાં આ દોષ, આનામાં આ દોષ, આનામાં આ દોષ, આચાર્ય ભગવંત હતા સંયમી હતા, બહુશ્રુત હતા, શાસ્ત્રજ્ઞ હતા, ભવભીરુ હતા, અનશન લીધું છે, અનશન લેતા પહેલા ગચ્છના ઉત્તરાધિકારી તરીકે કોઈને રાખવાના છે, આચાર્ય ભગવંતે શાસ્ત્ર દ્રષ્ટિ એ વિચાર્યું,

वूढो गणहरसद्दो गोयमाईहिं महापुरिसेहिं ।

મારે ઉત્તરાધિકારી રાખવાના એટલે આચાર્ય પદ આપવાનું, કોઈને આ ગણ ના ધારક બનાવવાના, એમને ગણધર-બનાવવાના.

जो तं ठवइ अपत्ते जाणंतो सो महापावो ॥

જે અપાત્રની અંદર આ પદનું સ્થાપન કરે છે, જે અપાત્રને આચાર્ય પદ જાણીને આપે છે, તે મહાપાપી છે. આચાર્ય ભગવંત ભવભીરુ છે, શાસ્ત્રજ્ઞ છે, શાસ્ત્ર દ્રષ્ટિ એ જુએ છે, આ શિષ્યમાં આ દોષ... આ શિષ્યમાં આ દોષ... આ શિષ્યમાં આ દોષ... આ અપાત્ર... આ અપાત્ર... આ અપાત્ર... હવે એને જો હું આચાર્ય પદ આપું તો હું

મહાપાપી થાઉં અને મોટો દોષ લાગે, આવું તો મારાથી કઈ રીતે થઈ શકે. આચાર્ય ભગવંત ની બધી જ વાત સાચી હતી, પણ આચાર્ય ભગવંત ત્યાં બોલ્યા કે ભાઈ, સંપૂર્ણ ગુણો જે આચાર્ય પદ યોગ્ય હોય એમાં ના હોય તો, મધ્ય ગુણ વાળાને પણ, છેવટે જઘન્ય ગુણ વાળાને પણ, જેનામાં પાત્રતાના જઘન્ય ગુણો છે, એમને પણ પદ આપવું જોઈએ. કારણકે જેના MARKS કપાયા એને PASS જ ન કરવામાં આવે, તો SCHOOL આખી બંધ કરી દેવી પડે! જેનાથી SCHOOL બંધ કરી દેવી પડે એ સિદ્ધાંત ખોટો હોય!

છોકરાનો એકે MARK ના કપાવો જોઈએ, આ દ્રષ્ટિ એ તમે છોકરાને ભણાવો, મહેનત કરો, એનો કાન પકડો, એને માર મારો, એને દંડ આપો, કશી જ ના નથી. છેવટે તો તમારે એને પાંત્રીસ માર્કે તો પાસ કરવો પડે ને એ પણ તમે કરતા નથી. પચાસ માર્કે પાસ નથી કરતા, સાઠે નથી કરતા, સિત્તેરે નથી કરતા, એંસી, નેવું એ તમારે પાસ કરવો નથી, તમે કહો નવ્વાણું માર્કે FAIL, એનો અર્થ SCHOOL ચલાવવી નહીં, કોઈને ભણાવવા નહિ, કોઈ એ ભણવું નહિ, કોઈએ ભણવું નહિ, બધાએ ઠબુના "ઢ" રહેવું!

કાળદોષ છે, યુગદોષ છે, ઓછાવત્તા ગુણો હોય, પણ શાસ્ત્ર જેને CANCEL ના કરી દે, એટલા ગુણો જેનામાં હોય, એને પણ પદ ન-આપવું, એટલે શાસનની પરંપરાનો વિચ્છેદ કરવો. અહીંયા નવુક આવનારા, વ્યાખ્યાન સાંભળનારા, આરાધના કરનારા, જ્યારે મહાત્મા એને આપતા થઈ જાય અને આપો એની પણ વાંધો નથી. પણ તમારી પાસે ફૂટપટ્ટી નથી ને આપતા થઈ જાવ,

ગચ્છાધિપતિઓ ને માપતા થઈ જાય, એમની ચર્ચા કરતા થઈ જાય, એમની પ્રવૃત્તિ કેટલી સાચી-ખોટી, એના નિર્ણાયક બની જાય, ન્યાયાધીશ બની જાય. ત્યારે અનધિકૃત ચેષ્ટા દ્વારા, મહાપુરૂષો ની આશાતના દ્વારા, પોતાની કરેલી, બધી જ આરાધના, એના પર પ્રશ્નાર્થ ચિન્હ લગાડવાનું કામ થાય છે.

શાસ્ત્રોનો "શ" નહી ભણનારા, ૪૫ થી ઓછી ૫ આગમ નહિ ભણનારા, ભગવાન ના-વચનના મહાસાગરના, થોડા ટીપા ને સુધ્ધા નહી પામનારા, બહુશ્રુત ગીતાર્થ, આચાર્ય ભગવંતો, અને ગચ્છાધિપતિ ભગવંતો સુધ્ધા, એમના ગુરૂ જ્યારે બનવા જાય, ત્યારે બરોબર કહું, શાસનની કેમ અવદશા, શાસન કેમ વિસંસ્થુલ સ્થિતિમાં, જે શક્તિઓ છે એનો એવો ઉપયોગ કેમ નહિ, ફેલાવો કેમ નહિ. એવું અનુશાસન કેમ નહિ, એના બધા જ જવાબો મળી જાય છે.

એક ગામડા ના અજૈન માણસને, એક શહેરના અજૈન પોલીસ કમીશનર ને, જેટલા આપણા ગુરૂભગવંત પ્રત્યેના બહુમાન ભાવો છે, એટલા અહીં રોજ આવનારા-જનારાને ખરા ? હોય એતા જાય ને ચોકડા મારતા જાય, આ પ્રવૃત્તિ શાસ્ત્રીય ખરી ? આપણને હોય લાગે છે, એ હોય હશે કે શું હશે, મારી ભુલ નહીં થતી હોય ને, મારો સંસાર નહીં વધી જાય ને ? ફલાણા ગચ્છાધિપતિ એ આ નિર્ણય લીધો, એ બરાબર નથી. એટલી બધી હિંમત ની આપણી અંદર દરીયો હોય, તો આવી વાત કે આવો વિચાર આપણે કરી શકીએ. કેટલા બધા આપણે સાહસિક હોઈશું, કેટલા હિંમત-વાળા હોઈશું, કેટલા બધા પરાકાષ્ટા ના જ્ઞાની-હોઈશું, ત્યારે આપણે આવો વિચાર કરી શકીએ.

આચાર્ય ભગવંતે જોઈ લીધું કે કોઈ લાયક નથી, કોઈ ઉત્તરાધિકારી રાખ્યા નહિ, ગચ્છ છે

પચાસ-સો શિષ્યો છે. ગુરૂ અંતિમ આરાધનામાં પ્રવેશી રહ્યા છે, હવે અમારા નાથ કોણ, નાયક કોણ, કોને પુછવાનું કોઈ અમારું યોગક્ષેમ કરે, કોને પુછવાનું, ગુરૂ મૌન છે! ગુરૂ અનશન લઈ લે છે! શરૂઆતમાં શિષ્યો બહુ પુછે છે, ગુરૂદેવ આપ જતા રહેશો અમારું કોણ? અને હોય ભાગી ભય ને હું કંઈ બોલું નહી. શિષ્યો પુછતા બંધ થયા, ગુરૂ પ્રત્યે અપ્રીતી થઈ, દ્વેષ થયો, અરુચિ થઈ, એમને અમારી કશી જ પડી નથી. અમને લટકાવીને રઝળાવીને પોતે જઈ રહ્યા છે. શિષ્યો સેવા કરતા નથી, શિષ્યો સેવામાં ઉપેક્ષા કરે છે. ગુરૂ પોતાનું જે ઔચિત્ય હતું કે ભાઈ, જેમાં મધ્યમ ગુણો હોય ને બધામાં વિશિષ્ટ હોય, એમને ઉત્તરાધિકારી રાખી દેવા પડે, એમ શાસનની પરંપરા ચાલે. સંપૂર્ણ ગુણોનો આગ્રહ રાખવા જતા, આખી વ્યવસ્થા તૂટી જાય સંસારમાં પણ કોઈક ક્ષેત્રે, આવો સિદ્ધાંત ચાલી શકે નહિ.

શાસનમાં ભગવાન પણ કહેતા નથી કે દીક્ષા કોને આપવી. આટલા આટલા ગુણો હોય એને આપવી, એ નથી ચાલો એક ગુણ ઓછો હોય એને આપવી, એ નથી ચાલો એક ગુણ ઓછો હોય એને આપવી, એવું કહ્યું.

समुपसम्पन्नः।

જે સંપૂર્ણ પણે સમર્પિત હોય, અને દ્રઢ પ્રતિજ્ઞા હોય. પ્રતિજ્ઞા તોડી નાખે, બધા તોડી નાખે, એવા ન જોઈએ. મજબુત જોઈએ, અને ગુરૂનું ન માને એવા ન જોઈએ, આ બે પણ ગુણો હોય તો દીક્ષા અપાય. આપણા ભુવનમાં જ જ્યારે આપણે કેટલા બધા સમાધાનો લઈને બેઠા હોઈએ છીએ, આપણા ભુવન-માં આપણા જ માટે, કેટલા બધા આગ્રહો રાખતા જ

નથી, એ તો હોય ભાઈ એ તો ચાલે ભાઈ, હવે લાઈ
આટલું છે. પણ હું તો છું જ શ્રાવક, હું છું તો સાધુ
જ. ના.. ના.. એટલા આગ્રહ થી થોડી સાધુ તરીકે
શરૂઆતમાં થઈ ગઉં, તો પછી બીજા માટે શા માટે આગ્રહ
રાખવો.

સંયમી, જ્ઞાની, ભવભીરૂ, શાસ્ત્રજ્ઞ ગુરુ પણ,
શાસ્ત્રનું હાર્દ ન સમજવાને કારણે, ઉચિત પ્રવૃત્તિ ન
કરવાને કારણે, આખી જિંદગી આરાધના કરવા છતાં,
છેલ્લે અનશન લેવા છતાં, વિરાધક થયા. કાળ કરીને
દુર્ગતિમાં ગયા. શિષ્યો ને પણ કોઈ માથે ન રહ્યું!
જેને જે રુચ્યું એવું એમણે કર્યું, શિષ્યો પણ વિરાધક
થઈ ને દુર્ગતિમાં ગયા!

~~પ્રશ્નો પ્રશ્ન :~~

~~પ્રશ્ન નો ઉત્તર~~ :- જે લેશ્યા ની અંદર મૃત્યુ થયું હશે,
એ લેશ્યામાં ઉત્પાત થશે. દ્રવ્ય સમાધિ
ની જ્યાં કેટલી જરૂર છે, એટલી આત્મામાં આવશે,
એનાથી ભાવ સમાધી આવશે. ભાવ સમાધિ થી શુક્લ
લેશ્યા આવશે. શુક્લ લેશ્યાથી સદ્ગતિ થશે. હવે આમાં
બીજુ જે અવિધિ, જે આપણી દ્રષ્ટિ એ કહેવાય, કે
ભાઈ આટલી બધી એમને LUXUARY ના આપવી જોઈએ,
આ અવિધિ થઈ ગઈ, જે હકીકતમાં અવિધિ જ નથી!
કેટલા નિયમો બતાવી શકાય એના, લાખો શ્લોક પ્રમાણ
સાહિત્ય છે, છતાં શાસ્ત્રકારો કહે છે, કે આ બધું પણ
ઓછું છે, કેટલું કહી શકાય! અસંખ્ય પ્રકારના અધ્યવસાય
સ્થાનો હોય શકે છે. એમજ પ્રકારની ઘટનાઓ હોય શકે
છે. ગીતાર્થ મહાત્મા, જે સમયે, જે પરિસ્થિતિ છે, એને
સમજીને એને અનુરૂપ, પોતે જે આદેશ કરે, એમાં
શ્રદ્ધા ન રાખવી, એ ય વિરાધક થાય. અને ક્યાં શુદ્ધ
પર આવવું, ક્યાં જવું, ઉત્સર્ગ અપવાદ એવા નહિ,

દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ ન જોવા, ત્યાં હકીકતમાં - ગીતાર્થતા પણ નથી.

ધર્મનું હાર્દ શુક્લ ધ્યાન છે! ધર્મનું આત્મા શુક્લધ્યાન છે. જ્યાં સંક્લેશ થઈ ગયો, અસમાધિ થઈ ગઈ, પચ્ચક્ખાણમાં આગારો મુક્યા છે. એક એકાસણા ના પચ્ચક્ખાણ ની અંદર, આગારો જુઓ, એની અંદર આગારો મુક્યા,

મહત્તરાગારેણં સવ્વસમાહિવત્તિયાગારેણં

મોટું કોઈ કામ એવું આવી જાય, જેની માટે - તાબડતોબ જમી લેવું પડે, એકાસણા ના પચ્ચક્ખાણ ની અંદર, એક વાર તો વાપરી લીધું છે. કદાચ કોઈ વ્યક્તિ વિશેષ, જે જ્ઞાનીઓ છે એવી પરિસ્થિતિ જોઈ, એમાં એ પચ્ચક્ખાણ તૂટતું નથી, કારણકે એવો આગાર મુક્યો.

સવ્વસમાહિવત્તિયાગારેણં

પોતાની સમાધિ, બીજાની સમાધિ, સંઘની સમાધિ, વગેરે વગેરે કારણો આવે. ગુરુદેવના એક ભક્ત બરોડા ની અંદર COLLECTOR હતા, કલાપૂર્ણ - સૂરીજી મહારાજ સાહેબ ની નિશ્રાની અંદર - પર્યુષણ ની અંદર પૌષધ લઈને બેઠા હતા ને, એવું કાર્ય આવી ગયું. નદીના પુર આવ્યા છે, નીચાણ વાળા વિસ્તારોમાં ઘરો ખાલી કરાવવાના છે, મોટી તારાજી થાય એવું છે. એમને તાબડતોબ, આગ્રહ ભરી માંગણી આવી કે તમારે આ કાર્ય કરાવું પડશે. સેંકડો, હજારો લોકો ડુબી જાય, તણાય જાય, એમને પરાણે પણ ત્યાંથી ખસેડવા પડે, અઠ્ઠમ નું પચ્ચક્ખાણ છે, પૌષધ છે, કલાપૂર્ણસૂરી મહારાજ, મારે તમને ગીતાર્થતા ની વાત કરવી છે. સમાધિનું શું શાસ્ત્રમાં મહત્વ છે, સમાધિ નું શું મોક્ષ માર્ગમાં મહત્વ છે,

જે આપણે સમાધિ ને સમજ્યા નથી તે માટે અસમાધિના નામે અસમાધિના વાતાવરણો આપણે ઊભા કર્યા છે. એક પણ ઝઘડો શાસનમાં, સંઘમાં, શ્રમણ સંસ્થામાં, કોઈ પણ GROUP માં, કોઈ શ્રાવક વચ્ચે ઉદ્ભવે જ નહિ, જો આ હાર્દને સમજ્યા છો તો. અસમાધિ થાય એવા સિદ્ધાંતો હોતા નથી. ઝઘડા થાય એવા બધા આગ્રહો હોતા હશે, એવું શાસ્ત્ર હોતું હશે, એવું આગમ હોતું હશે.

બોલાવનારા આવ્યા છે એમને વાત કરી છે. કલાપૂર્ણસૂરીજી મહારાજ ને ખબર પડી છે. જેસંગ ભાઈ એમનું નામ અને એમણે સાહેબજી ને પુછ્યું કે, સાહેબ શું કરવું. સાહેબે કહ્યું આ કારણ એવું છે

सव्वसमाहिवत्तियागारेणं ।

અહીંયા આગાર છે. તમારે જવું પડે. સાહેબ હું પૌષધમાં છું, અત્ર કઈ રીતે ને મને અઠ્ઠમનું પચ્ચક્ખાણ છે, જે કામગીરી કરવાની છે એ અઠ્ઠમમાં થઈ શકે એમ નથી. સાહેબે કહ્યું કે પૌષધ હમણાં પારવો પડે ને, અઠ્ઠમનું પારણું હમણાં કરવું પડે. જેઓ ઉત્સર્ગને પકડી રાખે છે જેઓ અપવાદને માનતા જ નથી, અપવાદ છે, આ શિથિલાચાર છે તેઓ તીર્થંકરોની આશાતના કરે છે, કારણકે અપવાદ માર્ગ પણ તીર્થંકરોએ જ બતાવ્યો છે. આચાર્યોના આચાર્ય થવા જનાર, ગુરુઓના ગુરુ થવા જનાર, ગચ્છાધિપતિ ના ગચ્છાધિપતિ થવા જનાર, તેઓ સર્વ શાસ્ત્રો અને સર્વે તીર્થંકરોની આશાતના કરે છે. જેનામાં અપવાદની શ્રદ્ધા નથી, એનામાં "સમ્યક્દર્શન" નથી. ઉત્સર્ગ પણ જિનાજ્ઞા છે, અપવાદ પણ જિનાજ્ઞા છે. જ્યારે ગીતાર્થ ભગવંત અવસરે અપવાદ માર્ગે છૂટ આપતા હોય ને ત્યારે આપણે કહીએ, કે આ કલાપૂર્ણસૂરીજીએ આ રીતે અઠ્ઠમનું પારણું કરાવ્યું, એમનો પૌષધ અકાળે પરાવ્યો, આ આચાર્ય ભગવંતે આ બરાબર ના કર્યું, હું કહું છું. આવો વિચાર પણ કર્યો ને સમજી મરી ગયા!

★ ગુરૂ વચન ઉપર શ્રધ્ધા એ બધી જ આરાધનાનું મુળ છે.
★ ગુરૂ વચન ઉપર શ્રધ્ધા એ સમ્યક્ દર્શન છે.

જ્યારે આપણે બીજા ઉપર એક આંગળી ચીંધતા હોઈએ છીએ, ત્યારે ત્રણ આંગળી આપણા તરફ હોય છે. આપણે કહીએ છીએ કે આખું ઉઘાડું છે. પણ આપણા કપડા જ નથી હોતા!

સવ્વસમાહિ વત્તિયાગારેણં

એક જીવનું અંતર કકળતું હોય, એ આર્તધ્યાન માં જતો હોય, રૌદ્ર ધ્યાનમાં જતો હોય, એની બધી જ - આરાધના DISTURB થઈ જતી હોય, એ એનો - અહીંયા પણ મુકવાનો ઉલ્લાસ તૂટી જાય, એ અંદરથી નાસીપાસ થઈ જાય, એવું વર્તન આપણે શાસ્ત્રના - નામે પણ કરીએ, એ શાસ્ત્રીય નથી. જેનાથી ઝઘડા થાય, જેનાથી ક્લેશ થાય, જેનાથી શાસનની અપ- ભ્રાજના થાય, જેનાથી નવી પેઢી, સંઘથી, શાસનથી, શ્રમણ સંસ્થાથી વિમુખ થાય, એવું કોઈ વર્તન આપણે કરીએ, એ વર્તન શાસ્ત્રમાં લખ્યું હોવા છતાં પણ શાસ્ત્રીય નથી.

બધા જ્ઞાની થઈ જાય, બધા વગર ભણે ગીતાર્થ થઈ જાય, બધા સમજુ થઈ જાય, બધા ગચ્છાધિશ થઈ જાય, પછી શાસનનો હાટ વળી જાય. ત્યારે આપણને કોઈ ગુરૂ ખરા? જેને ખરેખર ગુરૂ માનીએ, જે રાત કહે તો રાત, દિવસ કહે તો દિવસ બધુ એમને પુછી ને કરીએ. હું કહું છું, હીઈબધન થઈ ગયું, તમારા ગુરૂનું નામ આ, તમારું નામ આ, કોઈ પણ પુછે તમારા ગુરૂ મહારાજ સાહેબ, તમે જવાબ આપી દો મારા આ ગુરૂ મહારાજ, એ ગુરૂ કર્યાની વાત અહીંયા નથી. તમને ફાવ્યું, ન ફાવ્યું, ગુરૂ વઢે છે, પંપાળે છે, જે પણ કરે છે, ગુરૂ મારા ભગવાન. જે કરીશ એ ગુરૂ ને પુછી ને કરીશ,

ધંધો પણ પુછીશ, ધર્મ પણ પુછીશ, શરીર પણ પુછીશ, જે પણ સંદર્ભમાં જે પણ કાર્ય હશે, ગુરૂ ને પુછીશ. એ આવ્યા એટલે હું SPRING ની જેમ ઉભો થઈ જઈશ, હાથ મારા જોડાઈ જ ગયા હશે, માથું મારું નમી જ ગયું હશે, એ બોલ્યા એટલે સીમંધર સ્વામી બોલ્યા, આ ભૂમિકા આપણી પાસે જરી છે.

સભાનો પ્રશ્ન:- ગુરૂ કરતા પહેલા પરીક્ષા કરવાની હોય છે, ત્યારે પણ નહીં કરવાનું છે.

પૂજ્યશ્રીનો ઉત્તર:- ગુરૂ બોલ્યા ને હવે વિચાર કરવો છે, ગુરૂ કર્યા ને છતાં નથી કર્યા, ગુરૂ ફાવ્યા, ન ફાવ્યા, ગુરૂએ થોડું આપણને અનુકૂળ હતું એવું ના કર્યું, અને માટે પણ કરેલા ગુરૂ CANCEL આ આપણી વૃત્તિ હશે, નિશ્ચય દ્રષ્ટિ એ સંઘના-સભ્ય હોવાનું આ લક્ષણ નથી.

ચંદાવિજ્ય પયન્ના, મહાનીશીથ સુત્ર, ભગવતી સુત્ર, વગેરે આગમો ની અંદર સમર્પિત સાધુ, કે સમર્પિત શ્રાવક, એનું જે લક્ષણ મુક્યું, એની જે વાત કરી, એની સાથે આપણે આપણને સરખાવીએ કે, આપણે ક્યાં છે, કોઈ જ ગુરૂ નહિ, આપણે આપણા ગુરૂ! બહુ મનોમંથન કરો, અંદર પુછો પોતાને કે મારે મારા આત્મા ને સાચવવો છે, કે મારે મારા અહમ ને સાચવવો છે. બે માંથી એક સચવાશે! આપણે ગુરૂ અનંતીવાર કર્યા, પણ એ ગુરૂ કરવામાં અહમ હતો, કહેવા પુરતા ગુરૂ હતા. આપણે VIA અહમ ગુરૂ કર્યા હતા, છેવટે તો નિર્ણય અહમ જ લે, જે અહમ કરે તે પાકું! અહમ સચવાયો, આત્મા ન સચવાયો, પહેલા ગુરૂ નિષ્ફળ ગયા. મળેલા તીર્થંકર નિષ્ફળ ગયા, હવે આ ભવમાં નક્કી કરવું છે, આત્મા ને સાચવવો છે કે અહમ ને સાચવવો છે. હરીભદ્ર સુરી મહારાજ, ગાથા નંબર સોળસો સિત્યોતેર (૧૬૭૭) ની અંદર કહે છે.

तम्हा उ सुहं झाणं पच्चक्खाणिस्स सव्वजत्तेणं ।

માટે સર્વ યત્નથી અનશનની મહાત્મા છે, એમનું શુભધ્યાન થાય એવો પ્રયાસ કરવો. પયન્ના આગમ સૂત્ર કહે છે, કે કદિ પણ અગીતાર્થ ની પાસે અનશન ના લેવાય ! આચાર્ય ભગવંત હતા, ગચ્છાધિપતિ હતા, પંન્યાસ ભગવંત હતા, ગણિ ભગવંત હતા, સાધુ ભગવંત હતા, અનશન લેવું છે એમ ગચ્છમાં કર્યું છે, જતા પહેલા જોયું કે ક્યાં જઈએ છીએ, એ ગીતાર્થ છે ?

णासेइ अगीयत्थो चउरंगं सव्वलोअसारंगं ।

જે અગીતાર્થ છે એ ચતુરંગ નો નાશ કરે છે. મનુષ્યત્વ, ધર્મશુદ્ધિ, શ્રદ્ધા, સંયમવીર્ય આ મહામુલુ જે ચતુરંગ, ચાર અંગ મળ્યા, જેના આધારે આરાધના કરી, સંયમ સાધના કરી, અંતિમ - આરાધના નો અર્થ શું છે ? આ ભવમાં ભેગી કરેલી મિલકત પરભવમાં સાથે લઈ જવા માટેની પ્રક્રિયા, એટલે અંતિમ આરાધના ! પુરુષાર્થ સિદ્ધિ ઉપાયની અંદર અમૃતચંદ્ર આચાર્ય કહે છે,

इयमेकैव समर्था धर्मस्वं मे मया समं नेतुम् ।

આ એક જ સમર્થ છે જે મારા ધર્મ ધનને - પરલોકમાં મારી સાથે લઈ જવામાં મારી મદદ કરે.

सततमिति भावनीया पश्चिमसल्लेखना भक्त्या ॥

તો આ અંતિમ આરાધના ની એવા ભાવપૂર્વક - આરાધના કરીએ. આખી જિંદગી કદાચ દેશોન પૂર્વ- કોટી નું નિર્મળ ચારિત્ર પાળ્યું, તપસ્યા કરી, અબજો ની સંખ્યા માં લોચ, અબજોની સંખ્યામાં વિહાર, અબજો ની સંખ્યામાં ગાથાઓના સ્વાધ્યાયો, અબજો ની સંખ્યામાં ઉપવાસો, અદ્ભુત આખું સંયમ જીવન જીવ્યા, પછી અંત સમયે એ ચુક્યા, અંત સમયે અસમાધિ થઈ તો બધું જ ગુમાવ્યું !

સભાનો પ્રશ્ન :- આટલું બધું કર્યું એ ફોગટ થઈ જાય?

પૂજ્યશ્રી નો ઉત્તર :- પુષ્પમાલા ગ્રંથની અંદર મલધારી-હેમચંદ્રસૂરી મહારાજ એ આ સવાલનો જવાબ આપ્યો છે.

सुचिरं पि तवं तवियं चिन्नं चरणं सुयं च बहुपढियं ।
દીર્ઘ કાળ તપ તપ્યો, દીર્ઘ કાળ શ્રુત ભણ્યા, દીર્ઘ કાળ ચારિત્ર પાળ્યું,
अंते विराहइत्ता अणंतसंसारिणो भणिया ॥
જે અંત સમયે વિરાધના કરી છે, તો એ આત્મા અનંત સંસારી થાય છે. તમે પાંચ હજાર KILOMETER SAFE DRIVING કર્યું, એનું વળતર તમે ભુલી જાવ, તમે જોકું ખાધું, તમે ખાઈમાં ગાડીને સીધી જવા દીધી, અને તમે પછડાયા. તમને પછડાટ નું ફળ મળે તમને પાંચ હજાર KILOMETER ની SAFE DRIVING નું ફળ ના મળે.

સભાનો પ્રશ્ન :- બધા અનંતસંસારી જ થાય?

પૂજ્ય શ્રીનો ઉત્તર :- અધ્યવસાય ને આશરી ને, ભવિતવ્યતા ને આશરી ને, જુદા-જુદા જીવને જુદુ જુદુ ફળ મળે, કોઈને નાનો ખાડો મળ્યો, એને જરા FRACTURE થાય, કોઈને વધારે મોટો ખાડો મળ્યો, એ HOSPITALISE થાય, કોઈને હજુ મોટી ખાઈ મળી, એ SERIOUS થાય, કોઈને ભયંકર ખાઈ મળી, ON THE SPOT EXPIRE થાય. તમે ચુક્યા, એટલે તમે ગુણસ્થાનમાં ગયા. કેટલા ગુણસ્થાનમાં ઉતરશો, જેવી તમારી ભવિતવ્યતા. કેટલું તમે ચુકશો, ચુકવામાં કેટલું, તમને ક્યારે જોકું આવ્યું, જહીંયા આવ્યું હોત તો આટલામાં પતત... અહીંયા આવ્યું હોત તો આટલામાં પતત... તમે વળી ચા ની દુકાને ઉભા રહ્યા, ચા નો ORDER આપ્યો, ગાડી ઉભી છે અને જોકું આવ્યું,

તમે છુટી ગયા, મફતમાં ! તમે હજુ JUST START જ કરી હતી ગાડીને એની જ SPEED હતી, ને કોઈક સામે આવ્યું ને ગાડી ઠોકી, રસ્તામાં છુટયા, તમે ભાઈ વખતે ચુકયા, તો ભોગવવું પડશે. અપ્રમાદભાવ એનો ભગવાને એવો ઉપદેશ આપ્યો છે, એનું રહસ્ય આ છે. પળ પળની જાગૃતિ, પળ પળની અપ્રમત્તતા, અગીતાર્થ પાસે અનશન લેવું એ પણ એક મનનો પ્રમાદ છે.

અગીતાર્થ ઉત્સર્ગ / અપવાદ, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવને સમજુ ના શકે, ઉપાડ ને કહાયુ એવા કર્મનો ઉદય થયો, એવા પરિષહનો ઉદય થયો, શરીરમાં એવું પ્રબળ પિત્ત થઈ ગયું, એવો વાયુ થઈ ગયો, IN BETWEEN કોઈ દેશની, કોઈ ઔષધની જરૂર પડી, અગીતાર્થ ગુરુના છોડે, સમાધિ ના જુએ, પચ્ચકખાણ એટલે પચ્ચકખાણ ! તમે રડો, કકળો, ચીસાચીસ કરો, તમે અસમાધિમાં મૃત્યુ પામી જાવ, પચ્ચકખાણ એટલે પચ્ચકખાણ ! જે આવું માને છે એ પચ્ચકખાણ ને પણ સમજ્યા નથી.

HIGH-WAY છે, નીચે કાચ- કાંકરા, કાંટા છે, ROAD ઉપર ચાલવામાં ACCIDENT નું પુરુ જોખમ છે. સો- સો- એકસો વીસની ઝડપે ભારે ભારે વાહનો દોડી રહ્યા છે, પગમાં ન જ પહેરવું એટલે ન જ પહેરવું, મહાત્મા છે તો પહેર્યું શા માટે ? હવે શિથિલ થઈ ગયા છે મહાત્મા, આપણે જે રસ્તાની ચાલની ચર્ચા કરતા હોઈએ છીએ જે રસ્તો આપણો એવો જ નથી. એ આમ કેમ વળ્યા, એ આમ કેમ વળ્યા, અરે ભાઈ, રસ્તો વળે એટલે વળવું જ પડે ને, સામે કાંટાળા ઝાડને ભેટી જવું ! શાસ્ત્ર ને

સમજ્યા નથી, સાધુતા ને સમજ્યા નથી, ગુરૂ ને - સમજ્યા નથી, સમર્પણ ને સમજ્યા નથી, ફક્ત ચર્યાને સમજ્યા છીએ, તો આપણે કર્મબંધ સિવાય બીજું કશું જ કરવાના નથી !

ણટ્ઠમ્મિ ચઉરંગે ણ સુલહં હોઇ ચઉરંગી ।

એક વાર આ મળેલા સાધનો, સામગ્રીઓ, મનુષ્યત્વ, ધર્મ, શ્રુત, ધર્મશ્રદ્ધા, આને ગુમાવી દીધા, પછી અનંત-કાળે પણ આ સામગ્રી પાછી મળશે કે નહિ, એ લાખ રૂપિયા નો સવાલ છે.

મનકની આત્મા ના સંદર્ભમાં પણ આ આટલું જ લાગુ પડે છે, આપણા બધાના સંદર્ભમાં, આજ ના સમયે, આજ ના દિવસે, આ ક્ષણે પણ આટલું જ લાગુ પડે છે, જો હારી જઈશું તો ફરી અનંત-કાળે પણ નહિ મળે !

અપ્રમાદ ભાવ, સમર્પણ, ગુરૂ પ્રત્યે સંપૂર્ણ સમર્પિતતા, આના વગર આપણા આત્માનો ઉદ્ધાર નથી. બહુ મનોમંથન કરો, મારું પછી શું ? બહુ મનોમંથન કરો, જો હું આમ જ રીતે ચાલીશ, તો મારા આત્માનું શું થશે, મારું સચવાઈ જશે, આત્મા રખડી પડશે, ભવભ્રમણ મારે કરવું પડશે, સમર્પણ વગર સમાધિ નથી. સમર્પણ કઈ રીતે કેળવવું, સમાધિ કઈ રીતે કેળવવી, ઘણી બધી વાત હરીભદ્રસૂરી મહારાજ, કહેવા જઈ રહ્યા છે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ.

# પ્રવચન- ૧૫ પ્રિયમ



પંચવસ્તુક ગ્રંથમાં, પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, ગાથા નંબર સોળસો સિત્યોતેર (૧૬૭૭)

तम्हा उ सुहं झाणं पच्चक्खाणिस्स सव्वजत्तेण ।

અંતિમ આરાધના કરવા સામેથી પોતાની નિશ્રામાં આવ્યા, અનશન લીધું, હવે જે રીતે એમનું શુભ ધ્યાન સંપાદિત થાય, એ રીતે શાસ્ત્રાજ્ઞાનુસારે ~~[illegible]~~ ગીતાર્થે અત્યંત પ્રયત્નપૂર્વક, સહારો કરવો. જ્ઞાનનો અર્થ પરપિડન નથી. જ્ઞાન એ બીજા ઉપર ચડી બેસવાનું સાધન નથી. જ્ઞાનનો અર્થ બીજાને ઉતારી પાડવાનું સાધન પણ નથી. જ્ઞાન બહુ જ પવિત્ર વસ્તુ છે. પોતાના આત્માનું હિત થાય અને સામી વ્યક્તિ નું હિત થાય, આવું જે આપણા દ્વારા કરાવે એનું નામ જ્ઞાન ! આપણે ભણી લીધું, વાંચી લીધું, સાંભળી લીધું, અને એનો ઉપયોગ આપણે બીજાને હલકા - ચીતરવા માટે કરીએ છીએ, તો હજુ આપણે કશું જ ભણ્યું નથી.

શાસ્ત્રકાર ભગવંતો બહુ સ્પષ્ટ કહે છે,

किं ताए पढियाए?

તમારા એ પોથા થી શું, તમારા એ ભણવાથી શું, તમારા એ વર્ષોના સ્વાધ્યાય થી શું ?

पयकोडिए पलालभूयाए ।

કદાચ તમે એક કરોડ પદ પણ ભણી ગયા હો, તો પણ અમારી દ્રષ્ટિએ એ પદ નથી, પલાલ છે, પલાલ એટલે ઘાસ નો પૂળો !

जत्थेत्तियं ण णायं, परस्स पीडा ण कायव्वा ।

જ્યાં આટલું સમજ્યું નથી, કે બીજાને પીડા ન કરવી જોઈએ. જ્ઞાની એટલે શું ? જ્ઞાની એટલે કોમળ હૃદય ! જ્ઞાની એટલે સંવેદનશીલ હૃદય ! જ્ઞાની એટલે સર્વ આત્મામાં પોતાના આત્માને જોનાર -

વ્યક્તિ ! જ્ઞાની એટલે બીજાને માનસિક રીતે પણ પીડા પહોંચાડવામાં નિમિત્ત ન બની જાય ! એની સાવધાની. જ્ઞાની એટલે કોમળ - કોમળ હૃદય ! જ્ઞાની એટલે મન, વચન, કાયાથી ઉચિત પ્રવૃત્તિ જ થાય, એવું વ્યક્તિત્વ ! જ્ઞાની એટલે જેનો સ્પર્શ થાય ને બીજાને શાતા જ મળે ! જ્ઞાન પામતા પહેલા હૃદય કોમળ કોમળ હતું ને જ્ઞાન પામી ને આપણે કઠોર બની ગયા, તો નિશ્ચય દ્રષ્ટિએ એ આપણે જ્ઞાન નથી પામ્યું, અજ્ઞાન પામ્યું છે.

संपाडेअव्वं खलु गीयत्थेणं सुआणाए ॥२६७१॥

ગીતાર્થ મહાત્મા, બહુશ્રુત છે, જ્ઞાની છે, આજ્ઞાપૂર્વક, શાસ્ત્ર ના હાર્દ ને સમજ્યાપૂર્વક, એ અનશની આત્મા એમને જેમ સમાધિ રહે તેમ કરે.

सो च्चिअ अप्पडिबद्धो दुक्कहकंभस्स विरइभावस्स ।
अप्परिवडणत्थं चिय तं तं चिट्ठं करावेइ ॥२६७२॥

અપ્રતિબધ્ધ પણે, જેનો લાભ દુર્લભ છે, એવો - વિરતી ભાવ, એનું અપ્રતિપતન થાય. એમાંથી પોતે પતન ન પામે, તેના માટે તે તે ચેષ્ટા કરાવે. જે અનશની છે, એમને ઘારોકે કોઈ પગ દબાવે, કોઈ માથું દબાવે, કોઈ એમને સ્તવન સંભળાવે, સજ્ઝાય સંભળાવે, આગમ ની ગાથાઓ સંભળાવે, કોઈ એમની પ્રીતિ માટે એવું કંઈક ત્યાં વાતાવરણ સર્જે, જેનાથી એમના મન ને પ્રસન્નતા મળે, તો આ બધું અનશની પણ કઈ રીતે કરાવે ? એ જ શબ્દ વાપર્યો છે,

~~તહ ચ્चि तस्स अद्दीणो~~ अप्पडिबद्धो

અનશન નો ભાવ એ નથી કે મારા પગ દબાવે, મારા શરીરમાં બિલકુલ પીડા ન રહે, મને બિલકુલ અશાતા ન થઈએ. એનો ભાવ એટલો જ છે,

दुक्कहकंभं

જે વીરતી ભાવ, અનંતભવે પણ દુર્લભ એ મને મળ્યો છે.

અને ક્યાંક કોઈક ભૌતિક કારણોથી મારો ભાવ ન પડી જાય.

અપરિવડણત્થં ચિઅ

જેના માટે પણ જનશાની આત્મા લે તે સેવા. તે સેવા શા માટે લેવાની. સેવા શા માટે કરવાની? જ્યાં સાપરતા છે ત્યાં સાચી સેવા લેવાની કે કરવાની પ્રવૃત્તિ છે. સામાચારી પ્રકરણ ની અંદર મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, કહેના સામાચારી નું વર્ણન કરતા કહે છે કે, મહાત્મા છે, ગોચરી લઈને આવ્યા છે, બીજા મહાત્મા ને વિનંતી કરે છે અને લાભ આપો, મને નિર્જરા થાય, મને મહાત્મા નો લાભ મળે, એ ભાવનાથી વિનંતી કરવી જે એમની SIDE. ધારો કે સામેના મહાત્મા લાભ આપે છે, તો એમને કહી પણ એ રીતે લાભ ન આપવો કે હું તમને વપરાવીશ, ગોચરી લઈ આવીશ, પ્રતિઉપકાર ની બુદ્ધિ સાથે કહી લાભ આપવો નહી, આવું સામા-ચારી પ્રકરણ માં કહ્યું, બીજા નંબરમાં ચાલો ભાઈ મને અહીંયા બેઠા-બેઠા ગોચરી આવી ગઈ, આ પ્રમાણભાવ સાથે પણ લાભ ન આપવો. જે કહેક છે, જે INVITATION આપે છે, જે OFFER કરે છે, એમને લાભ આપો, એમને નિર્જરા થાય, એમની ઈચ્છા પુરી થાય, એમને આનંદ થાય, એ ભાવનાથી લાભ આપો.

સન્નિર્જરા ભવતુ છન્દકસત્કલાભ:।

જિનશાસન એવું જેમાં લેનાર ને પણ નિર્જરા છે, દેનાર ને પણ નિર્જરા છે, શરત એટલી જ કે એ બંને જિનશાસનમાં હોવા જોઈએ. આપતા ભાવ કલુષિત થાય છે, ચાલો હું આપું છું તો મને આપશે, આપતા ભાવ કલુષિત થાય છે, ચાલો ભાઈ મારી કીર્તિ થશે, યશ થશે, બધા કહેશે આ મહાત્મા

ભક્તિ વાળા છે. આપણા અંદર કલુષિતતા ઓછી થાય છે, કે જુઓ હું પણ આજ્ઞામાં સ્થિર છું, સામાચારી નું - બરાબર પાલન કરું છું. હું એક સુસાધુ છું, બધાને લાગવું જોઈએ, પ્રભાવ પડવો જોઈએ, ત્યારે આપવું જે આપવું નથી !

નીતા ભાવ કલુષિત થાય છે, ચાલો કોઈ આપે છે લઈ લો. કુમારપાળ ભાઈ એક કથાએ - પૂર કે મંડપ જેવું કોઈ શાસન કાર્ય કરી રહ્યા હતા. OFFICE માંથી ફોન આવ્યો કે ફલાણી પાર્ટી નો ફોન આવ્યો છે, મોટી રકમ આપવાની એમની ભાવના છે, અને આપ કહો તો હું હા પાડી દઉં, એટલે એ રકમ મોકલી દે. કુમારભાઈ એ કહ્યું કે એમને ના પાડજો. પેલા કાર્યકર્તા ને આશ્ચર્ય થયું કે, આટલી મોટી રકમ છે, તમે ત્યાં કાર્ય લઈને બેઠા છો, એ સામેથી આપે છે, એને ના પાડવાની ?, એમને શું કહું, એમને કહો કે જ્યાં શાસન કાર્ય ચાલુ છે ત્યાં આપે, એ કામ જે ચાલે છે એ જુએ અને પછી મે એમને ઠીક લાગે તો આપે.

આપણે ભુખ્યા જ છીએ, આવું વર્તન, એ જીવના ભાવને તોડવાનો ઉપાય છે. ધર્મી, સમ્યગ્ જ્ઞાની, એનું વર્તન કેટલું બધું ઉચિત હોય, કે જીવના ભાવ વધે. સાધુ એટલે ખુમારી, કે મારે કંઈ જોઈતું નથી, મને કંઈ જરૂર નથી, હું કેટલું જીવનું કરી શકું.

શ્રાવક એટલે કેવી અસ્મિતા આપણે છઠ્ઠા સંઘયણ ના છીએ, પાંચમા આરા માં છીએ, ભરતક્ષેત્રમાં છીએ, કેવળજ્ઞાની તીર્થંકરો, અતિશય જ્ઞાન, ચૌદપૂર્વ, વગેરે કશું નથી એ એટલું મોટું નુકશાન નથી. આપણા સ્વભાવ માં જે થોડી ઘણી ક્ષુદ્રતા ને તુચ્છતા પ્રવેશી ગઈ છે, એ આપણું મોટું નુકશાન છે.

હું, મારું, સ્વાર્થ, બીજાનું જે થવું હોય તે થાય, મારું શું ? એક જણ લાઈનમાં ઘુસે છે, પચ્ચીસ જણ બુમાબુમ કરે છે, આ બધા આપણા ક્રુરતાના પ્રમાણપત્રો છે.

એવા મહાત્મા હોય છે, પાણી વહોરવા ગયા, છેલ્લો એક જ ઘડો પડ્યો હતો, પરસ્નમાં પાણી, હજુ તો પોતે ઘડો રાખ્યો છે, બોલો વહોરાવવા જાય, ત્યાં બીજા મહાત્મા પાછળ આવ્યા ને કહી દે કે તમે એમને વહોરાવી દો, યા હું પાછો જાઉં યા એ પાછા જાય, એમને મળી જાય, એમને બીજુ વાર ધક્કો ના ખાવો પડે, રાહ ન જોવી પડે, પછી પાછું ક્યારે પાણી થાય. આનું નામ સાધુતા !

જીવનમાં ક્યાં-ક્યાં આપણા મનમાં-તુચ્છતા આવે છે, ક્રુરતા આવે છે, આનું નિરીક્ષણ કરી. ભગવાન પાસે આપણે રોજ માંગીએ છીએ,

પરત્થકરણં ચ

અને પરત્થકરણ ના અવસરે આપણને આપણો જ વિચાર આવે, એ આપણી પ્રાર્થના, એ આપણી ભગવાન પાસેની માંગણી, એ મૃષાવાદ નહિ, દંભ નહિ તો બીજું શું છે ?

સાધુ એટલે દિલાવર હોય, સાધુ-એટલે દરિયા જેવો હોય, સાધુ એટલે ઉદારચરિત હોય, સાધુ એટલે બસ મારું કંઈ છે જ નહિ, આવી FEELINGS હોય.

આપણે કેટલા દાનો આપ્યા, બીજાની કેટલી ભક્તિ કરી, એ પણ આપણું ખરું માપદંડ નથી, આપણી અનુકૂળતા, પસંદ, અહમ, વગેરે છોડીને, આપણી EVER READY ક્યારે ? આપણું દિલ હંમેશા મોટું જ હોય ને, એમાં બિલકુલ ક્યાંય પણ સ્વાર્થ ભાવના પ્રવેશે જ નહિ, આ

સ્થિતિ ક્યારે ? બહુ આપણું માપદંડ, આપણે ક્યાં છીએ, આપણે કેટલામાં છીએ, એ આ ! પાંચ લાખ રૂપિયાનું દાન આપણે આપી દીધું, વાહ વાહ થઈ ગઈ દાતારી-થયા, તકતી લાગી ગઈ, આ આપણું માપદંડ ! પચ્ચીસ-પચાસ રૂપિયાની સવાલ હતી ને આપણે જરા પણ મન ખારું કર્યા વગર, કટ દઈને છોડી દીધા, કોઈને ગેર-સમજ થઈ ગઈ કે તમારે એમને આપવાના છે, અને તમને વાત કરી શકે છે, તમે પચાસ મિનિટ, પચાસ રૂપિયા માટે બગાડી શકો કે લોઈ આ રૂપિયા મારે આપ-વાના જ ન હતા !

કબીરજી માટેની એક વાત આવે, યશ એમનો બહુ ફેલાયેલો, એટલે ઈર્ષ્યાળુ લોકો એક-વેશ્યાને તૈયાર કરી, ગામ વચ્ચે જાહેર કર્યું કે મારું-બાળક એના પિતા કબીરજી છે. ગામ લોકોને ગુસ્સો આવ્યો, બાળક ને લઈને પહોંચ્યા, ગાળા-ગાળી કરી, ગમે તેવા શબ્દો બોલ્યા, આ તમારું બાળક છે રાખો તમે એને. કબીરજી એ એટલું જ કીધું, એવી વાત છે. ભલે ! બાળકને સાચવે છે, ખવડાવે, પીવડાવે, થોડા દિવસ ગયા, વેશ્યા ને ખુબ જ પસ્તાવો થયો, રોતા-રોતા ગામ વચ્ચે કબુલાત કરી, ષડયંત્ર હતું, ફસાવવા માટે, મારી બહુ મોટી ભુલ થઈ ગઈ, મેં બહુ મોટું પાપ કર્યું, મેં સંત ને સતાવ્યા, ગામ લોકો ને પણ પસ્તાવો થયો, બધા રોતા-રોતા ગયા ને કહ્યું કે આપ તો શુધ્ધ સંત છો, આપના માં કોઈ દોષ નથી, આ બાળક આપનું નથી, અમે બાળકને લેવા આવ્યા છીએ ને, અમને માફ કરો. નથી આપનું બાળક, કબીરજી એ કહ્યું કે એવી વાત છે, ભલે !

(૭) આપણે બહુ ~~[illegible]~~ મોટા મુર્ખા છીએ, આપણે થવું નથી, આપણે સાબિત થવું છે. સાબિત થવું એ જ આપણી સિધ્ધિ છે, એ જ આપણી મોજ

છે, એ જ આપણો ધર્મ છે, એ જ આપણું દાન છે, એ જ આપણી આરાધના છે. અને આ બધી રામાયણમાં "પવા" નો CONCEPT જ ઉડી ગયો છે. ક્યારે આપણે સારા બનશું, ક્યારે આપણે નિર્દંભ બનશું, ક્યારે પ્રામાણિક બનશું ? ક્યારે ભગવાનના આજ્ઞાંકિત બનશું, ક્યારે આત્માર્થી બનશું, આનો વિચાર આપણને આવ્યો ? આપણે ગાંડા કાઢીએ છીએ. આપણે કઈ રીતે સારા અને ઉંચા છીએ માટે આપણે લાંબુ-લાંબુ બોલીએ છીએ. સામી વ્યક્તિ ને સીધી કે આડકતરી રીતે સમજાવીએ છીએ કે ભાઈ, હું મોક્ષમાર્ગી છું, હું સાધુ છું, હું શ્રાવક છું, હું આરાધક છું, હું તપસ્વી છું, હું અંતર્મુખ છું, હું ભણું છું, શું જરૂર છે બીજાને સમજાવવાની? ખરેખર એ ગુણ હશે તો બીજાને કહેવાથી, જાહેર કરવાથી જતો રહેશે, ખરેખર એ ગુણ નથી તો આ દંભ કરવાથી ભવાંતરે પણ આ ગુણ મળશે નહિ.

અધ્યાત્મ કલ્પદ્રુમમાં મુનિ સુંદર સૂરી મહારાજ કહે છે,

अधीत्यनुष्ठानतप: क्षमाद्यान्

એ અભ્યાસ હોય, તપ હોય, ક્ષમા હોય, પણ જો તું દંભતા થી આ બધો ધર્મ કરે છે,

धर्मान् विचित्रान् विदधत्समायान् ।

न कल्स्यसे तत्फलमात्मदेह - क्लेशाधिकं तीश्च भवान्तरेषु ॥

તો પછી તને એ ધર્મનું ફળ, કાય-ક્લેશ થી વધારે કશું મળશે નહિ. અને ભવાંતરની અંદર, આ ધર્મ પ્રવૃત્તિ પણ અત્યારે મળી છે ને એ પણ નહિ મળે. દંભ સાથેનો ધર્મ એ ધર્મનો MISUSE છે, દુરુપયોગ છે, ધર્મની આશાતના છે, ધર્મનું અપમાન છે, ધર્મ દેખાડવા માટે નહતો, ધર્મ આત્મા માટે હતો, ધર્મ મોક્ષ માટે હતો,

આપણે ધર્મનો MISUSE કર્યો ધર્મની આશાતના કરી, અવહેલના કરી, હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

अवधीरितो हि योगो जन्मान्तरे ऽपि दुर्लभस्स्यात् ।

જે યોગની તમે અવગણના કરી, સમ્યગ્ લોકે જન્માંતરની અંદર પણ, એ યોગ તમને મળે નહિ. મનોમંથન કરો, આ ભવ હારવો છે કે જીતવો છે ? આપણે કોઈના-કોઈ ના- કોઈના માટે કરીએ છીએ તો આપણે ધર્મ નથી કરતા, બતાવવા કરીએ છીએ તો બરોબર નથી કરતા, મલિન ભાવનાથી કરીએ છીએ તો એ પણ તાત્વિક ધર્મ નથી, બરોબર નથી કરતા. આત્મા શુદ્ધ હોય, આત્મ સાક્ષી હોય, શુદ્ધ ભાવથી હોય, બધી જ જાતની માયા થી મુક્ત હોય, દશવૈકાલિક આગમમાં કહ્યું,

णो इहलोगट्ठयाए आयारमहिट्ठिज्जा णो परलोगट्ठयाए आयारमहिट्ठिज्जा...

આચાર એ આ લોક માટે નથી, પરલોક માટે નથી, કિર્તી, યશ, વગેરે માટે નથી. ભગવાને કહ્યું છે, નિર્જરા કરવી છે, મોક્ષ મેળવે છે, માટે આચાર પાલન કરવાનું છે. આપણે પાસે આચાર છે, આચાર સમાધિ નથી, દસવૈકાલિક આગમ કહે છે,

आयारसमाहिसंवुडे

આચાર સમાધિ થી સમૃદ્ધ એવા સાધુ !

अप्पडिबद्धे

પૂજ્ય હિરસૂરીજી મહારાજ, પાંચ હજાર સાધુ- સાધ્વીજી ના નાયક, તપાગચ્છાધિપતિ, પંચસંવિગ્ન, પરમ વૈરાગી, પરમ જ્ઞાની, એક ગ્રંથ આવે છે "હીર પ્રશ્ન" જુદા જુદા સંઘો એ, જુદા- જુદા મહાત્મા ઓ એ પૂજ્ય શ્રીને પુછાવેલા પ્રશ્નો, પૂજ્યશ્રી એ આપેલા ઉત્તરો, પૂજ્ય શ્રીના એક શિષ્યે આ બધા જ સવાલ- જવાબ નું સંકલન કર્યું, સંસ્કૃત ભાષામાં આ ગ્રંથ, અનુવાદ આજે પણ મળે છે, એ વાંચો તો ખબર પડે કે એમની શું ભૂમિકા હતી ! કે આગમોથી જ્ઞાન મળે, આ મહાપુરુષ એમના

ઉદ્ગારો થી બે જ્ઞાનનો જન્મનો મળે.

अप्पडिबद्धो

પોતાની પાસે સંજ્યા છે, ગુણવત્તા છે, અને છતાંપણ ક્યાંય લેપાયા નથી, પ્રતિબંધ નથી રાખ્યો. બીજા ગચ્છો પ્રત્યે પણ જે સૌહાર્દ વર્તન, પોતાની પ્રત્યે વિપરીત વર્તન મળ્યું હોય, એમના પ્રત્યે પણ વાત્સલ્ય, અકબર બાદશાહ, શાંતિચંદ્ર ઉપાધ્યાય બીજા શિષ્યો સાથે હિરસૂરીજી મહારાજ એકવાર બેઠા, અકબર બાદશાહ ફીદા-ફીદા છે ને કહે છે આપની જે ઈચ્છા હોય તે બોલો, રાજ છું, મહારાજ છું, સમ્રાટ છું, આપનો ભક્ત છું, જે ઈચ્છા હોય તે બોલો, પૂજ્યશ્રીને કશું જોઈતું નથી, પૂજ્યશ્રી મૌન છે, શાંતિચંદ્ર ઉપાધ્યાય થોડાક-નજીક આવે છે, કાનમાં કાંઈક કહે છે ને પૂજ્યશ્રીના ચહેરા ઉપર અપ્રસન્નતા ની રેખાઓ ઉપસી આવે છે, અકબર ને જિજ્ઞાસા થાય છે, પૂજ્યશ્રી અપ્રસન્ન થયા, વાત શું છે ? અકબરે પુછ્યું ને પૂજ્યશ્રીએ કહ્યું કે, એમનું કહેવું એમ છે કે બીજા બધા ગચ્છ વાળા મારી આજ્ઞામાં રહે, એવું તમારી પાસે માંગુ, પણ આવું મને ઈષ્ટ નથી. હું કોઈની સ્વતંત્રતા પર તરાપ મારીશ, આપ જેમ કહેશો એમ બધાએ કરવું પડશે, વાત બધી સાચી, પણ એમાં મારે કોઈ જ રસ નથી.

આપણે દીક્ષા લીધી આગળ વધ્યા, પર્યાય આપણા અમુક થયા, આપણે શ્રાવક હોએ, વ્યાખ્યાનો સાંભળ્યા, પાઠશાળાઓમાં ગયા, તત્વજ્ઞાન ભણ્યા, સંઘમાં થોડા SENIOR થયા, આપણું કંઈક ચાલે છે. ગુરુકુળવાસમાં, સંઘની અંદર, મારી પાસે આ બધા ગુણો છે આ બધી આરાધના છે, આટલો TIME PERIOD મેં

અહીંયા વિનાવ્યો ને માટે હવે મારું ચાલવું જોઈએ, ત્યાં આપણે ચલાવવા માટે આરાધનાની સોરી કરતા હોઈએ છીએ. જેના માટે સંઘમાં સેવા આપી હતી, જેના માટે ગુરુ મહારાજ ની સેવા કરી હતી, જેના માટે ભેગા હતા ! કે બીજાને દબાવી શકીએ, બીજાના માથે બેસી શકીએ, આપણું ચલાવી શકીએ, આ પાયો જ આખો ખોટો છે, શાસ્ત્ર ચલાવો, ભગવાન-ની આજ્ઞા ચલાવો.

ગૌતમસ્વામી અષ્ટાપદ ગિરિ ઉપર જાય છે, યાત્રા કરે છે, નીચે ઉતરે છે, પંદરસો તાપસો જાય આખો જમીને રાહ જોતા હોય છે, ક્યારે આવે ને એમના પગ પકડી લઈએ, વીંટળાઈ વળે છે બધા, બસ હવે તમે જ મારા ગુરુ, અને એ સમયે સહજ-પણે ગૌતમસ્વામી એટલો જવાબ આપે છે, કે ભાઈ તમારા ને મારા એ ત્રિલોકનાથ ગુરુ !

ઉપમિતિ ભવ પ્રપંચ કથાની અંદર, ધર્મબોધકર, એવી ઉપમા આપી રસોડું છે એની અંદર પરમાન્ન છે, તત્ત્વપ્રીતિકર પાણી છે, ભવની ગલી નો ભુંડો ભિખારી આવે છે, ધર્મબોધકર એટલે સદ્ગુરુ, બહુ જ પરિશ્રમ પૂર્વક, એને અંજન આંજે છે, એની અંધાપો જાય છે, તત્ત્વપ્રીતિ પાણી એને પાય છે, એને પ્રીતિ થાય છે તત્ત્વ પ્રત્યે, એને પરમાન્ન આપે છે, પેટાની બોડી પાર થઈ જાય છે, ન્યાલ થઈ જાય છે, પગ પકડી લે છે તમે જ મારા ગુરુ, અને ધર્મબોધકર જવાબ આપે છે કે, ભાઈ તારા ને મારા જિનેશ્વર પરમાત્મા, અરિહંત પરમાત્મા, એ ગુરુ !!

સાચો ગુરુ એ છે જે પોતાને ગુરુ માનતા જ નથી. સાચા ગુરુ એ છે, જેને પરમાત્મા જ ગુરુ લાગે છે. સાચા ગુરુ એ છે જેને પોતાના શિષ્યો સહવર્તી લાગે, ગુરુભાઈ લાગે, આદરણીય લાગે.

જ્યાં માર્ગદર્શન આપવાનું છે, સારણાદિ કરવાનું છે,
ત્યાં ગુરુત્વ ની બધી જ ભૂમિકા ભજવે પણ ગુરુત્વ
ના અભિમાનથી શૂન્ય રહે. એ સાચા ગુરુ !!

આપણે હજુ એ વ્યવહારિક ગુરુ પણ
ના બન્યા હોઈએ, જેને ગુરુત્વ નો પ્રેમ થાય,
ગુરુ એટલે મોટા ! આપણને લાગતું હોય આપણે
મોટા છીએ, બીજા સાધુ કરતા, બીજા શ્રાવક કરતા,
તો આપણે કશું સમજ્યા જ નથી.

★ મોટાઈ જેવી હલકાઈ બીજુ કોઈ જ નથી. ★

★ ગુણવાન તરીકે ની સભાનતા જેવો બીજો કોઈ
દોષ નથી ★

★ તપસ્વી તરીકે નું ઘમંડ હોય, એ નિશ્ચયદ્રષ્ટિએ
બાળઘેલા પણું છે. ★

★ હું ત્યાગી છું આવી અંદર કંઈક રાઈ ભરેલી
હોય, આ બીજા દુન્યવી ભોગી કરતા એક અપેક્ષા
એ મોટો ભોગ છે ★

પહેલાની બિચારા જીવો અહીંયા આવ્યા
જ નથી, ઊંચક્યા જ નથી, કંઈ ગતાગમ જ નથી,
ગુણ શું હોય એ જ ખબર નથી. આપણે ગુણ-
વાન થઈ ગયા, પછી એ આપણામાં દોષ હોય તો
એ તો ઘણો મોટો દોષ છે.

અકબર બાદશાહે ઘણી વિનંતીઓ
કરી છે, આપને આ આપું, આ આપું, પણ -
હીરસુરીજી મહારાજ,
અપ્પડિબદ્ધો
બાદશાહ નું આગ્રહ ભર્યું નિમંત્રણ હતું, શાસનનું
કાર્ય છે, માટે ગયા છે, અભુવન ફત્તેહપુરી-સીક્રી

માં રહી શકતા હતા. રોજ અકબર બાદશાહ ના દરબારમાં માનનીય સ્થાને બેસી શકતા હતા. રોજ સન્માન ઉપા-ર્જન પામી શકતા હતા, હીરસૂરીજી મહારાજ LIMITED PERIOD ત્યાં રહીને ત્યાંથી નીકળી ગયા. હું તમને કહું છું કે તમને નીકળી જતા આવડે છે ને તો તમે કોઈક સમજ્યા છો. આપણી આખી જિંદગી ઘુસવાની પેરવી, ઘુસવાની મથામણ કરતા રહીએ છીએ. નીકળ-વાની આપણી પાસે CONCEPT જ નથી. આપણી છેલ્લો પ્રશ્ન એ આવીને ઉભો રહે કે તો આ બધું કર્યું હતું શા માટે ? અને આ પ્રશ્ન જ સાબિતી બની જાય છે કે, મોક્ષ, આત્મા, પરલોક એની સાથે આપણને કોઈ લેવા દેવા જ નથી. આના માટે જ કર્યું હતું.

તમે મહાત્મા ને વંદન કરવા આવ્યા ને કહ્યું કે સાહેબ આજે એક લગન માં જવું છે, મહાત્મા કહે કે ભલે ભાઈ, કદાચ જમવું એ તમને પડે પણ એટલું નક્કી કરો, રોટલી ને દાળ બે દ્રવ્ય વાપરવાના. તમે સીધા પુછશો તો સાહેબ લગનમાં જવાનું શા માટે ! સંઘમાં સેવા કર્યા પછી, આગળ આવ્યા પછી, - નીકળવાની વાત સમજાય નહીં, SEAT છોડવાની વાત - સમજાય નહિ, બીજા આગળ નમતું મેલવાની વાત - સમજાય નહિ, જતું કરવાની વાત સમજાય નહિ, - મેં દાન આપ્યું, મેં કામ કર્યું, મેં સેવા કરી, - માટે હું આગળ, માટે તમે પાછળ, અને જો મારે પાછળ રહેવાનું હોય તો, મેં આ બધું કર્યું શા માટે ? આ પ્રશ્ન જ એની સાબિતી છે કે આપણે આ બધું આગળ આવવા માટે જ કર્યું હતું, આપણને સેવામાં, દાનમાં તો કોઈ રસ જ ન હતો. તમે જેટલા પાછળ રહી શકો છો એટલા તમે આગળ વધી શકો છો. તમારાથી દિક્ષા પર્યાય, કોનો ત્રણ વરસ, ચાર વરસ, પાંચ -

પરસ જેની જાણો છો, એની આગળ તમે વિનયપૂર્વક વર્તી શકો, તો તમે ખરા અર્થમાં મોટા! જેનું હૃદય મોટું એ મોટા, જેનું હૃદય નાનું એ નાના!

પ્રેમસૂરીશ્વરજી મહારાજ, રૂમ ની અંદર બેઠા છે, સંઘના બહુ મોટા અગ્રણી આવ્યા છે. ગંભીર કોઈ વિચારણા ચાલી રહી છે, નજીકમાં બાળ મુનિ સંથારેલા છે. બિમાર છે. સાહેબે, જોયું કે એમના ચહેરા ઉપર કાંઈક મુંઝવણ છે. ચર્ચા ત્યાં અટકાવી ને સાહેબ ઉભા થયા, ત્યાં બાળ મુનિ પાસે ગયા, કંઈ જોઈએ છે, કંઈ તકલીફ છે, બાળ મુનિએ કહ્યું કે મારે માત્રુ જવું છે. જો મહાત્મા ફ્રી છે નજીક અહીંયા આવો એમને લઈ જાવ, બરાબર કરી દેજો, નહી! સાહેબ એમનો હાથ પકડીને એમને કેબીન માં લઈ ગયા, બારણા ની જયણા કરી, બહાર ઉભા રહ્યા, બાળ મુનિ આવ્યા, હાથ પકડીને પાછા એમને સુવાડી દીધા. પ્યાલો લઈને પાછળના દર-વાજે થી સાહેબ નીકળી ગયા, ચારસો શિષ્યો ના ગુરૂ, ગચ્છાધિપતિ, સિધ્ધાંત મહોદધિ, બ્રહ્મચર્ય સમ્રાટ, કલિકાલ કલ્પતરૂ, પ્રેમસૂરીશ્વરજી મહારાજ એક બાલ મુનિ માટે, પ્યાલા નીચે ઉતરી શકે, હું તમને પુછુ કે આપણે ક્યાં ?

સંઘના એક નાના માં નાના માણસ પ્રત્યે, આપણને આવો ભાવ ન હોય, કે હું એમનો પણ સેવક થાઉં, ત્યાં સુધી આપણે કશું સમજ્યા જ નથી.

अप्पडिबद्धो

પૈસાનો ઘમંડ, BANK BALANCE નો ઘમંડ, સોના-ના દાગીના નો ઘમંડ, આ પણ સંસારવર્ધક છે. આરાધના નો ઘમંડ, તપનો ઘમંડ, દાનનો ઘમંડ, આ પણ સંસારવર્ધક છે. અધ્યાત્મસાર માં

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ, બે પ્રકારના વૈરાગ્યની વાત કરે છે,

विषयेषु गुणेषु च द्विधा भुवि वैराग्यमिदं प्रवर्तते ।

પહેલો વૈરાગ્ય વિષયોનો વૈરાગ્ય, ભાવતા ભોજનોનો, ગમતા દ્રશ્યોનો, મધુર સંગીતનો, સુંવાળા સ્પર્શનો, પહેલો વૈરાગ્ય વિષયોનો વૈરાગ્ય. બીજો વૈરાગ્ય ગુણોનો વૈરાગ્ય, એનો પણ ઘમંડ નહિ, એની પણ આસક્તિ નહિ ! તપથી પ્રગટેલી શક્તિઓ, દાનથી પ્રગટેલું વર્ચસ્વ, આરાધનાથી પ્રગટેલી કીર્તિ, એની પણ આસક્તિ નહિ !

એ અંતરને ઢંઢોળી આપણે ક્યાં છીએ, પાછા આપણે ત્યાં ને ત્યાં આવીને તો નથી ઉભા ને. ગંદી ગોબરી વાસ મારતી ભિખારી હોય ને કોઈ એને પ્રેમથી આહારી આપે, એને સ્નાન કરાવડાવે, સારા કપડા આપે, એની દાઢી કરાવે, એને અઢળક રૂપિયા આપી દે એને પોતાની હવેલીમાં - મહેલમાં એક માળ રહેવા માટે આપી દે, એને ધંધો આપી દે, બધું આપી દે, અને પાછો બીજે ચાર દિવસ પછી જોયે તો એ પાછો એ ચાર રસ્તે, ભીખ માંગવાનો વાટકો લઈને ફરતો હોય, કેવી લાગે ?! એ આપણે અનાદિકાળના રખડતા હતા, ભટકતા હતા, દેવ-ગુરુની કૃપા થઈ, આ ભવ મળ્યો, જૈન કુળ મળ્યું, સર્વ વિરતિની આરાધના મળી, જિનવાણી મળી, હવે અંદરની વૃત્તિઓ જોઈએ, અંદરના રાગ-દ્વેષ, અંદરના કષાયો, અંદરની અશુભ પરિણતિઓ, પહેલા ભીખ માંગતા હતા વાત જુદી હતી, પહેલા રાગ-દ્વેષ હતા, કષાયો હતા, એ વાત જુદી હતી, બધું મળ્યા પછી પણ એ જ ભીખનો વાટકો ! એજ વિષય-કષાયો, એજ રાગ-દ્વેષો, એજ અસદ્ વૃત્તિઓ, આ કેટલું બધું અજુગતું લાગે ! આપણા કરતા એક અપેક્ષા એ અભવ્ય જ સારો જેને લાયકાત જ નથી, કાંઈ સ્પર્શ્યું જ નથી, એ કાંઈ સમજ્યો જ નથી, ને ઉંધુ-ચતું કર્યા કરેને

સંસારનો ભાર ઓછો કરીને, સંસારમાં ભટક્યા કરે,
આપણે ચોયફાન લઈને બેઠેલા, આપણે સમજેલા,
આપણે પામેલા, આપણે આટલા ઉપર આવેલા, -
અને પછી એવું વર્તન કરીએ, તો કેટલું બધું અજુગતું
લાગે !

હિરસૂરીજી મહારાજ, LIMITED TIME -
રહ્યા, પાછળ શાંતિચંદ્રજી ઉપાધ્યાય ને મુક્યા, પાછળ
ભાનુચંદ્રજી ને મુક્યા, એકે શિષ્ય ની જરૂર લાગશે
નહિ, હું છું ને, મને બોલાવ્યા છે, મારા હિસાબે બધું
છે, અકબર બાદશાહ સાથે કોઈએ વાત કરવાની નહિ,
હું જ વાત કરીશ, કોઈએ આગળ-પાછળ આવવાનું
નથી, ત્યાં ચોમાસું ભવ, ત્યાં ભવ.. ત્યાં ભવ.. ત્યાં
ભવ... હું અહીંયા ચોમાસું રહીશ, મારે અહીંયા
રહેવું પડે એમ છે.

અકબર પાસે આવનારા ઘણા હતા,
અનેક ધર્મના લોકો એમની પાસે આવતા, અનેક
ધર્મના સંન્યસ્ત, દીક્ષીત, પંડિત રહ્યા, બીજા પણ
લોકો એમની પાસે આવતા. શાસન ના પણ બીજા
ગચ્છના મહાત્મા એમની પાસે આવતા, પણ હીરસૂરીજી
મહારાજ જે એમને સ્પર્શ્યા, જે ઓવારી ગયો,
ફિદા-ફિદા થઈ ગયો, અને પાછળ પણ વર્ષો સુધી
અકબર જીવ્યા ત્યાં સુધી, પૂજ્યશ્રીના કોઈને કોઈ
શિષ્ય-પ્રશિષ્ય, ત્યાં એમણે રાખ્યા જ હતા, એનું
કારણ હિરસૂરીજી મહારાજ ના પાંચ હજાર શિષ્યો હતા,
એ બહુ જ્ઞાની હતા એ વાત નહોતી,
એમની સંયમ ચર્યા નિર્મળ હતી એટલી વાત પણ
ન હતી, અકબરને સૌથી વધારે સ્પર્શી હોય ને
તો એમની અપ્રતિબધ્ધતા ! એક પદની અંદર
અહીંયા પીસ્તાલીસ આગમની સાર મુકી દીધો છે.

અકબર બાદશાહ કહે છે અગ્યાર નવરત્ન માંથી એક રત્ન હતા, તમારા જ જૈન યતિ હતા, પદ્મસુંદર એમનું નામ હતું. એ તો ગયા, પણ એમની આખી જ્ઞાનની જમની, એમની આખી એક જ્ઞાનભંડાર, એ મારી UNDER માં છે ને એ હું આપને આપું છું. જે અમુલ્ય પુસ્તકો કહેવાય, જે દુર્લભ પુસ્તકો કહેવાય, કેટલી તાડપત્રીઓ, કેટલી હાથ પ્રતો, કેટલા ભોજપત્રો, કેટલા કાગળ પત્રો, કરોડો રૂપિયા આપતા પણ જે વસ્તુ મળે નહિ, આજના સમયમાં પણ એની હરાજી થાય તો અબજો રૂપિયા ની ઉપજ થાય. હીરસૂરીજી મહારાજ ને સામે થી વસ્તુ આપી હતી ને હીરસૂરીજી મહારાજ એ સ્પષ્ટ કહી દીધું, હું સાધુ છું ને મારે કશો પણ પરિગ્રહ કલ્પે નહિ! છેવટે કોઈ સંઘને અપાવી દીધું, પોતે ન રાખ્યું તે ન જ રાખ્યું !!

अप्पडिबद्धो

રાજ વશ થાય એ મોટી સિદ્ધિ નથી, પણ મને રાજ વશ થયો છે આવી સભાનતા સુદ્ધા ન હોય, આ મોટી સિદ્ધિ !!

ભિખારી ચાર રસ્તે બેઠા હોય, પાંચીયા-દસીયા ગણતા હોય, ખાવાના પણ સાંસાં હોય, કોઈ વ્યક્તિ નજીક માં આવી છે, એના મિત્ર સાથે. ભારતના TOP 10 કક્ષાના ઉદ્યોગપતિઓની વાત કરી રહી છે, હજારો-કરોડો .. લાખો કરોડો રૂપિયાની વાતો છે. આમ..ને..તેમ..ને..ફલાણું...ને..ઢીકણું. બંને ભિખારી આમ માથે હાથ દઈને બેસે ને થાય કે આમાં આપણે ક્યાં ?

મહાપુરુષો ની વાત જુદી, હરીભદ્ર સૂરી મહારાજ ના શાસ્ત્રો સાંભળીએ, હીર સૂરીજી મહારાજની વાત સાંભળીએ, શુદ્ધ આરાધના કોને કહેવાય, શુદ્ધ સાધના કોને કહેવાય, સાચા સાધુ કે શ્રાવક

કોને કહેવાય એની વાત સાંભળીએ, તો ભિખારીઓ ની જેમ આપણે હાથ દેવાનું મન થાય, કે આમાં આપણે ક્યાં ?

હરીભદ્રસૂરી મહારાજ, યોગબિંદુ ગ્રંથની અંદર સ્પષ્ટ કરે છે,

आगमादेव सर्वोऽयं व्यवहार: प्रतिष्ठित: ।

આ બધો જ મોક્ષ માર્ગ, આ બધી જ આરાધના, આ બધા જ આચાર, આ બધી જ વિધિ, આગમો થી પ્રવૃત્ત છે આગમોથી પ્રતિષ્ઠીત છે.

तत्रापि हाठिको योऽयं, हन्ताज्ञाना स शेखर: ॥

એમાં પણ જે હાથીન છે, હઠથી કરવું છે, ઈચ્છાથી કરવું છે, પોતાના ગણિત થી કરવું છે, પોતાના - વિચારો થી આરાધના કરવી છે, હરીભદ્ર સૂરી - મહારાજ કહે છે કે દુનિયાનું સર્વોત્કૃષ્ટ અજ્ઞાન આ જ છે. આગમિક આચાર, આગમિક વ્યવહાર, આગમિક મોક્ષ માર્ગ, એમાં આપણે આગમિક રીતે નથી ચાલવું, આપણી રીતે ચાલવું છે, આનાથી વધારે હઠગ્રાહીપણું, જડપણું, અજ્ઞપણું, મુર્ખપણું, મૂઢ પણું, બીજું કયું હોય શકે !! મોક્ષમાર્ગ નો સંબંધ આપણી ઈચ્છા સાથે, રૂચિ સાથે, આપણે ક્યાંક આત્મીયતા બંધાય એની સાથે, આપણને શું ફાવી ગયું, ગમી ગયું, અનુકૂળ આવ્યું, એની સાથે નથી, મોક્ષ માર્ગનો સંબંધ આગમ સાથે છે. જો આગમને છોડીને ચાલવું છે તો મોક્ષ માર્ગ છૂટી જ જવાનો છે. આપણે ચતુર્માસ ની લાય માં છીએ, દસમો માળ, પંદરમો માળ, વીસમો માળ, પચ્ચીસમો માળ, ત્રીસમો, આપણે પાયાનું POST - MORTEM કરવાની જરૂર છે, પાયો છે કે નથી ? છે તો કેવો છે, નક્કર છે, પોલો છે, ખોટો છે, કેવો છે ? હરીભદ્રસૂરી મહારાજ બહુ સરસ મઝાની વાત કરી

રહ્યા છે કે અંતિમ આરાધક જે સેવા લે એ સંપૂર્ણપણે અપ્રતિબદ્ધ પણે લે. પોતે જે વિરતી લોપ, અનંત કાળે-મળ્યો, એ પડી ના ભય, એની માટે લે.

तह वि तया अद्दीणो जिणवरवयणम्मि जायबहुमाणो ॥२६७९॥

સેવા લેવી પણ પડે તો દીનતા ના હોય. કદાચ મહાત્મા ક્યાંક આઘાપાછા થયા, તો હાય ક્યાં ગયા, આવી કોઈ વસ્તુ ના હોય. અમારા દાદા ગુરુદેવ પદ્મવિજયજી મહારાજ સાહેબ, આજથી લગભગ ૬૦-૭૦ વર્ષ પહેલા એમને કેન્સર થયું, ડોક્ટર જે અવાર-નવાર આવતા એમનું એ જ કહેવું હતું, કે આ પીડામાં આ શાંતિ શક્ય નથી. એમની જગ્યાએ-બીજો દરદી હોય ચીસાચીસ કરે, બુમાબુમ કરે, હોસ્પિટલ આખી માથે લે, એમને શાંતિથી રહેવા ના દે. આમની કોઈ ફરિયાદ નથી, પીડાની અભિવ્યક્તિ નથી. આટલું કેન્સર પ્રસરી ગયું. અમેરિકા નો એક MINISTER હતો, ડલેસ એમનું નામ, એક વાર એમને કેન્સર થયું હતું, એણે જાહેરાત કરી હતી, મારું કેન્સર મટાડે, કરોડો ની-મિલકત એને આપી દઉં. કાળધર્મ બંને નો થયો છે, એક આર્તધ્યાનમાં ગયો, હાયવોય માં ગયો, અશુભ-ધ્યાનમાં ગયો, બધાને હેરાન કરીને ગયો, ખુદ અનેકગણો હેરાન થઈને ગયો. અને અમારા દાદા ગુરુદેવ પૂર્ણ સમતાની સાથે ગયા. પયન્ના આગમ સુત્રો કહે છે,

धीरेण वि मरियव्वं काउरिसेण वि अवस्स मरियव्वं ।

જે ધીર છે, નિર્ભય છે, બહાદુર છે, એણે પણ મરવાનું છે. જે ગભરાય છે, હાય મરી જઈશ, હાય મરી જઈશ, હાય મરી જઈશ, એણે પણ મરવાનું છે.

ता निच्छियम्मि मरणे वरं खु धीरत्तणे मरिउं ॥

જ્યારે મરણ નિશ્ચિત જ છે, તો પછી ધીર પણે મરવું એ જ ઉચિત છે. પયન્ના આગમ સુત્રો કહે છે,

सीलेण वि मरियव्वं असीलेण वि अवस्स मरियव्वं ॥

જે સુશીલ છે એણે પણ અવશ્ય મરવાનું જ છે,

જે દુ:શીલ છે એને પણ અવશ્ય મરવાનું છે.

ता णिच्छियम्मि मरणे वरं खु सीलत्तणे मरियं ॥

મરણની નિશ્ચિત જ છે, તો શીલ સંપન્ન થઈને, આચાર સંપન્ન થઈને, ભગવાનના આજ્ઞાંકિત થઈને મરવું એ જ સારું છે. સાધકતાનો સાર અદીનતા! કલિકાલ સર્વજ્ઞ વિતરાગ સ્તોત્રમાં કહે છે,

त्वदङ्घ्रिशरणस्थस्य मम दैन्यं न किञ्चन।

હાથમાં શાસન આવ્યું, હાથમાં ધર્મ આવ્યો, હાથમાં મણિ સાક્ષાત મોક્ષ આવી ગયો, વિશ્વનું સર્વોત્કૃષ્ટ તત્વ મળી ગયું, પછી હીનતા શા માટે! અબજોપતિ - માણસ ચોપાણીયું લઈને ચાર રસ્તે બેસે ને, આંખમાં આંસુ હોય, કોઈ પુછે તો કહે એક કલાકથી કોઈએ આમાં એક રૂપિયો નાખ્યો નથી, એના જેવી આપણી બધી તકલીફ છે. કશું ગયું નથી, કશું ગુમાવ્યું નથી, કોઈ આપણું કશું લઈ શકે એમ નથી, આપણું - કશું બગાડી શકે એમ નથી. આપણને કોઈ જ ફરક પડી શકે એમ નથી, અને છતાં આપણે દીન હોઈએ, એનો મતલબ આપણે કંઈ સમજ્યા નથી ને મળેલા શાસનને, મળેલા સુયોગોને, મળેલા દેવ-ગુરુ આપણને જોઈએ એટલું ફળ્યા નથી. અબજોપતિ ભિખ માંગે એનો અર્થ એ જ છે કે એ અબજો રૂપિયાને સમજ્યો જ નથી, એક-બે રૂપિયાની મોહ છે. આપણું બધું જ રોવું, રૂપિયા- બે રૂપિયાનું છે, અને આપણને મળેલું શાસન અબજો રૂપિયા કરતા પણ વધારે છે.

જિનશાસન નો સત્ત્વ હોય એના ચહેરા પર અનુપમ ભક્તિ હોય, એના ચહેરા પર કેફ હોય, એક આનંદ હોય, અને આ દુન્યવી નવાજુનીઓ, શરીર ની નવા જુની ઓ, ધંધાની નવાજુની, વ્યવહારની નવાજુની, ઘરની નવાજુની, શું ફરક પડે છે. અબજો રૂપિયામાંથી ચારાના- આઠાના ગયા તો એ શું

classmate

જો આવ્યા તો એ શું !

વધઘટની કોઠાઓ રાખે હિસાબ,

નથી પરવાહ સન્મેદર ની હોની !

કાંઠે ઉભેલા ને લાગે કે આ પાણી આવ્યું ને આ પાણી ગયું. દરિયાને આવ્યું શું ને ગયું શું ! દરિયો દરિયો છે, એને કંઈ ફરક પડતો નથી. ઉત્રે હોય, તુચ્છ હોય, કંઈ હતું જ નહી, એની બધી વધઘટના હિસાબો હોય, પળો-જણ હોય, આર્તધ્યાન હોય, જે ખ્યાલ થઈ ગયો એને શું હિસાબ હોય ! હરીભદ્રસૂરી મહારાજ કહે છે.

સંસારાઓ વિરત્તો જિણેહિં આરાહગો ભણિઓ ॥૨૬૭૯॥

ભગવાનના વચન પર જેને બહુમાન છે, મળેલા શાસનનો જેને આનંદ છે. જેને ક્યાંય આસક્તિ નથી. એ સંસારથી સંપૂર્ણ પણ વિરક્ત છે. એનશની ને એવું પણ બને શેઠને - સમાચાર મળ્યા, શેઠ ને સમાચાર મળ્યા, કરોડપતિ એને મળ્યા બને તેઓ મળવા આવ્યા ! એમ ન આવતા હોય, અનશની છે તો આવે, લોકોની લાઈનો લાગે, મહાપૂજા માં લાંબી- લાંબી લાઈનો લાગે ને, ઇધર- ઉધર - જો-જો ઇધર, લોકો દર્શનાર્થે ઉભા હોય ઉપાશ્રય / દહેરાસર ની બહાર, રોડ ઉપર, સંલેખણા ના અતિચાર ની પંક્તિ છે,

સુખ આવે જીવિતવ્ય વાંછ્યું.

આટલા બધા લોકો, આટલા બધા અહોભાવ થી પગે લાગે, અનુમોદના કરે, પ્રશંસા કરે, વંદન કરે, બધે મારું જ નામ, ઘરે ઘરે મારી જ વાત, હજારો ના હજારો લોકો આવ્યા જ કરે, આવ્યા જ કરે, આવ્યા જ કરે, હજુ આયુષ્ય લંબાય તો સારું, હજુ કેટલા દિવસ ખેંચાય એટલું સારું, હજુ જીવું તો સારું,

દુઃખ આવે મરણ વાંછ્યું.

લોકો તો કોઈ આવતા નથી, હવે આ સહન થતું નથી, હવે તરસ એટલી લાગી છે, ભુખ એટલી લાગી છે, હવે પચ્ચખાણમાં શરીર દુઃખી થાય છે ને, હવે જલ્દી મરું તો

classmate

સારું,

દુઃખ આવે મરણ વાંછ્યું

હરીભદ્રસૂરી મહારાજ કહે છે આ પણ સંસાર છે. તમે - આહારમાં ન લેપાયા, આહાર ના પચ્ચક્ખાણ લીધા - ને હવે લોકો માં લેપાય છો કે સમય લો મનની એક આહાર જ છે, હજુ તમારું અનશન અધુરું છે. હજુ શાતાની ઈચ્છા છે. હજુ અશાતા નમળે એની ઈચ્છા છે, તો એ અનશન અધુરું છે. જલ્દુ જીવવું, જલ્દુ જીવવું, આવું થાય છે તો એ અનશન અધુરું છે, જલ્દી હવે ઉપડી જઉં, તો એ અધુરું છે.

આચારાંગ સૂત્રની અંદર સુધર્મા સ્વામી ભગવાન કહે છે,

જીવિયં ણાભિકંખેજ્જા, મરણં ણો વિ પત્થએ।

ન તમે જીવનની ઈચ્છો, ન તમે મરણની પ્રાર્થના કરો,

દુહઓ વિ ણ સજ્જેજ્જા, જીવિએ મરણે તહા ॥

નથી જીવનની આસક્તિ, નથી મરણની આસક્તિ, ત્યારે સાચી આરાધના થાય છે. સમભાવની પરાકાષ્ઠા મળી છે, કોઈ દ્રશ્ય નથી સ્પર્શતા, અનુમોદના ના શબ્દો માટે મળી આરાધક બહેરા થઈ ગયા છે, શરીરની કોઈ પડી જ નથી, આવી દશા પ્રાપ્ત થઈ હોય, ત્યારે ખરા અર્થમાં આરાધના કારગર થાય છે. માથે લઈને હાથ જોડીને ભિખારી આપણે બનવું નથી, ઉદ્યોગ-પતિ થવું છે, આ પરિણતિ ને માંજવું છે, કઈ રીતે માંજવું હરીભદ્રસૂરી મહારાજ ઘણી વાતો એની કરે છે, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ,

प्रवचन-१५ | प्रथम  DATE 04 09 2020

પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, પંચ વસ્તુક ગ્રંથની અંદર, અંતિમ આરાધના સંદર્ભમાં, સોળસો એંસી ગાથામાં કહે છે,

जं सो सयावि पायं मणेणा संविग्गपक्खिओ चेव ॥१६८०॥

શા માટે અંતિમ આરાધક, એટલા બધા નિરશંસ, નિરપેક્ષ, નિષ્પ્રતિબદ્ધ થી ભાવથી પોતે સેવામાં, એક જ અપેક્ષા કે મારી આરાધના બરાબર થાય, છુટ - છુટ માટે કદી હોતી જ નથી. છુટ, ઉત્સર્ગ માટે હોય છે. જે સવિગ્ન આત્મા છે, સંવેગી છે, મોક્ષાભિલાષી છે, તત્વ પામેલો છે, અને તત્વની સભાનતા જેને છે. એ કદી અપવાદ માર્ગનું સેવન કરતા મલકે નહિ. મલકાટ બનાડે છે કે આપણી પક્ષપાત, આપણી ઢીલાપ, હકીકતમાં ધર્મ પ્રત્યે છે જ નહિ, મલકાટ બતાડે છે કે અંદરથી આપણને પાપ જ ગમે છે, અંદરથી આપણને અનુકૂળતા જ ગમે છે. અંદરથી આપણને - સાધના સાથે લેવાદેવા નથી.

जं सो सया वि पायं मणेणा संविग्गपक्खिओ चेव ।

આરાધક આત્મા એ છે જેની અંતરની સંવિગ્નતા કોઈપણ પરિસ્થિતિમાં, ઓસરે નહિ અને ઓછી ન થાય ! પ્રેમસૂરીશ્વરજી મહારાજ, અંતિમ સમયની અંદર, ઉકાળા વગેરે એમને લેવું પડતું, એ સમયે એમની બાજુમાં બેઈને, મહાત્માઓનું અંતર રડી જતું ! વિરાધનામાં - આપણી દ્રષ્ટિએ એવી કોઈ વિરાધના હતી નહી, બે-ચાર ઉકાળા, મગનું પાણી વગેરે સાહેબને ડોક્ટરના આગ્રહથી વપરાવવું પડે, અને એમાં સાહેબ એટલો ખુદ બાળે --- એટલો ખુદ બાળે, કદાચ નિર્દોષતા ની અંદર જેટલી - નિર્જરા કરતા હશે એના કરતા, વધારે દોષિત માં હતી. હકીકતમાં દોષ શું છે ? અંદરનો પ્રમાદભાવ, અંદરની અનુકૂળવર્તીતા, કષાયવર્તીતા, વિષયવર્તીતા, આ દોષ છે. કારણ હતું, ગાઢ કારણ હતું, ગુરુની અનુજ્ઞા હતી, શાસ્ત્ર વિહિત હતું, એ રીતે અપવાદ માર્ગનું સેવન - કરવામાં આવ્યું એ દોષ નથી. ખુદને ઉગ્ર ઉત્સર્ગ

પાલન કરાવે છે, ધ્રુવને અપવાદ માર્ગ એમાં ઉણી જતાં પણ કરાવે છે, પણ સંવિગ્નતા સાપેક્ષનું અપવાદનું સેવન એને કરાવતું નથી.

જં જો સયાવિ પાયં મણેણ સંવિગ્ગપક્ખિઓ ચેવ।
આરાધક ભાવનું હાર્દ સંવિગ્નતા છે. અંદરથી આત્મ-સાક્ષીના પરિણામ, અસદ્ભાવ પ્રામાણિકતા, HONESTY, એ કેટલી જાગૃત છે. અંદરથી દોષ, પાપ, ત્રુટિ, ભૂલો કેટલી ખટકે છે. અંદરથી શુદ્ધત્વ નો કેટલો પક્ષપાત છે. અંદરથી આત્મજાગૃતિ કેટલી છે. એના આધારે નક્કી થાય છે કે આપણે આરાધક છીએ કે વિરાધક! આપણી સ્થિતિ એ TYPE ની છે, કે કોઈ આવકે મન કાવે તો એકાઈ કરી લીધી, મન કાવે તો રાતે ખાઈ લીધું! બિંદાસ એકાઈ કરે ને, બિંદાસ રાતે ખાઈ પણ લે, ત્યાં હેજીનો ક્રેડિટ એ અમુક આરાધના હોય શકે છે, જેને આરાધક ભાવ કહેવાય એ ત્યાં નથી હોતો.

દાદા ગુરુદેવ ભુવનભાનુ સૂરીશ્વ મહારાજ, છેલ્લે PARALYSIS ATTACK, (લકવો), વગેરે રોગો, ૮૧-૮૩-૮૪ વર્ષની ઉંમર, આખી જિંદગી કરેલું ઊભા-ઊભા પ્રતિક્રમણ, ડોક્ટરે કીધું હતું કે હવે ઊભા નહી રહેતા, એ પડશો તો સીધું HEMRAGE થશે, સેવામાં જે મહાત્માને ગોઠવે, જે ભાઈ, સાહેબ ઊભા રહે, સાહેબ પડી જાય તો એમને પકડી લે, સાહેબને કંઈ વાગે નહિ, ઈજા થાય નહીં, વિનંતી કરે સાહેબ આખી જિંદગી ઊભા-ઊભા કર્યું, હવે થોડું સાચવી લો, હવે તો બેઠા-બેઠા કરો ને સાહેબ ના શબ્દો હતા, તમે જે સાધુ ગોઠવો છો, એ ની બદલે ચાર ગોઠવવા હોય તો ચાર ગોઠવો, હું ઊભા-ઊભા કરીશ!! પગમાં જરા વાગ્યું ને બેઠા, પ્રતિક્રમણ કર્યું પણ કરવું

પડ્યું, ચાલો વાગ્યું છે તો આપણે બેઠા કરી શકીએ, આવો ભાવ આવ્યો, ત્યાં દૈજીવી આરાધના હશે, વિરાધક ભાવ નહીં હોય! થોડી પણ આરાધના સંવેગનતા ની સાથે કરી હશે, ઘણી આરાધના કરી હશે, સંવેગનતા નહીં હોય, એ માત્ર દ્રવ્ય ક્રિયા હશે! ઋજુ હૃદયે, શુદ્ધ હૃદયે, બાહ્ય ભાવોથી આસંશાઓથી કરેલી આરાધના, એ ધર્મનો ROLE (પાત્ર) ભજવ્યો હોય છે. ક્રિયાનો રોલ ભજવ્યો, આરાધના નો રોલ ભજવ્યો, આરાધના કરી નથી. આરાધનાનો રોલ ભજવવો એ જુદી વસ્તુ છે, આરાધના કરવી એ જુદી વસ્તુ છે. નાટક હોય, MOVIE હોય, એમાં ROLE ભજવવાનો હોય છે. આ મમ્મી, આ પપ્પા, આ દીકરો, આ પતિ, આ પત્ની, આ મિત્ર, આ દુશ્મન. રોલ ભજવવાથી શું થાય? ROLE ભજવવાથી સંવાદ થાય છે, ઘટના થાય છે, તમે તેને પાત્ર છો પણ હકીકતમાં આનાથી કશું જ નથી કારણ કે ROLE ભજવાય છે. અંતર ભગવાનના વચનથી ભાવિત નથી થયું, પલળ્યું નથી, તાત્વિક આરાધકતા મળી નથી, ત્યાં સુધી આપણી પૂજા, ચૈત્યવંદન, પ્રતિક્રમણ, અઠ્ઠમ, અઠ્ઠાઈ, સામાયિક, આ બધું ROLE ભજવવા જેવું છે. આપણે સ્વાધ્યાય એ કર્યો, વૈરાગ્ય નો કર્યો, તમે રોલ ભજવ્યો. તમે ગુરુમા ની સેવા પણ કરી, તમે રોલ ભજવ્યો. પડિલેહણ કર્યું, પ્રતિક્રમણ કર્યું, રોલ ભજવ્યો.

**સભાનો પ્રશ્ન** :- રોલ ભજવતા, ભજવતા, પરિણતિ આવી જાય, એવું થાય?

**પૂજ્યશ્રીનો ઉત્તર** :- ના નથી, ROLE ભજવવા કરતા ઘરે બેસો, ROLE ભજવવા કરતા ઓફિસે બેસો આવી વાત નથી. ROLE ભજવતા પરિણતિ આવી જાય, એ માટે જ ROLE ભજવવાનો શાસ્ત્રકારો એ ના પાડી. પણ હું કહું છું કે ક્યાં સુધી રોલ જ ભજવ્યા

કરશો. હવે પ્રોફિટ જ નહિ હોય, હવે લક્ષ્ય જ નહિ હોય, હવે આપણને તો લાગે છે કે બધું જ થઈ ગયું - કૃતાર્થ થઈ ગયા ! કાંઈ બાકી જ રહ્યું નથી, હવે - આપણે તો એજ પિપુડી વગાડયા કરીએ છીએ, જે મળે એની આગળ, કે હું તો આટલી બધી આરાધના કરું છું. આપણે ક્યાં હવે માનીએ છીએ, કે હવે આરાધના છે કે ROLE ભજવીએ છીએ, એ પણ મોટો સવાલ છે !

એક ઘટના ક્યાંક વાંચી હતી, રાજગૃહી - નગરી ની અંદર, શ્રેણિકરાજા ને અભયકુમાર બંને એક રૂમમાં બેઠા છે ને વિચારણા ચાલી રહી છે કે કેટલા ધર્મી હશે અહીંયા અને કેટલા પાપી હશે શું ખબર પડે ? અભયકુમાર કહે બધી ખબર પડે, - રાતોરાત બે મોટા મહેલ જેવું ઉભું કરી દીધું એક કાળો ને બીજો સફેદ. આખો દિવસ ઢંઢેરો પીટાવ્યો કે આવતી કાલે સવારે, બધા નગરજનો એ આવી જવાનું, જે ધર્મી હોય એ સફેદ મહેલમાં, જે પાપી હોય એ કાળા મહેલમાં, જવાનું. આખો દિવસ ઢંઢેરો ચાલુ રહ્યો બધાને ખબર પડી ગઈ, સવારે શ્રેણિકરાજા ને અભયકુમાર ત્યાં જવા નીકળ્યા, લોકો પહેલે થી - આવી ગયા હતા, સફેદ મહેલ ભીચોભીચ ભરાઈ ગયો હતો. ઘણા દરવાજાને પકડી ને ઉભા હતા ને ઘણા બહારની દિવાલ ને હાથ અડાડી ને ઉભા હતા, કે અમે બધા પણ આની અંદર જ છીએ બધાને ખ્યાલ આવે.

અને શ્રેણિકરાજા ને પણ બહુ જ આશ્ચર્ય થયું, આટલા બધા ધર્મીઓ, અને કાળા મહેલમાં જોવા ગયા તો અંદર આનંદ શ્રાવક, કામદેવ શ્રાવક વગેરે બધા અંદર હતા. શ્રેણિકરાજા એ પૂછ્યું કે તમે અહીંયા, તમે જાહેરાત બરાબર સાંભળી ન

હતી, ઉપદેશમાં કંઈ ગેરસમજ થઈ છે, ધર્મીઓએ ત્યાં જવાનું હતું, તેઓએ આંખમાં આંસુ સાથે કીધું હજુ ઘણા આરંભ અને પરિગ્રહ અમારી પાસે છે. અઢાર પાપસ્થાનકો છે, ષટ્કાયની હિંસા છે. અમે ધર્મી નથી!

જં સો સયાવિ પાવં મણેણ સંવિગ્ગપક્ખિઓ ચેવ।

સાચો સાધક એ જેની આંખ વારંવાર ભીંજાયા કરતી હોય, સાચો સાધક એ જેને પોતાના દોષ ખુબ-ખુબ ખટકતા હોય. સાચો સાધક એ કે જે કોઈની સાથે NORMALLY ૫-૧૦ મિનિટ વાત કરે, તો એ પોતાનો દોષ, ક્યાંક થી ને ક્યાંક થી કહે કે મારામાં આવા દોષો છે. સાચો સાધક એ રડ્યા વગર રહી ના શકે. સાચો સાધક એ જે મહેમાનોની અનુમોદના કર્યા વગર રહી ના શકે. સાચો સાધક એ જે પોતાને સિદ્ધ તો ના માને, હજુ હું સાધક પણ સાચો નથી થયો એવું માને. સાચો સાધક એ જેનું અંતર સતત ડંખ્યા કરતું હોય, કે આટલી આટલી મારી વિરાધના, આટલા-આટલા દોષો, આટલા આટલા કષાયો, હજુ હું કેટલો બધો પાપી છું, કેટલો દોષિત છું.

અહમદનગરની અંદર પૂજ્ય પ્રેમસૂરીશ્વરજી મહારાજા બિરાજમાન હતા. સાહેબની દીક્ષા તિથી આવી, સાહેબની રજા લેવા જઈએ તો કાંઈ રજા મળે નહિ, શિષ્યોએ ચુપચુપ સંઘમાં જાહેરાત કરાવી દીધી હતી, અને એ દિવસે સાહેબના ગુણાનુવાદ થયા. રોજ-મહાત્માઓ સ્વાધ્યાયમાં હોય, પણ આજે વ્યાખ્યાનમાં ગયા કારણકે ગુરુ મહારાજના ગુણાનુવાદ! સાહેબને ખ્યાલ આવ્યો કે મહાત્માઓ દેખાતા નથી, સેવામાં એક મહાત્મા હતા તેમને પુછ્યું કે મહાત્માઓ ક્યાં ગયા? વાત કરી કે આજે આપનો દીક્ષા દિવસ, એ નિમિત્તે સંઘમાં ગુણાનુવાદ રાખેલા છે, એમાં મહાત્માઓ ગયા છે. સાહેબની આંખમાં આંસુ આવી ગયા, સાહેબ કહે કે મારામાં છે શું કે મારા ગુણાનુવાદ!

संविग्गपक्खिओ चेव ।

મારું નામ માઈકમાં ન હતું બોલાયું, મને હાર ન હતો પહેરાવ્યો, ગુરુમહારાજે ગાના વખાણ કર્યા, મારા ન કર્યા, આ ભાવ આપણા મનમાં છે. કે શા માટે મારું નામ લેવામાં આવ્યું, મારામાં છે જ શું ? અરે પાપ ભાગશે મારું નામ લેશો તો !

પૂજ્ય શ્રી ગળગળા થઈને બોલ્યા, ગુણાનુવાદ કરવા હોય હિરસૂરીજી મહારાજ ના કરો, કલિકાલ સર્વજ્ઞ ના કરો, મારામાં એવું શું છે ? મોક્ષ મેળવો હોય તો પહેલા માં પહેલા ખુબ જ લઘુ બનો, નાના બનો ! આ ભવમાં આપણા મુખ્ય કર્તવ્ય એ જ છે.

आत्मदोषोपसंहार आत्मगुणोपबृंहणम् ।

આપણા દોષોને દુર કરીએ, આપણામાં ગુણો લાવવાનો પ્રયાસ કરીએ.

प्रस्तुतं हि द्वयं कृत्वे शेषं स्यादात्मवञ्चनम् ॥

તમે આ બે કરો તો તમે ફાવી ગયા છો, બાકીનું જે કરો, એનાથી તમે છેતરાયા છો. જે સર્વ ગુણ સંપન્ન કહેવાય, વિશિષ્ટ જ્ઞાની, વિશિષ્ટ સંયમી, વિશિષ્ટ બ્રહ્મચારી, એમના સમયમાં જે શ્રુત વિદ્યમાન હતું, એ સર્વના પોતે પારગામી, અને એ પોતે વિચારે, કશું જ મારામાં નથી, અને આપણે તુલના કરીએ કે આપણે આપણા માટે શું વિચારીએ છીએ. પાંચ- પચ્ચીસ આગમો કરી લીધા, પાંચ- પચ્ચીસ શાસ્ત્રો કરી લીધા, થોડા દાન દઈ દીધા, થોડી તપસ્યા કરી લીધી, અને આપણને એવો થઈ લાગ્ય, અભિમાન થયું, હું બહુ મહાન છું, તો હકીકતમાં આપણે કશું જ સમજ્યા નથી !!

છગનની છોકરી ગાંડી થઈ ગયેલી ને પાગલખાનામાં એને મુકવા જવું પડ્યું, ત્યાં બધી

ENTRY ઓ કરાવવાની હતી, MANAGER બધી વિગત જાણતો હતો ને, બધું પપ્પાનું નામ ને રહેઠાણની વિગત બધું લખીને પુછ્યું કે એનું નામ શું છે ? એટલે - એણે કહ્યું છત્રપતિ શિવાજી મહારાજ ! એટલે બધા પરિવાર વાળા શરમાઈ ગયા, એટલે મેનેજરે કહ્યું કે હું સમજી શકું છું, તમે ચિંતા ના કરો, અહીંયા - ALREADY દસ શિવાજી મહારાજ છે, આઠ ઝાંસીની રાણી છે, નવ નેપોલીયન છે, પાંચ સિકંદર છે, અહીંયા બધું જ છે. જે એ નથી એને માની લે એનું નામ પાગલ.

આપણે નથી, જે આપણે આપણને માની લીધા છે. આપણે કેમ પાગલ નથી ! આપણને લાગે છે કે આપણે ધર્મી થઈ ગયા, દેવલોક નક્કી છે, બે-ચાર ભવમાં મોક્ષ નક્કી છે તો, આપણે કશું સમજ્યા નથી. આજની તારીખમાં તમારા/મારા આત્મામાં એવા કર્મ છે, જે નરક ગતિની અંદર જ ભોગવવા પ્રાયોગ્ય છે. નરક આયુષ્ય આપણે બાંધ્યું હોય કે ન પણ બાંધ્યું હોય, પણ એ સિવાયની એવી કર્મ પ્રકૃતિઓ છે નરક-ગતિના કર્મો વગેરે વગેરે, એવા અશાતા વેદનીય કર્મ વગેરે વગેરે. જે નરકની અંદર ભોગવાશે. આપણને પકડી લીધા છે, BOMB આપણને બાંધી દીધા છે, પુપલીત BOMB છે કે ફુટે એટલે ફુરચા ઉડી જાય, એવી દયાજનક સ્થિતિમાં આપણો આત્મા છે.

આપણે મજેથી હરીએ છીએ ફરીએ છીએ, હસીએ છીએ, ખાઈએ છીએ, પીએ છીએ, આપણે કશું છે જ નહિ !

जं सो सच्चवि पावं मणेण संविग्गपक्खिओ चेव ।

સંવિગ્ન ની બૃહદ્કલ્પ આગમ સુત્રની અંદર વ્યાખ્યા કરી,

चकितः

સમ્ + વિજ્ (વિજ્) ધાતુ છે. ચકિત નો અર્થ છે સતત ફડકા વાળો!

ફડકો, ડર, ભય, ગભરાટ, ક્ષોભ,

दव्वे भिओ

બૃહત્ કલ્પ આગમ કહે છે દ્રવ્યથી સંવિગ્ન કોણ ? નો મૃગાહરણ,

स सदैव चकितः आस्ते।

જે હંમેશા ચકિત હોય, ફડકો હોય, ક્ષોભ હોય, ગભરાટ હોય, આમ ધ્રાસ્કો થતું હોય, કંઈક અવાજ આવ્યો એટલે ભાગી છૂટે.

भावे मूलुत्तरेसु जयंतो।

જે મુળ ગુણ અને ઉત્તરગુણમાં યતના કરે એ ભાવથી સાધુ. આચારોની અંદર શિથિલતા, સ્વ પ્રશંસા, બેદરકારી, સુખ મળ્યું ભોગવી લો, સંવિગ્નતા નથી. મુળ ગુણ અને ઉત્તરગુણોમાં, મહાવ્રતોમાં, સ્વાધ્યાય, ગુરુસેવા, પડિલેહણ, પિંડ વિશુદ્ધિ ની અંદર તમારી યતના કેટલી છે, એ તમારી સંવિગ્નતા નો પરિચય છે. વ્રતો, નિયમો એની અંદર દ્રઢતા, પાપ પ્રત્યે તીવ્ર હેય બુદ્ધિ, જુગુપ્સા બુદ્ધિ, પાપથી ભાગી છુટવા પણું, આત્મ નિંદા, પરગુણ અનુમોદના, આ બધા સંવિગ્નતા ના લક્ષણો છે. દ્રવ્ય થી આરાધના ઓછી છે, વધી છે, એનાથી - આપણો મોક્ષ અટકી જવાનો નથી, અંદરથી તૂટી ગયા, અંદર થી ફસકી ગયા, અંદરથી લપસી ગયા, પાપનો પક્ષપાત ઊભો થઈ ગયો, પુણ્યનો પક્ષપાત છુટી ગયો, નિષ્ઠુરતા આવી, કઠોરતા આવી, આત્મપ્રશંસા આવી. ત્યારે સમજી લેવાનું કે હવે મોક્ષની વાત ભુલી જવાની. જ્ઞાની ઓ કહે છે,

अत्तपसंसा पुरिसस्स होइ चिण्हं सुणिग्गुणत्तस्स।

આત્મ પ્રશંસા એ તીવ્ર નિર્ગુણતા નું લક્ષણ છે. મારામાં બિલકુલ ગુણ નથી, હું છેલ્લી પાયરી એ છું. પછી હું આત્મા પ્રશંસા કરીશ હું આવો છું... આવો છું... આવો છું... આવો છું... મારામાં આ બધા

ગુણી છે. શાસ્ત્રમાં ચાર ભાવના જણાવી છેલ્લી ભાવના માધ્યસ્થ ભાવના, મૈત્રી બધા પ્રત્યે, પ્રમોદ ગુણવાન પ્રત્યે કરૂણા દુઃખી પ્રત્યે, માધ્યસ્થ્ય કોના માટે ? યોગશાસ્ત્ર માં કલિકાલ સર્વજ્ઞ એ જવાબ આપ્યો,

क्रूरकर्मसु निःशङ्कं देवतागुरुनिन्दिषु ।

જે ક્રુર કર્મી છે, NUMBER ONE. જે દેવગુરૂના નિંદક છે, NUMBER TWO,

आत्मशंसिषु योपेक्षा तन् माध्यस्थ्यमुदीरितम् ॥

અને જે આત્મ પ્રશંસી છે, NUMBER THREE !! એમના પ્રત્યે માધ્યસ્થ્ય ભાવના, એમને કોઈ કહેવાનો અર્થ નથી, કારણકે તેઓ છેલ્લી પાયરી ના છે. આપણા થોડા - વખાણ આપણે કરી લીધા, આપણા સુકૃતો ની અનુમોદના આપણે કરી લીધી, ચાર જણ વચ્ચે આપણે આપણા ગુણ ગાઈ લીધા, એમાં ખોટું શું થયું ? કલિકાલ સર્વજ્ઞ કહે છે, આનાથી મોટું ખોટું કામ છે જ શું ! પોતાના મોટા પણ ગુણ છે જ નહિં એવું લાગે, બીજા ના નાના ગુણ પણ મોટા કરીને જોઈએ, તો સમજ - વાનું કે હવે આપણામાં સંવિગ્નતા આવી છે.

इयरो उ विरइरयणं

હવે તમે કહો કે ભઈ જૈનિઝમ આરાધક હંમેશા સંવિગ્ન પાક્ષિક જ હોય, આવું તમે કહો છો, ધારોકે કોઈ નથી તો શું ? હરીભદ્રસૂરી મહારાજ સોળમી એંશીમી ગાથા ના ઉત્તરાર્ધ માં કહે છે.

इयरो उ विरइरयणं

જે ~~બીજા~~ છે એ વિરતી રત્ન,
અસંવિગ્ન

ण कहइ चरमे वि कालम्मि

એ અંતિમ સમયે પણ વિરતી રત્નને પામેલા હોતા નથી. એવું બની શકે કે આખી જિંદગી દીક્ષા લીધા, પ્રમાદ સેવ્યો, પણ મોત જ્યાં સામે આવી ગયું, હવે એ સમયે તો એ મહાત્મા ALERT થઈ જાય, જાગૃત થઈ

થય. ભલે આખી જિંદગી જે પણ કર્યું, હવે તો માથે
મોત આવી ગયું, હવે મારે મરવાનું, પરલોક માં જવાનું,
હવે મારું થશે શું ? હવે મારે બિલકુલ ઢીલ-
સેવવાનો નથી, આખી જિંદગી નથી આવ્યો પણ
છેલ્લા સમયે એવો ભાવ આવી જાય, હજુ કદાચ શક્ય
છે. પણ જે સંવિગ્ન જ નથી, હરીભદ્ર સૂરી-
મહારાજ કહે છે કે અંતિમ સમયે પણ એને વિરતી
રત્ન મળે, એ શક્ય નથી! મોત માથે હોવા છતાં
જીવ સીધો થવા તૈયાર નથી.

સાધ્વીજી ભગવંત હતા, શિથિલાચારી હતા,
આગમ ની અંદર એમનું ઉદાહરણ બતાડ્યું. છેલ્લે-
અનશન લેવાની ભાવના થઈ કે ચાલો અંત સમયતો સુધરે.
શીથિલાચાર એટલે શું એમને અમુક મંત્ર-તંત્ર આવડતા
હતા. એમને મંત્ર-તંત્ર કરીને, મંત્ર-તંત્ર નો પ્રયોગ કરે
એટલે આંબાવાડી સંઘના બધા જ ઘરે એવું મન થાય કે
ચાલો ને સાધ્વીજી ભગવંત ને વંદન કરવા જઈએ.
અને લાઈનો ની લાઈનો લાગી હોય, ટોળે-ટોળા આવે,
બધા જપ પુછે, વંદન કરે, અનુમોદના કરે, શાતા પુછે,
સારું લાગે. આવું મનગમતું થાય - બધું આખી જિંદગી
કર્યું હશે. એને દુષણ કહેવાય. આ સાધુનો આચાર
નથી. લોકોથી તો વિમુખ થવાનું, પરાંગમુખ થવાનું,
સાધક થવાનું, અંતર્મુખ થવાનું, આનું નામ સાધુ!
અનશનની ભાવના થઈ એટલે આચાર્ય ભગવંતે કહ્યું
કે તમે પહેલા અત્યાર સુધીના દોષોની આલોચના કરી
લો. બધી આલોચના કરી, શુદ્ધિ થઈ. આચાર્ય ભગવંતે
એમને ચતુર્વિધ આહારના પચ્ચક્ખાણ કરાવ્યા, ઉપવાસ
એમના ચાલુ થયા, બે, ચાર, પાંચ, સાત, દસ,
પૂર્વ સંસ્કાર વિના ફાવતું નથી. આ કોઈ આવે નહિ
એ કઈ રીતે ચાલે ? એટલાઈ આપણો કરીને પારણું
કરાવવા કોઈ આવ્યું નહિ, ઉપવાસ આપણાને હતો ને

પડિલેહણ કરવા કોઈ આવ્યું નહિ, શાતા આપણે કોઈએ પુછી નહીં, એની જાણીયે લાગે, એનો અર્થ એ છે કે અમ ધર્મમાં આપણે ભેરાયા નથી. આચારાંગ સુત્રમાં કહ્યું છે, સંસારી વતનમાં પણ સાધુને જવું પડે ને, સ્વજનો ને જરૂર પડે એ પહેલા ગોચરી જવાનું હોય ને પોતાને, તો જુદી દિશામાં ગોચરી જઈ આવે, જેથી એમને ત્યાં જવું ના પડે. નારદ-પરિવ્રાજક ઉપનિષદ કહે છે,

विद्वान् स्वदेशमुत्सृज्य देशान्तरं गतः ।
कारागारविनिर्मुक्त - चौरवद् दूरतो वसेत् ॥

તમે દીક્ષા લીધી, તમે સાધનાના પંથે ચડ્યા, તમે તમારા-પ્રદેશથી વિહાર કર્યો, હવે એ પ્રદેશથી એવી રીતે દુર રહેજો, જે રીતે જેલમાંથી ભાગી છુટેલ કેદી એ જેલના પ્રદેશથી દુર રહે. સખત સજા હતી દસ વર્ષો કાઢવાના હતા, ભાગ મળ્યો ને ભાગી છુટ્યો, હવે પાછો ત્યાં ક્યારે જાવવાનો. સ્વજનો જેને જેલ લાગે, સંસાર જેને જેલ લાગે, સંસારી વતન જેને જેલ લાગે, ઓળખીતા- પાળખીતા- પરીચિતો બધા જ જેને જેલ લાગે, એનું નામ સાધુ !

ઓળખાણો વધારવી છે, સંબંધો વધારવા છે, બાહ્ય વ્યવહારો વધારવા છે, એનું સમાનાર્થી વાક્ય એ છે, કે સાધુતા ઘટાડવી છે.

मा ममं जाणउ कोइ माऽहं जाणामि किंचि वि ॥

ન હું કોઈ ને ઓળખું, ન મને કોઈ ઓળખે, જેની આ ભુમિકા છે, ઋષિભાષિત આગમ કહે છે, એ સાધુ ! એક અટ્ઠાઈ તમે કરી હોય, હું તમને કહું છું, પારણું તમારું આવી રહ્યું છે, પર્યુષણ તમારા આરાધનામય, કે બાહ્ય ભાવ મય ?, એવા આરાધકો હોય છે, આખું ઉપધાન, માળની તૈયારી, વગેરેની પત્રિકા, એના આમંત્રણો, કોને બોલાવવા, અરે ભાઈ આના માટે છે ઉપધાન ?, આવું હશે એ આવશે, એ મળે સગાઓ, જે કરવું હોય એ કરે, કરશું ન કરે તો વાંધો નથી, આ એક હોઠ મહિનો મને મળ્યો, હું સંસારની ગટર માંથી

ગંગા માં આવી ગયો. હવે હું આ બધી ગટરની ક્યાં પલોજણ કરું ! ગંગામળી છે, ગંગા જળ મળ્યું છે, પવિત્રતા મળી છે, શીતળતા મળી છે, શુદ્ધિ મળી છે શા માટે એને છુટી ના લઉં. તમારી પાસે પાંચસોના સંપર્કો છે, ઈશ્વર ના સંપર્કો છે, પંચરસો ના છે, આ બધી તમારી મિલકત નથી મુસીબત છે. સંબંધ એ જ બધા દુઃખનું મુળ છે.

સંજોગમુલા જીવેણ પત્તા દુક્ખપરંપરા ।

બધી જ દુઃખની પરંપરાઓનું કોઈ મુળ હોય, તો એ સંયોગ છે. ઉપનિષદો માં બહુ મઝની વાત કરી,

તેન ત્યક્તેન ભુંજીથા: ।

સંસારની જે વસ્તુનો તારે જરી ભોગવટો કરવો હોય, એ વસ્તુ નો નું ત્યાગ કરી દે, ત્યાગ એજ ભોગ છે, કારણકે ભોગ નો અર્થ જો આનંદ કરીએ, તો જરી આનંદ તો ત્યાગમાં જ મળતો હોય છે, માટે ત્યાગ એ જ જરો ભોગ છે.

इअरो उ विरइरयणं ण लहइ चरमे वि कालम्मि ।

અસંવિગ્ન છે, એનો અંત પણ સુધરતો નથી. અંતે પણ એને ગુણસ્થાનક ની સ્પર્શના થતી નથી, કારણકે હજુ એનું મન સંવેગ થી એવું ભાવિત થયું હોતું નથી. આપણને આત્મઝગણ નું હજુ મુલ્ય છે. આપણને સંવેગ નું મુલ્ય જરું ?, નથી એઈનુ કોઈ નામ, નથી એઈતો કોઈ સ્વાદ, નથી એતો કોઈ કામના, નથી એઈતો શાબાશી, કશું જ ના જોઈએ, મને આરાધકતા જોઈએ, હું મને મોક્ષ જોઈએ, આવો ભાવ આપણને આખી જિંદગી માં એક ક્ષણ પણ સ્પર્શ્યો જરી. આપણે ફક્ત ROLE ભજવીએ છીએ. એક નાટક થઈ જાય છે, જરી ધર્મ થતો નથી. એની આજ સ્થિતિ છે તો હરીભદ્રસૂરી મહારાજ કહે છે, કે તમારો અંત પણ બગડવાનો છે.

સાધ્વીજી ભગવંત ના આઠ- દસ ઉપવાસ થયા અને રહેવાયું નહિ, મંત્ર- તંત્ર વગેરે નો પ્રયોગ કર્યો, લોકોના ધાડે ધાડા આવવા લાગ્યા, આખો દિવસ ટોળા ચાલ્યા.. ટોળા ચાલ્યા.. ટોળા ચાલ્યા... બીજા દિવસે આચાર્ય ભગવંત નિર્યામણા- કરાવવા, હિત શિક્ષા આપવા આવ્યા ને કહ્યું કે તમે પાછા દોષમાં બેઠા. તમે ચૂકી જશો, આટલું બધું કરો છો, ચારે આહાર છોડયા, અંતિમ સમય છે, તમે જોજો આ વિરાધના સંયમની ના કરો, તમારું બધું જ આમા બળી જશે, તો સાધ્વીજી ભગવંત ને થયું કે ના, ખરેખર મારી ભૂલ થઈ ગઈ. ફરી આલોચના કરી, પ્રાયશ્ચિત લીધું માફી માંગી, બે- ચાર દિવસ બીજા ગયા, ફરી સાધ્વીજી થી રહેવાયુ નહિ, ફરી મંત્ર- તંત્ર નો પ્રયોગ કર્યો, લોકોના ટોળે ટોળા આવ્યા, આચાર્ય ભગવંત ને ખ્યાલ આવ્યો, એમણે કહ્યું કે લોકોથી તમને શું મળવાનું ? એ આવે વંદન કરે, શાતા પુછે, એનાથી તમારા આત્માનું કંઈ જ વળવાનુ નથી. આ તો બહુ તુચ્છ છે, આ કશું જ નથી. જીવ અનંતી વાર રાજા- મહારાજા થઈ ગયો, લાખો- કરોડોની એની પ્રજા હતી ઘરે ઘરે એના ગીત ગવાતા હતા, તો એ આ જીવનું કંઈ વળ્યું નથી. આચારાંગ સુત્રમાં કહ્યું,

ण लोगस्सेसणं चरे।

તમે લોકોની પ્રશંસા, લોકપૂજા, લોક પબ્લીસીટી, લોક ક્રેડિટ, આને છોડી દો આમાં કશું મળવાનું નથી. સાધ્વીજી - ભગવંત ને ફરી પસ્તાવો થયો પ્રાયશ્ચિત લીધું, ત્રણ- ચાર ઉપવાસ હજુ થયા, રહેવાયું નહિ, ફરી પ્રયોગ કર્યો, લોકોના ધાડે ધાડા આવ્યા. આચાર્ય ભગવંતે કહ્યું, આ આટલા માત્રથી તમે બધું હારી જશો. શા માટે આવો પ્રયોગ કરો છો ? ત્યારે સાધ્વીજી ભગવંત હવે જવાબ આપે છે, કે હવે હું પ્રયોગ કરતી જ નથી, કર્યો જ નથી, આ તો લોકો પુર્વાભ્યાસ થી આવે છે. છેલ્લી શક્યતા હતી બચવાની, પ્રાયશ્ચિત, છેલ્લી શક્યતા હતી શુદ્ધ આલોચના, એને

પણ એમણે જાણી નાખી, જે કબુલે એને પ્રાયશ્ચિત
અપાય, જે કબુલતા જ નથી, અને તમારા પાપ હાની
ભગવાન ને ખબર પડ્યા ને તમને કહી દે કે તમને
આ પ્રાયશ્ચિત, આ પ્રાયશ્ચિત, એમ શુદ્ધિ ના થાય!
પંચાશક ટીકાની અંદર અભયદેવસૂરી મહારાજ કહે છે,

अन्यनिवेदनं हि शल्योद्धार:।

બીજા ને કહેવું, શુદ્ધ હૃદયે, ગીતાર્થ, સંવેગ્ન, પીઢ
ગુરુ ભગવંત આગળ, આપણા પાપોની આલોચના કરવી,
આ જ ખરા અર્થમાં શલ્યોદ્ધાર છે. પછી છે એ
બધા મલમ છે, ઔષધ છે, ઘા રૂઝવવાની પ્રક્રિયા છે,
તમને તપસ્યા વગેરે પ્રાયશ્ચિતમાં જે આપ્યું એ!
શલ્યોદ્ધાર શું છે?

अन्यनिवेदनं हि शल्योद्धार:

લક્ષ્મણા સાધ્વીએ જે પ્રાયશ્ચિત એ કર્યું, ઘોર તપ કર્યો,
શુદ્ધ ભાવથી આલોચના ન કરી, શલ્ય જ અંદર છે,
હજુ અંદર નો કાંટો જ નીકળ્યો નથી, બહારથી ગમે
તેટલા મલમ લગાડો, ગમે તેટલા મલમ-પટ્ટા કરો,
શું ફરક પડે છે. સારું લગાડવાની ભાવના, એણે
તમારા- અને મારા જીવને અનંત વાર ઉપરથી નીચે
પછાડ્યો છે. ગુરુ આગળ મારું ખરાબ લાગવું ના-
જોઈએ, સંઘમાં મારું સારું લાગવું જોઈએ, સાધુઓમાં
મારું મુખ્ય રહેવું જોઈએ, આમાં થી જ તુલના બચાવી
આમાથી જ સ્વ પ્રશંસા, આમા થી જ પર નિંદા,
આમાથી જ શુદ્ધ આલોચના નો અભાવ, આમાથી જ
માયા, દંભ, પાપ છુપાવવું, અસંવિગ્નતા, મને મોક્ષ
મળે, અને આ વ્યક્તિ ના હૃદયમાં મારું સ્થાન રહે,
આ બે માંથી આપણે સ્થાન ને PRIORITY આપી,
એના કારણે અનેક આરાધના હતી જેનાથી આપણો
મોક્ષ થઈ શકે, એ આરાધના બો નિષ્ફળ ગઈ,
અને આપણો મોક્ષ ના થયો.

इयरो उ विरइयथणं ण कहइ चरमे वि कालम्मि।
ચરમકાળ સુધારવો હોય, તો અચરમકાળ સુધારો, ઉત્તરા-ધ્યયન સૂત્રમાં ભગવાન સ્પષ્ટ કહે છે,

खिप्पं ण सक्केइ विवेगमेउं

તમે વિચારો કે ઠીક છે, ઘર છે, આ છે, ઓલ્યું છે, ફલાણું છે, આટલા AMBITIONS (અભરખા) છે, આટલા [illegible] લક્ષ્ય છે, આ કરવું, આમ કરવું, તેમ કરવું છે ને છેલ્લે આપણે જોશી આરાધના કરશું ને, જેવું સમાધિ મરણને આપણી સદ્‌ગતિ ને મોક્ષ, નક્કી! ઉત્તરાધ્યયન સુત્ર કહે છે એ શક્ય નથી. કટ થઈને તમે CUT OFF થઈ જશો, અંત સમયે તમે CUT-OFF થઈ જશો ?, આખી જિંદગી તમને સ્વજનનું સ્થાન ઓહર રહ્યું, આખી જિંદગી સ્વજન પ્રત્યે લાગણી રહી, એક લાગણીએ આખી જિંદગી પોષી, એ છેલ્લે તમે CUT-OFF કરી દેશો ?, આખી જિંદગી-તમને દુન્યવી વાસનાઓ રહી, આખી જિંદગી આશંસાઓ રહી, એ અચાનક જતુ રહેશે. આખી જિંદગી કષાયો થયા, અને જતા રહેશે. આખી જિંદગી ગમતી વસ્તુઓ પાછળ દોડયા, અંત સમયે ગમતી વસ્તુઓ તમારું મોત નહીં બગાડે. ઉત્તરાધ્યયન સુત્ર કહે છે,

तम्हा समुट्ठाय पहाय कामे।

તમે બહુ બહુ ધર્મ માટે ઉઠો છો, માત્ર ઉઠવા માત્રથી તમારો મોક્ષ નહિં થાય, સમ્યગ્ ઉત્થાન જોઈશે, સદ્ ભાવથી ઉત્થાન, મોક્ષ માટે ની તીવ્ર જઝબ્ય ઝંખના થી ઉત્થાન, મોક્ષ માટે છેલ્લી કોટો ની પુરૂષાર્થ કરવાની સજ્જતા સાથેનો ઉત્થાન,

तम्हा समुट्ठाय पहाय कामे।

हा धातु છે, ત્યાગ ના અર્થ માં જેને પ્ર ઉપસર્ગ લગાડવાથી આવ્યો. પ્રકર્ષ ભાવથી, પ્રકર્ષ કક્ષા ની, પ્રકર્ષ રીતે, સંપૂર્ણ ગમતી વસ્તુઓ, આસક્તિ ની વસ્તુઓ, ગમતા વિષયો, ઈષ્ટ વિષયો, આ બધાને ભાન મારીને ફગાવી ને-

તમે ઉભા થાવ. તો તમારી સંવિગ્નતા, આરાધકતા, મોક્ષ યાત્રીતા સચવાશે, તો તમારો ભવ પણ સુધરશે. તો પરલોક પણ સુધરશે, અને તો તમને મોક્ષ મળશે. હરીભદ્રસૂરી મહારાજ, ગાથા નંબર (૧૬૮૧) સોળસો એક્યાસી માં કહે છે,

संविग्गपक्खिओ पुण अण्णत्थ पयट्टिओ वि काऊणं।

જે સંવિગ્ન પાક્ષિક છે, એ ક્યાંક, કંઈક કારણ હોય, તમે કહો સાહેબ, આમ સમુધ્યાન તો કરીએ પણ અમારું LIMITATION શું ? અમારી ઉંમર થઈ હવે આટલી આકરી આરાધના થઈ શકે એમ નથી, અમારી અમુક મર્યાદા છે, એનાથી અમુક અમુક વિરાધના અમારે કરવી પડે, એકાસણા અખંડ થાતે એવી મારી શક્તિ નથી, મારે બેસણા, નવકારશી કરવી પડે છે. તો હું સંવિગ્ન ખરો કે નહિ ? અને હરીભદ્રસૂરી મહારાજ જવાબ આપે છે, જે સંવિગ્ન પાક્ષિક છે એ કાયથી શરીરથી, બીજે ક્યાંક પ્રવૃત્ત થયા હોવા છતાં, બની શકે સંયોગ છે, બની શકે લાચારી છે, બની શકે એકાસણા માં નહિ બેસણા માં છે, બની શકે, ભીના રસ્તા પર થઈને ગોચરી જવું પડ્યું, બની શકે - ઝરમર વરસાદમાં ગોચરી જવું પડ્યું, બની શકે વેપાર માટે વિદેશ ન છુટકે જવું પડ્યું,

अण्णत्थ पयट्टिओ वि काउणं।

સંવિગ્ન નું શરીર કદાચ ધર્મ સિવાય, ઉત્સર્ગ સિવાય ક્યાંક પ્રવૃત્ત હોય, એવું બની શકે. પણ

धम्मे चिअ तक्किच्छो दढरतित्थिव्व पुरिसम्मि ॥१६८१॥

પણ એની ઈચ્છા, એનું મન, એ તો ધર્મમાં જ હોય. જેમ કોઈ સ્ત્રી હોય, એની કોઈક પુરુષ પ્રત્યે રાગ થઈ ગયો, હવે બની શકે પતિ કદાચ દેશાવર છે, ગામમાં બીજે-ત્રીજે છે, દૂર છે, બીજા ગામમાં છે, પતિ છે- દીકરો છે બધું બરાબર. પણ એના

મનમાં પ્રેમ રતિ એ પુરુષ પ્રત્યે છે. હવે એ કાંઈપણ કરે, પેલી પુરુષની એના મનમાં રમ્યા જ કરે છે. હરીભદ્ર-સૂરી મહારાજ કહે છે કે જેમ એ સ્ત્રીની પ્રવૃત્તિ જુદી છે પણ એના મનમાં જુદુ જ રમ્યા કરે છે, એમ જરા અર્થમાં જે સંવિગ્ન હોય, એ પ્રવૃત્ત ભલે ક્યાંક વિરાધનામાં પણ હોય, બીજી રીતે કોઈ દોષમાં પણ પ્રવૃત્ત હોય, અંદરથી તો એના મનમાં ધર્મ જ હોય.

धम्मे चिय लग्गिच्छो

યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર, હરીભદ્રસૂરી મહારાજ, બહુ જ માર્મિક વાત કરી છે,

तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया ।

એક તમે તાત્ત્વિક પક્ષપાત લઈ લો, અને બીજું ભાવ શૂન્ય ક્રિયા લઈ લો. એક વ્યક્તિ છે, પૂજા કરવા આવી છે, ચાંદલો કરી લીધો, કેસર લઈ લીધું, રંગમંડપમાં ગયા, ગભારામાં ગયા, ભગવાન સુધી પહોંચી ગયા, ફટ-ફટ-ફટ-ફટ પૂજા બધી થઈ ગઈ. ચામર આમ-આમ કરી દીધું, દર્પણ આમ કરી દીધો, ચોખા-ફળ-નૈવેદ્ય કરી દીધું, ખમાસમણા દઈ દીધા, ચૈત્યવંદન થઈ ગયું, ઘરે પાછા આવી ગયા, ભાવ ક્યાંય ન હતો. બીજી વ્યક્તિ છે, વિદેશ જવું જ પડે એવું છે, પૂજા થઈ નથી, આખો દિવસ પૂજા.. પૂજા... પૂજા... પૂજા ચાલ્યા કરે, વારંવાર ભીંજાયા કરે અંતર ડંખાયા કરે, આ ક્યાં આવ્યો, આજે પૂજા ગઈ.. આજે પૂજા ગઈ.. આજે પૂજા ગઈ... મારી પૂજા જતી રહી! હરીભદ્રસૂરી મહારાજે પ્રશ્ન કર્યો કે આ બે માં DIFFERENCE (ફરક) કેટલો ?

तात्त्विकः पक्षपातश्च भावशून्या च या क्रिया ।

એક બાજુ તાત્ત્વિક પક્ષપાત છે, આંતરિક પ્રતિભાવ ATTACHMENT (ખેંચાણ) અંદરનું શુદ્ધ ક્રિયા પ્રત્યે, શુદ્ધ ધર્મ પ્રત્યે, શુદ્ધ આરાધના પ્રત્યે, અને બીજુ બાજુ

(૬૨૬)

ક્રિયા છે પણ ભાવ નથી. શું DIFFERENCE?
એની હરીભદ્રસૂરી મહારાજ જવાબ આપે છે,

अनयोरन्तरं ज्ञेयं भानुखद्योतयोरिव ।

જેટલું અંતર સુરજ અને ખજ્વાનું છે, એટલું અંતર તાત્ત્વિક પક્ષપાત, અને ભાવશુન્ય ક્રિયામાં છે. પક્ષપાત ગુજરાતીમાં થોડો NEGATIVE અર્થમાં પ્રચલિત છે. સંસ્કૃતમાં એનો અર્થ થોડો જુદો છે. તીવ્ર લાગણી એટલે પક્ષપાત !

સભાનો પ્રશ્ન :- વ્યવહાર મલિન હોય તો પક્ષપાત સાચો છે કે નહિ એ પ્રશ્ન ઉભો થાય છે.

પૂજ્યશ્રીનો ઉત્તર :- એટલે અહીંયા એ જ વાત કરે છે.

अण्णत्थ पयट्टिओ वि काउणं ।

વ્યવહાર મલિન છે એટલે શરીરથી કોઈ પાપમાં - પ્રવૃત્તિ છે, હિંસામાં પ્રવૃત્તિ છે. ઈર્ષ્યા હોય છે, ક્રોધ હોય છે.

धम्मे चिय तल्लिच्छो ।

અંદર ધર્મની જ ઈચ્છા છે. બીજા શબ્દોમાં આ જ વાતને હરીભદ્રસૂરી મહારાજે, યોગદૃષ્ટિ સમુચ્ચય ગ્રંથમાં કહ્યું

तप्तलोहपदन्यास - तुल्या वृत्तिः क्वचिद्यदि ।

જવાનું છે, વચ્ચે જમીન ઉપર લોઢાનું પતરું છે, એની તડકો બરાબર લાગ્યો છે, સખત તપ્યું છે, પગ આપણા ખુલ્લા છે, પણ ત્યાંથી જ જવું પડે એમ છે, તો કેવી રીતે જઈએ, બાપુશાહીથી ચાલીએ ધીમે ધીમે, વચ્ચે આમ ઉભા રહીએ, ફટ- ફટ- ફટ- ફટ પસાર થઈ જવાનું હોય, પગલા જે પુરા ના મુકવાના હોય, લાંબા લાંબા

DATE 04 09 2020

પગ ભરવાના હોય, માત્ર પંજે-પંજે જઈને એટલો ભાગ પુરી કરવાનો. અને હું

તપ્તલોહપદન્યાસ - तुल्या वृत्तिः क्वचिद्यदि ।

અને એ કોણ નક્કી કરે કે ભાઈ આ છીએ કે આ છીએ હું, એ જ્ઞાની જો મળી ને બીજી આપણો આત્મા મળે! જે ત્યાં ઉભો રહે છે એ તપેલા લોઢાની સમજ્યા જ નથી. એ પાગલ કહેવાય, એ મંદબુદ્ધિ - કહેવાય, મુર્ખા કહેવાય. જે પાપી પાપીને દોષ જોવે, ચાલો વિદેશ આવ્યા જ છીએ, પ્રભુ તો ગઈ, અહીંયા ક્યાંક CLUB માં જઈ આવીએ, આલ્યા કરતા એવું ભજું, પછી ક્યાં અહીંયા આવવાના. એ કશું સમજ્યા જ નથી. જેમણું છે, જેમણું કરવું પડે છે તો જેમણું કેવી રીતે કરવું. કેવા ભાવથી કરવું. કેવા દ્રવ્યથી કરવું, જેની પાસે આ અનુકૃતિ છે એની સંવિગ્નતા સચવાઈ જાય છે. જેની પાસે નથી એનો દ્રવ્યથી તો ધર્મ ગયો, ભાવથી પણ ગયો. હરીભદ્ર સૂરી મહારાજ, અદ્ભુત રહસ્યો અંતિમ આરાધનાના સંદર્ભમાં, આરાધક ભાવના સંદર્ભમાં, સંવિગ્નતાના સંદર્ભમાં પીરસવા જઈ રહ્યા છે. આજે સમય થયો છે. આજે આટલું રાખીએ!

---

વ્યાખ્યાન - ૧૭ "પ્રથમ" DATE 05 09 2020

ચૌદસો ચુમ્માલીસ ગ્રંથકર્તા, પૂજ્ય હરીભદ્રસૂરીજી મહારાજ, પંચવસ્તુક ગ્રંથમાં, છેલ્લી વસ્તુ - અંતિમ આરાધના, એના સંદર્ભમાં, ૧૬૮૨ મી ગાથામાં કહે છે,

नत्तो चिय भावाओ ठिमित्तभूअंमि चरमकालम्मि ।

હરીભદ્રસૂરી મહારાજ, આ ગાથાઓની અંદર, પોતાના હૃદય ના ઉદ્‌ગારો દ્વારા, સંવિગ્નતાની ગાથા, સંવિગ્નતા ની કિર્તી ગાઈ રહ્યા છે.

उक्करिसविसेसेणं कोई विरइं पि पावेइ ॥१६८२॥

ગઈકાલે જે વાત કરી કે, સ્ત્રીના મનમાં કોઈ બીજું રમે છે, હવે ગમે તે પ્રવૃત્તિ કરે, એ રસોઈ બનાવે, એ સાસુ-સસરા ની સેવા કરે, એ છોકરા ને તૈયાર કરે, એ પતિને જમાડે, એ ગમે તે કરે, હકીકતમાં તો એના મનમાં એ જ પુરુષ રમી રહ્યો છે. બરાબર એ જ રીતે જ્યારે સંવિગ્નતા મળી ગઈ,

धम्मे चिय तक्कित्छो

ત્યારે ધર્મ સિવાય એ જીવને બીજું કશું ગમતું જ નથી. એ દશા વિશેષ એક ભૂમિકા, એક પરિણતિ એ મળીગયું, ઉપાદેય બુદ્ધિ બંધાઈ ગઈ કે, જે ધર્મ છે એ જ સુખકર, એ જ હિતકર, એજ કલ્યાણકર, એ જ મારા માટે સારો છે, પછી જીવને બીજું કાંઈ ગમતું જ નથી. આપણે મોક્ષ માર્ગમાં ક્યાં પહોંચ્યા, એનું બહુ જ સરળ માપદંડ આપણે જાતે નક્કી કરી શકીએ એ એ છે, કે આપણને શું ગમે છે, આપણને આકર્ષણ શાનું છે ?, શાસ્ત્રકાર ભગવંતો કહે છે,

जा दव्वे होइ मइ अहवा तरुणीसु रूववंतीसु ।

જે પૈસામાં મતિ થાય છે, જે ધનમાં મતિ થાય છે. આપણે પરિગ્રહ પરિમાણ લીધું, વધારે માટે કદાચ દોડીએ પણ નહિ, ઉંધુ ચત્તુ કરીએ નહીં, ભ્રષ્ટાચાર

classmate

કરીએ નહિ, પણ હજુ આકર્ષણ કેટલું છે ?, એક રૂપિયાની કદાચ અડવાની પણ નથી, પણ જરૂર પડે કે આ અબજો-પતિ માણસ છે, અને આપણી આંખ પહોળી થાય ને જોઈએ કે ભાઈ આ કોણ છે. આ આકર્ષણ પણ પૈસાનું છે. જે પૈસા પ્રત્યે નું આકર્ષણ છે, જે રૂપવાન, વિત્ત-તીય, વ્યક્તિ પ્રત્યેનું આકર્ષણ છે.

સા ચે જિણવરમએ કરયલગયા તયા સિદ્ધી ॥

એજ આકર્ષણ જો ભગવાનના ધર્મ પ્રત્યે આવી જાય, તો સમજુ લો કે મોક્ષ આપણા હાથમાં જ છે. આપણી પાસે નોંધ છે, LIST છે, મેં આટલી વૈયાવચ્ચ કરી, મેં આટલો સ્વાધ્યાય કર્યો, મેં આટલો તપ કર્યો, મેં આટલી આરાધના કરી, મેં આટલા પુસ્તકો વાંચ્યા, મેં આટલા ગ્રંથો વાંચ્યા, હરીભદ્રસૂરી મહારાજ આપણને બહુ જ ધીરજથી, બહુ જ પ્રેમથી એટલું પુછે છે, કે ભાઈ તારું આકર્ષણ શેના પ્રત્યે છે ? તે ૧૦૦ ગ્રંથો વાંચ્યા પણ ગ્રંથ કરતા, ગ્રંથી પ્રત્યે, ગાંઠ પ્રત્યે, પૈસા પ્રત્યે તારું આકર્ષણ વધારે છે, તો તું ત્યાં નો ત્યાં જ છે. તે અઢળક તપસ્યાઓ કરી, ભલે તું કોઈ દુરાચાર ના કરે, કોઈ અનાચાર ના કરે, પણ હજુ પણ તારું વિત્તીય-પ્રત્યે નું આકર્ષણ ઊભું જ છે તો એવું નું એવું જ છે તો તું ત્યાં નો ત્યાં જ છે.

સા ચે જિણવરમએ કરયલગયા તયા સિદ્ધી ।

એક સંસારી વ્યક્તિ, એક ભવાભિનંદી વ્યક્તિ, એક મિથ્યાત્વી વ્યક્તિ, એક ભારે કર્મી વ્યક્તિ, એનું જેટલું આકર્ષણ પૈસા, પ્રત્યે - સ્ત્રી પ્રત્યે - વિત્તીય પ્રત્યે છે એટલું જ આકર્ષણ તમને ધર્મ માટે જાગી જાય, જિન-વચન માટે જાગી જાય, તો સમજુ લે કે મોક્ષ તારા હાથમાં છે.

તત્તો ચિય ભાવાઓ

હરીભદ્ર સૂરી મહારાજ કહે છે કે, સંવિગ્નતા જાગે, એનું

DATE 05 09 2020

કેળ શું મળે ?

कोइ विरइं पि पावेइ ।

કદાચ આખી જિંદગી સંયમ સ્થાન નો સ્પર્શ સુધ્ધા થયો નથી. આખી જિંદગી, ભાવથી પોતે સંયમી નથી, આવી કદાચ સ્થિતિ છે, સંવિગ્નતા મળી ગઈ, તો સમજજો, હવે એને ડગલે ને પગલે સાવધાની આવી જશે.

બિંધાસ્ત હોય એ કદી સાધુ ના હોય. જે સાધક છે, સાચો શ્રાવક છે, સાચો સાધુ છે, કુણું-કુણું અંતર હોય, દ્રવ્ય થી ભલે સંવિગ્ન હોય છે, સતત ચકિત, સતત ક્ષોભ વાળો, ભાવથી સાચો સાધક સંવિગ્ન હોય, સતત સાવધાન, મને કોઈ દોષના લાગી જાય ! ઉત્તરાધ્યયન સૂત્રની અંદર ભગવાન મહાવીર સ્વામી કહે છે,

चरे पयाइं परिसंकमाणो

તું પગલે પગલે ડરજે, તું પગલે પગલે શંકા કરજે, કે આમાં કંઈક પણ ખોટું તો નથી થઈ રહ્યું ને. મહાશ્રાવક હોય કે મહા-સાધુ હોય, એનું પણ બોલવું, ચાલવું, વર્તવું, વિચારવું, આ બધું જ સાવધાનપણે હોય ! શાસ્ત્રમાં ત્યાં સુધી કહ્યું, જે તમને નિશ્ચિત રૂપે ખબર છે, એ પણ તમે એવી રીતે કહો, કે એમાં ફેરફાર હોય શકે છે. સૂત્રકૃતાંગ આગમની અંદર સુધર્મા સ્વામી ભગવાને કહ્યું,

विभज्जवायं च वियागरिज्जा ।

સાચો શ્રાવક એ છે જે વિભજ્યવાદ બોલે, સ્યાદવાદ શૈલી થી બોલે, અનેકાંત વાદ થી બોલે, તમે મને પુછો કે સાહેબ કાલે છે કે નહિ વાચના, હું કહું કે ભાઈ વર્તમાન યોગ. હરીભદ્ર સૂરી મહારાજ કહે છે, સંવિગ્નતા ! રૂક્ષ, જડ, નિષ્ઠુર, અક્કડ, અહીંયા આવી પણ જાય, આરાધના એ કરી પણ લે, ધર્મી કહેવાય, આરાધક કહેવાય, પણ હકીકતમાં તેઓ મોક્ષ માર્ગમાં એક

કશાનું પણ ચાલ્યા હોતા નથી. એમ નીરીક્ષણ કરો કે ગઈ કાલ કરતા આજે, આપણી નમ્રતા કેટલી વધી, ગઈ કાલ-કરતા આજે આપણી સાવધાની કેટલી વધી, ગઈ કાલ કરતા આજે આપણી દોષ નો ભય કેટલો વધ્યો, ગઈ કાલ કરતા આજે આપણા અંતરમાં સમતા કેટલી પ્રગટી! ગઈ કરતા આજે આપણે અંતર ના ભાવ સાથે કેટલો ધર્મ કર્યો. ગઈ કાલ કરતા આજે, આપણને ધર્મનું આકર્ષણ કઈ રીતે વધ્યું. ગઈ કાલ કરતા આજે, એક સમાચાર મળે છે, કે ફલાણા સગા ને ત્યાં લગ્ન છે, આપણને આમંત્રણ-આપ્યું છે, ત્યારે આપણને શું ભાવ જાગે છે? ફલાણી જગ્યાએ કોઈની દીક્ષા છે, ત્યાં શું ભાવ જાગે છે? ગઈ કાલ સુધી લગ્નનું આકર્ષણ વધારે હતું, દીક્ષા છે ઠીક છે આવું હતું. ગઈ કાલ સુધી આવું હતું કે સમાચાર મળ્યા, કે ધંધામાં પાંચ લાખનો ORDER મળ્યો છે, બીજુ બાજુ સંઘમાં મહાત્મા પધાર્યા છે, એ તપ-કરાવવાના છે આ સમાચાર મળ્યા છે. બંને મા ઘણો ફરક પડતો હતો, આજે પણ ફરક પડે, પણ પહેલાનો ફરક જુદી જાત નો હતો, ને હવે નો ફરક જુદી જાતનો છે. તપ છે, ઠીક છે, કરાવવા હોય છે, થાય છે, જોશું, ફાવશે તો કરશું. અને પાંચ લાખનો ORDER છે એમાં અંદર ઉછળકુદ ચાલુ થઈ જાય, સીધો એ ધંધાનો નફો રળી લેવા માટે આપણે પ્રયત્નશીલ બની જઈએ છીએ. તપ પાંચ રૂપિયા જેવો લાગે છે, ORDER પાંચ લાખનો લાગે છે, એનું શીર્ષાસન થઈ જાય, હવે ORDER છે એ પાંચ રૂપિયા નો લાગે, તપ પાંચ લાખનો લાગે, તો સમજવાનું કે અંદર સંવિગ્નતા આવી! ગઈ કાલ સુધી કદાચ ગુરુ મહારાજે કહ્યું જાવ, આ મહારાજ સાહેબ ની સેવા કરો, ત્યારે વિચાર આવતો હતો કે ચાલો ગુરુ મહારાજે કહ્યું છે એટલે કરી લઈએ, એને હવે એવું થાય કહેતા ની સાથે રુંવાડા બધા ઉભા થઈ જાય,

આનંદ.... આનંદ થઈ જાય, હોડી જઈએ, લાભ લઈ
લઈને એમ નહિ, લાભ લૂંટી લઈએ, તો સમજવાનું કે
ગઈ કાલ કરતા આજે આપણો PROGRESS થયો છે.
આપણે થોડા શાબ્દોમાં કહીએ કે જેમ ચાલે છે એમ
ચલાવે રાખો. જેમ ચાલે છે એમાં આપણને સંતોષ છે.
જે ચાલે છે એ જ આપણા માટે ઘણું છે, બીજા તો
એ ય નથી કરતા, આપણે એ તો કરીએ છીએ, માટે
આપણે ઘણા આગળ છીએ. જેમ ચાલે છે એમાં
બદલાવ લાવવાની અંદરથી પ્રબળ ઈચ્છા નથી. જેમ
ચાલે છે એમાં સુધારો કેમ ના થાય, હજુ ઉપર
જવું છે, હજુ મોક્ષ ઘણો દૂર છે, હું પહોંચી નહી-
શકું આ રીતે, આ રીતે તો અનંત જીવ ભવો
જતા રહેશે, જીવ એટલા બધા કર્મો બંધાઈ જશે,
આ મોક્ષે જવાના લક્ષણ જ નથી. આ મોક્ષે જવાની
ચાલ જ નથી, આ મોક્ષે જવાની ગતિ જ નથી,
અરે મારે કૂદી પડવુ પડશે, બધી જ શક્તિ લગાડી
દેવી પડશે, મારા મન સાથે લડવું પડશે, ઝઘડવું
પડશે, મોહ રાજાને હરાવવો પડશે, મારા દોષો
મારે છોડવા પડશે, પછી કંઈક ગતિ વધશે ને કંઈક
મોક્ષ ની સંભાવના થશે, અત્યારે તો મોક્ષની
સંભાવના પણ નથી, આવી FEELINGS આવશે,
તો આપણી મોક્ષ યાત્રા સાચા અર્થમાં શરૂ થશે.

ગુરુદેવ ભુવનભાનુ સૂરી-શ્વરજી, વાચના
માં એક વાત કહેતા, શ્રમણ ભગવાન મહાવીર-
સ્વામી એ સાડા બાર વર્ષ ની સાધના કરી એ
સાધના ની અંદર, MAXIMUM કર્મો એમણે
ખપાવ્યા, કેવળજ્ઞાન એમણે પામી લીધું, ને એ જ
ભવે મોક્ષ નિશ્ચિત કરી લીધો. ભગવાને દીક્ષા
લઈને આપણી STYLE થી સાધના કરી હોત
કે હોતા હૈ ચલતા હૈ, આજે કરી લીધુ, કરી કાલે

જોઈશું, રવિવારે વળી રજા. તો ભગવાનને કેવળજ્ઞાન ક્યારે થાત ? અનંતભવે પણ ના થાત ! તગારી-નળ બંધ કરવો પડે ટીપને ફાટ દઈને ખાલી કરવી પડે, તો ટીપ ખાલી થાય, એક બાજુ નળનો ધોધ ચાલુ ને, બીજુ બાજુ તમે આજે એક પવાલુ કાઢ્યું ને કાલે બીજું કાઢ્યું, પરમ દિવસે રજા પડીને, ચોથા દિવસે અડધું કાઢ્યું, એમ કરીએ તો ટીપ ક્યારે ખાલી થાય ?

અનંતા ચૌદ રાજલોક ભરાય આટલા ટીપ આત્મા ના પ્રદેશે પ્રદેશની અંદર કર્મોના પડ્યા છે. એને એ ટીપ નાના આયુષ્યમાં ખાલી કરવાના છે, સંવિગ્નતા-નો અર્થ જ આ છે. જ્યાં સંસારની વાત સુદ્ધા ગમે નહિ, જ્યાં સંસારની ઘટના સુદ્ધા ગમે નહિ, જ્યાં બસ આમ સંસાર જોઈએ જ નહિ ને, ધર્મમાં કઈ રીતે બધી રીતે, બધા પ્રકારે ધર્મ કઈ રીતે લુંટી લેવાય, આ જ દ્રષ્ટિ હોય, આનું નામ સંવિગ્નતા !

અમારા યશોદેવસૂરિજી મહારાજ, એમના શિષ્યની રાતે એક-દોઢ વાગે ઊંઘ ઉડી ગઈ. વિચાર આવ્યો કે જોઈ લઉં, સાહેબજી ને કાંઈક કામ હોય, ૮૦-૮૨ વર્ષની એમની ઉંમર, સાહેબના રૂમમાં ગયાને જોઈને ચોંટી ગયા, સાહેબ અડધી રાતે ઉભા થઈ-થઈને ખમાસમણા પર... ખમાસમણા પર... ખમાસમણા પર... ખમાસમણા પર ખમાસમણા દઈ રહ્યા હતા ને મહાત્મા જોઈને ચોંટી ગયા, ને જોતા રહી ગયા, સાહેબ આખો દિવસ આટલી સાધના, આટલી જવાબદારી, આટલા સંઘ, શાસન, સમુદાય ના કામો, આપ કરો ને આમ અડધી રાતે, આરામ લેવાનો સમય, ત્યારે ખમાસ-મણા ? સાહેબ, આરામ કરો હમણાં આ બધું શું માંડ્યું છે હમણાં ખમાસમણા, આટલા બધા ?
યશોદેવસૂરીજી એ આવેલ મહાત્મા ને કહ્યું કે વાંચ, આ દિવાલ ઉપર કંઈ વંચાય છે, મહાત્મા ત્યાં જ રહી છે,

દિવસમાં દસ વાર જેમ જાય છે. ખબર છે દિવાલ પર કંઈ લખ્યું નથી, પણ ગુરુદેવની આદેશ ને દિવાલની સામે જુએ છે. આખું ક્યાંક થી બહારથી આવ્યાનું આવતું હશે ને, પણ દિવાલ છે કશું જ લખેલું નથી, સાહેબ કંઈ વંચાતુ નથી, આમાં કંઈ લખેલું નથી. સાહેબ કંઈ મને વંચાય છે. સાહેબ શું વંચાય છે, " આવતી કાલે મારું મૃત્યુ છે."

જ્ઞાની ભગવંતો કહે છે,

ગૃહીત ઇવ કેશેષુ મૃત્યુના ધર્મમાચરેત્ ।

મોતે તમારા વાળ જ પકડ્યા છે ને ઉપાડવાની તૈયારી માં જ છે. બસ, આવી સ્થિતિ તમારી છે, આવું સમજી ને ધર્મ કરો. તમે બહુ જીવવાના છો આમ સમજી ને કરશો તો ધર્મ નહિ કરી શકો. હજી આયુષ્ય ઘણું છે, હજી ઘણા દિવસો છે, હજી ઘણું થઈ શકશે, આવું માનશો તો તમે ધર્મ નહીં કરી શકો. બસ, હમણાં જ મૃત્યુ છે, મોતે વાળ પકડ્યા છે, બસ ઉઠાવે એટલી વાર છે, આમ તમે સમજશો, તો તમે ધર્મ કરી શકશો.

PARIS ની બહાર જુદા જુદા દેશના ત્રણ માણસ આવ્યા, એક જ હોટલ ની બહાર ઉતર્યા ને GUIDE (ભોમિયો) ને કહ્યું કે અમારે પેરિસ જોવું છે. GUIDE એ પૂછ્યું તમે કેટલું રોકાવાના, કહે હું તો છ મહિનો. GUIDE એ કહ્યું તમે પુરુ પેરિસ નહીં જોઈ શકો, અડધા ઉપર, પોણા ઉપર, પેરિસ તમે જોઈ જ નહિ શકો. બીજાને પૂછ્યું તમે કેટલું રોકાવાના, એણે કહ્યું હું છું દસ દિવસ, તો ય તમે અડધું-પડધું તો જોઈ નહિ શકો. ત્રીજાને પૂછ્યું કે ભાઈ તમે કેટલા દિવસ છો, એમણે કહ્યું કે હું તો ત્રણ જ દિવસ છું. GUIDE એ કહ્યું તમે આખું PARIS જોઈ શકશો.

મહિના વાળાને થાય કે હજી તો મહિનો છે. દસ દિવસ વાળાને થાય, હજી દસ દિવસ છે. ત્રણ દિવસ વાળાને થાય કે બસ, ત્રણ જ દિવસ છે, PLANNING બનાવી કશું જ રહી ન જવું જોઈએ. સવારથી રાત સુધી ત્રણ દિવસમાં મારે કામ પુરુ કરવાનું છે.

જેમ એક મહાત્મા, મોટી ઉંમરે દીક્ષા લીધી, આરાધના સારી કરે, સ્વાધ્યાય સારો, સેવા સારી, વર્ધમાન તપની ઓળીઓ પણ સારી કરે, અત્યારે પ્રહ્લાદ નગર ચોમાસું છે. દીક્ષાના એક-બે વર્ષ થયા હશે ને ગુરૂદેવે પ્રસન્નતાથી એમને કહ્યું કે તમારી આરાધના બહુ સારી છે, એમ મહાત્મા એ બહુ સરસ જવાબ આપ્યો, કે ગુરૂ મહારાજ, મારી પાસે બેલ ઓછા છે ને મારે રન વધારે કરવાના છે, મોટી ઉંમરે આવ્યા, હવે મારા હાથમાં કેટલા વરસ ? એમાં મારે ઘણી-બધી આરાધના કરવાની છે, તો પછી હું ધીમી ધીમી આરાધના કરું ને એક-એક રન કરું ને ટલેટ-ટલેટ રમું તો, કેવી રીતે મેળ જાય ? બેલ ઓછા છે રન વધારે કરવાના છે. એટલે આરાધના વધારવીજ પડે.

સંવિગ્ન ની માન્યતા આ છે બહુ જ ઓછો સમય છે, અને ઘણી બધી આરાધના કરી લેવી છે. અસંવિગ્નની માન્યતા આ છે, હજી તો ઘણો સમય છે. ક્યાં દહેરાસર જતું રહેવાનું, ઉપાશ્રય જતો રહેવાનો, કાલે તપ થશે. કરશું આરાધના, થશે એટલી કરશું. ન થાય તો એ વાંધો નહિ !

"સંવિગ્નતા PASSPORT છે, સંવિગ્નતા એ મોક્ષ માર્ગનો પરવાનો છે, સંવિગ્નતા એ મોક્ષ યાત્રાનું પ્રવેશદ્વાર છે. સંવિગ્નતા એ આત્મા ની શક્તિ છે. સંવિગ્નતા આત્માની ઉર્જા છે. સંવિગ્નતા આત્માની સુરક્ષા છે, સંવિગ્નતા એ સાધનાનું સર્વસ્વ છે."

આખી જિંદગી આરાધના કરતા-કરતા, થોડીક ક્ષણો કે
થોડી મિનિટો માટે પણ, સંવિગ્ન ભાવનો સ્પર્શ
ગયો ન, સમજી લો કે આખી જિંદગીમાં કરેલો ધર્મ,
ખરી સાધના એ જ હતી.

સંવેગ રંગશાળા ગ્રંથ કહે છે, કે તમે
આખા દિવસમાં કેટલું પડિલેહણ કર્યું, પ્રતિક્રમણ,
સ્વાધ્યાય, સેવા વગેરે વગેરે તમે કર્યું, તમે તપ કર્યો,
આ બધુ કરીને તમે સંતોષ ના માની લો, આ
જરૂરી છે, આ ન કરવું એવી વાત નથી, આ તો
કરવાનું જ છે. પણ રોજ રાતે સુતા પહેલા તમે
તમારા આત્માને એટલો પ્રશ્ન કરો કે આજના-
દિવસમાં શું થોડી પળો માટે પણ મને તીવ્ર સંવેગ
ઉછળ્યો હતો ખરો ? અંતરમાં તીવ્ર વૈરાગ્ય જાગે,
સંસાર પ્રત્યે તીવ્ર નિર્વેદ જાગે, મોક્ષની તીવ્ર-
અભિલાષા જાગે, પાપનો તીવ્ર પશ્ચાત્તાપ થાય.
શાસન પ્રત્યેની તીવ્ર હૃનદનતા અનુભવાય. ગુરુ-
મહારાજ પ્રત્યે, વિશુદ્ધ સમર્પણ ભાવ ઉછળે, આવી
પાંચ-દસ ક્ષણ પણ, મને આવી હતી ખરી, આખા
દિવસમાં ? અને જો નથી આવી, તો આજનો
દિવસ તાત્ત્વિક દ્રષ્ટિએ નિષ્ફળ છે. સંવેગ રંગ-
શાળા ગ્રંથ કહે છે કે ચાલો બે દિવસે પણ
આવે છે, પાંચ દિવસે, દસ દિવસે, મહિને
પાંચ-દસ આવી ક્ષણ ખરી ? છ મહિને, છ
મહિને પણ નથી ?

ता विहलेण किमिमिणा कट्ठाणुट्ठाणेण

જો છ મહિને પણ આવી કોઈ ક્ષણો આવતી
નથી, તો પછી આ નિષ્ફળ કષ્ટાનુષ્ઠાન નો
શું મતલબ છે ? સંવેગ વગર બધું જ
નિષ્ફળ !

जिन संवेग सब सुन

સંવેગ છે તો બધું જ છે. સંવેગ નથી તો
બધું જ શુન્ય છે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે,
ગાથા નંબર ૧૬૮૩,
जो पुण किलिट्ठचित्तो णिरविक्खोऽणत्थदंडपडिबद्धो ।
किंगोवघायकारी ण कहइ सो चरमकाले वि ॥
જે સંકલિષ્ટ ચિત્ત વાળો છે. નિરપેક્ષ છે, ભગવાનની
આજ્ઞા શું છે, શું નથી, એની સાથે કોઈ લેવાદેવા
નથી. ચાલતા હતા રસ્તા ઉપર ઘાસ આવ્યું તો
ઘાસ પર ચાલ્યા, પાણી આવ્યું તો પાણી પર ચાલ્યા,
ઢાળ આવ્યા તો ઢાળ પર ચાલ્યા. આજુબાજુ
જોતા ચાલ્યા, નિરપેક્ષ ભાવ! બેઠા હોય કલાક-
એમ ને એમ બેઠા, અડધો કલાક સ્વાધ્યાય કર્યો,
વળી કંઈક વાતચીત કરી, ક્યાંક ડાફોળિયા માર્યા,
નિરપેક્ષ ભાવ! ભગવાનની આજ્ઞા શું છે, શાસ્ત્રની
શું છે? ગુરુ ની આજ્ઞા શું છે? કરી જ
લેવાદેવા નહિ, અમને મન ફાવે એમ કરશું, અમે
અમારા દેવ અને અમે અમારા ગુરુ. એમને-
ઠીક લાગ્યું એ અમારો ધર્મ! આનું નામ
નિરપેક્ષ ભાવ!

એક મહાત્મા છે, એ ગુરુ ને
દ્વાદશાવર્ત વંદન કરે છે, બીજા મહાત્મા છે,
આજે એમને એ ભાવ છે, એ ગુરુને ફેટન,
ઈચ્છકાર, અબ્ભુટ્ઠિઓ થી વંદન કરી લે છે. ત્રીજા
મહાત્મા છે, જેમને એટલી બધી WEAKNESS
(નબળાઈ) આવી ગઈ છે. કે ઈચ્છકાર, ખમાસમણા
આટલું એ કરી શકે એમ નથી, એ હાથ જોડીને
મત્થએણ વંદામિ કરે છે. ચોથા મહાત્મા જેમને
PARALYSIS નો ATTACK આવી ગયો છે,
અડધું શરીર ખોટું પડી ગયું છે, પથારીવશ છે,
ગુરુ મહારાજ શાતા પુછવા આવે છે, અડધું

શરીર તો બરાબર છે ને, એક હાથ કામ કરે છે, અને ગુરુ મહારાજ ને જાપ બોલવાનો પ્રયાસ કરે છે, મન્યજોગ વશાત, શબ્દો નથી નીકળતા, એવો જવાબ નીકળી છો. એ એક હાથ પગ લંબાવવો ને વંદન કરવા આનું નામ સાપેક્ષ ભાવ!

સંવિગ્ન વ્યક્તિ, શક્તિ નથી, અનુકૂળતા નથી, પરિસ્થિતિ નથી, તો જેટલું શક્ય હોય એટલું કરી લે છે. અસંવિગ્ન - વ્યક્તિ, મને આટલી પ્રતિકૂળતા છે ને, જેટલી અનુકૂળતા છે એ પણ ના કરવું, બહાનું કહી શકાય ને, કે આ પ્રતિકૂળતા છે, આનું નામ નિરપેક્ષ ભાવ!

આજે મારા શરીર ની જેમ એકાસણા થઈ શકે એમ નથી, આજે મારે નવકારશી આનું નામ અસંવિગ્નતા. આજે કદાચ એ શક્ય નથી એકાસણું નથી તો બેસણું તો કરું, બેસણામાં તો દ્રવ્ય નિયમન સાથેના રાખું! CONTROL રાખું, રસ ત્યાગ તપ કરું, વૃત્તિ-સંક્ષેપ તપ કરું, ઉણોદરી તપ કરું, જરૂર પુરતું લઈશ ને નવકારશી તો નહીં જ કરું, આનું નામ સાપેક્ષ ભાવ!

પ્રેમસૂરીશ્વરજી મહારાજ, અંતિમ સમય ની અંદર કોઈક ઔષધીઓ લેવાની જરૂર હતી, ડૉક્ટરે લીંબુ પાણી જેવી કોઈ વસ્તુ કહી હતી, શિષ્યો એ વ્યવસ્થા કરી, સાહેબ નું અંદર થી મન બને કે, આ દોષિત મારે લેવાનું (!) આખી જિંદગી નિર્દોષ થી ચલાવ્યું છે. વિહાર વગેરે ની અંદર પણ પટેલો ના ઘરમાંથી રોટલા લીધા છે. રોટલા ને છાસ થી પણ ગુજરી કરી છે. એક

ઓગણપાર હતો, એની અંદર ફક્ત બે જ દ્રવ્ય હતા,
લાડવો અને દાળ! સાહેબે ફક્ત દાળથી એકાસણું
કર્યું કારણકે, મિષ્ટાન્ન નો એમને આજીવન ત્યાગ
હતો. સાપેક્ષ ભાવ! લીંબુ પાણી, એમને એમ
તો કંઈ મળે નહિ, કહેવું પડે, અને એ લીંબુ
પાણી કહેવામાં આવ્યું ને એ કીધા પછી, પણ
સાહેબને ખ્યાલ છે કે શિષ્યોએ આ શ્રાવકને કહ્યું
છે, મારા માટે લીંબુ લાવશો, લીંબુ સુધારશો,
લીંબુ પાણી બનાવશો, એ શિષ્યો વહોરી લાવશે,
ને એ મારે વાપરવાનું ને જે અંદર ખૂબ બળે, જે
ખૂબ બળે, ને સાહેબ ને એક વિચાર આવ્યો ને
સાહેબે એ શ્રાવક ને બોલાવ્યા. સાહેબે કહ્યું કે
જુવો, લીંબુ તો તમારે લાવવા પડશે, હોજ મારે
સેંધવી પડશે, પણ તમને એટલું કહું, એ
લીંબુ તમે લેવા જવ ને, લીલાશ- લીલાશ વાળા
લીલા- લીલા લીંબુ હોય ને, એ તમારે નહીં લેવાના.
પણ એકદમ પીળા પડી ગયેલા, એવા જે હોય ને
એ લેવાના! શ્રાવક કહે સાહેબ ભલે એ
લઈશ! સાહેબનો ભાવ એ હતો, કે જે
લીલાશ વાળા હોય એમા, હજુ કચાશ હોય એની
સચિત્તતા ની શક્યતા હોય. પ્રાય: એ લગભગ
સચિત્ત જ હોય. જે પીળા પાકેલા હોય, એની
અચિત્ત હોવાની સંભાવના વધારે, વ્યવહાર ભલે
સચિત્ત નો કરવો પડે, અડતાલીસ મીનીટ પછી
એનો રસ બને, પણ જે પાકેલા ફળો, જે
પાકેલા લીંબુ, આગમ ની અંદર કહ્યું, એની -
અચિત્ત હોવાની શક્યતા વધારે! સાપેક્ષ ભાવ!
સો રૂપિયા નું નુકશાન જ્યાં થાય એમ છે ત્યાં
અસંવિગ્ન, હજાર બે હજાર વીડી ને આવે.
સો રૂપિયા નું નુકશાન થાય એવું છે, ત્યાં

સંવિગ્ન સાપેક્ષ ભાવ વાળી વ્યક્તિ વિચારે કે કઈ રીતે આમાં હજુ કંઈક રૂપિયા બચે ! ચાલીસ-પચાસ ના નુકશાન માં પત્ની ભય છે કે તો એટલું કરી આપણે પચાસ વધારાના નથી વેડફવા !! સાપેક્ષ ભાવ !!

રામચંદ્ર યશોદેવસૂરી મહારાજ, ચોમાસાની અંદર વરસાદ પડ્યો છે, દહેરાસર જવાનો સમય થયો પણ બધા નું દહેરાસર બાકી છે. થોડી વાર થઈ ને એક મહાત્મા દહેરાસરથી પાછા આવ્યા, સાહેબે પુછ્યું ક્યાં જઈ આવ્યો, સાહેબ દહેરાસર, વરસાદ હતો ને, સાહેબ રહી ગયો, ને સાહેબે કહ્યું ઉપર પાણી ન હતું, નીચે તો હતું ને ! જ્યાં સુધી હજુ થોડી વાર થઈ નહતી ત્યાં સુધી નીચેનું પણ, સચિત હોય પછી એની અચિત-થવાની સંભાવના છે. આચારાંગ સુત્રની અંદર કહ્યું,

કાયા પરોપ્પર સત્થં ।

ષટ્કાય એ પરસ્પર શસ્ત્ર છે, પૃથ્વી ને પાણી ભેગા થાય, પૃથ્વી પણ અચિત થાય ને પાણી પણ અચિત થાય, વગેરે વગેરે દ્રષ્ટાંત થી આગમમાં બતાવ્યું, વ્યવહાર અચિત નો કરીએ પણ એમાં સચિત હોવાની સંભાવના છે, હોય ઓછો લાગે એમાં પરિણામ કુણા રહે, એમાં પરિણતિ નિર્મળ રહે. સાપેક્ષ ભાવ !

પાટણ ની અંદર પ્રેમસૂરીશ્વરજી મહારાજ બિરાજમાન હતા, પૂજ્ય ચંદ્રશેખર વિજયજી મહારાજ સેવામાં હતા. સાહેબ ને છેલ્લા સમયમાં જે પ્રવાહી પદાર્થ લેવાના હતા, મગનું પાણી વગેરે અને એની વ્યવસ્થા, ઉપાશ્રય ના એક ખુણામાં રસોડા જેવું, થાય એવું હતું ને ત્યાં કરવામાં આવ્યો. સાહેબે, આ બધું જોયું, સાહેબને અંતરમાં એવો

બનાવી થાય. શિષ્યો જબરદસ્ત સેવા કરતા, છેલ્લા
પાંચ વર્ષ ચંદ્રશેખર મહારાજ સાહેબે પોતે, આમ
જેને કહેવાય કે દિવસ-રાત આપી દીધા હતા, બસ
સાહેબ ની પ્રસન્નતા અને સાહેબની શાતા ! અમારા
ગુરુદેવ વાત કરે, રાતે ઓપરેશન ટેબલ બેડ ની
સાહેબને માલીશ કર્યા કરે, કર્યા કરે, કર્યા કરે,
સાહેબને ઊંઘ ન હતી આવતી, જ્યાં સુધી ઊંઘ
ન આવે ત્યાં સુધી માલીશ કર્યા જ કરે, એક
જ વાત, સાહેબ આપ કોઈ ચિંતા ના કરો, શાસન
છે, વિશાળ સમુદાય છે, સંઘ-શાસન, સાહેબ-
આપની જે ઇચ્છા હોય તે કહો, આપની બધી
ઇચ્છા પુરી કરશું ! હું તમને પુછુ આપણા
જીવનમાં એવા એક ગુરુ ખરા ? એ કહે
દિવસ તો દિવસ, એ કહે રાત તો રાત,
આપણે કદી ની કહી કહ્યું ખરું આપની જે ઇચ્છા
હોય, હું પુરી કરીશ, આપ કોઈ જ ચિંતા કરશો
નહિ !! આપણે ક્યારે કહ્યું ?

બહુ સારુ પ્રવચન આપતા હતા
ચંદ્રશેખર મહારાજ સાહેબ, બહુ પુણ્યશાળી હતા,
હોલ પહેલાથી ભીચોભીચ ભરાઈ જતો હતો,
CM એમના દર્શન કરવા આવી જતા હતા, મળી
જતા હતા, આ બધી જ પછીની વાત છે. જે
ગુરુ ને શાતા આપી, જે સમર્પણ દાખવ્યું, જે
સેવા કરી, જે પ્રસન્નતા આપી, જે પોતાનું બધું જ
મુક્યું, ગુરુનું બધું જ ઉપાડ્યું, આ બધું એ
સફળતા ના મુળમાં હતું. આપણને સૌ શિષ્યો -
દેખાય, માણસો ચોપડી દેખાય, છાપામાં એમનું
નામ આવ્યું એ દેખાય, સ્મશાનયાત્રામાં પચાસ-
હજાર દર્શનાર્થીઓ દેખાય. આપણને ગુરુ
સમર્પણ દેખાતું જ નથી. આપણને પુણ્ય દેખાય છે.

DATE 05 09 2020

પવિત્રતા, ક્યાં હેજાય છે. કદાચ બાહ્ય પુણ્ય ગમે તેટલું હોય પણ, પવિત્રતા નથી તો શાસ્ત્ર કહે છે, કે એ પણ નગાડો બકરો છે. સંસારની અંદર કરોડપતિ, અબજોપતિ, ઉદ્યોગપતિ, એ ધર્મહીન હોય, પવિત્રતા, પરિણતિહીન હોય, તો એ પણ નગાડો બકરો છે. વહેલો મરવાનો, વધુ મરવાનો. સંયમની અંદર પુણ્ય છે, પ્રભાવકતા છે, ભક્ત છે, પ્રવચન છે, શ્રોતાઓ છે, ભીડ છે, ભક્તો છે, બધું જ છે. પવિત્રતા નથી, પરિણતિ નથી, તો એ ય નગાડો બકરો છે, વહેલો મરવાનો, વધુ ખરાબ રીતે મરવાનો. શક્તિ અનંત વાર મળી છે. પુણ્ય અનંત વાર મળ્યું છે. આ CM / PM કશું નથી, એનાથી વધારે સત્તા- તમને અને મને અનંત વાર મળી છે. શા માટે કદી પણ એવું ના થાય. કે જે અપૂર્વ છે જે આત્મા માટે જરૂરી છે, જેના વગર આત્મ કલ્યાણ નથી, જેની સાથે જ આત્મ- કલ્યાણ છે, એ વસ્તુ મળી.

★ ટોળાઓ પણ એક નશો હોય છે.
★ ભીડ પણ એક મનનો દારૂ હોય છે.
★ ભક્તો પણ એક પ્રકારના ① રૂબડ છે.
★ બાહ્ય પુણ્યનો ઉદય એ પણ એક મનની પરીક્ષા છે.

આત્મા એમા ફસાઈ જાય, લપસી જાય, ખોવાઈ જાય, ત્યારે બધાનું તો કલ્યાણ થાય કે ના થાય, એનું પોતાનું કલ્યાણ પણ અટકી ગયા વગર રહેતું નથી! ચાર જણના વખાણથી, ચાર જણની પ્રશંસાથી, મારા આત્માનું શું વળવાનું આ પ્રશ્ન આપણને કદી થયો ખરો ?. કોઈએ નિંદા કરીને ઉકળી જઈએ છીએ, કોઈએ પ્રશંસા કરીને અંદર આપણને

ગલગલિયા ... ગલગલિયા ... ગલગલિયા થઈ જાય છે. આપણે કદી વિચાર કર્યો જરી કે, ખરેખર આ બધાથી શું ફરક પડે છે! કોઈની નિંદા ન જોઈએ, કોઈની વિરાધના જોઈએ કે આજે મારાથી આ કૃત્ય કે ભાવ વિરાધના થઈ ગઈ, કોઈ જીવની હિંસા થઈ, જોયા વગર હું ચાલ્યો, કોઈ કીડી કચરાઈ ગઈ. અંતરમાં કષાય જાગ્યા, રાગ-દ્વેષ જાગ્યા, આના માટે તો બળાપો કેટલો ને કોઈ આપણા માટે, કંઈક ઘસાતુ બોલી ગયો એનો બળાપો કેટલો, આ બતાડે છે કે આપણે હજુ ક્યાં છીએ!

આખી દુનિયા ગાળો આપે, જુના મારે, પણ મારી પરિણતિ વિશુદ્ધ છે તો કશું જ ગયું નથી. આખી દુનિયા વખાણ કરે, પગે પડે, સત્તા-સન્માન, નામના, યશ, પૈસાના ઢગલા બધું જ છે, ભક્તોની લાઈનો લાગે છે, ટોળે ટોળા લોકોના આવે છે પણ, મારી પરિણતિ અશુદ્ધ છે તો હું ભિખારી છું, આ કશું જ મારા કામમાં નહિ આવે, આ બધી મારી છેતરપીંડી છે. એમને આમાં લપટાયો, લપટ્યો તો મરી ગયો હું! બધું જ ગુમાવી દઈશ. આવો ભાવ અંતરમાં જાગે જશે (?) સંવિગ્નતા!! એમને એમ આટલું સાંભળવાથી નહિ આવી જાય, બહુ જ અંદર ઘુંટવું પડશે, બહુ ઘુંટવું પડશે. ઊંડું એટલું બધું ઘુંટ્યું છે, એક તાર છે, તારને વળ આપ્યા છે. ઊંધા વળ! એક અબજ વાર આપ્યા છે. આપણે એક વાર સીધો વળ આપીએ છીએ ને ફરીએ છીએ હજુ મોક્ષ કેમ ના થયો. એટલા જ પ્રતિપક્ષી તીવ્ર ભાવથી, પ્રતિપક્ષી ક્રિયાઓ કરવી પડશે, તો આપણો મોક્ષ થશે. પાપમાં હજુ રસ છે,

આકર્ષણ છે, રાચી માચીને અંદરના INTEREST સાથે કર્યું છે. ધર્મ ભુલ્યો- રખડ્યો છે, ક્યારેક જ છે, હાસવારે છે, વળી એમાં રજા પડે, વળી રીસેસ પડે, વળી VACATION પડે, અને હજુ એમાં એવો રસ નથી, અંદરનો, હજુ દ્રષ્ટિ જ જે નથી. તો આપણું ઠેકાણું કઈ રીતે પડે.

પ્રેમસૂરીશ્વરજી મહારાજ એ જોયું કે આ રીતે અહીંયા, વ્યવસ્થા કરવામાં આવી છે, શિષ્યનો ભાવ સારો છે, નિર્મળ સંયમ પાળનારા શિષ્યો અને એમણે, અપવાદ માર્ગે, મારી સ્થિતિ, જે અવસ્થા ને ઉંમર ને રોગ જોઈને, ડૉક્ટર ના નિર્દેશથી આ રીતે કરેલું છે. એક શ્રાવક વંદન કરવા આવ્યા રોજ જાય પુછતા, વંદન કરી, સાહેબ રોજ એક ચીજ આપે તો પછી શ્રાવક જાય. આજે સાહેબે એમને નજીક બોલાવ્યા, શ્રાવક એકદમ ઉલ્લાસથી નજીક- આવ્યા, બોલો સાહેબ કંઈક કાર્ય તો સાહેબ કહ્યું, જો અહીંયા બધુ કરેલું છે, દિવસમાં બે-ત્રણ વાર અમુક અમુક પાણી કરવાના હોય, અહીંયા એની ચીજ વસ્તુ છે, ચુલો છે, બધું છે. આ બધું તમારા ઘરે થાય કે ? શ્રાવક રાજીના રેડ થઈ ગયા, રોમાંચિત થઈ ગયા, સાહેબ મને આવો લાભ ક્યાંથી, એ જ વસ્તુ શ્રાવક ના ઘરે ચાલુ થઈ, સાપેક્ષ ભાવ સાહેબનો. હવે મારી અવસ્થા જ એવી છે, હવે થવા દો કાંઈ વાંધો નહિ, શાસ્ત્ર પણ મને છૂટ આપે છે, મને બધી છુટ છે. સાપેક્ષ ભાવ !!
અહીંયા નવી વ્યવસ્થા કરવી પડે, નવી ચુલો કરવી પડે અને ત્યાં ચુલો ચાલુ જ છે. આમા વધારે વિરાધના ઓલામાં ઓછી

વિરાધના ! શિષ્યો નું અંતર કુંડી ગયું કે ગુરુદેવની કેવી સાપેક્ષ ભાવ ! આ તબિયત ની અંદર, આ તકલીફો ની અંદર, આ ઉંમરની અંદર, આ પરિસ્થિતિ માં ગુરુદેવ ત્યાં સુધી વિચારે કે દોષ સેવવાનો જ છે, તો કેમ ઓછામાં ઓછો સેવાય. અને આપણી વૃત્તિ એ છે કે છુટ મળે જ છે તો કેમ વધારે માં વધારે મળે, કેમ થોડો દ્રવ્ય સ્વાદ આવી જાય. કઈ રીતે આપણને દ્રવ્ય અનુકૂળતા રહે, એવી જ છે તો પછી ભક્ષ્ય ઉડાવો, આવી વૃત્તિ છે, તો સમજી લો કે આપણામાં સાપેક્ષ ભાવ નથી.

એક શ્રાવક અમારા ગુરુદેવને કહેતા હતા કે, સાહેબ, અમારે તો ગોચરી જવાય નહીં, અમારા નિમિત્તે નો જ આહાર અમારે વાપરવો પડે, પણ જો અમે એક કેળા ઉપર જીવી શકીએ ને, તો અમે MINIMUM પાપમાં જીવી શકીએ ! કેળા એ એક એવું ફળ છે જે લુમ માંથી છુટા પડતા ની સાથે જ અચિત્ત થઈ જાય છે. બીજા બધા જ ફળો ને એમનો રસ, સંતરાઓ પછી રસ કાઢ્યા પછી, અડતાલીસ મિનિટ સુધી જાય નહિ, એ સચિત્ત હતું એને અચિત્ત કરવું પડે છે. છરી વગેરે નો પ્રયોગ કરવો પડે છે. કેળા પહેલાથી જ અચિત્ત હોય, લુમ માંથી છુટા પડ્યા, એટલે અચિત્ત ! તો એમને ઓછા માં ઓછો દોષ લાગે !

હરિભદ્રસૂરી મહારાજ અદ્ભુત પદાર્થો ની વાત કરી રહ્યા છે. કઈ રીતે મરણ સુધરે, કઈ રીતે મરણ બગડે, હવે જવું જ છે તો સ્વજનો ને બોલાવી લઈએ, જવું જ છે, થોડું ખાઈ-પી લઈએ, ભાવતું-ફાવતું, જવું જ છે

DATE 05 09 2020

હવે આ બધું જ છોડવાનું તો છેલ્લે બધાને લૂંટી લઈશે. દુનિયા ની રીત મોત બગાડવાની રીત હોય છે. હરીભદ્ર સૂરી મહારાજ આપણને મોત સુધારવાની રીત બતાડે છે.

મહમદ ગઝની ભારતમાંથી ઘણી બધી વાર લુંટ કરી ગયો, સંપત્તિ ઉપાડી ગયો, સ્ત્રીઓ ઉપાડી ગયો, અંત સમય આવ્યો. બધી જ સંપત્તિ એનો બહાર મેદાનમાં ઢગલો કર્યો ને બધી જ બેગમો ને સામે ઉભી રાખી, ધ્રુસકે ને ધ્રુસકે રડતો જાય, હાય દૌલત... હાય બેગમ... હાય દૌલત... હાય બેગમ... હાય દૌલત... હાય બેગમ... અને આજ રીતે આર્ત ધ્યાન કરતો કરતો, કદાચ રૌદ્ર ધ્યાનમાં પ્રવેશેલો, એવો એ મહમદ ગઝની મરી ગયો. હું કહું આપણું મોત શું હોય છે ? હું તમને પુછુ છેલ્લે શું કરવાનું હોય ? બધાને બોલાવી લેવાના હોય ?
અમારા અભયબોધિ / મહાબોધિસૂરીજી મહારાજ, એમના પિતાજી નો અંતિમ સમય હતો, નવકાર સ્મરણ ચાલુ છે, શ્રાવિકા સંભળાવી રહ્યા છે, બંને દીકરા મહારાજ નો ફોટો લઈને, એમને છાતી એ લગાડ્યો છે. બે દીકરા હજુ સંસારમાં છે, દીકરા ઢીલા પડ્યા છે, પપ્પા જઈ રહ્યા છે, ધ્રુસકે ને ધ્રુસકે દીકરો રડવા માંડે છે, અને જિનશાસનને પામેલી શ્રાવિકા કેવી હોય. કડક થઈ ને દીકરાને કહે છે તું બહાર જતો રહે, પછી આખી જિંદગી રડવું હોય તો રડજે, અત્યારે એમનું મોત નથી બગાડવું.

નથી આપણને આત્મા ની પડી, નથી સ્વજનોને આત્મા ની પડી, તો તો પછી મોત કેવી રીતે સુધરે ? ભરતચક્રી એ

શ્રાવકો ને ખાસ રાખેલા, અને રોજ તમારે ટોકવાનો, આપણે કોઈને રાખ્યા નથી ને કોઈ સામેથી રહે ને, તો આપણે એને કાઢી મુક્યા છે. તમે મને કહેવા વાળા કોણ છો કલ્પના કરો કે શ્રાવક હૃદય સાથ મુશ્કેલીસ હોય, એને કહી દીધું છે, કોઈ કામ ધંધો કરવાનો નહિ, મારા રસોડે - જમવાનું, ધર્મ ધ્યાન કરવાનું, અને રોજ પ્રતિબોધવાનું,

जितो भवान् मा हन भयं वर्द्धते ।

તમે પુતાયેલા છો, કોઈને પણ હણો નહિ, ભય તમારો વધી રહ્યો છે, તમે નહીં સમજો ષડ્ખંડના - તમે માલિક છો, નહિ સમજો તમે બત્રીસ હજાર દેશના રાજા છો. નહિ સમજો ચક્રવર્તી છો. એમની ગાદીની અંદર બહુ ભુંડા હાલ તમારા છે. મોહરાજના તમે વશ થાઓ છો, અંદર ના દોષોથી તમે પુતાયેલા છો. ભય તમારા ઉપર તોળાઈ રહ્યો છે, વધી રહ્યો છે. માટે દ્રવ્ય કે ભાવ એકપણ પ્રકારની હિંસા તમે કરતા નહીં.

મોત જગાડવાની બધી જ તૈયારી આપણે અત્યારથી કરી રહ્યા છીએ. અને ડોક્ટર જ્યારે LIMIT આપી દે છે ત્યારે આ તૈયારી ને આપણે સંગાથી કરી નાખીએ છીએ. હરીભદ્રસૂરી મહારાજ કહે છે, સ્વજનો ને છોડવાનો સમય હોય છે, કલ્યાણ મિત્રનો સંગ - કરવાનો સમય હોય છે.

अनशन को सिद्धवर हो, प्रभु आदिदेव घर हो
गुरुराज भी निकट हो.

આપણી ઈચ્છા એવી છે કે અમેરિકા ગયેલો દીકરો - નીકટ હોય, મુંબઈ, સુરત ના સગા પણ આવી ગયેલા હોય પરિવાર આખો ભેગો થઈ ગયો હોય, એમને હળીએ- મળીએ, હાથ ફેરવીએ, ભેટીએ, એ સ્નેહ બંધનોને વધુ દ્રઢ કરીએ, આ બધી જ ઈચ્છા હકીકતમાં

આપણું નખ્ખોદ વાળવાની ઈચ્છા છે. બહુ સરસ
મજાની વાત એક ચિંતકે કરી,

HE IS THE MAN, WHO DIES BEFORE DEATH

જે મરવા પહેલા મરી જાય, જે જવા પહેલા જતો
રહે, જે શરીર છૂટી જતા પહેલા, શરીર આદિ
બધાં થી છૂટો થઈ જાય, એ ખરો પુરુષ છે!
મહાભારત ની અંદર કહ્યું

कृपणो विलपन्नार्तो, जरयाऽभिपरिप्लुतः।

ગરીબ, રાંકડો, બિચારો, હાય-વોય કરતો, હાય હોલત,
હાય બોગાય કરતો,

म्रियते रुदतां मध्ये, ज्ञातीनां स न पुरुषः॥

જે રોના-કકળતા સ્વજનોની વચ્ચે OFF થઈ જાય છે,
એ પુરુષ નથી, એ મર્દ નથી, એ નામર્દ છે!
બહુ સરસ મજાની વાત જ્ઞાનીઓ કરી છે,

विमुञ्चेत् मुच्यमानेषु

જે છુટવાનું જ છે એને પહેલાથી છોડી દો,
ભર્તૃહરિ કહે છે,

व्रजन्तः स्वातन्त्र्या-दतुलपरितापाय मनसः।

એ વસ્તુ પોતાની મેળે જશે, તો ખુબ જ પરિતાપ થશે,

स्वयं त्यक्तास्त्वेते, शमसुखमनन्तं विदधति॥

અને તમે એ મેળે છોડી દેશો, તો તમે પરમસુખી
થઈ જશો. સંસાર માટે મરી જવું, એ મરણનો
શ્રેષ્ઠ ઉપાય છે. સંસાર માટે મરી જવું, એ
શ્રેષ્ઠ મરણ ની તૈયારી છે, જે સંસાર માટે મરી
જાય છે, એને ફરી ફરી મરવું પડતું નથી. પયન્ના-
આગમ સૂત્રો ની અંદર બહુ મજાની વાત કરી,

तं मरणं मरियव्वं जेण मओ सुमओ होइ।

મરવું તો એવા મૃત્યુથી કે જે મૃત્યુ પછી, ફરી
મૃત્યુની પરંપરા ના થાય. જે મૃત્યુ થી શુભ મૃત્યુ
થાય. સમાધિ મરણ એઈજ છે! આવથી એની

તૈયારી ચાલુ કરી દો. વસ્તુઓ ઓછી કરો, પરિગ્રહ ઓછો કરો, સંબંધો ઓછા કરો, બાહ્ય પ્રવૃત્તિ ઓછી કરો, મમત્વ ઓછા કરો, બધા જ અશુભ આલંબનો ને દૂર કરો. ડાગડા-કુતરા ના પુતળા રાખ્યા, કુદરતી દ્રશ્યો ના ચિત્રો રાખ્યા, અમેરીકા ગયેલ દીકરી દસ દિવસમાં સો વાર દેખાયા કરે, આવી વ્યવસ્થા તમે કરી છે. બહુ એની ચિંતા કરી, બહુ મમત્વો-કર્યા, હવે આત્માની ચિંતા કરો. એનું શું થશે-એની બધી જ ચિંતા આપણને છે, પતિનું શું થશે, પત્ની નું શું થશે, દીકરા નું શું થશે, દીકરી નું શું થશે કોરોના થઈ ગયો ઘરના કોઈપણ સભ્યને શું થશે ? આની ચિંતા આપણને છે. મારા-આત્મા નું શું થશે, આની ચિંતા આપણને નથી ! વૈરાગ્ય શતક બહુ માર્મિક વાત કરી છે.

अह दुक्खियाइं तह भुक्खियाइं जह चिंतियाइं डिंभाइं ।

મારા દીકરાઓ દુઃખી છે, ભુખ્યા છે, કાર્ય લગાડવાના છે, ધંધે લગાડવાના છે, દીકરી ને પરણાવવાની છે, એનું ઠેકાણું પાડવાનું છે, ઘરમાં મરામત કરવાની છે, સોફો તુટી ગયો એનું કાંઈક કરવાનું છે, પડદો જરા ફાટી ગયો છે, નવો લાવવાનો છે, ત્યાં પાણીનું LEACKAGE ચાલુ થયું છે, એનું ખાસ બરાબર કરવાનું છે, વૈરાગ્ય શતક ગ્રંથ કહે છે,

तह थोवं पि न अप्पा विचिंतिओ जीव किं भणिमो ? ।

એવો તે થોડો પણ પોતાના આત્માનો વિચાર કર્યો નથી, તો જીવ તને ~~બીજું~~ બીજું હું શું કહું ?

ગંભીરતાથી વિચાર કરો, મારા આત્માનું થશે શું ? મારું મોત કેવું હશે ? પરલોક માં મારું શું થશે ? આ વિચારીને આત્મકલ્યાણ માટે ખાસ પ્રયાસ કરશું. આજે સમય થયો છે આજે આટલું રાખીએ !

x x x x

classmate

## વ્યાખ્યાન નંબર - ૧૮

DATE 06 09 2020

ચૌદસો ચુમ્માલીસ ગ્રંથકર્તા પૂજ્ય હરીભદ્ર સૂરી - મહારાજ, પંચવસ્તુક ગ્રંથની ૧૬૮૪ મી ગાથામાં - કહી છે.

चोएइ कहं समणो किलिट्ठचित्ताइदोसवं होइ ?।

અંતિમ આરાધનાના સંદર્ભમાં તમે કહ્યું કે શ્રમણ છે એ જો ભારેકર્મી હોય, અસંવિગ્ન હોય, તો અંતિમ સમય ની અંદર પણ વિરતી ને પામતા નથી, તો આ બધું તો અમારા મનમાં સમજાતું - નથી ! જે શ્રમણ છે એ સાધુ છે, એ ક્લિષ્ટ ચિત્ત વાળા કઈ રીતે હોય શકે ? પંચસુત્ર ની અંદર સાધુનું વિશેષણ કહ્યું,

विसुज्झमाणभावा।

સતત ની સતત જેના ભાવો વધુ ને વધુ વિશુદ્ધ થઈ રહ્યા છે, એનું નામ સાધુ ! તો પછી સાધુ ક્લિષ્ટ ચિત્ત વાળા કઈ રીતે હોય શકે ? હરીભદ્રસૂરી મહારાજ અહીંયા જવાબ આપે છે,

गुरुकम्मपरिणाईओ पायं तह दव्वसमणो य ॥१६८४॥

બે કારણ છે, અમારા આ રીત ના નિરૂપણના, પહેલું કારણ છે, ભારેકર્મ, અને બીજું કારણ છે, અમે કહીએ છીએ, સાધુ ક્લિષ્ટ ચિત્ત, સાધુ અસંવિગ્ન, તમારી વાત સાચી છે, એને સાધુ ના કહેવાય, પણ જે દ્રવ્ય સાધુ ની વાત છે. વેશ પહેર્યો, એને પણ વ્યવહાર થી, દ્રવ્યથી, એમને પણ સાધુ જ કહેવામાં આવે, તો આ સાધુ આમ છે એવુ કહેવામાં આવે, એનો ભાવ એ નથી કે જે ભગવાને કહ્યું, જે ભાવ સાધુ કહેવાય, જે ગુણસંપન્ન સાધુ કહેવાય, જે સંયમમાં - સુસ્થિત સાધુ કહેવાય, એની એ વાત છે. હરીભદ્રસૂરી મહારાજ ને પુછવામાં આવ્યું કે ભાઈ ચાલો જે દ્રવ્ય સાધુ છે એની વાત તો અમને

સમજાઈ ગઈ! પણ જે ભાવ સાધુ હોય એને તમે એને તમે એમ કહો કે ભારે કર્મ ના કારણે, એ પાપ કરી, સંક્લિષ્ટ ચિત્ત વાળા થાય, અસંવિગ્ન થાય, એ એમનો સમજાતું નથી!

જે પિસ્તાલીસ આગમ ભણી ગયા એમને એવું કઈ રીતે થઈ શકે? જે એક પૂર્વ, બે પૂર્વ, પાંચ પૂર્વ, દસ પૂર્વ ભણી ગયા એમને એવું કેમ થઈ શકે? હરીભદ્રસૂરી મહારાજ ગાથા નંબર ૧૬૮૫ ની અંદર એનો જવાબ આપે છે,

गुरुकम्मओ पमाओ

જે ગમે તેટલો સ્વભાવ થી સ્વરૂપ થી સારો છે, જે ગમે તેટલો આરાધક પણ છે, પણ જ્યારે ભારે કર્મનો ઉદય થાય છે, ત્યારે પ્રાય: કરીને એ-પ્રમાદ કરે છે. હરીભદ્રસૂરી મહારાજ ને પુછવામાં આવ્યું, બરાબર છે, થઈ શકતો હશે, પણ જે જ્ઞાની છે એમને પ્રમાદ કઈ રીતે થાય? હરી-ભદ્રસૂરી મહારાજ જવાબ આપે છે,

गुरुकम्मओ पमाओ सो खलु पावो जओ लओऽणेगे ।

તમે ૪૫ આગમ ની વાત જવા દો, એક, બે, પાંચ, દસ પૂર્વની વાત જવા દો, ભારે કર્મથી પ્રમાદ થાય છે. પ્રમાદ ખુબ જ ભયંકર છે, પ્રમાદ ઘોર છે, પ્રમાદ ગુંડો છે, પ્રમાદ ખુની છે, અહીંયા શબ્દ વાપર્યો છે,

चोद्दसपुव्वधरा वि हु अणंतकाए परिवसंति ॥१६८५॥

એ મહાપાપી છે! બહુ સમજવા જેવી વાત છે કે હરીભદ્રસૂરી મહારાજ કોઈ પણ જીવને પાપી કહેતા નથી, પાપ કરનાર પાપી નથી, એની ભીતરમાં રહેલો પ્રમાદ એ પાપ છે! જિનશાસન એટલે સર્વ નયનો-સમન્વય! દુનિયા નો એવો કોઈ અભિપ્રાય વિશેષ નથી, દ્રષ્ટિ વિશેષ નથી, નિરૂપણ વિશેષ નથી, દર્શન વિશેષ નથી, જે જિનશાસનની અંદર સમાતું

ન હોય. મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ અધ્યાત્મ સાર ગ્રંથની અંદર કહે છે,

માલાયાં મણયो विशन्ति न पुन- र्व्यस्तेषु प्रेतेषु सा।

માળાની અંદર મણીઓ છે. પણ જુદા... જુદા મણીઓની અંદર માળા નથી હોતી. આનંદ-ઘનજી મહારાજ કહે છે,

જિનવરમાં સઘળા દર્શન છે દર્શન જિનની ભજના રે
સાગરમાં સવિ તટિની સહી તટિની સાગર ભજના રે

જીવ નિષ્પાપ છે, નિષ્કલંક છે, જીવ નિર્લેપ છે, જીવ જુદો છે, દેહ જુદો છે. આ નિશ્ચય નયની વાત છે. અધ્યાત્મ સારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

अशुद्धनयतश्चैवं संवराश्रवसङ्कथा।

સંવર અને આશ્રવની આ બધી જ વાત, આ શુદ્ધ નયની વાત છે.

न शुद्धनयतश्चायं बध्यते नापि मुच्यते॥

શુદ્ધ નયની દ્રષ્ટિ એ જોઈએ, તો આત્મા બંધાતો પણ નથી, અને મોક્ષ પણ પામતો નથી.
એકાદ સહિ(?)તાત્પર્ય વિવરણ ગ્રંથની અંદર યશોવિજયજી મહારાજ કહે છે,

ध्यायति सिद्धं लमनादिशुद्धम्

પ્રત્યેક જીવ અનાદિ સિદ્ધ છે. અનાદિ શુદ્ધ છે. કર્મથી કર્મ સંયોગથી અત્યંત ભિન્ન છે. જીવ-જીવ છે, કર્મ-કર્મ છે. અનંતાનંત કર્મ સ્કંધો કર્મ પુદ્ગલો, ભેગા મળીને પણ જીવને અજીવ કરી શકતા નથી, જીવને કર્મ કરી શકતા નથી. સંયોગ માત્ર કદાચ હોય તો વાંધો નથી પણ, સંયોગ માત્રથી કશું જ થતું નથી.

ગાય રસ્તા ઉપરથી જઈ રહી હતી, ગાય ઉપર કાગડો બેસે છે. ગાય ગાય રહે છે,

કાગડો, કાગડો રહે છે. કાગડો ગાય નથી જઈ જતો. ગાય કાગડો નથી થઈ જતી. સંયોગ છે પણ બંને તદ્દન જુદા છે. બની શકે કે કાગડો, ગાય ને ચાંચ મારી દે, બની શકે કે ગાય, કાગડાને એનું પુંછડુ ફટકારવાનો પ્રયાસ કરે, બની શકે કાગડાના પગના નહોર ગાય ને ખુંચતા હોય, બની શકે ગાયની એનાથી કોઈ વેદના પણ થાય, છતાં ગાય - ગાય જ રહે છે, કાગડો કાગડો જ રહે છે. બહાર ના ગમે તેટલા કલુષિત વાતાવરણ ની અસર પણ, તમારે તમારું મન નિર્મળ રાખવું હોય, વિશુદ્ધ રાખવું હોય, આખા ગામની આખી - જિંદગી તમે નિંદા જ કર્યા કરો, આવી વિચિત્ર પરિસ્થિતિ ની અસર તમારે ન મુકાવું હોય, તો તમે આ નય નું અવલંબન કરો.

વ્યાખ્યાન પુરુ થયું, તમે બહાર હજુ ગયા. એક માણસ બધા સાથે ઝઘડવા લાગ્યો ગમે તેમ બોલવા લાગ્યો એના મોઢામાંથી ગાળો નીકળવા લાગી. અને તમે એટલું જ જુઓ કે કાગડાએ ગાયને ચાંચ મારી, ગાયની આંખમાંથી આંસુ આવ્યા. એક કર્મ એ જીવ ઉપર કંઈક અસર બતાવવા લાગ્યું. જીવ વિભાવમાં આવ્યો, કાગડો ગમે તેટલી ગાયને ચાંચ મારે, ગાય ગમે તેટલું રડે, આપણે કહી એવું માનતા નથી કે એ ગાય જ નથી, આપણે એમ જ કહેશું કે ગાય રડે છે, અને રડે ના રડે એ પણ ગૌણ થઈ જશે, ગાય છે, ગાય -- ગાય --ગાય -- ગાય --- ગાય કરશે, વળી કોઈ ઘરવાળા એને ખાવાનું આપશે. ચાલો કાગડાએ ચાંચ મારી એટલે ગાયપણું કેન્સલ, આવું કોઈ વિચારતું નથી. બરાબર એ જ રીતે તીવ્ર વિભાવ માં રહેલી વ્યક્તિ, ચોર હશે, ખુની હશે, ગુંડો હશે, દારૂડિયો હશે, જુગારી હશે,

DATE 06 09 2020

ઉપઘાતણુ હશે, ખોટું બોલનાર હશે, જેમતેમ બોલનાર હશે, બબાલ કરનાર હશે, આ નયનું અવલંબન આપણે કરીએ, અને આપણને એનામાં ભગવાન દેખાશે.

વૈદિક પરંપરાની અંદર એક શબ્દ છે "લીલા" ભગવાન છે, ભગવાન બધું જ જાણે છે, બધું જ સમજે છે, બધું જ બનાવે છે અને ભગવાન "લીલા" કરે છે. ભગવાને અવતાર લીધો ભગવાન રામ તરીકે જન્મ્યા, કૈકેયી એ વરદાન માંગ્યું, ભગવાન વનવાસ માં ગયા, ભગવાન આગ્ર ગયા ... ભગવાન આગ્ર ગયા, રાવણ સીતાજીને ઉપાડી ગયો, રાવણને પણ ભગવાને બનાવ્યા, સીતાજી ને પણ ભગવાને બનાવ્યા, યુદ્ધ ને પણ ભગવાને બનાવ્યું, જે લોકોનો સંહાર પણ ભગવાને કર્યો, ભગવાન પાછા અયોધ્યા આવી ગયા ભગવાનનો રાજ્યાભિષેક થઈ ગયો. કંસ હોય, યશોદા હોય, બાળ હોય, સંબંધી હોય, મિત્ર હોય, શત્રુ હોય, ભગવાને બધા ને બનાવ્યા, ભગવાને આ બધી "લીલા" કરી.

અધ્યાત્મ સારમાં મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

सेयं नटकला तावद् यावद्विविधकल्पना।

જ્યાં સુધી વિવિધ વિકલ્પો છે, જ્યાં સુધી વિવિધ કલ્પના છે, ત્યાં સુધી આ બધી નટ કલ્પના છે.

यद्रूपं कल्पनातीतं, तत्तु पश्यत्यकल्पकः॥

જે કલ્પનાતીત રૂપ છે, તેને અકલ્પક, જેને કોઈ જ કલ્પના નથી, એવી વ્યક્તિ કલ્પે છે. એક "લીલા" ની જે પરદર્શન ની માન્યતા, શુદ્ધ નય ની અપેક્ષા એ મોક્ષે કે

DATE 06 09 2020

ધ્રુવ માત્ર અનાદિ વિભુ છે, અનાદિ પ્રભુ છે, અનાદિ શુદ્ધ, અનાદિ સિદ્ધ, એનો તો તો ભૂમિકા એ, ભેજવે... ભેજવે... ભેજવે... ભેજવે... ભેજવે, એ બધું જ મળે, એ બધું જ સમજે, એને અંદર કશું જ ના સ્પર્શે. આ છે ધ્રુવની ભૂમિકા !

આગમ ની અંદર એક ઘરના બનાવી છે, બારમાં દેવલોકનો દેવ છે, ત્યાં સમૃદ્ધિ છે, વિમાન છે, વૈભવ છે, બધું જ છે પણ એને કાંઈક CHANGE મળ્યો છે. એ દેવ એક મનુષ્ય નું રૂપ લે છે, અહીંયા મનુષ્યલોકમાં એક ગામડામાં આવે છે, પરણે છે, એક- બે છોકરા છે એના, એનો ધંધો છે, નાનું ઘર છે, એ ત્યાં રહે છે. પૈસા કમાય છે, પૈસા જાય છે. ઘરમાં નવા-જુની... નવા-જુની... નવા-જુની ચાલ્યા કરે છે. એ રાજ્ય માં બાજુ ના રાજ્યની રાજા ચડી આવે છે, આક્રમણ આવી છે. આખું ગામ પહેરેલ કપડે, જે થેલા-થેલી લઈ શકતું હોય, એ લઈને સ્થળાંતર કરે છે, બધા જઈ રહ્યા છે. ખેતર છોડવું પડ્યું, જમીન છોડવી પડી, ઘર છોડવું પડ્યું, પરિવાર માં કોણ ક્યાં છે ને કોણ ક્યાં છે, કોઈ સાથે છે, કોઈ વિખુટા છે, ક્યાંક ગામના પાદરે ખાડો કરીને દાબડો દાટ્યો હતો, કેટલાની આંખ માંથી આંસુ દડ દડ... દડ દડ... દડ દડ... દડ દડ, પડી રહ્યા છે, અને એ દેવ, મનુષ્ય છે, જેણે ઘર વસાવ્યું હતું, ધંધો વગેરે કર્યો, એ ય બધા ટોળામાં આગળ જઈ રહ્યો છે. આગમ માં કહ્યું કે બધા ઊંચા નીચા હોય, બધા વિચારમાં હોય, આર્ત / રૌદ્ર ધ્યાનમાં હોય, TENSION માં હોય, અંદરની પરિસ્થિતિ

આમ ચલોપાત... ચલોપાત... ચલોપાત થતો હોય આ દેવને શું થાય ? "લીલા" !! નિશ્ચય-નય ની દ્રષ્ટિ એ જોઈએ, તો આ બધું જ "લીલા" છે, "નાટક" છે, "ડ્રામા" છે, "MOVIE" છે, "ભ્રમ" છે, "જાદુ" છે, "ભ્રમણા" છે, "કલ્પના" છે, જ્યાં સુધી આ કલ્પના, આગમ કહે છે જ્યાં સુધી તમે કલ્પના ને કલ્પના તરીકે ના સમજી લો, ત્યાં સુધી આ કલ્પના રહેવાની.

સાંખ્ય દર્શન ની માન્યતા છે,

रङ्गस्य दर्शयित्वा॰

જેમ નર્તકી છે એ નાટક બતાડે, નૃત્ય બતાડે, ડ્રામા બતાડે,

यथा निवर्तते

એ જેમ બતાડીને જતી રહે પડદા પાછળ, ભત-ભત ના ખેલ બતાડી ને કર્મ પ્રકૃતિ, જિન દર્શન કહે છે એ પણ પછી જીવને પોતાનો પ્રભાવ બતાડી ને જતી રહે છે. સાંખ્ય દર્શન કહે છે,

दृष्टाऽस्मीति निवर्तते

એક અજાણ વ્યક્તિ તમને બાનમાં લઈને, કઠ-પુતલી ની જેમ નાચ નચાવી રહી હતી, તમે એને નહતા ઓળખતા, તમારી આંખોમાં એ અજાણી વ્યક્તિ છે, અને એ વ્યક્તિ નો તમારા ઉપર પ્રભાવ છે, તમને કશી ખબર નથી કે એનો પ્રભાવ છે, એ મને નચાવે છે, એનું બધું PLANNING છે, એ બધું કરે છે હું આમ રસ્તા પરથી જઉં ને સામે શું મળે એ એનું ગોઠવેલું છે હું EXAM આપવા જઉં, શું RESULT મળે એ એનું ગોઠવેલું છે, હું નોકરી કરતો હોઉં ને મારો પગાર

કેટલો હોય એ બધો ગોઠવ્યું છે, હું ક્યાં જઉં એ બધો ગોઠવ્યું છે, મને શાંતથી કે કાઢી મુકવો એ બધો ગોઠવ્યું છે. ઘરે હું જઉં ને ભડાકો થાય એવા ધડાકા નું PLANNING બધો કરી રાખ્યું છે, આપણને ખબર નથી પણ એ બધું જ થઈ રહ્યું છે. આ બધું ક્યાં સુધી થાય છે, એક દિવસ એવો આવ્યો જ્યારે એની પોલ ખુલી ગઈ, એનો ભાંડો ફૂટી ગયો, એનો પર્દાફાશ થયો, તમને ખબર પડી આ નો. એ વ્યક્તિ હતી. એણે આવું બધું કર્યું હતું, આવું બધું ગોઠવ્યું હતું, અને એ વ્યક્તિ ને ખબર પડી કે હવે તો હું ખુલ્લો પડી ગયો છું હવે એને ખ્યાલ આવી ગયો છે, એ દિવસે એ વ્યક્તિ સ્ટ્રેસફુલ થઈ જાય છે.

दृष्ट्वाऽस्मीति निवर्तते ।

આ પ્રવૃત્તિ, આ "લીલા" આ ઘટનાઓની હારમાળા, આ સંસારના જુદા - જુદા પર્યાયો ના પરાવર્તનો, આ બધું જ ક્યાં સુધી ચાલે છે, જ્યાં સુધી આપણે એને ઓળખી / સમજી શકતા નથી, ત્યાં સુધી ચાલે છે.

कल्पनामोहितो जन्तुः शुक्लं कृष्णं च पश्यति ।

આ સફેદ છે, આ કાળુ છે, આ સુખ છે, આ દુ:ખ છે, આ સન્માન છે, આ અપમાન છે, આ મારા છે, આ પારકા છે, આ પૈસા છે, આ ગરીબી છે, આ સ્વજન છે, આ પરજન છે.

कल्पनामोहितो जन्तुः।

તમે ROLE ને જ સાચો સમજી લીધો, ROLE જ પરમાર્થ છે, ROLE જ તાત્વિક છે, ROLE જ હકીકત છે, વાસ્તવિકતા છે, FACT છે,

DATE 06 09 2020

REALITY છે, જ્યાં સુધી છે, ત્યાં સુધી ROLE ચાલ્યા કરશે. તમને જ્યારે ROLE - ROLE રૂપે સમજાય ગયા, ત્યારે ROLE પુરા થઈ જશે નિશ્ચય જાય કહે છે. ROLE થી વધુ કશું જ નથી. અને ROLE ને પણ, ROLE પુરતું પણ સત્ય સમજુ લો તો, એ પણ તમારી બુદ્ધિ ની મહત્તા જ છે!

MOVIE જેવા પ્રસિદ્ધ નાયક, પ્રસિદ્ધ નાયિકા હોય, બાજુમાં છોકરો બેઠો છે, તમે MOVIE જોઈ રહ્યા છો, છોકરો પુછે છે પપ્પા આ કોણ છે, તમે પ્રસિદ્ધ નાયક નું નામ લો છો, તમે એ ફિલ્મમાં જે પાત્ર છે તે જેમનું નામ નથી લેતા, કદાચ તમને યાદ એ હોતું નથી.

तस्यां पुनर्विलीनायां - मशुक्त्याकृष्णामीक्षते ।

જ્યારે કલ્પના નો વિલય થઈ ગયો, પછી નથી કાણુ રહેતું, નથી સફેદ રહેતું, એ શું છે કે નથી, શું છે કે નથી, એનો કોઈ અર્થ જ રહેતો નથી. બહુ સરસ મજાની વાત ઉપનિષદો ની અંદર કરી,

न विद्या नापि चाविद्या संसारस्य प्रवर्तिका ।

સંસારનું તંત્ર કઈ રીતે ચાલે છે? તમે કહો વિદ્યાથી ચાલે છે, જ્ઞાન થી ચાલે છે? જ્ઞાનથી તો મોક્ષ મળે જ્ઞાન થી તો સંસાર ના ચાલે. તમે કહો અવિદ્યા થી સંસાર ચાલે, અજ્ઞાન થી ચાલે, માયાથી ચાલે, વૈદિક પરંપરા નો શબ્દ માયા, ત્યાં જવાબ આપ્યો ના માયાથી પણ ના ચાલે. માયા તો છે જ નહી, માયા અસત્ છે, અસત્ એટલે વંધ્યા પુત્ર, અસત્ એટલે સસલાના શિંગડા, અસત્ એટલે આકાશપુષ્પ,

જે હોતું જ નથી એનાથી દુનિયાનું તંત્ર કઈ રીતે ચાલે ? ઉપનિષદોમાં પ્રશ્ન ક્યો તો પછી સંસાર ચાલે છે કઈ રીતે, સંસારનું ચાલક બળ શું છે ? ગાડી પેટ્રોલ થી ચાલે છે, પંખો વિજળી થી ચાલે છે, તમે ભોજનથી ચાલો છો. સંસારનું પ્રવર્તક બળ શું છે ? અને અડધા શ્લોકમાં ત્યાં જવાબ આપી દીધો,

સત્યત્વેન માનં તુ સંસારસ્ય પ્રવર્તકમ્ ।

સંસાર સત્ય લાગે, સંસાર વાસ્તવિકતા લાગે, આ સંસારનું સત્યપણે જે ભાન થાય છે, એ જ સંસારનું પ્રવર્તક છે.

અસત્યત્વેન માનં તુ સંસારસ્ય નિવર્તકમ્ ॥

અને સંસાર અસત્ય છે, આવો ખ્યાલ આવે, એવું ભાન થાય, એવી સભાનતા આવે, એવી CLARITY આવે, એવી સ્પષ્ટતા આવી જાય, એવો નિશ્ચય આવી જાય કે આ બધું ખોટું જ છે, ત્યારે સંસારનો અંત આવી જાય છે.

પંચસુત્રની અંદર બહુ સ્પષ્ટ કર્યું,

સુવિણુ વ્વ સવ્વમાલમાલં તિ ।

સ્વપ્ન છે, જોઈએ છીએ, સાંભળીએ છીએ, અનુભવીએ છીએ, કરૂણતા છે તો આંખમાં આંસુ આવી જાય છે, રમુજ છે તો હાસ્ય આવી જાય છે. દેખાય, સંભળાય, અનુભવાય, તદ્દન જીવંત લાગે, છતા તદ્દન જે ખોટું છે. બરાબર એ જ રીતે આ દ્રશ્યમાન વિશ્વ, દ્રશ્યમાન ઘટનાઓ, અનુભવીત ઘટનાઓ, એ બધી પણ એટલી જ અસત્ય છે. હરીભદ્રસૂરી મહારાજ યોગદ્રષ્ટિ સમુચ્ચય ગ્રંથની અંદર કહે છે, જ્યારે આત્મામાં પાંચમી યોગદ્રષ્ટિ "સ્થિરા દ્રષ્ટિ" નો ઉઘાડ થઈ જાય છે, એ સમયે આખું વિશ્વ કેવું લાગે ?

मायामरीचिगन्धर्व - नगरस्वप्नसन्निभान् ।
એટલે મૃગ તૃષ્ણા નું પાણી હોય, દેખાય છે ચોક્કસ પાણી જ છે, પણ ત્યાં તપેલી રેતી વધુ બીજું કશું જ નથી. ગંધર્વ નગર આકાશ ની અંદર દેખાય, વાદળાઓ એ નગર નો આકાર બનાવ્યો હોય, એવું નગર હોય, દેખાય છે, લાગે છે પણ નથી !
स्वप्नसन्निभान् ।
સ્વપ્ન છે, દેખાય છે, અનુભવાય છે, પણ એવું કશું જ નથી હોતું.
भावान् पश्यति तत्त्वेन बाह्यान् श्रुतविवेकतः ।
શ્રુત વિવેક દ્વારા, બાહ્ય ભાવો પણ બરાબર જોવા જ લાગે છે. દ્રષ્ટિ નો ઉઘાડ, સંસારની વાસ્તવિકતાનો પરિચય,
असत्यत्वेन भावं तु
નિશ્ચય નય નું અવલંબન, સ્વરૂપ સ્થિરતા, સ્વરૂપ દ્રષ્ટિ, દ્રવ્ય દ્રષ્ટિ, આત્મ દ્રવ્ય પરનું - પ્રણિધાન, અનંત ગુણ સમૃદ્ધિ નું દર્શન, હરીભદ્રસૂરી મહારાજ આ જ વચન.
सो खलु पावो
પ્રમાદ પાપી છે આ શબ્દ થી કહેવા માંગે છે ! પુદ્ગલ ખરાબ લાગવો આ પણ મિથ્યાત્વ છે. પુદ્ગલ પાપી લાગવો આ પણ મિથ્યાત્વ છે. પુદ્ગલ હોશિંગ લાગવો આ પણ મિથ્યાત્વ છે. પુદ્ગલ પ્રત્યે ની કષાય - પ્રવૃત્તિ આ સુક્ષ્મ દ્રષ્ટિ એ ઉત્સુત્ર પ્રવૃત્તિ છે. પુદ્ગલ પ્રત્યે મનમાં સેકન્ડ પરિણામ જાગવો, એટલે આપણે ગાઢ અંધારામાં, ગાઢ અજ્ઞાનમાં છીએ.
રત્નભાનો પ્રશ્ન :- સાહેબ, આપણે પુદ્ગલ સાથે તો નહીં પણ જડ સાથે આ શરીર સાથે રાગ-દ્વેષ થાય છે ને.

પૂજ્યશ્રીનો ઉત્તર :- તમે તેટલો કષાય વાળો આત્મા હશે, એને મડદા પ્રત્યે કેટલા રાગ-દ્વેષ થશે ? તમે જીવને કાઢી નાખો તો શરીર મડદું જ છે. આપણે શરીર સાથેનો વ્યવહાર કરતા જ નથી, આપણે જીવ સાથેના જ વ્યવહાર કરીએ છીએ. એને ભગવતી સુત્ર તો ત્યાં સુધી કહે છે, કે કોઈએ પુરુષ નું પુતળુ બનાવ્યું અને એને પુરુષ સમજ ને કોઈ તીર છોડે છે, એની અંદર લાખનો રસ ભર્યો છે, લોહી આમ બહાર નીકળતું હોય એવો ભાસ થાય છે, પેલા ને સ્પષ્ટ પ્રતીતિ છે કે મેં પુરુષ નો વધ કર્યો, ત્યાં એ વ્યક્તિને પ્રાણાતિપાત ક્રિયા લાગે છે. સામે કોણ છે કોણ નથી, એના કરતા વધુ મહત્વ ની વાત એ છે, કે તમારા મનમાં શું છે ! હરીભદ્ર સૂરી મહારાજ કહે છે કે ચૌદ પૂર્વ ધરો પણ પ્રમાદના કારણે પાછે અનંતકાળ સંસાર ની અંદર ભટકે છે.

શિષ્યનો પ્રશ્ન :- એ તો કર્મની કલ્પના ઉપર જ ને !

એને પ્રમાદના કારણે, એ નિગોદમાં ગયા છે. એનો અર્થ જીવનો દોષ નથી પ્રમાદ નો દોષ છે. જેટલું પર્યાયો માં જશો, વર્તમાન પર્યાય જોશો, દોષને જોશો, પાપ ને જોશો, એટલું માપ બગાડ થશે. એટલા રાગ-દ્વેષ વધારે થશે. આનો દોષિત... દોષિત... દોષિત... દોષિત કહેતા કહેતા તું કેટલા દોષ વધારે છે, એ આપણને ખ્યાલ હોતો નથી. કેવળજ્ઞાની બધું જ જુએ, સીમંધર સ્વામી ભગવાન, ભરત ક્ષેત્રના અનાર્ય દેશોના, સમુદ્રની અંદર જુદા જુદા દ્વીપો હોય, એની અંદર મનુષ્યો હોય એ બધાના બધા પાપો સતત જોઈ રહ્યા હોય

તો ભગવાન માથુ કુટ્યા કરે ! સર્વ જીવોના,
સર્વ કાળના, સર્વ પાપો, સર્વ અઢાર પાપસ્થાનકો
ભગવાન ને સતત પ્રત્યક્ષ હોય, એમનેતો સિદ્ધોને
પ્રત્યક્ષ, કરોડો ની સંખ્યામાં કેવળજ્ઞાની જીવોને
પ્રત્યક્ષ, વિહરમાન તીર્થંકરો ને પ્રત્યક્ષ, આપણે
એટલા બધા ભોળા હોઈએ છીએ, કે આપણામાં
કશું ટકે નહિ અંદર સમાય નહિ, ઉછળકુદ -
બહાર એટલી થયા કરે, કોઈનો એક દોષ,
એક પાપ આપણે ભાળ્યું, પચીસ-પચાસ ને
કહીએ નહિ, ત્યાં સુધી ચેન પડે નહિ. ન કહેતા
હોઈએ ત્યારે પણ અંદર કહેવાનું તો ચાલુ જ
હોય ! નિશ્ચય દ્રષ્ટિ ! દરેક જીવમાં કરુણા -
દેખાય, દરેક જીવમાં શુદ્ધ સ્વરૂપ દેખાય, દરેક
જીવ નિર્દોષ લાગે, દરેક જીવ કર્મથી રહિત
લાગે, દરેક જીવ અત્યંત શુદ્ધ લાગે, એનું
નામ નિશ્ચય દ્રષ્ટિ !

તમે કાંઈ સમજ્યા નથી, જ્યારે
આપણે આ મુદ્દે ઝઘડો કરતા હોઈએ છીએ,
ત્યારે આપણે કશું સમજ્યા નથી હોતા. એક
છોકરો છે, ઘરની પાસે બારી, બારીની પાસે
ગટર છે, દસ-વીસ-પચાસ-સો રૂપિયાનું બંડલ
હાથમાં આવી જાય છે, ગટરમાં નાખી દે છે,
મમ્મી ને ખ્યાલ આવે છે, મમ્મી ત્યાં આવે છે
ને એને જોવે છે, ગાળો આપે છે, એને
મારે છે પીટે છે, ખબર નથી પડતી પૈસાને
ગટરમાં નાખે છે, એક હાથે મમ્મી એને
મારતી જાય છે, બીજા હાથે મમ્મી બીજા
બંડલો ગટરમાં નાખતી જાય છે. બરાબર એ
મમ્મી જેવી આપણી સ્થિતિ હોય છે. કોઈના
દોષ ની આપણે ચર્ચા કરીએ છીએ, કોઈના

દોષ ને જોઈએ છીએ, અને એની સાથે આપણે ઘણા બધા દોષોને, સમાંતર સમાંતર એ જ સમયે આપણે પહેરીએ છીએ. પુષ્પમાલામાં મલધારી - હેમચંદ્ર સૂરી મહારાજ કહે છે,

परदोसे जंपंतो ण लहइ अत्थं जसं ण पावेइ
કે બીજાના દોષ બોલે છે એને પૈસા મળતા નથી, કોઈ વસ્તુ મળતી નથી, એને સોનાચાંદી મળતા નથી, એનું કોઈ કામ થતું નથી,

मित्तं पि कुणइ सत्तुं,
એ મિત્ર ને પણ શત્રુ કરી દે છે,

बंधइ कम्मं महाघोर
અને એ મહાભયંકર કર્મનો બંધ કરે છે. પુષ્પમાલા માં મલધારી હેમચંદ્ર સૂરી મહારાજ કહે છે,

समयम्मि निग्गुणेसु वि भणिया मज्झत्थभावणा चेव।
કે નિર્ગુણ પણ હોય એના પ્રત્યે મધ્યસ્થ ભાવ રાખવો, એવું જ શાસ્ત્રમાં કહ્યું છે.

परदोसजंपणं पुण भणियं अण्णेहिं वि विरुद्धं ॥
અને પરદોષ બોલવા, એ તો બીજાઓ એ પણ, પર દર્શનીઓ માં પણ, વિરુદ્ધ જ કહ્યું છે, તદ્દન ખોટું છે. બીજાના દોષ બોલાય જ નહિ, આવું કહ્યું છે. પુષ્પમાલામાં મલધારી હેમચંદ્ર સૂરી મહારાજ કહે છે,

सुट्ठु वि गुणे धरंतो
વ્યક્તિ માં ગમે તેટલા ગુણો હોય, એ-ક જો પરનિંદા એનામાં હોય છે, તો એ ખૂબ હલકામાં હલકો બની જાય છે. મલધારી હેમચંદ્ર સૂરી મહારાજ, બોલી વાત પુષ્પમાલામાં કરે છે.

भूरिगुणा विरला च्चिय।
ભાઈ તમે ક્યાં ગુણો નો આગ્રહ રાખો છો. બોલાએ આમ કર્યું, આમ કર્યું, એટલે તમે દુરાગ્રહ રાખો છો

કે એનું એકદમ કેવળજ્ઞાની જેવું ચારિત્ર હોય?
ઘણા ગુણો કોઈ વ્યક્તિમાં હોય એવી વ્યક્તિનો ખૂબ જ વિરલ હોય. આજી દુનિયામાં એવી બે-ચાર વ્યક્તિ મળે કે ના મળે.

ઇક્કાઇગુણો વિ જણો ણ સવ્વત્થ ।

બધે એવી વ્યક્તિ પણ હોતી નથી જેનામાં એકાદ પણ ગુણ હોય.

णिद्दोसाण वि भद्दं ।

જેનામાં બહુ ગુણો હોય, ઓછા-વત્તા ગુણો હોય, એ વાત તો જવા દો. એકે ગુણ ના હોય, પણ મોટા દોષ ના હોય તો એ વ્યક્તિ પણ ધન્ય છે.

પસંસિમો થેવદોસે વિ ।

જેનામાં થોડા જ દોષ છે એની પણ અમે પ્રશંસા કરીએ છીએ. આજી દુનિયા ઉડી રહી છે, કોઈ પાંચ હજાર કરોડમાં ઉડ્યો, કોઈ પાંચસો કરોડમાં ઉડ્યો, કોઈ પચાસ કરોડમાં ઉડ્યો, કોઈ પાંચ કરોડ માં ઉડ્યો, અને કોઈ વ્યક્તિ પચાસ-હજાર માં ઉડ્યો, લાખ-બે લાખમાં ઉડ્યો તો અમે એને શાબાશી આપી એ કે ભાઈ તું તો આટલામાં જ ઉડ્યો.

એમ આમ બહુ ધર્મી છે, સ્વાધ્યાય કરે, ગુરુ મહારાજની સેવા કરે, આમ તપ પણ કરે, આમ એકાસણા પણ કરે છે, આમ દાન આટલા આપે, આમ પૌષધ કરે, આમ સામાયિક કરે આમ આટલું બધું કરે છે ને, પણ એનામાં આ દોષ છે. માળીએ ગુલાબના છોડ ને કહ્યું કે તારું જે ફૂલ છે એ અદ્ભુત છે, એની સુગંધ, એનો રંગ, એનું રૂપ, બધું સરસ, એક તારામાં કાંટા ના હોત ને, તો તું બહુ સરસ હોત. માળીએ દરીયા ને કીધું કે તું બહુ જ

મોટો, વિશાળ, ગંભીર, તારો ઘુઘવાટો, તારી અંદરના
રત્નો બધું જ બેનમુન પણ એક ખારો ના હોત,
તો બહુ સારું હોત. મોરને કહ્યું કે આ તારા પીંછા
ને તારી આ કળા, આ બધું અદ્ભુત જરૈજર,
પણ પાછળથી તું બહુ ખરાબ લાગે, તારા પગ એ
ખરાબ, અને ગુલાબ, દરીયો, મોર ત્રણે મળીને
માણસ ને કહ્યું કે, માણસ તારો દુર્લભ અવતાર,
તારા ઘણા ગુણો, તારી ઘણી સાધના ની શક્યતા
તારા ઘણા ~~…~~ સત્કાર્યો પણ તારો આ જે
દોષ દર્શન નો દોષ છે ને, એ ખરાબ. આખા
સફેદ કપડાની અંદર એક કાળું ટપકું છે, આપણને
બતાડવામાં આવે, શું છે ?, તો, આપણે કહીશું
કાળું ટપકું છે.

सो ~~सु~~ सकु पावो ।

જીવ પાપી નથી, દોષ પાપી છે, પ્રમાદ પાપી છે.
હરીભદ્રસૂરી મહારાજ ૧૬૮૫ મી ગાથામાં કહે છે,
પ્રમાદ ના કારણે, ચૌદ પૂર્વ ધરો પણ અનંત કાળ-
સંસાર ની અંદર ભટકે છે. અત્યારે નિગોદમાં
એવા અનંતા જીવો છે, જેઓ પૂર્વકાળ માં ચૌદ પૂર્વ-
ધર હતા. દસમું ~~…~~ પૂર્વ જેનું COMPLETE
થઈ ગયું, એને નિયમા સમ્યક્દર્શન હોય-
હોય ને હોય !

૨ અભવ્ય દીક્ષા લઈ શકે, શ્રુત ભણી
શકે, પૂર્વ ભણી શકે, નવ પૂર્વ સુધી ભણી શકે,
દસમું શરૂ કરી શકે, અભવ્ય કદી પણ દસમું
પૂર્વ પુરૂ કરી ના શકે. એને જે દસમું પૂર્વ જે
પુરૂ કરી દે એ અવશ્ય સમ્યક્દ્રષ્ટિ જ હોય,
અગિયાર પૂર્વધર, બાર પૂર્વધર, તેર પૂર્વધર ને ચૌદ
પૂર્વધર, અવશ્ય સમ્યક્દ્રષ્ટિ, સમકિત જ હોય.
પ્રમાદ આવે છે, એ જીવ પૂર્વો ને ભુલતો જાય છે,

ચૌદ માંથી તેર, બાર, અગિયાર, દસ, નવ,
આઠ, સાત, છ, પાંચ, ચાર, ત્રણ, બે, એક,
પડના.. પડના.. પડતા... ક્યોંકિ સમ્યક્ત્વ પણ
છૂટી જાય છે, પહેલું ગુણસ્થાનક આવી જાય છે
કાળ કરીને સીધા, અથવા તો VIA છેવટે એ
જીવ નિગોદમાં પહોંચી જાય છે.

આવશ્યક નિર્યુક્તિ આગમની અંદર
શ્રુતકેવલી ભદ્રબાહુ સ્વામી મહારાજ કહે છે,

जइ उवसंतकसाओ कहइ अणंतं पुणो वि परिवाडं।

ઉપશાંત કષાય, અગિયારમું ગુણસ્થાનક, વિતરાગ
સમાન દશા હોય, મોહ નો લેશ પણ ઉદય
નહિ, સંપૂર્ણ મોહ ઉપશાંત, જેવી વિતરાગની
મન સ્થિતિ હોય એવી જ એમની મનસ્થિતિ
હોય, માટે જ એને ઉપશાંત મોહ વિતરાગ
ગુણસ્થાનક કહ્યું, જેમને નિર્ગ્રંથ કહ્યા, એમનો
પણ પ્રતિપાત થાય,

कहइ अणंतं पुणो वि परिवाडं।

અને અનંતકાળ એ સંસાર ની અંદર ભટકે,

ता हु भे वीससियव्वं थोवे वि कसायसेसम्मि।

ના.. ના.. ના મારી પાસે તો ઘણી બધી -
આરાધનાઓ છે, બસ મારો તો આરાધો જ હોય
છે, મારો તો આરાધો જ પ્રમાદ છે, મારે તો
આરાધનું જ છે. હરીભદ્રસૂરી મહારાજ કહે છે,
જીવનું એવાનું હોય ત્યાં નિશ્ચય દ્રષ્ટિ લાવી
કે એ શુદ્ધ છે, બુદ્ધ છે, ભગવાન છે
તમારું એવાનું હોય ત્યારે થોડા પ્રમાદ થી પણ
તમે ગભરાય જાવ, અકળાઈ જાવ. આમ ----
આમ કેમ કેવાય ની બેબાકળા થઈ જાવ,
એવી તમારી સ્થિતિ હશે તો તમારું કલ્યાણ
થશે !

अणथोवं

તમારું થોડું જ ઋણ છે, આટલું જ દેવું છે, અને તમને કંઈ પડી નથી, તમને કંઈ ફીકર નથી, તો તમે મરી જવાના.

वणथोवं

તમારું વ્રણ છે, નાનું ગુમડું થયું છે, એમાં રસી છે પરૂ છે, ધીમે ધીમે પાકી રહ્યું છે, એની તમે ઉપેક્ષા કરો છો, બની શકે તમારે હાથ કપાવવો પડે.

अग्गिथोवं

હજુ તો ઘરનો એક ખૂણો જ સળગ્યો છે ને, આવું વિચારશો એટલે સમજી લો કે, ઘર તમારું આખું ભસ્મીભૂત થઈ ગયું.

कसायथोवं च ।

થોડા જ કષાય છે, માટે ચિંતા કરવાની જરૂર શું?, આવું તમે નહિં વિચારતા,

ण हु भे वीससियव्वं

તમે બિલકુલ આ બધાનો વિશ્વાસ નહીં રાખતા,

थोवं पि हु तं बहुं होइ ॥

એ અત્યારે થોડું છે, પણ પછી એ ઘણું થઈ જાય છે, પ્રમાદ !!

મત માટે અત્યંત કઠોર બનો, મારી આયલી પણ હોય, જ્ઞાની પણ હોય, સુક્ષ્મ પણ હોય, ન ચાલે એટલે ન "જ" ચાલે, આ વૃત્તિ હશે, બીજા બધામાં હોય જ નથી, એ શુદ્ધ, બુદ્ધ છે, એમનો કોઈ જ ગુનો નથી, એ કશું જ ખોટું નથી કરતા, આવી વૃત્તિ હશે, તો આપણી સાચા અર્થ માં મોક્ષ યાત્રા શરૂ થઈ શકશે. હરીભદ્રસૂરી મહારાજ ગાથાનંબર ૧૬૮૯ માં કહે છે,

दुक्खं कलभइ णाणं, णाणं लद्धूण भावणा दुक्खं,

પહેલા તો જ્ઞાન જ દુર્લભ છે, ચાલો જ્ઞાન પણ

DATE 06 09 2020

મળી ગયું તો, એ જ્ઞાનથી ભાવિત થવું, એ જ્ઞાન અંદર ઘુંટાવું, એ જ્ઞાન આત્માં ના પ્રદેશે પ્રદેશે પરિણત થવું એ દુર્લભ છે.
પ્રશ્ન કર્યો હરીભદ્ર સૂરી મહારાજને કે - અમારા મનમાં આ વાત સમજતી નથી. ચૌદ પૂર્વી પણ જાય, એ પ્રમાદ કરે, એ નિગોદ માં જાય, એ અનંતકાળ ભવભ્રમણ કરે, કશું જ સમજતું નથી, અને હરીભદ્ર સૂરી - મહારાજ એ સવાલ નાં જવાબ તરીકે, આ ગાથા કહે છે.

ણાણં લદ્ધૂણ ભાવણા દુક્ખં

તમે આખી જિંદગી શાસ્ત્રો વાંચતા જ રહો ----- વાંચતા જ રહો ----- વાંચતા જ રહો, કરોડોની સંખ્યામાં, અબજો ની સંખ્યામાં, શ્લોકો તમારા વંચાઈ ગયા, આખી જિંદગી વ્યાખ્યાન સાંભળી એવા ભાવિકો હોય છે, બે - ત્રણ - ચાર જગ્યાએ શોધી ને વ્યાખ્યાન સાંભળવા જાય, સવારે સાડા છ વાગ્યા થી દસ વાગ્યા સુધી જુદી જુદી વાચનાઓ જુદા - જુદા વ્યાખ્યાનો, ક્યાં મળે શોધી શોધી ને જાય, ઘરે સ્વાધ્યાય કરે, શાસ્ત્રો વાંચે, ગ્રંથો વાંચે બધું જ કરે. હરીભદ્ર સૂરી મહારાજ કહે છે, ધન્યવાદ છે પણ આ ઈતિ શ્રી નથી આ સમાપ્તિ નથી, આ તમારી સફળતા નથી, આ શરૂઆત છે, જ્ઞાન મળ્યું, એ સિદ્ધિ નથી એ શરૂઆત છે.

ણાણં લદ્ધૂણ ભાવણા દુક્ખં

તમે ગમે તેટલું ખાવ, પણ તમે પચાવો નહિ, તો એ ખાવાથી તમને કોઈ જ લાભ નહિ થાય. ખાવાથી શક્તિ નથી આવતી, ખાધેલું

પચાવવાની શક્તિ આપે. અને એ પચતું નથી તો ખાધેલું ઊલટું નુકશાન કરે એવું પણ બની શકે. આપણી પાસે ખાવું છે, આપણી પાસે વાગોળવું, ચાવવું, પચાવવું, આ આપણી પાસે ક્યાં છે !

નાणं कल्लूण भावणा दुक्खं ।

જ્ઞાન મળી પણ ગયું, એનાથી એવા ભાવિત થઈએ, એવા ભાવિત થઈએ, એવા ભાવિત થઈએ, નંદીસુત્રમાં બહુ અદ્ભુત વાત કરી,

एवं से आया

આચારાંગ સુત્ર, સાધુ એવી રીતે ભણો, એવી રીતે ભણો, એવી રીતે ભણો, કે એ સ્વયં આચારાંગ સુત્ર સ્વરૂપ થઈ જાય. કોઈ કહે કે મને નથી સંસ્કૃત આવડતું, નથી પ્રાકૃત આવડતું, મારાથી કંઈ જ થાય એવું નથી, ગુરુદેવ, આચારાંગના જોગ તો આપે કરાવ્યા, પણ આચારાંગ હું સમજુશ ક્યારે ? હજુ એવી બુદ્ધિ નથી, હજુ એવો ક્ષયોપશમ નથી, અને ગુરુ એમને કહે કે ભૈ, તારે છે ને આ મહાત્મા ને જોવાના ! તું કશું નહીં કરતો એ મહાત્મા ને જોયા કરજે, જોયા કરજે, જોયા કરજે, જોયા કરજે, એ પડિલેહણ કરે, એ ગોચરી એ જાય, એ ગુરુવંદન કરે, એ સ્વાધ્યાય કરે, એ પ્રતિક્રમણ કરે, એ બોલે, એ ચાલે, એ કરે, એ સુતા હોય, એ જાગતા હોય, તું ફક્ત એમને જોયા કરજે. બસ એ આચારાંગ સુત્ર જ છે !

" જીવંત આચારાંગ સુત્ર, એટલે મહાત્મા !! "

મહાત્મા એ જેના જીવનમાં શ્રુત ભાવ્યું એ કહેવાય, નંદી સુત્ર કહે છે. મહાત્મા એ

ઉત્તરાધ્યયન સૂત્ર વાંચ્યું એ ક્યારે અર્થમાં ત્યારે કહેવાય, જ્યારે એ મહાત્મામાં ઉત્તરાધ્યયન સૂત્ર ને વાંચી શકાય !

એક ગ્રંથ આપણે કર્યો ને હવે એ ગ્રંથ પુષ્પનમાં, વલણમાં, ધ્યાનમાં વણાઈ જ ગયો હોય ને, જે કરીએ એ ગ્રંથાનુસારી જ હોય, આપણે સ્વયં ગ્રંથની પર્યાય બની જઈએ, ગ્રંથનું મૂર્ત સ્વરૂપ બની જઈએ, આપણે ગ્રંથ જ બની જઈએ, ત્યારે સમજવાનું કે આપણને ભાવના આવી છે, ભાવિતતા આવી છે, - પરિણતતા આવી છે.

ઐવં સે આયા

આઠ-નવ વર્ષથી બાઈબલ ઉપર પ્રવચન આપનાર વ્યક્તિ, પચાસ વર્ષની ઉંમરે પહોંચી છે ચાલીસ-બેતાલીસ વર્ષથી જે બાઈબલ ઘુંટ્યું છે... ઘુંટ્યું છે... ઘુંટ્યું છે.... ને એના ઉપર પ્રવચન, અદ્ભુત એના પ્રવચન હોય ને કોઈપણ પ્રશ્ન પુછે ને બાઈબલના REFERENCE સાથે જવાબ આપે. પ્રવચન પુરુ થયું ને એક વ્યક્તિ એમની પાસે આવી ને, એમને નમન કર્યું. અને જોરથી એક લાફો એમને મારી દીધો. પેલા એ તરત બીજો ગાલ ધર્યો, એટલે બીજા ગાલ ઉપર જોરથી લાફો મારી દીધો. ને હવે પેલા એ એવો મુક્કો માર્યો કે લાફો મારનાર ના બે-ત્રણ દાંત પડી ગયા. પેલી વ્યક્તિ, ગાળુ બાઈ ગઈ, પડી ગઈ, લોહી-નીકળ્યું, દુઝે એટલું. બે-ચાર ગાળ ગાઈ જરાક કળ એને વળી, એને એણે પેલા ને કહ્યું કે તમને હજુ BIBLE બરાબર પચ્યું નથી. એણે કહ્યું કે કેમ નથી પચ્યું. બાઈબલ

માં કીધું છે, કે કોઈ એક ગાલ પર લાફો મારે તો બીજો ગાલ ધરવો, એણે કહ્યું તમે શું કર્યું, એલા એ કહ્યું કે કોઈ બીજા ગાલ પર લાફો મારે તો શું કરવું એનો બાઈબલ માં કોઈ ખુલાસો નથી !!

ણાણં લદ્ધૂણ ભાવણા દુક્કરં ।

આપણે બધા શબ્દો ને પકડનારા, શબ્દો ને પકડીને સામેની વ્યક્તિ ને પકડનારા, બબાલ કરનારા, માથાકુટ કરનારા, ઝઘડા કરનારા, શાસ્ત્રના નામે વિવાદો કરનારા, બહુ સરસ મઝાની વાત, મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ કહે છે,

श्रुतज्ञानाद्विवादस्स्यात् , मतावेशश्च चिन्तया ।

તમારી પાસે માત્ર શ્રુત જ્ઞાન છે, તો તમે માત્ર ને માત્ર વિવાદ કરવાના, તમારી પાસે ચિંતન જ્ઞાન છે, તમે થોડા- ઘણા ઉંડા ઉતરશો, પૂર્વ પક્ષ- ઉત્તર પક્ષ, તર્ક, વિતર્ક, વાદ- પ્રતિવાદ, સવાલ- જવાબ, તુલના બીજા શાસ્ત્રોથી, ત્યાં સુધી તમે પહોંચ્યા તો તમે બહુ જડ થવાના, અભિનીવેશી થવાના, કદાગ્રહી થવાના, તમે થવાનું મને મળી ગયું એ જ સાચું, એ જ સાચું, હું જ સાચો છું, આ બધા જોશ છે.

माध्यस्थ्यं भावनाज्ञानात् , सर्वत्रोपशमान्वितम् ॥

જ્યારે આપણે શ્રુત જ્ઞાનથી વધીને, ચિંતન જ્ઞાન સુધી પહોંચ્યા, ચિંતન થી આગળ વધીને ભાવના સુધી પહોંચ્યા, ભાવિત થઈ ગયા, પરિણત થઈ ગયા, ત્યારે માધ્યસ્થ્ય અને ઉપશમ નું સામ્રાજ્ય છવાઈ જાય છે.

ણાણં લદ્ધૂણ ભાવણા દુક્કરં ॥૧૬૮૬॥

જ્ઞાન એ જ આપણું લક્ષ્ય નથી, જ્ઞાન એ હકીકતમાં અંતિમ સાધ્ય નથી, જ્ઞાન એ સાધન છે, ભાવના એ સાધ્ય છે, જ્ઞાનના માધ્યમે, ભાવના સુધી પહોંચવું છે આજે સમય થયો છે,

આજે આટલું રાખીએ !!

## વ્યાખ્યાન નંબર- ૧૯

DATE 07 09 2020

ચૌદસો ચુમ્માલીસ ગ્રંથ કર્તા પૂજ્ય હરીભદ્ર સૂરી - મહારાજ, પંચવસ્તુક ગ્રંથ ની અંદર, ગાથા નંબર ૧૫૮૯ માં,

દુક્ખં કહમઇ ણાણં ણાણં કહ્લૂણ ભાવણા દુક્ખં।
જે વિકથામાં છે, જે ગોહિલાવી માં છે, ઉંધી ઘણી પ્રવૃતિ માં છે, માટે એને જ્ઞાન મળતું નથી. જે ગુરૂ થી દુર છે, માટે એને જ્ઞાન મળતું નથી, જે ગુરૂ, વિદ્યા ગુરૂ ની પાસે આવે છે પણ વિનય નથી કરી શકતો, માટે જ્ઞાન મળતું નથી જેને અહમ નડે છે, ઝુક ઝુકી શકતો નથી, માટે જ્ઞાન મળતું નથી.

દુક્ખં કહમઇ ણાણં।

નદી પાસે પાણી ની ખોટ નથી, ખરો સવાલ નદીમાં કેટલા લીટર પાણી છે, નદી પાણી આપશે કે નહિ, નદી પાણી નહીં આપે તો શું ? નદી ને પાણી આપવાનો સમય છે કે નહિ, એ નથી. ખરો સવાલ ઘડા ના ઝુકવાનો છે, ઘડો ઝુકે તો ભરાય ભય. ઘડો એમ ને એમ રહે તો ખાલી રહે. ઘડો આવ્યો છે ભરાવા, ઘડાને ઝુકવું નથી. ઘડો સમજે છે કે નદી કોણ મને આપે ! ઘડો સમજે છે, ઠીક છે આપતી હોય તો લઈ લઈએ, કોઈ વાંધો નથી પણ આપણને કોઈ જરૂર નથી. ઘડો સમજે છે કે નદી ને આપવું હોય તો થોડી ઉંચી - થઈને આપી દે. મારે નીચા થવાની શું જરૂર છે. ઘડો કહે છે કે નદીથી હું કંઈ બંધાયો નથી, નદી વગર મારું કંઈ અટકતું નથી, નદી ~~વગર~~ વગર હું છું, નદી ને આપવું હોય તો આપે, હું ઝુકવાનો નથી, એને ન આપવું હોય તો એની મરજી, લો એ ઘડો ખાલી રહેશે.

classmate

એની શકે કે નદી સુકી હોય ને ઘડો ફૂટે તો એ કાંઈ મળી ના શકે. જે ગુરૂ પાસે ફૂટી જાય છે, એને ગુરૂ પાસે ન હોય એવું એ જ્ઞાન મળી જાય છે. યોગ્ય શ્રોતા, યોગ્ય શિષ્ય, એ વાચના થી સમજુ જાય છે, યોગ્યતા હજુ વધે છે, એ બે-ચાર વાક્યો થી સમજુ જાય છે, યોગ્યતા હજુ વધે છે, બે-ચાર શબ્દો થી સમજુ જાય છે. ગણધર ભગવંતો ઉત્કૃષ્ટ યોગ્યતા, ભગવાનના ત્રણ પદથી બધું જ સમજુ ગયા! યોગ્યતા ઓછી હોય છે ત્યારે વાચના પછી, વાચના આપવી પડે છે. યોગ્યતા હજુ ઓછી હોય છે, ત્યારે વાચના પછીની વાચના થી પણ ઠેકાણું પડતું નથી, - સમભવટી કરવી પડે છે યોગ્યતા એનાથી ઓછી હોય, ત્યારે વાચના એના પછી ની વાચના અને સમભવટ, આ બધું અપકાર્ય હોય છે.

दुक्खं कलमइ णाणं ।

આપણી અને જ્ઞાન વચ્ચે એક જ દિવાલ છે, જેનું નામ છે અહંમ! અને યોગ્યતા બુજ જ ઘટી જાય છે, ત્યારે પુંવ વાચના, સમભવટ વગેરે ને લાયક રહેતો નથી. ઠાણાંગ સુત્રની અંદર કહ્યું,

तओ अवायणिज्जा पण्णत्ता

ત્રણ પ્રકારના શ્રોતા, ત્રણ પ્રકારના શિષ્યો છે, જેને વાચનામાં બેસાડવા ને પણ લાયક નથી. પહેલા નંબરમાં કહ્યું અવિનિત જેનામાં વિનય નથી! કેય વર્ષો થી સાંભળવા, ભણવા છતાં, પરિણતી ન આવી, એનું પહેલું કારણ આ, વિનય નથી. અહીંયા સાંભળીએ, અહીંયા તો બોલાય નહિ, ઘરે જઈને એ જ ગુરૂ ભગવંત એમની ટીકા-ટીપણ, એમના ઔચિત્ય નો નિર્ણય, આ બધું

DATE 07 09 2020

આપણે કરી શકીએ, આ હિંમત નો અંત અવિનય હોય છે. વિનિત ભયભીત હોય છે, કે ગુરૂ થી ડરે, ગુરૂના અવિનય થી ડરે, ગુરૂ ની આશાતના થી ડરે, સંસાર થી ડરે, પાપ થી ડરે, કે દુર્ગતિ થી ડરે. અવિનિત હિંમત ની હરીયો હોય છે. એને કોઈ જ ડર નથી, શરમ નથી, એ બિનધાસ્ત હોય, એને જે મનમાં આવ્યું એ બોલી શકે! સ્થાનાંગ આગમ સુત્ર કહે છે, પહેલા નંબરમાં અવાચનીય, અવિનિત, બીજા નંબર માં - અવાચનીય,

विगइपडिबद्धे

જેને ખાવાની બહુ લાલસા હોય, એને વાચના ન આપવી. જેને ખાવા પીવાની લાલસા છે, વિગઈ એની આસક્તિ છે, ભોગ ના કરે, એટલે એને અધિકાર ન મળે, એટલે એને શ્રુત ન મળે! સામાન્ય જીવનની અંદર, ખાવા પીવા ની લાલસા એ એક ઉપલક્ષણ છે, સાંસારીક વિષયો નું જેને આકર્ષણ છે એ અહીંયા વાચનામાં આવે જ નહિ, આવે તો એવા અહોભાવ કે અનુરાગથી સાંભળે જ નહિ, અને એનાથી એના આત્માને લાભ થવાનો નથી, માટે એને વાચના ના આપવી. ત્રીજા નંબર માં કહ્યું,

अविओसविथपाहुडे

જેણે ગુરૂ સાથે, ગુરૂ ભાઈ સાથે, સહવર્તી - મહાત્મા સાથે, શ્રાવક પણે પરીવાર ના કોઈ પણ સભ્ય સાથે, સાધર્મિક સાથે, ઝઘડો કર્યો, કષાય કર્યો, હવે એનું મન ફાટ -- ફાટ -- ફાટ -- ફાટ -- ફાટ થાય છે, અંદર ગુસ્સો

ભરેલો છે. એ પણ વાંચના માટે અયોગ્ય જ ગણાય.
IN SHORT, વિનય નથી, વૈરાગ્ય નથી, અને ઉપશમ નથી, તો આપણે જિનવાણીને પામવા-માટે પણ લાયક નથી. અંદર ઠાંસી ઠાંસીને કચરો ભરીને આપણે અહીંયા આવીએ છીએ, જિનવાણી સારી છે, સુંદર છે, પણ આ જ કચરામાં ભળે છે, ગટરમાં ગંગાજલ પણ ભળે, ગટરમાં દુધ પણ ભળે, એ ગટર જ બનવાનું છે.

શાંતસુધારસ ની અંદર વિનય-વિજયજી મહારાજ કહે છે,

चतुरशीतावहो योनिलक्षेष्विय, क्व त्वयाऽऽकर्णिता धर्मवार्ता?।
ચોર્યાસી લાખ યોનિની અંદર તારા આત્માનું થયેલું પરિભ્રમણ, એમાં ક્યાં, ક્યારે તે ધર્મની વાત સાંભળી.

प्रायशो जगति जनता मिथो विवदते, ऋद्धिरससातगुरुगौरववार्ता: ॥
જ્યારે જ્યારે તું ઉપર આવ્યો વચન લબ્ધિ મળી, બેઈન્દ્રિય, તેઈન્દ્રિય, ચૌરેન્દ્રિય, સંજ્ઞિ પણું, મનુષ્ય પણું, જ્યારે જ્યારે મળ્યું, તે શું કર્યું ?
વાદ-વિવાદ કર્યા, મનના બળાપા ઠુકયા, પોતાની બડાઈ હાંકી, પોતાના ગુણગાન ગાયા, ખાવા-પીવાની ચર્ચાઓ કરી, રાજકથા, ભક્તકથા, દેશકથા, સ્ત્રીકથા કરી, એશ-આરામ, મોજ-મજા, આની અંદર તારી જિંદગી પુરી થઈ ગઈ. કેટલા અવસરો જ્ઞાનના મળ્યા, એક એક દિવસમાં કેટલું અંતર આપણે કાપી શકત, ઉલ્ટા-સીધા સંકલ્પ-વિકલ્પો, વાતો, સમયના વેડફાટો, અને આપણે જ્ઞાનથી વંચિત રહ્યા.

વિનોબાભાવે એક પત્રકારને INTERVIEW આપી રહ્યા હતા, પત્રકારે પ્રશ્ન પુછ્યો, મેં હજુ સુધી ચાર પ્રશ્ન પુછ્યા અને હવે પાંચમો પુછવા જઈ રહ્યો છું, એની વચ્ચે તમે શું કર્યું ?

વિનોબા ભાવે એ જવાબ આપ્યો કે મેં પાંચ-
વાર ભગવાનનું નામ લીધું, છઠ્ઠી વાર લેવા જઈ-
રહ્યો હતો, ત્યાં તમે પ્રશ્ન કર્યો ! આપણને
સમયની કિંમત ક્યાં છે ? આપણા મહાત્મા જેવા
હોય, પાણી વહોરવા ગયા હોય, વહોરાવનાર-
વ્યક્તિ ને ઠેઠ આવતી હોય, વહોરાવનાર વ્યક્તિ
પાણી વહોરાવતી હોય, ત્યાં સુધી માં ૨૫-૩૦
ગાથા નો સ્વાધ્યાય થઈ જાય.

ગુરૂદેવ શ્રી ભુવનભાનુસૂરી સ્વરૂપ
મહારાજ, શૌચ માટે બહિર્ભૂમિ જતા, જતા ને આવતા,
અભિધાન ચિંતામણી, પંદરસો બેતાલીસ શ્લોક-
પ્રમાણ, સંસ્કૃત શબ્દકોષ નો ગ્રંથ, જતા આવતા
એનો સ્વાધ્યાય કરતા. બહુ દુર કોઈ જ્યા હોય
તો પુરો થાય, નહી તો બે દિવસે - ત્રણ દિવસે !
ગુરૂદેવ પદ્મવિજયજી મહારાજ સાહેબ, સિધ્ધાનુહેમ-
શબ્દાનુશાસન, કલિકાલ સર્વજ્ઞ એ બનાવેલું
સંસ્કૃત વ્યાકરણ, આઠ અધ્યાય, બે હજાર જેવા
સુત્રો, અને એની ટીકા, સંસ્કૃત COMMENTARY
સંપૂર્ણ કંઠસ્થ કરી, TOTAL છ હજાર શ્લોક
પ્રમાણ, આખું સાહિત્ય થાય, એને રાત્રિ
સ્વાધ્યાય એનો કરે, એને ચાલુ કર્યો, પ્રતિક્રમણ
પછી બેસી જાય, સુતા સુધી એનો પાઠ કરવાનો,
બે હજાર શ્લોક પ્રમાણ સ્વાધ્યાય પુરો થાય,
બીજા દિવસે બીજા બે હજાર, ત્રીજા દિવસે
ત્રીજા બે હજાર, આ રીતે ત્રણ રાત ના રાત્રિ
સ્વાધ્યાય માં, આખું એ જૈને છ હજારી કહેવાય,
એ પુરૂ કરી દેતા.

દુક્કરં કઠ્ઠમ્ઇ ગાણં

પૂજ્ય ચંદ્રશેખર વિજયજી મહારાજ સાહેબ, વીસ
હજાર ગાથાઓ એમણે કંઠસ્થ કરી, પ્રતિક્રમણ

પુરુ થાય, પાઠ કરવા જેવી જાય. FULL SPEEDમાં ઉચ્ચાર સાથે શ્લોકો બોલવાના. એક હજાર શ્લોક પુરા થાય એટલે સમજવુ લેવાનું કે એક કલાક થયો. રાત્રે ૮ થી ૧૨ એમનું પુનરાવર્તન ચાલે. રોજ ચાર હજાર શ્લોક પ્રમાણ પુનરાવર્તન કરવાનું !!

તમારે પેઢી બનાવવી છે, OFFICE બનાવવી છે, ધંધો બનાવવો છે, અને વ્યવસ્થિત એને ચલાવવો છે, તો તમારે તમારી જિંદગી આપી દેવી પડે. પછી તમે કહો કે હું બહું આવું નહિ, મોડો નહિ, આવું ના ચાલે ! એ રીતે તમારે જ્ઞાન મેળવવું છે, તો તમારે ગુરૂને સમર્પિત થઈ ને સંપૂર્ણ વિનય રાખીને, બીજું બધું ગૌણ કરીને જ્ઞાનની પાછળ લાગવું પડે તો તમને મળે. આપણે કિનારે છબછબિયા કરીએ છીએ ને શંખલા ને છીપલા વીણી ને, મોટી મિલકત થઈ ગઈ હોય એવી ફાંકો રાખીએ છીએ, જ્ઞાન માટે મરજીવા બનવું પડશે, દરિયામાં ડુબકી લગાડવી પડશે, અને એના જુંટફાટ કરીને અગણિત રત્નો ભેગા કરવા પડશે, ત્યારે જ્ઞાન મળશે.

દુવર્ત્વ ક્ષણ્ઠ ગાઢાં ।

એક હજાર કિલોમીટર દુર DESTINATION હોય, પદ યાત્રા હોય આપણે પાંચ મિનિટ ચાલ્યા હોઈએ, અંદર લાગતું હોય ઘણું ચાલ્યા. બાજુ વાળાને કોઈને પુછીએ, કે ભાઈ હવે કેટલું રહ્યું ?, એના જેવી આપણી પરિસ્થિતિ છે. જ્ઞાન જોઈતું હોય તો નમ્ર બનો, જ્ઞાન જોઈતું હોય તો નીચા બનો, જ્ઞાન જોઈતું હોય તો બુદ્ધિનો ઘમંડ છોડો. જ્ઞાન જોઈતું હોય તો પોતાના અજ્ઞાન ની સભાનતા કેળવો. જ્ઞાન જોઈતું હોય તો જ્ઞાનની છાંટા જેટલી પણ સભાનતા ન રાખો, હું જ્ઞાની છું, એવી સભાનતા

છોડી દો, જ્ઞાન એવું હોય, તો બીજું બધું જ છોડો
ક્યા- ક્યાં અહિભાવ છે, ક્યા ક્યા સમય વેડફાટના
કારણો છે, એવા મહાત્મા હોય અહીંયા ઘણા છે.
અહીંયા ઘણાં છે, જ્યાંયા ત્રણ જણ પાણી વાપરે
છે, ત્યાં કોઈ નથી, અહીંયા મને કહાય વાત
કરવાનું મન થઈ જશે, હું અહિભાવ માં આવી -
જઈશ, ચાલો ઓછો ઘણો છે ત્યાંથી પાણી
વાપરી લઉં! એવું થાય, ક્યાં__ક્યાં__ક્યાં__ક્યાં__
હું મારી અંતર્મુખતા ને ગુમાવું છું, ક્યાં__ક્યાં
ક્યાં___ ક્યાં મને અહિભાવ આવે છે, ક્યાં
વચન પ્રવૃત્તિ થાય છે, ક્યાં પગની ચંચળતા
થાય છે, ક્યાં મારો સમય બગડે છે, એના
ચિંતા કોણ કરે! બહુ નાની જિંદગી છે, ગણતરી
ના દિવસો છે, અગણિત કાર્ય કરવાનું છે,
ભરપુર જ્ઞાન જગની લુંટવાનો છે, ભરપુર
આરાધના કરવાની છે, એને સમય વેડફવો
કઈ રીતે પાલવે!

ભગવાન, ગૌતમસ્વામીજી જેવાને કહે,
સમયં ગોયમ! મા પમાયએ
જેમને કંઈ ભણવાનું બાકી નથી, જેટલું ભણવાનું
છે, એની રચના પોતે જ કરી છે, ચૌદ પૂર્વ-
ધર છે, ધારો કે પુનરાવર્તન ના કરે તો એ
એક અક્ષર ગૌતમસ્વામીજી ને ભુલાય એવો નથી.
અડતાલીસ લબ્ધિ માંથી એક લબ્ધિ,
કુષ્ટબુદ્ધિ
કોઠારમાં ધાન્ય નાખ્યું, તમે ભરી નાખ્યું, જેટલા
દાણા હતા, વરસ પછી તમે જોયો એક પણ દાણો
ઓછો ના થાય. જેની એવી બુદ્ધિ છે એક
વાર નાખ્યું એ નાખ્યું, આજી જિંદગી પુનરાવર્તન
ના કરો, જિંદગી ના છેલ્લે દિવસે પુછો,

બધું જ કડડડાટ બોલી જાય. જે પુનરાવર્તન વગર ભૂલવાના પણ નથી, જે એ જ ભવમાં મોક્ષે જવાના, જે પ્રથમ ગણધર, ચતુર્જ્ઞાની, સર્વલબ્ધિ નિધાન, અને ભગવાન એમને કહે, કે તમે એક સમય નો પણ પ્રમાદ ન કરશો, આપણી - ક્યાં વાત કરવી! સમય એટલે એક સેકન્ડ નો અસંખ્યાત મો ભાગ અને એનો પણ પ્રમાદ, ભગ- વાન કહે છે કે ખોટો છે, ખતરનાક છે, જે આત્મા ને બહુ જ નુકશાનકારક છે, અને આપણી સમય નો સમય, મિનિટો, કલાકો, દિવસો, મહિનાઓ, વર્ષો પ્રમાદમાં!

હરીભદ્ર સૂરી મહારાજ, સમરાઈચ્ચ - મહાકથામાં કહે છે,

अवि य भक्खियव्वं विसं ० ण पुण सेवियव्वो पमाओ ।

ઝેર ખાઈ લેવું સારું, પણ પ્રમાદ કરવો સારો નથી.
ઝેર એક જ ભવ મારશે, પ્રમાદ ભવોભવ મારશે.
ઝેર ફક્ત શરીરને પીડા આપશે, પ્રમાદ એ શરીર અને આત્મા બંને ને પીડા આપશે.
ઝેરથી એક વારની તકલીફ થશે, પ્રમાદ થી - તકલીફ નો અનુબંધ થશે, તકલીફ ની પરંપરા બંધાશે.

दुक्खं कळमइ णाणं ।

હરીભદ્ર સૂરી મહારાજ કહે છે, પહેલા જ પગથિયે આપણે પૂછશું તો આણો શત્રુંજય ક્યારે થાશું? આપણને લાગે કે આપણે બહુ ધર્મી છીએ, આરાધક છીએ, મોક્ષ યાત્રામાં બસ આપણે તો - આગળ - આગળ વધી જ રહ્યા છીએ. જ્ઞાનની પ્રાપ્તિ જે વિનય દ્વારા થાય એમાં પણ આપણે ક્યાં છીએ? અમારા વડીલો કહેતા કે પોતે જેમની પાસે ભણતા, એમનું બધું જ પડિલેહણ,

એમની બે ટાઈમ ઓઘો બાંધવાનો, એમના કપડાનો કાંપ કાઢવાનો, એમનો રોજ સંથારો કરી આપવાનો, આ બધી જ સેવા અમે કરતા, અને ભણતા! જ્ઞાન દાતા પ્રત્યે આપણી કૃતજ્ઞતા કેટલી ? ક્લાક નો પાઠ લઈ લીધો, સંસ્કૃત, પ્રાકૃત, કાવ્ય, વ્યાકરણ, ક્લાક વ્યાખ્યાન આપણે સાંભળી લીધું, વાત પુરી થઈ ગઈ, બધું પતી ગયું, આપણે આપણા કામે લાગી ગયા, કદાચ પાંચ હજાર વ્યાખ્યાન સાંભળ્યા ને ય પરિણતિ નથી મળી, હું કહું છું, પાંચ જ વ્યાખ્યાન સાંભળ્યા હશે, પણ એક લાગણી હશે કૃતજ્ઞતા હશે, અહોભાવ હશે, બહુમાનભાવ હશે, કંઈક કરી છુટવાની તમન્ના હશે, અને જેટલું કરીએ એ ઓછું લાગતું હશે, તો આપણને જરા અર્થમાં જ્ઞાન મળશે.

જ્ઞાન પ્રત્યે ની ભુમિકા આ છે કે ભણાવનાર ભગવાન લાગે. જ્ઞાન પ્રત્યે ની ભુમિકા આ છે કે દસ મિનિટ ક્યાંક વાત કરીએ, અને એમનો ઉપકાર, એમની સંવેદના પ્રગટ થયા વગર રહે નહિ. જ્ઞાન પ્રાપ્તિ ની ભુમિકા આ છે કે એમના દોષ કદી બોલવા નહિ. જ્ઞાન પ્રાપ્તિ ની ભુમિકા આ છે કે કોઈક એમના દોષ બોલે છે તો એમને ચુપ કરી દેવા. જ્ઞાન પ્રાપ્તિ ની ભુમિકા આ છે કે જ્ઞાન-દાતાના, નવ્વાણું દોષ હોવા છતાં, નથી એમ સમજવા, અને એમનો એક ગુણ, એક લાખ ગુણ બરાબર ગણવો. જ્ઞાન પ્રત્યે ની ભુમિકા આ છે કે એક દિવસ પણ જેની પાસે ભણ્યા, એમને આજીવન રોજ સવારે ઉઠીને યાદ-કરવા. જ્ઞાન પ્રત્યે ની ભુમિકા આ છે જેમણે

classmate

DATE 07 09 2020

એક અક્ષર પણ ભણાવ્યો ધર્મનો, તેમને - આજીવન તીર્થ સ્વરૂપ જોવા. જ્ઞાન પ્રત્યેની ભૂમિકા આ છે, એમનું કોઈ નામ બોલે, અને રોમાંચિત થઈ જવું. જ્ઞાન પ્રત્યેની ભૂમિકા આ છે. દસ વર્ષ પહેલા કોઈક નાના મહાત્મા - જેમનું એવું કોઈ વિશિષ્ટ વ્યાખ્યાન ન હતું, એકદમ ધારદાર જ્ઞાન ન હતું, પણ આપણે એકાદ વ્યાખ્યાન એમનું સાંભળ્યું હતું, આપણે એકાદ પાઠ એમની પાસે લીધો હતો, અને આજે એમનું નામ આવે, અને આપણે - ગળગળા થઈ જઈએ, એમણે મને જ્ઞાન આપ્યું હતું.

न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते।

જ્ઞાન જેવું પવિત્ર બીજું કશું જ નથી. કોઈએ પાંચ લાખ રૂપિયા નજીક વખતે આપ્યા, આપણે આજીવન એમનો ઉપકાર માનીએ. કોઈ કહે એ દારૂ પીવે છે, આપણે કહી દઈએ એ દારૂ પીતા હશે કદાચ, પણ મારી આગળ આવી વાત - કરતો નહિ, એ મારા ઉપકારી છે. એ વખતે એમણે મને પાંચ લાખ રૂપિયા ન આપ્યા હોત તો, મારું શું થાત ? હશે, હોય શકે, મારે આવું કોઈ સાંભળવું નથી, મારી આગળ આવી વાત કરવાની નહી. રૂપિયા નું મુલ્ય એ છે કે રૂપિયા આપનાર નું મુલ્ય છે. જ્ઞાન આપનાર નું મુલ્ય નથી, એટલે જ્ઞાનનું મુલ્ય નથી. જ્ઞાનએ કાંઈ ચણા- મમરા નું પેકેટ નથી, આપ્યા લીધું ને હાલતા થયા. જ્ઞાન એ વિશ્વની સર્વોત્કૃષ્ટ વસ્તુ છે, અને જ્ઞાન આપનાર એ વિશ્વની સર્વોત્કૃષ્ટ વ્યક્તિ છે. કોઈ એ હીરો આપ્યો જરા, આમ ઉછાળતા - ઉછાળતા જઈએ છીએ, આમ -

તેમ બાજી દીધી, હીરો ગુમાવ્યો એ બીજા નંબરની વાત છે, હકીકતમાં હીરો આપણને મળ્યો જ નહોતો, હીરા ને આપણે ઓળખ્યો જ ન હતો, અને માટે જ આપણને આપનાર ની પણ VALUE ન હતી, ઠીક છે કોઈ આપી દીધું, ચમકતો પથ્થર હતો, બાકી કોઈ એની વિશેષતા છે, એનો જરા ! આપણે સમજુ નથી શકતા.

दुक्खं कख्खइ णाणं

અનાદિકાળના ઘુંટેલા સંસ્કાર છે, પૈસા બહુ મોટી વસ્તુ, રૂપિયા બહુ મોટી વસ્તુ, અત્યંત મહાન વસ્તુ, મળે ને આંખ ઠરી જાય! અનાદિકાળ ના સંસ્કાર, વિજાતીય પાત્ર બહુ ગમે, એવાનું - મન થાય, આંખ ચોંટી જાય, અહીંથી ખુબ જ રાગ જાગે, આપણો મોક્ષ નજીક છે કે દુર છે એનું બહુ સીધું માપદંડ આ છે કે, - આપણને અર્થ અને કામ એના સંબંધમાં જે સંવેદના જાગે છે, આકર્ષણ જાગે છે ઉપાદેય બુદ્ધિ જાગે છે, એવી આપણને સંવેદના, આકર્ષણ, ઉપાદેય બુદ્ધિ, ગુરુવાણી પ્રત્યે જાગે છે ખરી ?

रत्नानां निचयं दृष्ट्वा नारीं दृष्ट्वा सुरूपिणीम्।

ભવાભિનંદી વાત છે, રત્નોનો ઢગલો જોયો, અને અહો થઈ ગયું! રૂપવતી કોઈ સ્ત્રીને જોઈ લીધી ને અહો થઈ ગયું!

अहो वक्ति भवाऽऽनन्दी, मुनिः श्रुत्वा गुरोर्वचः।

ભવાભિનંદી એ પૈસા ને, સ્ત્રીને જોઈને અહો કરીદે, અને વિનયી છે એ ગુરુ ની વાણી સાંભળી ને અહો કરી દે. ENGLAND ના PRESIDENT WINSTON CHURCHILL, ક્યાંક પ્રવચન એમનું છે, પ્રવચન માટે TAXI માં બેઠા છે,

જઈ રહ્યા છે. DRIVER ને કહ્યું કે પરશે અહીંયા મારે પાંચ મિનિટ કામ છે, અહીંયા TAXI લીધાની છે ને ઉભી રાજધાની છે, હું કામ કરીને આવું પાંચ મિનિટનું, પછી આપણે આગળ જઈશું. - DRIVER એ કહ્યું ઈંગ્લીશ નહીં બને, મારે પણ આ બાજુ જવું છે ત્યાં CHURCHILL નું પ્રવચન છે પ્રવચન મારે સાંભળવું છે, પ્રવચન એક પણ મિનિટ MISS થઈ જાય, એ મને પાલવે એમ નથી માટે, હું પરશે ક્યાંય TAXI ઉભી રાખીશ નહીં. CHURCHILL ને બહુ જ અંદરથી સારું લાગ્યું, હું આવો મારા દેશનો DRIVER મને ઓળખી શક્યો નથી, પણ એને આટલો બધો અહોભાવ, મને સાંભળવા માટે, એક પણ મિનિટ MISS ના કરે, પણ હજુ જરા ચકાસી જોઉં, પાંચ POUND ની નોટ કાઢી, અને DRIVER ની સામે ધરી, તો DRIVER એ કહ્યું કે ઠીક છે, હું ઉભો રહું છું, CHURCHILL એ કહ્યું કે કેમ હવે પ્રવચન MISS નહિ થઈ જાય તારું, DRIVER એ કહ્યું કે એવા તો કેટલા એ CHURCHILL આવ્યા ને ગયા, મને તો કાંઈ પડી નથી.

એમ આપણે REGULAR શ્રોતા, REGULAR પાઠ લઈએ, REGULAR વ્યાખ્યાન માં આવીએ, એક દિવસ કંઈક નવાજૂની થઈ છે, એ દિવસે આપણો ROLE શું છે, એ સાબિત કરી દે કે રોજ આપણે કઈ રીતે આવીએ છીએ! આપણને દુકાન નું - IMPORTANCE, ઘરાક નું IMPORTANCE - ORDER નું IMPORTANCE, સગાનું IMPORTANCE, ઘરનું IMPORTANCE, શરીર નું

IMPORTANCE, આપણને સંબંધો બહારના -
સાચવવા છે, પૈસા વધારવા છે, ક્યાંક મોજ -
મજા કરવાનું થયું, જોવું મન થયું. બહારગામ
જવાનું થયું, આવું છે માટે નહીં આવીએ,
આવું છે માટે નહીં આવીએ, આવું છે માટે
નહીં આવીએ, ત્યારે પછી આપણે સાબિત
કરતા હોઈએ છીએ કે ACTUALLY વ્યાખ્યાન
નો નંબર છેલ્લો હોય છે.

આપણે થાકી ગયા માટે ગુરુનું -
પડિલેહણ નહિ કરીએ, આપણને મોડું થઈ ગયું
માટે નહિ કરીએ, આમ થયું માટે આમ -
કરીએ --- માટે આમ કરીએ --- માટે આમ -
કરીએ, જેનો મતલબ વિદ્યા ગુરુનો નંબર છે
જ નહિ! આપણે બહુ ડાહ્યા હોઈએ છીએ,
ડમરા હોઈએ છીએ, આમ વિનીત લાગીએ,
જ્ઞાનના પિપાસુ લાગીએ.

અકબરને કોઈએ સાત બિલાડીઓ
TRAIN કરેલી ભેટ કરી હતી. માથે દીવો
રાખે ને અકબર જમતો હોય ને સાત
બિલાડીઓ ફરે. બે પગે ઊંચી થાય, નીચી
થાય, દીવો પડે નહિ, અકબરે જમતી
વખતે બિરબલને બોલાવ્યો મે આ નખરો,
તું કલ્પી શકે આટલી બધી શિસ્ત, આટલી
બધી આ બિલાડીઓની એકાગ્રતા, બિરબલ
કહે ના કલ્પી શકું. બીજા દિવસે બીરબલ
આવ્યો, બિલાડીઓ ગોળ-ગોળ ફરે, માથે
દીવો, DANCE કરે, અકબર આમ મલકી
રહ્યો છે. અંદર ગલગલીયા થઈ રહ્યા છે,
દેખો મારી વટ, દેખો મારો આમ પ્રભાવ
પડે! બિરબલે એક હાથ છુપાવેલો હતો.

જો હાથ જરાક બહાર કાઢ્યો, ઉંદરનું પાંજરું હતું, હરવાફરવા ખોલી દીધો, ઉંદર બહાર નીકળ્યો ને સાને બિલાડી, દીવાની, અકબરની એસી તેસી કરીને ભાગી ગઈ! ઉંદર ના હોય ત્યાં સુધી બિલાડી શિસ્તમાં છે, સંસાર ના હોય ત્યાં સુધી આપણે શાસનના ભક્ત છીએ. બિલાડીની બધી જ TRAINNING સાચી, પણ છેવટે બિલાડી એ બિલાડી છે. બુધની બધી જ TRAINNING સાચી, પણ છેવટે અનાદિના દોષોની વાસિત છે. બિલાડીની શિસ્ત ભરોસા પાત્ર નથી, આપણી આરાધના, દેખીતો તપ, દેખીતો વિનય, દેખીતી પ્રભુભક્તિ, દેખીતું દાન બધું ક્યારે છુટી જાય શું થઈ જાય, જે ભરોસાપાત્ર નથી.

આપણા સ્વરૂપનું સરવૈયું આટલું જ છે, તકલાદી આરાધના, અને તગડા દોષો. થોડું-ઘણું, ક્યારેક ક્યાંક મંદ ભાવથી, હાલતા-ચાલતા, દેખાદેખી, ઠોકા-ઠીક, વેઠ ઉતારવી, આ રૂપે આપણે કરી લઈએ. પણ દોષો-આપણા ઉપર હાવી થઈ જાય, બસ એક નિમિત્ત મળવું હોય, એને આપણે પડ્યા વગર રહીએ નહિ.

TRAINNING સાચી, દીવો સાચો, બાદશાહ સાચા, DUTY સાચી, આ બધા-બિલાડી ના બહારના લપેડા હોય છે, ઉંદર સાચો એ બિલાડી નું અંતસ્તત્ત્વ હોય છે. દેવ સાચા, ગુરૂ સાચા, ધર્મ સાચો, જ્ઞાન-દાતા સાચા, જ્ઞાન સાચું, દાન સાચું, આરાધના સાચી, તપસ્યા સાચી, આ બધા ઉપર-ઉપર ના માત્ર લપેડા હોય છે. સંસાર જ સાચો એ આપણા અંતર નું આંતરદ્રવ્ય હોય છે.

બિલાડી સમજુ શકે, બિલાડી માત્ર ACTIVITY કરી શકે, એનો અર્થ એ નહોતો કે બિલાડી બધુ સમજું ગઈ છે. આપણે એકદમ- ચટ્ટાઈ કરી લીધી એટલે અગાઉની ઘટના બધા રસ્તેથી પરિણમી જાય ! એ તો એક ACTIVITY હતી, એના માધ્યમે જ આગળ વધવાનું હતું. આપણે તો ACTIVITY સીધી લાગી, વાત બધી પતી ગઈ, તે આપણે પતી જાય, વળી હોટલ ચાલુ થઈ જાય. બિલાડીએ નસ- નસમાં ભરેલું ઝેર કાઢવાનું - હતું, બિલાડીને સમજણા સ્તરે લાવવાનું હતું કે આ ઉંદર એ ઉપાદેય નથી, સદ્‌ગુણો ઉપાદેય છે. બિલાડી નથી સમજતી તો ઉંદરની હિંસા થઈ જાય છે, આત્મા નથી સમજતો તો આત્માની જ હિંસા થઈ જાય છે.

દુલ્લહં કહણ્ડ ગાણં।

હરીભદ્રસૂરી મહારાજ કહે છે કે BOTTOM નું જ્ઞાન શ્રુત જ્ઞાન છે, શ્રુત જ્ઞાન પણ દુર્લભ છે. જીવ એનું ઘર, પરિવાર, વિષય, કષાય, અહંકાર, સંસાર, કહેવાતી જવાબદારીઓ, કહેવાતા - વ્યવહારો, આપખુદી ઘમંડ, એને આ બધાના કારણે જીવ શ્રુત જ્ઞાન સુધી પણ પહોંચી શકતો નથી ! આપણી શક્તિ હોય છે રોજની ATLEAST 10-20 ગાથા કરવાની, અમારા એક મહાત્મા રોજની અઢીસો ગાથા કરે છે મેં જોયા નથી પણ એમની વાત સાંભળી છે. અમારા એક મહાત્મા મને મળ્યા હતા, એમના ગુરુદેવે કહ્યું આજે આખો દિવસ ગણો, સાંજે મને કહેજો કેટલી ગાથા કરી, એ મહાત્માએ મને વાત કરી કે મેં 180 ગાથા કરી. એટલું બધું એને UNDER

PERFORMACE કહેવાય, TIME નો WASTAGE
કહેવાય, શક્તિ નો WASTAGE (બગાડ) કહેવાય,
પ્રભુ જેવી આપણી પાઠશાળાઓ ચાલે,
મશ્કરી જેવું આપણું જ્ઞાનાર્જન ચાલે, હું તમને
CHALLENGE સાથે કહું છું આખા બ્રહ્માંડમાં
કોઈ પણ પાઠશાળાનો COURSE, જેમાં એક-
વર્ષની જેટલી ગાથા છે, જે તેજસ્વી વિદ્યાર્થી
એક દિવસમાં કરી શકે એમ છે. અને બહુ
તેજસ્વી ના હોય મધ્યમ હોય એ દસ દિવસમાં
કરી શકે એમ છે, ને બહુ ઓછી શક્તિ
હોય એ મહિનાની અંદર કરી શકે છે.
એટલે આપણે એક દિવસનું કામ
વર્ષમાં કરાવીએ છીએ. પાછું પુરું થતું નથી,
EXAM આપે કે ન આપે, COURSE ચાલે છે
નથી, ચાલતા. એક વિનય ની આપણી ખામી છે,
જ્ઞાન નું મુલ્યાંકન નથી થયું, જ્ઞાનદાના નું નથી
થયું. બીજુ બહુ આપણી પાસે MANAGE-
MENT ની ખામી છે, કોઈ TARGETS ?
દરેક સંઘની અંદર હું તમને કહું છું,
ભાવનાશીલ વ્યક્તિ, સંઘના વિસ્તારમાં પાંચ
જોડે મુકી દે, કે તમે REGISTRATION
કરવી, તમારા બે પ્રતિક્રમણ બે મહિનામાં
થઈ જાય, હું બહુ મોટો ટાઈમ કહું છું!
અર્થ સાથે બે પ્રતિક્રમણ, બે મહિનામાં કરવા
એટલે, DOUBLE ટાઈમ કરવો, એટલે તમારું
આ ઈનામ! આ TIME LIMIT છે!
આ પાંચ પ્રતિક્રમણ ચાર મહિનામાં થઈ જાય,
એટલે તમારું આ ઈનામ! તમે બાળકોને
SURPRISE થઈ જાય એવું PRIZE આપો, તમે
SURPRISE થઈ જશો એવું બાળકો તમને RESULT

આપણે NO TARGET, લક્ષ્ય નથી, પ્રેરણા નથી, આવો વિચાર સુદ્ધા નથી, આટલામાં કેવી રીતે થઈ શકે ? બે પ્રતિક્રમણ એટલે બસો ગાથા. એને એક છોકરો જે- પચાસ- પચાસ, સો- સો ગાથા કરી શકે એ રોજની પાંચ પણ ગાથા કરે ને, કેટલો ટાઈમ લાગે બસો ગાથા કરતા ? પાંચથી પંદર વર્ષના, અથવા બે- ત્રણ વર્ષથી માંડી પંદર વર્ષના બાળક પાછળ, દરેક સંઘએ આટલી દ્રષ્ટિ, હું કહું છું પછી એ ક્યાં ભણાવું, કેમ ભણવું એ બધું ગોતી લેશે, તમે માત્ર જાહેરાત કરો, ઇનામ ના દિવસે એના બધા સૂત્રો લઈને - ઇનામ આપી દો, વાત પુરી થઈ ગઈ. શિક્ષકો છે ભણાવનાર છે, પાઠશાળાઓ છે, બીજું ઘણું બધું સાધન સામગ્રી ઓછી પણ ચાલી રહ્યું છે. તમે એને પંડિત કરવા નો એક પણ વ્યવસ્થા કર્યા વગર માત્ર આવી SCHEME મુકી ને, તમે એને બનાવી શકો. સંઘનું આખું ઉજ્જવળ ભાવિ ખડું થઈ જાય, છોકરો ગણિત ની ભાષા સમજે છે ત્યારે આપણે એને ક્યાંય - સમજાવ્યું નથી, પછી એ ભાષા જે ભુલી ગયો એ આવતો જ બંધ થઈ ગયો, જે ઉદ્દેશ્ય થઈ ગયો, આપણને કશી પડી નથી, આપણે સંઘનું કેવું ભાવિ સર્જી રહ્યા છીએ ?

માત્ર ગાથાઓ નહિ, એને વિશિષ્ટ તત્ત્વ જ્ઞાની, શાસનનો પ્રેમી, શાસનની દાઝ વાળો, ભક્ષ્યાભક્ષ્ય ની વિધિ માં એકદમ પુસ્ત, કોઈ પણ JAINISM નો પ્રશ્ન હોય એનો સ્પષ્ટ જવાબ આપી શકે કોઈ એને CONVERT ના કરી શકે, કોઈ એને ભોળવી ના શકે, એ INTER- CASTE માં MARRIAGE નહીં કરે,

જે સંઘનો સેવક બનશે, શાસનના કામ કરશે, મા-બાપ ની સેવા કરશે, જે વિદેશ જવાનું નામ-સુધ્ધા નહીં લે, બધું જ આપણે કરી શકીએ-છીએ, આપણે કશું જ કરી રહ્યા નથી. હવે હું તમને કહું છું, તમારા છોકરાની ખામી નથી, -તમારી ખામી છે, હવે જે વિદેશ ગયો ને તમને ગૌરવ ની વાત લાગે છે, હવે એ INTERNATION-AL SCHOOL માં ભણે છે, તમને ગૌરવની વાત લાગે છે, એ DEGREE લઈ આવ્યો તમને ગૌરવની વાત લાગે છે, પછી તમે જ માથે હાથ દઈને બેસો છો, મુકો છો પોક !

દોષ દીકરાનો નથી, હવે તમને જિનશાસનનું જ્ઞાન કેટલું દુર્લભ,

દુક્ખં ક્ખમઇ બાણં ।

આ પદ સમજ્યું નથી, એની ગરિમા સમજાઈ નથી, કોઈ એટલું ભણ્યું તો એમાં તમને -શાબાશી આપવા જેવું લાગતું નથી, કોઈ CA / MBA થઈ ગયો તો હે CA થઈ ગયો એમ લાગે છે, કોઈ બે પ્રવિચાર ભણ્યા, ઠીક છે પ્રવિચાર ભણ્યા, હું તમને કહું છું, જ્ઞાનની આપણે અહીંયા ગમે તેટલી પુજા ભણાવીએ, જ્ઞાનનું પૂજન કરીએ, જ્ઞાનના ચડાવા લઈએ, જ્ઞાન પંચમીના દિવસે જ્ઞાનનું દેવ વંદન કરીએ, હકીકતમાં જે વૃત્તિ આવી છે, જ્ઞાન પ્રત્યે વલણ આવુ છે, તો આપણે જ્ઞાનની સતત આશાતના જ કરી રહ્યા છીએ.

દુક્ખં ક્ખમઇ બાણં ।

દસ વર્ષની અંદર આખા જિનશાસનની કાયા પલટ થઈ શકે છે. બહુ જ સહેલી છે, બહુ જ સરળ છે. અત્યારે તમે ના ભણ્યા, હું તમને કહું છું,

હજારો- લાખો, વર્ષો થી ચાલી આવેલી પરંપરા -
એ પરંપરાને, એના કુહરની ભીંતે મરતા આપણે
જોઈ રહ્યા છીએ, છતી શક્તિ એ એને -
બચાવ્યું નહિ, આપણા હાથમાં પાણી નો ગ્લાસ
છે, એક વ્યક્તિ પાણી માટે તરસે મરી રહી
છે, એના પ્રાણ કંઠે આવી ગયા છે, એ
ગ્લાસ ને આપણે ઢોળી દઈએ છીએ, આપણે
એને પીવા નથી આપતા તો, માત્ર પાણી નો
ગ્લાસ નથી આપ્યો એટલી ઘટના નથી !
આ પણ એક પ્રકારનું MURDER જ છે !
જ્ઞાન ની સમજણ જ્ઞાન નું મુલ્ય સમજણે -
કેટલું પવિત્ર, કેટલું ઉત્કૃષ્ટ, કેટલું જરૂરી -
જ્ઞાન, જિનશાસન ની મર્મ પામેલી વ્યક્તિ હોય,
એની એ FEELINGS હોય, કે હવા, પાણી
ને ખોરાક કરતા વધુ મહત્વનું હોય, તો એ
આ સમ્યક્ જ્ઞાન છે

મારો દીકરો DEGREE નહીં મેળવે
તો શું થશે ?, વિદેશ નહીં જાય તો શું થશે,
JOB નહિ મળે તો શું થશે ?, BUSINESS
માં SET ના થયો શું થશે ?, એને કોઈ
છોકરી નહી મળે શું થશે ?, આ બધી ચિંતા
પછી હોય, પહેલી ચિંતા એ હોય, એને એ
સમ્યક્ જ્ઞાન ન મળ્યું, દસ વર્ષ મેં એ જિનશાસન-
ના જ્ઞાનમાં ડુબ્યો નહિ, તો એનું શું થશે ?
આપણી ધરી માં, આપણી ધુનમાં, આપણને
જેમ ઠીક લાગ્યું એમ, અમલ કરી રાજી એ
છીએ. હરીભદ્ર સૂરી મહારાજ કહે છે, તમે માનો
છો એવું જ છે, એવું નથી. તમે માની લીધું
કે આ મારી આરાધના, આ મેં કરી લીધું
મેં પુજ કરી લીધી, મેં ચોવિયાર કરી લીધો,

ઉકાળેલું પાણી પી લીધું, હરીભદ્રસૂરી કહે છે સારી - વાત છે, પણ હજુ આ શરૂઆત છે, ચોક્કા શબ્દોમાં કહીએ તો આ હજુ શરૂઆત પણ નથી. હજુ ઘણું દૂર જવાનું છે. તમે આરાધક, તમે સુશ્રાવક તમે સુસાધુ, પણ હું તમને પુછું, એક નાસ્તિક માણસ છે, એક માંસાહારી માણસ છે, જે પણ દીકરા ને CA બનાવવામાં, JOB પર લગાડવામાં, વિદેશ મોકલવામાં, રસ છે, ને તમને પણ એમાં જ રસ છે, તો અંદરથી તો તમે બંને સરખા જ છો.

સાહેબ એણે વિદેશમાં સંવત્સરીનું પ્રતિક્રમણ કર્યું, પુરતું છે ? આટલું પુરતું છે ? તમે કયા સમયે એની કેવી આરાધના એ જુઓ છો, ભગવાન કહે છે આખા જીવનમાં આરાધના વગરનો એકાદ સમય પણ છે તો મરી જશો નમે. એ આ જે વાત નો કોઈ મેળ છે ?

દુક્ખં કમ્મઇ ણાણં

એની બીજી GENERATION, ત્રીજી GENERATION એ ક્યાંય ખોવાઈ જવાની વિદેશમાં, અહીંયા હશે અહીંયા વિદેશ બનાવી દીધું હશે, સમ્યક્જ્ઞાન વગર ! એના ઘરે ઈંડા આવી ગયા હશે, બહાર NON-VEG ખાતો હશે, દારૂ એના માટે સરબત જેવું હશે. INTER-CASTE ની કોઈ છોકરી જે પરણી લાવ્યો હશે, પરમ પુણ્ય થી મળેલો જૈન કુળમાં જન્મ, જૈન સંસ્કારો એને જે આ જ ભવમાં ગુમાવી દીધા ને આવનારી સેંકડો - હજારો પેઢીઓ, એને જે ધર્મથી વંચિત કરી દેશે, જે અનંત ની યાત્રા એ નીકળી જશે ને, એઓ ના પાપો કર્યા એના ભાગી તમે પણ બનશો, તમારો પણ સંસાર વધશે ! આની ચિંતા તમને ખરી ?

જરૂ મનોમંથન કરો, મારું પછી શું ?

DATE 07 09 2020

જેને હરીભદ્રસૂરી મહારાજ ધ્યાન કહે છે, એ મને મળ્યું જ જરૂરી છે. એના માટે નો મારો સમ્યક્ - પ્રયાસ જરૂરી છે. એને પામવાની મારી યોગ્યતા - જરૂરી છે. એવો સંપૂર્ણ વિનય - સંપૂર્ણ સમર્પણ મારામાં જરૂરી છે. મનોમંથન કરી આત્માને મોક્ષ યાત્રા માટે સજ્જ કરીએ, આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !!

---

# વ્યાખ્યાન નંબર- ૨૦

DATE 08 09 2020

પંચવસ્તુક ગ્રંથ ની અંદર, પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ, કહે છે- दुक्खं लब्भइ णाणं

જ્ઞાન એ દુર્લભ છે, ધારોકે આપણે પુરુષાર્થ કર્યો, ધારોકે ક્ષયોપશમ છે, ધારોકે સંયોગ અનુકૂળ છે, ધારોકે આપણે ભણવામાં સફળ થઈ શક્યા, તો પછી જ્ઞાન પામી ને જ્ઞાનને ભાવિત કરવું એ પણ દુર્લભ છે. શ્રુત જ્ઞાન કાન સુધી પહોંચે છે, જે સ્થૂળ કક્ષા એ કરી શકાય. ચિંતન જ્ઞાન મન સુધી પહોંચે છે. ભાવના જ્ઞાન હૃદય અને આત્મા સુધી-પહોંચે છે. મહોપાધ્યાયજી જ્ઞાનસારની અંદર સ્પષ્ટ કહે છે, તમે ભણ્યું એ જ્ઞાન, વાંચ્યું એ જ્ઞાન, ગોખ્યું એ જ્ઞાન, સાંભળ્યું એ જ્ઞાન, એ જ્ઞાનની-વ્યાખ્યા જ નથી. પુસ્તકમાં રહેલું જ્ઞાન, પોથીમાં રહેલું જ્ઞાન, આ પણ જ્ઞાનની વ્યાખ્યા નથી.

भाव्यते यत् मुहुर्मुहुः।

જે તમે વારંવાર---વારંવાર---વારંવાર ભાવિત કર્યું, એ તમારું જ્ઞાન! ધર્મબિંદુ ગ્રંથની અંદર પૂજ્ય હરીભદ્રસૂરી મહારાજ કહે છે,

उपरागमात्रमेतत्।

તમે કાગડા ને પકડી લાવ્યા, સારામાં સારો ચુનો લઈ આવ્યા, ચુનો તમે પલાળ્યો, કાગડા ઉપર લપેડા કર્યા, કાગડો ધોળો થઈ ગયો, શ્રુત જ્ઞાન અને ચિંતન જ્ઞાન નો અર્થ આ છે. શ્રુત જ્ઞાન તમે સાંભળ્યું, તમે શબ્દાર્થ સમજી ગયા, તમને યાદ રહી ગયું. બસ આટલું જ શ્રુતજ્ઞાન છે, જેનાથી તમારા આત્માને કોઈ લાભ નથી, તો શ્રુતજ્ઞાન લેવું જેવું પણ નથી, એ શ્રુતજ્ઞાન જ નહીં હોય તો ચિંતન જ્ઞાનને ભાવના જ્ઞાન ક્યાંથી આવશે? શ્રુતજ્ઞાન શું છે? જ્યાં સુધી તમે શ્રુત જ્ઞાનમાં જ અટકેલા છો, ત્યાં સુધી તમે ચુનો ધોળેલા કાગડા જેવા છો!

એ કાગડો સફેદ છે પણ નથી.

ણાણં કહૂણ ભાવણા દુક્કરં ।

અભવ્ય નો જીવ સાડા નવ પૂર્વ સુધી ભણે પણ, એનો એકાદ અક્ષર પણ એના આત્મામાં પરિણમ્યો નથી હોતો, એનો આત્મા એનાથી ભાવિત થયો નથી હોતો, માટે જ્ઞાન એના આત્મા ને કામમાં આવતું નથી. હરીભદ્રસૂરી મહારાજ ધર્મબિંદુ ગ્રંથમાં કહે છે, લપેડા થી કાગડો ધોળો નથી થતો. કાગડો જ્યારે હંસ બની જાય, કાગડો પોતે ધોળો બની જાય, ત્યારે કાગડો ખરા અર્થમાં ધોળો બને છે.

શ્રુતજ્ઞાન એટલે કાગડા પરના ચુનાના - લપેડા ! ચિંતન જ્ઞાન એટલે એ ચુનાનું કંઈક અંદર ઉતરવું. ભાવના જ્ઞાન એટલે એવો કોઈ દિવ્ય ચુનો, ચમત્કારીક ચુનો, જે એના શરીરના કણ-કણ સુધી પહોંચ્યો ને એને પરિવર્તિત કરી દીધું, અને કાગડો આખો ધોળો થઈ ગયો.

હરીભદ્ર સૂરી મહારાજ ને પ્રશ્ન કર્યો કે ચાલો અમારે પણ ભાવના જ્ઞાન જોઈએ છે અમારે પણ લપેડા સુધી નથી રહેવું, એનો ઉપાય શું ? શ્રુતજ્ઞાન અમને મળ્યું કે નહિ, એ પણ ખબર નથી, એનું લક્ષણ શું ? ચિંતન જ્ઞાન અને ભાવના જ્ઞાન સુધી પહોંચવું કઈ રીતે ? ષોડશક પ્રકરણ ગ્રંથ ની અંદર હરીભદ્રસૂરી મહારાજ આનો જવાબ આપે છે,

यः शृण्वन् संवेगं गच्छति तस्याद्यमिह मतं ज्ञानम् ।

તમે માત્ર વાંચ્યુ, સાંભળ્યું એટલે શ્રુતજ્ઞાન આવી ગયું, આ પણ સ્થુળ વાત છે, તમને સાંભળીને થોડો પણ સંવેગ જાગ્યો, વૈરાગ્ય જાગ્યો, તમારો આત્મા થોડો પણ પલળ્યો, તો શ્રુત જ્ઞાન

આવ્યું, એમ સમજવાનું. જે પલળ્યું સુધ્ધા નથી, જેને ભાવિતતા સુધ્ધા નથી, એક બહેરો માણસ છે એને આખું વ્યાખ્યાન આપી દેવામાં આવે, એના જેવી આ ઘટના છે.

માણસ SERIOUS હતો, HOSPITALમાં હતો, કેટલા દિવસ કે કેટલા કલાક કાઢે એ નક્કી ન હતું, કોઈક ને થયું કે એના માટે કંઈક કરવું છે, ICU માં અંદર જવાની પણ રજા નથી. છેવટે-એણે એક યુક્તિ કરી ને કોઈપણ રીતે, એના BED પર, એના માથા પાસે, નાનું TAPE - RECORDER રેખું મુકી દીધું, એમાં નવકાર, સ્તવનો બધું વાગવા લાગ્યું, એને બહુ જ આનંદ થયો, પણ પાછળથી એને ખબર પડી, કે આ હોસ્પિટલ વાળાએ ખાટલો ખાલી ના રહે એટલે એના OFF થઈ ગયા છતાં, એને રાખી મુક્યો હતો ને ત્યાં એણે મુકી રાખ્યું હતું TAPE RECORDER! જેને સંભળાવવું હતું એ ગેરહાજર હતો! એ હાજર ન હતો તો ગમે તેટલું સારું-સારું વાગ્યું, એ શબ્દો વ્યર્થ હતા, જેના માટે હતા, જે વસ્તુ માટે હતા, એનો જે PURPOSE હતો, એ એનાથી પાર એવો નહતો!

★ વ્યાખ્યાનો, વાચનાઓ, શાસ્ત્રો, ગમે તેટલા સાંભળ્યા, અંદર એ સંવેગ નથી, તો એ બધું, DEAD BODY પાસે નવકાર નું TAPE-RECORDER છે. ★

એક સભા હોય, એક માંડલી હોય, પચાસ, સો, બસો શ્રોતાઓ સામે બેઠા હોય, બહેનો તરફ નજર ન કરવાની હોય, પણ ભાઈઓ દેખાતા હોય, કોઈ પણ પ્રવચનકારને પુછો તમે, વર્ષોનો અનુભવ હશે, બસો માંથી બે-ચાર એવા હોય.

જે રડતા હોય છે, જેમની આંખોમાં વિસ્મય હોય છે, જેમના ચહેરા ઉપર અહોભાવ હોય છે, જે ભીના ભીના થઈ ગયા હોય છે, અને એ પ્રવચન-કાર ને થાય કે બસ આ બે જણા સાંભળે છે ને એનાથી મારું પ્રવચન, પ્રવચન નો શ્રમ, આ સમયનો વિનિયોગ આ બધું જ સફળ!

यः श्रृण्वन् संवेगं गच्छति तस्यायमिह मतं ज्ञानम्।

હરીભદ્રસૂરી મહારાજ ની દ્રષ્ટિ એ કહીએ તો, બાકીના એકસો અઠ્ઠાણું એ છે, કહેવાય વ્યવહાર-થી સાંભળે છે, તાત્વિક દ્રષ્ટિ એ નથી. ભગવાને પહેલી દેશના કઈ અટલે માટે ફરીને આરોપી લીધી, વિહાર કર્યો, આચાર સાચવી લીધો, કેવળજ્ઞાન પછી તરત પહેલી દેશના થાય.

अभाविता पर्षत्।

કારણકે કોઈ ભાવિત ન હતું. આવશ્યક નિર્યુક્તિ આગમ ની અંદર ભગવાનનું એક લક્ષણ કહ્યું,

अमूढलक्खो भयवं।

ભગવાન અમુઢ લક્ષ્ય હોય, એટલે કે ફોગટ કામ કરનારા ના હોય. ભગવાન ચંડકૌશિક ને બુજ્ઝ... બુજ્ઝ કહે, સંગમને કશું ના કહે કારણકે, સંગમને કશું પણ કહેવાનો અર્થ જ નથી. આજે પ્રયાસ કરવો છે, કે આપણે બસો માંથી એકસો અઠ્ઠાણું નથી બનવું, આપણે બે બનવું છે. એક ચોપડી પણ ખોલી, એક પાનું પણ વાંચ્યું, ભગવાનની વાણી મળી, જેનાથી જિનશાસનના પદાર્થ મળ્યા, કેમ આપણી આંખો ભીની ના થાય!! એ જ પણ્ણાના આગમ સૂત્ર, એ જ પાના, પાઠ બેઠો છે, ચોપડી હાથ લીધી, હાથ જોડ્યું ને, પુરું થયું ને બાંધી ને મુકી દીધી, પાઠ થઈ ગયો. આપણે ક્યાં છીએ ?

આપણે શું લીધું ? આપણે શું વાંચ્યું ? આપણને કયા શબ્દો મળ્યા ? ઉદ્ધવજી મથુરા થી વૃંદાવન જાય છે, ગોપીઓને સમાચાર મળ્યા છે કે ઉદ્ધવજી આવી ગયા છે. વૃંદાવનના પાદરે બધી જ ગોપીઓ ભેગી થઈ છે, એક એક ની આંખમાં પ્રતિક્ષા છે, દૂર ક્ષિતિજ સુધી જોયા કરે રસ્તાને, બસ હમણાં આવશે.... આવશે.... આવશે ને એક કાળા ટપકા જેવું ક્ષિતિજ પાસે દેખાય છે, ટપકું મોટું થતું જાય છે, સ્પષ્ટ થતું જાય છે, છેવટે રથ દેખાય છે, ઉદ્ધવજી છેક એમના સુધી આવી જાય છે. રથમાંથી નીચે ઉતરે છે, ગોપીઓ બધી વીંટળાય વળે છે, કૃષ્ણ નથી પણ કૃષ્ણના સખા છે. કંઈક સંદેશો લાવ્યા હશે, કોઈ સમાચાર હશે, વાવડ હશે, ઉદ્ધવજી સારથી ને ઈશારો કરે છે સારથી એક નળી જેવું આપે છે. નળીમાંથી કૃષ્ણજી નો સંદેશો આ છે, એમ કહી ને એમને વંચાવવા જાય છે, કોઈ ગોપી હાથમાં લેવા તૈયાર નથી, ઉદ્ધવજીને આશ્ચર્ય થાય છે કે મને એમ કે બધા તુટી પડશે, ઝુંટવી લેશે. કૃષ્ણ.... કૃષ્ણ.... કૃષ્ણ નો જાપ જપતી હોય ગોપીઓ ત્યાં રાજમહેલની રાણીઓ પણ વિચારતી હોય કે આ ગોપીઓ જેવો પ્રેમ અમને ક્યારે મળે ને અહીંયા કંઈ પડી નથી દૂર ભાગી છો બધા !

કૃષ્ણનો સંદેશો છે, કહે એટલે જ નથી લેતા જેમ ઘટનાનું વર્ણન લખ્યું છે, ઉદ્ધવજી આગ્રહ કરીને પુછે છે કે, આનું કારણ શું છે, આના માટે તો હું અહીંયા સુધી આવ્યો, ગોપીઓ કહે છે કે પહેલું કારણ તો, કૃષ્ણ ના પ્રેમ સિવાય ની બીજી કોઈ ભાષા અમને આવડતી નથી, અમે કોઈ વાંચીને ઉકેલી શકવાના નથી. ઉદ્ધવજી કહે કે બરાબર પણ એમના અક્ષર છે, એમણે લખી ને મોકલ્યું,

એને હાથમાં તો લો, મને તો એમ કે તમે એને
પેટી પડશો, માથે લગાડશો, આંખે લગાડશો,
ગોપીઓ કહે હા, એવું બને, જરૂર બને,
પણ એ પણ અમે નહીં કરીએ. ઉદ્ધવજી કહે
કેમ પણ નહીં કરો ? ગોપીઓ કહે,

परसे जरे बिलोके भांजे

અમે એને જોવા લઈશું ને જોવા આંસુઓનો
ધોધ વરસશે, એ કાગળ છે ને ભાવો થઈ જશે,
બધું ભુંસાઈ જશે, લીંપાઈ જશે, પીંજાઈ જશે,
અને એના વિરહાગ્નિ થી અમે એવા બળીએ
છીએ ને, એને અડશું ને એટલે એ બળવા-
લાગશે,

परसे जरे

ઘરમાં બહુ બધી ચોપડીઓ છે ને, ધાર્મિક ચોપડીઓ
બહુ ભીની થઈ ગઈ છે, પછી કાંઈ વંચાતી નથી
આશાતના થાય, અને ઘણી બધી ચોપડીઓ ઘરે છે
આખી જિંદગીમાં કદી એવો વિચાર નથી આવતો
કે ઘરેણા ઘણા થઈ ગયા છે, રૂપિયા ઘણા
થઈ ગયા છે, કપડા ઘણા થઈ ગયા છે. જે
નકામું લાગે છે એ કાઢી નાખો !

આઠ વરસ પહેલા ની ઘટના,
મુંબઈમાં અમારું ચોમાસું હતું. એક આરાધક
ભાઈ આવે જય ને મને એક દિવસ કહે,
કે આ લોકો જેવી ચોપડી, માસિક દહેરાસરે
મુકી જાય છે. હું તો જેવું દેવાય એવું લઈને
મારા ઘરે લઈ આવું છું. આ લોકો એને
નકામું સમજે છે, ભાવથી બસ આટલા બે
વાક્ય ! મને એટલા બધા ગમ્યા, કે એટલા
બધા સારા લાગ્યા, મને થયું કે દરેક શ્રાવકની
આવી FEELINGS હોવી જોઈએ !!

ઘરમાં જગ્યા ઓછી હશે તો મારા કપડા કાઢી
નાખીશ, મારા ઘરેણા કાઢી નાખીશ. ભગવાનની -
વાણી કોઈ કાઢવાની વસ્તુ છે. આખા ધર્મનો કોઈ
પાયો હોય તો એ ભગવાનની વાણી છે, એ વાણી
સાચી જ આપણને લેવા-દેવા નથી, એ વાણીની
કિંમત નથી, ન લઈએ તો એ કિંમત નથી, લઈએ
તો ય કિંમત નથી, પછી આપણો ધર્મ તાત્વિક કઈ
રીતે થશે ?

વરસો પહેલા અમદાવાદમાં બહુ મોટી
LIBRARY (પુસ્તકાલય) નું ઉદ્ઘાટન, કસ્તુરભાઈ
શેઠ ને, OPENING કરવા માટે આમંત્રિત કરવામાં
આવ્યા હતા. પ્રાયઃ M.J. LIBRARY હતી,
અને ઉદ્ઘાટન થઈ ગયું ને બધા જોઈ રહ્યા છે ને
ચોપડાઓ છે, ને પુસ્તકો છે, ને કસ્તુરભાઈ પોતે
પણ આંટો મારી રહ્યા છે, ત્યાં કોઈક નિયામક/
સંચાલક MANAGER ને સુચના આપતા સંભળાયા
કે જુઓ, આ કબાટો છે ને થોડા બારી આગળથી
દૂર રાખો, બારી ની નજીક હશે, બારી કદાચ -
ખુલ્લી હશે, તો કોઈ ચોપડી ની ચોરી કરી જશે.
કસ્તુરભાઈ ને જેવા આ શબ્દો સંભળાયા ને,
એ ચમક્યા ! એ આનંદથી કુદી ઉઠ્યા ને બધાને
થયું પણ શું થયું આમાં ? કસ્તુરભાઈ એ ઓલાને
કહ્યું, અહીંયા આવ... અહીંયા આવ... અહીંયા આવ
તમે શું બોલ્યા હમણાં, ઓલા MANAGER ના
મોઢે કે થોડા બારી થી દૂર ને, ચોરાઈ ના ભય
પુસ્તક, કસ્તુરભાઈ કહે કે અદ્ભુત વાત ! પુસ્તકની
ચોરી ને એ પણ અમદાવાદમાં ? એવું કરોકે
એને બારી ની નજીક જ રાખજો, કબાટ પણ
LOCK નહીં કરતા ખુલ્લા જ રાખજો, મે ચોરી
થઈ ને તો મને બહુ આનંદ થશે.

ગુણવંત શાહ, (મોટા) ગુજરાત ના લેખક કહેવાય.
એમની પૌત્રી સ્કુલમાં ભણે, એક દિવસ
PRINCIPAL એ એમને બોલાવ્યા, ઘર વાળાને
પ્રશ્ન થયો ખોટું થયું હશે, કંઈ આન્તે થયું હશે,
ફરિયાદ હશે, શું હશે ખબર નહીં, ગયા ગુણવંત-
શાહ ! PRINCIPAL ની ઓફિસમાં ગયા આદર આપી
બેસાડયા, ઔપચારિક વાત થયા પછી પુછયું કે તમારી
પૌત્રી બાકી સ્કુલ માં અલગ તરી આવે છે, આનું
કારણ શું છે ? ગુણવંત શાહે બહુ સરસ જવાબ
આપ્યો, એનું કારણ માત્ર એટલું જ છે, કે મારા
ઘરમાં ઈંટ ની જગ્યાએ પુસ્તક છે. ઘરમાં કોઈ પણ
SIDE તમને ખાલી નહી મળે જ્યાં પુસ્તકોના SHELF
ના હોય, ને પુસ્તકો જ્યાં ના હોય, બીજા ઘરોમાં
જ્યાં ઈંટની દિવાલો હોય, મારા ઘરે તમને પુસ્તકોની
દિવાલો મળશે. બસ આટલું જ કારણ, એમને
વાંચન રૂચિ સહજ, એનો નાની ઉંમરથી કરેલું
બહોળુ વાંચન એમાં કારણો એના સ્વભાવમાં આવેલું
પરીવર્તન, વૃત્તિ ઓમાં આવેલું પરીવર્તન, પીઢતા,
પ્રૌઢતા, એ બધું એનું પરીણામ છે.
ઘરમાં FRIDGE છે, A.C. છે,
સાધન સામગ્રી છે, TELEVISION મોટું છે,
બે-ત્રણ ગાડી છે, એ બધી જગ્યા આપણી પાસે
છે. એ તો હજુ લૌકિક પુસ્તકો ની વાત હતી.
આપણને લોકોત્તર જીનવાણી મળી, ગીતાર્થ ગુરૂ -
ભગવંતોના પુસ્તકો મળ્યા, આગમની પોથી મળી
આપણને એની માટે લાગણી કેટલી ? હું કહું કે
વ્યાખ્યાન છે આટલું ભણવામાં આવે ને વાત કેમ
ના પતે ? ફલાણા ફલાણા પ્રભાવક આચાર્ય છે,
ફલાણો ફલાણો વિષય છે, એમાં હજુ SUB -
TITLE હજુ લખીએ, ને એ સાંભળવાથી તમને

આવો...આવો...આવો...આવો લાભ લેશો ને ચૂકવા જેવું નથી, માટે ખાસ પધારશો, તો શું વ્યાખ્યાન શબ્દની બહાર આ બધું નથી આવી જતું ?, વ્યાખ્યાન શબ્દ DULL લાગે છે, વ્યાખ્યાન શબ્દ ઉતરતો લાગે છે, માટે વ્યાખ્યાન શબ્દને આટલા બધા ટેકા આપવાની જરૂર પડી, એને શણગારવું પડ્યું, એટલું લખ્યું કે ભાઈ, ભગવાન ની વાણી મળશે! પછી કયા BOX માં મળશે, BOX ની DESIGN કેવી હશે, BOX ઉપર શું લખ્યું હશે, BOX ની સાથે શું મળશે, એક ગાથા ગોખી ગયા છીએ, કેમ એવી FEELINGS ના થાય કે ભગવાન સાથે વાત કરીએ, એક-આગમ મળ્યું, એક આગમ ની વાણી મળી, કેમ એવું ના થાય કે સુધર્મા સ્વામી ભગવાન, એમની સાથે આપણો સંવાદ સધાયો છે, એટલી મજા-આવે, એટલી મજા આવે.

એક પાટ એક પદાર્થ આપણને બેઠો કે નહિ, એની આપણને ચિંતા છે, પણ એની સાથે આપણો લાગણી નો તાર સધાયો કે નહિ, આપણે ક્યાં પહોંચ્યા, ભાવિત કેટલા થયા, ભીના કેટલા થયા, પોથી હાથમાં લીધી ત્યારથી મને POWER HOUSE લીધું હોય, ને અંદર ઉર્જા આવવા માંડી હોય, એવો સાક્ષાત અનુભવ આપણને કેમ ના થાય ?, હાથેથી નીકળ્યા વાચના સાંભળવા માટે આપણે ક્યાં હોઈએ છીએ, અંદરના મનોભાવો અંદરની વિચાર ગતિ. સાંભળ્યા પછી શું અસર થઈ ના થઈ, આના વિચારો આની ચર્ચા આપણી પાસે છે, સાંભળ્યા પહેલા ની અસરો એ જ આપણી પાસે નથી, આનો કદી આપણને વિચાર જ આવ્યો નથી. ગોપીઓ પાસે પહેલાથી ભાવના હાજર હતી. કૃષ્ણ તો કહે એ એમના માટે મંત્ર હતું.

કૃષ્ણ જે બોલે એ એમના માટે વેદ હતું, એ જ
પુરાણ હતું, એ જ ઉપનિષદ હતું. આપણને તો
આગમ મળે છે ને છતાં બરોબર આગમ લાગતું
નથી. આપણી આરાધના થી કોઈ દેવ પ્રસન્ન થયા,
આપણી નજીક ના કોઈ સ્વજન મૃત્યુ પામ્યા, દેવ
બન્યા, એની ઈચ્છા થઈ કે બાકી જિંદગી આની
ભરતક્ષેત્રમાં જવાની આને આપણે મહાવિદેહ માં મુકી
દઈએ. આપણને રાતો રાત ઉપાડ્યા, સીધા સીમંધર-
સ્વામી ભગવાન ના દેવછંદા માં મુકી દીધા. રત્નોનો
ઝળહળતો પ્રકાશ છે, ને જાણે દિવસ જેવું લાગે ને
બરાબર સામે સીમંધર સ્વામી બેઠા છે. દેવે
આપણને કહી દીધું છે એક જ મિનિટ નો સમય છે,
જે કરવું હોય એ કરી લેજો, પછી RETURN -
સીધો તારા ઘરે મુકી દેવાનો છું. કલ્પના કરીએ કે
આવી રીતે આપણે સીધા સીમંધર સ્વામી ભગવાન
પાસે આવી ગયા, ઓ સીમંધર સ્વામી ભગવાન,
આપના દર્શન થઈ ગયા, બહુ આનંદ થઈ ગયો,
ઈચ્છામિ ખમાસમણો ઈચ્છામિ ખમાસમણો અને
અરિહંત ચેઈયાણં, વાંદી બોલીને ખમાસમણ દીધું
ને શાતામાં રહેજો, ને હું જાઉં છું! દેવ
કહે કે આ રીતે કોઈ મહાત્મા એમની પ્રતિમાને
જો સારી રીતે ભજતા હોય છે, તો આપણને
હસવું આવે, અજુગતું લાગે, કે આવી રીતે
સીમંધર સ્વામી મળ્યા હોય, આવું ના કરાય, બે
મિનિટ તો બે મિનિટ, ગાંડા થઈ જઈએ,
પાગલ થઈ જઈએ, અનિમેષ નયને જોયા કરીએ,
રોમે રોમે વસાવી દઈએ, દ્રશ્ય ને એવું અંદર
કંડારી દઈએ કે છેલ્લા શ્વાસ સુધી એ દ્રશ્ય
ખસે જ નહી, લુંટી લેવાનું હોય, બસ એમ
સેકન્ડ સેકન્ડ, સીમંધર મય બની જવાનું હોય,

હરીભદ્રસૂરી મહારાજ કહે છે, તમને પોથી મળી પ્રત મળી, પુસ્તક મળ્યું, વાચના મળી, વ્યાખ્યાન મળ્યું, તમને હકીકતમાં શ્રીમંધર સ્વામી જ મળ્યા છે. દુનિયામાં વક્તૃત્વ કળા શીખવાના ક્લાસો ચાલે, એની ચોપડીઓ, એના SEMINARS, આમ બોલવું, આમ બોલવું, આમ બોલવું. આપણને એક એવા ક્લાસ ની જરૂર છે જ્યાં આપણને સાંભળતા શીખવા-મળે. કેવા આમ સુસ્ત થઈ ને, કેવા આમ સ્થિતપ્રજ્ઞ થઈ ને, સ્વસ્થ થઈને, શિસ્તબદ્ધ, સભ્યતા સાથે, ~~આપણે~~ સાંભળીને આપણે આપણા કામમાં પરોવાઈ જતા હોઈએ છીએ. આપણે જેટલા કાચા છીએ, એટલા જ ગાંડા છીએ.

આ ગાથા આવ્યા પછી આપણું જે જે ડહાપણ છે, એ ખરા અર્થમાં ગાંડપણ છે. એ બસો શ્રોતા માંથી બે શ્રોતા એવા હોય જે પાગલ હોય છે. ગુરુદેવ સ્વાસ્થ્ય ના માટે જોલાત રહ્યા આજથી ૭૦ વર્ષ પહેલાની વાત, પ્રેમસૂરીશ્વરજી-મહારાજ ને થયું કે તબીયત બરાબર નથી રહેતી, વતન મોકલીએ, ત્યાંના હવા પાણી, એનાથી તબીયત સારી રહે. ગુરુદેવ એ ચોમાસા રહ્યા, પુરો શેષકાળ રહ્યા, સોળ મહિના સુધી એક ગ્રંથની ધારા ચાલી, અને એક ભાઈ, મોતીભાઈ એમનું નામ, બરાબર ગુરુદેવ ની સામે બેઠા હોય, આખું વ્યાખ્યાન એમની આંસુ ની ધારા વહ્યા જ કરે, વહ્યા જ કરે, વહ્યા જ કરે, એ વખતે જોલાત ની વસ્તિ પણ ઘણી, ગુરુદેવનું પ્રવચન અદ્ભુત કક્ષાનું, આખી સભા જીવો જીવ ભરાયેલી હોય, ગુરુદેવ ને સભાની પડી ના હોય, એ એક વ્યક્તિ, એના કારણે હું સો ગણી સંવેગ રસ પીરસી શકું! કેમ આપણે એ એક વ્યક્તિ ના બની શકીએ ?

સીમંધર સ્વામી ની આગળ આ જ રીતે સુસ્તતા
સાથે, જઈને પાછા આવી જવાનું હોય, તો
એવી રીતે સીમંધર સ્વામી ના દર્શન કરવાનો -
અર્થ શું ? જિનશાસન મળ્યા પછી, સંઘ
મળ્યા પછી, તારક તત્વો મળ્યા પછી સંયમ
મળ્યા પછી, આગમ મળ્યા પછી, જિનવાણી મળ્યા
પછી, આવી જ સુસ્તતા થી આવવાનું હોય,
જવાનું હોય, સાંભળી લીધું, લઈ લીધું, કોઈ
પુછે કેમ, તો જાણે નવા પદાર્થો મળવા મળ્યા
આપણે અહીંયા અટકી જઈએ છીએ! હજુ ત્રણ
કિલોમીટર દૂર જવા તૈયાર છીએ, નવા પદાર્થ -
મળવા જોઈએ, ઊંચા પદાર્થ મળવા જોઈએ, પણ
આપણે નીચા છીએ એનું શું ? બહુ નવા નવા
પદાર્થો મળવાથી સુક્ષ્મ પ્રરૂપણાઓ થી, વ્યવહાર -
નિશ્ચય ની બધી અલગ અલગ DEBATES થી,
એટલા માત્રથી આપણું કલ્યાણ થઈ જશે એવું
માનવાની બિલકુલ જરૂર નથી.

સંઘની શ્રોતા તરીકે ની ખરી -
ભુમિકા ત્યારે બંધાશે જ્યારે વ્યાખ્યાન છે એ
શબ્દ સાંભળતા ની સાથે, એની આંખમાં આનંદના
આંસુ આવી જશે, કોઈ નાના મહાત્મા હશે,
સીધા- સાદા મહાત્મા હશે, સીધી- સાદી શૈલી નું
સીધું - સાદુ વ્યાખ્યાન હશે, દસ મિનિટ પહેલાથી
આવી ને બધા બેસી ગયા હશે ને દરેકની આંખમાં
તરસ હશે. બહુ બુધ્ધિ આપણી વધી છે,
આપણે ફૂટ- ફૂટ MARKS આપી દઈએ !
ચોમાસું બેઠું વ્યાખ્યાન નો પહેલો દિવસ હતો
પહેલા દિવસે આવવાનું, સારું લાગે તો પછી જવાનું.
આપણી બુધ્ધિ થી જ આપણે પાછા પડીએ છીએ.
અને સરળ વ્યક્તિ, ભોળી વ્યક્તિ, ઓછા

ક્ષયોપશમ વળી વ્યક્તિ, એ જલ્દી બોધિત થઈ જાય,
એનું જલ્દી કલ્યાણ થઈ જાય! ભાવના!

णाणं कहूण भावणा दुक्खं।

શ્રુત જ્ઞાન પણ જે જરા અર્થમાં જે અંદર પહોંચ્યું તે
કંઈક સંવેગ થયો,

यः ~~शृण्वन्~~ शृण्वन् संवेगं गच्छति तस्याऽयमिह मतं ज्ञानम्।

જેને સંવેગ થયો, એને શ્રુત જ્ઞાન મળ્યું. જેને સંવેગ
નથી, થયો એણે એક જ્ઞાનમાંથી કાઢ્યું અને બીજા
જ્ઞાન માંથી જતું રહ્યું. ઉપદેશમાળામાં ધર્મદાસ ગણિ
મહારાજ, આખું પ્રકરણ કર્યા પછી, પાંચસો વીસ,
પાંચસો પચ્ચીસ, પાંચસો ત્રીસ, પાંચસો પાત્રીસ, ગાથા-
ગઈ અને ધર્મદાસગણિ મહારાજ કહે છે,

कम्माण सुबहुउवसमेण उवगच्छइ इमं सव्वं।

મેં તમને ઘણું-બધું કહ્યું, પાંચસો સવા પાંચસો-
ગાથાઓ કહી દીધી, અનેક પદાર્થો કહ્યા, અનેક
ભાવનાઓ ભાવી, અનેક ઉપદેશો આપ્યા, તમને
હલબલાવ્યા, તમને તમાચાઓ મારી દીધા, એટલી હદનું
તમને જ્ઞાન આપી દીધું, પણ આ બધું કોને ઉતરશે,
જેને બહુ જ કર્મનો ઉપશમ થયો હશે, એને
ઉતરશે!! પ્રશ્ન કર્યો કે જે બહુ ભારે કર્મી હશે
એને શું થશે?

कम्ममलचिक्कणाणं वच्चइ पासेण भण्णंतं॥

જે ચીકણા કર્મ વાળા હશે, એને આ બધું જ કહેલું
બાજુમાંથી જતું રહેશે. આપણી ભાષામાં ઉપરથી જતું
રહેશે. આપણો નંબર કેટલો દૂર? બહુ સીધું સાદું
માપદંડ હરિભદ્રસૂરી મહારાજ આપે છે, એક વાચના
એક વ્યાખ્યાન સાંભળીને, એક ગાથા ગોખીને, જિન-
વાણી નું એકાદ પાનું વાંચીને, તમે કેટલા બોધિત
થયા, તમે એકદમ બોધિત થઈ ગયા તો સમજો
નંબર તમારા હાથમાં છે. તમે થોડા બોધિત થયા

સમજ્યુ લો હજુ થોડી વાર છે, તમે બિલકુલ ભાવિત
નથી થયા, સમજ્યુ લો હિમ્મી હજુ ઘણું દુર છે.
ણાણાં કેટલુંણા ભાવણા દુકરવં
તમને બહુ.. બહુ.. બહુ.. બહુ HIGH DOZE -
આપવામાં આવ્યો, જબર વન પ્રવચનકાર જ આપવામાં
આવ્યા, જે થોડીક તમને મળ્યા, એમણે પણ
એમની જિંદગી નું જ BEST પ્રવચન કહી શકાય,
એવું પ્રવચન આપ્યું, અને એનાથી તમે થોડા
ભાવિત થયા, એનો મતલબ તમે અત્યંત ગંભીર
હતાં છો. જેને અત્યંત HIGH DOZE આપવામાં
આવે, એનાથી HIGH DOZE હતો જ નહીં ને
એ DOZE આપ્યો ને એનો તાવ સવા ચાર-
માંથી ચાર થઈ ગયો! એ ક્યારે સાજો થાય?
અને બીજો હતાં એવાં હતો, જે DOZE ને
ઘોળીને પી ગયો એને કોઈ અસર જ ના થઈ.
ણાણાં કેટલુંણા ભાવણા દુકરવં
DOZE કેટલો ઊંચો હતો એનાથી તમને
ફાયદો નહીં થાય, તમારી એ DOZE ને
પરીણમાવવાની શક્તિ કેવી હતી, તમે એનો
કેટલો લાભ લીધો, એનાથી તમને ફાયદો થશે.
પ્રવચનકાર ઊંચા માં ઊંચા, પદાર્થો ઊંચા માં ઊંચા
વ્યાખ્યાન ઊંચા માં ઊંચુ, સુસ્તતા થી સાંભળી
લીધું, ગયા BACKGROUD વગર, સાંભળી લીધું
ભાવિતત્વ વગર, પછી એની કોઈ સ્મૃતિ નથી,
એને ઘૂંટવાનું / વાગોળવાનું નથી, આત્મા ને કોઈ
લાભ થયો નથી, તો આપણા માટે BEST
પ્રવચન નહતું, આપણા માટે પ્રવચન નહતું,
આપણા માટે પ્રવચનકાર મૌન હતા! બહુ
સીધા-સાદા મહાત્મા, સીધી સાદી વાત, સાવ
સાદી શૈલીમાં કહી દીધું, સ્પર્શી ગયું, આંસુ

આવી ગયા, ભુવન બદલાઈ ગયું, આપણા માટે એ BEST પ્રવચનકાર !! એટલી બધી ઊંડી ભૂમિકા, એટલા બધા અંધારાંમાં આપણે ભુવના હોઈએ છીએ, હરીભદ્રસૂરી મહારાજ કહે છે, તમે શું જાણું એની કોઈ જ મતલબ નથી, તમે શું પચાવ્યું એની વાત છે. હરીભદ્રસૂરી મહારાજ ને પ્રશ્ન કર્યો કે ચાલો અમે સમજી ગયા, કંઈક પણ સંવેગ થાય તો શ્રુત જ્ઞાન મળ્યું છે એમ કહેવાય, આગળનું જ્ઞાન ચિંતન જ્ઞાન અને ભાવના જ્ઞાન એ કઈ રીતે મળે ? હરીભદ્રસૂરી મહારાજ ષોડષક - પ્રકરણ ની અંદર, જવાબ આપે છે.

गुरुभक्त्यादिविधानात् कारणमेतद् द्वयस्येष्टम् ।

શ્રુતજ્ઞાન જ ચિંતન જ્ઞાન અને ભાવના જ્ઞાનનું કારણ બને છે. જેને શ્રુત જ્ઞાન નથી મળ્યું એણે તો જાણ્યું જ નથી, જાણ્યા વગર પચાવી કઈ રીતે શકાય ? પણ પચાવવું કઈ રીતે ? અને એક જ શબ્દમાં હરીભદ્ર - સૂરી મહારાજ જવાબ આપે છે,

गुरुभक्त्यादिविधानात् कारणमेतद् द्वयस्येष्टम् ।

ગુરૂ પ્રત્યે જેના હૃદયમાં અવિહડ ભક્તિ છે, જે ગુરુનો વિનય કરે, બહુમાન કરે, અહોભાવ હોય, ગુરુની જે પણ સેવા હોય, એ કરવા માટે જે તલપાપડ હોય, ઔચિત્ય - પુર્ણ જેનું વર્તન હોય, એ ચિંતન જ્ઞાન અને ભાવના જ્ઞાન સુધી પહોંચી શકે છે.

પૂજ્ય પ્રેમસૂરીજી મહારાજ, સંયમ જીવન ના બાળપણ ની અંદર, એમના ગુરુદેવ દાનસૂરીજી મહારાજ સાથે વિહાર માં હતા, ભણવાની ભાવના, અમુક વિષયો રાજપંડિત, ગાયકવાડ સરકાર ને જે ભણાવે એમના - માનનીય પંડિત, એમની પાસે ભણી શકે એમ હતા. છાણી થી રોજ જવું પડે, લગભગ ૭ માઈલ જેટલું અંતર જવાનું પડે ત્યાં પાઠ લઈને, ભણીને રોજ પાછા આવે ! ચાલીને જવાનું છે, ચાલીને આવવાનું છે.

આપણને સસ્તામાં મળી જાય છે માટે મુલ્ય નથી. ગુરૂદેવની સેવા કરવાની તૈયારી. પાણી લાવવાનું પડિલેહણ એમનું કરવાનું જાતે કામળી નાખીને. દાંડો લઈને, પોથી લઈને, ભર તડકામાં નીકળી પડવાનું છ માઈલ ચાલીને ત્યાં પહોંચવાનું અને ક્યારેક પંડિતજી કહે કે મારે જરા અનુકૂળતા નથી પણ આવવાની, કંઈ જ વાંધો નહિ, એમ કહીને ભણ્યા વગર પાછા આવવાનું ! અંતરમાં એમને કદી એવો વિચાર નથી આવ્યો, કે આ પંડિત એક તો પગાર લે, તો ખબર નથી પડતી કે હું આટલું ચાલી ને આવું પહેલાથી કહેવડાવી દેવાય, તાર કરાવી દેવાય, સંદેશા મોકલી દેવાય કોઈ ની જોડે, કે મારે આવતા નહિ ! એક અજૈન ગુરૂ - એક અજૈન પંડિતજી, એમના પ્રત્યે પણ, જે આચાર્ય નથી, પંન્યાસ, ગણિ, સાધુ, ઉપાધ્યાય, કશું નથી. શ્રાવક સુધ્ધા નથી. અજૈન છે પગારથી ભણાવે છે, એમના પ્રત્યે પણ હૃદયનો સદ્‌ભાવ જે હતો, એ સદ્‌ભાવે એમને - સિધ્ધાંત મહોદધિ બનાવ્યા.

પૂજ્ય જંબુવિજયજી મહારાજ સાહેબ, શંખેશ્વર માં દહેરાસર, ધર્મશાળા નું પ્રાંગણ, MAIN GATE અને એ GATE ની બહાર નીકળી રહ્યા છે, સાથે અમુક શ્રાવકો છે, દર્શનાર્થીઓની અવરજવર છે, WATCH MAN ત્યાં ઉભેલો છે, ઉભાતા ની સાથે હાથ જોડ્યા છે, કમર થી નમી ને એણે પ્રણામ કર્યા છે ને જોનારા આભા થઈ ગયા. જે બહારનો WATCH-MAN, જેમને આચાર્યો પણ માન આપે, વંદનીય ગણે એવા, જંબુવિજયજી મહારાજ એને પ્રણામ કરે ! શ્રાવકો એ પુછ્યું કે સાહેબ

આ શું છે જો સાહેબે કહ્યું કે, તમારી ફ્લેટ એ WATCH MAN હશે, મારે નેપાલી ભાષા શીખવી હતી, કોઈગણે મને શીખવાડી છે, એ મારા વિદ્યાગુરૂ!
ઘરે ધંધાના PARTNERS આવ્યા છે, MEETING તમારી DRAWING ROOM માં ચાલુ છે, ઘરાક છે, CLIENT છે, મોટા મોટા લોકો છે, એક નાના મહાત્મા બાવીસ-ચોવીસ વર્ષના, એક-બે વર્ષના દીક્ષા પર્યાય વાળા, તમારા ઘરે ગોચરી આવ્યા છે, હું તમને પુછુ છું, તમારો પ્રતિભાવ શું હોય છે. પેલા અજૈન છે, અથવા જૈન હોવા છતાં ધર્મમાં એવા INVOLVE નથી, કંઈક ચર્ચા થઈ રહી છે, તમે પણ BUSINESS MAN છો, શ્રીમંત છો, કરોડ પતિ છો, મહાત્મા છે કપડા જરા મેલા છે, શરીરે પરસેવો છે, એક જ સેકન્ડ તમને ત્યાં ખબર પડી કે મહાત્મા આવ્યા, અને તમારો જે પ્રતિભાવ પહેલા ને બાંધી બીજુ પણ આપી શકે અને તમને લાગ્યું કે ઠીક છે તો એને પણ ઠીક જ લાગવાનું છે.
ગુરૂદેવ શ્રી ભુવનભાનુસૂરી મહારાજ, એમનું સંયમ જીવનનું બાળપણ, બનારસના એક પંડિતજી, જે ત્યાંના કુલપતિ, ત્યાંની UNIVERSITY ના! ના ગુરૂદેવ ત્યાં જઈ શકે, ના એ અહીંયા આવી શકે, બે મહિનાનો સમય મળે VACATION નો જે VACATION માં ભણાવવા આવે, ગુરૂદેવ છઠ્ઠ ને પારણે એકાસણા કરે જેથી, સમય બચે! અને બે મહિના છઠ્ઠ ને પારણે છઠ્ઠ આ રીતે કરીને, સતત મહેનત કરીને, એમની પાસે ભણ્યા! ન્યાય કુસુમાંજલિ ગ્રંથ હોય, આત્મ તત્ત્વ વિવેક ગ્રંથ હોય, પોતાના જીવનમાં હજારો વિદ્યાર્થીઓને આ પંડિતજીએ ભણાવ્યા, પાછલી જિંદગીની અંદર ત્યાં RETIRED થઈ

ગયા, ભલે હવે ગુરુદેવને ભણાવવાનું નથી, પણ દર ચોમાસા ની અંદર, દર વર્ષે અમુક દિવસે એમને ખાસ આમંત્રિત કરે, તમે અમારા મહાત્મા ને - ભણાવો, ના ભણાવો કોઈ જ વાંધો નહિ. બધી એમને VIP TREATMENT, અને એમનું શ્રાવકો પાસેથી સારામાં સારું બહુમાન, ગુરુદેવ દર વર્ષે કરાવતા! ગુરુદેવના જે શિષ્યો એમની પાસે થોડું ઘણું ભણી રહ્યા, અમારા રત્નસુંદરસૂરિજી મહારાજ સાહેબ યોગ ભણ્યા હશે, ગુરુદેવની આજ્ઞા થઈ, ત્યારે ભણવાનું છે. ભણવા બેઠા, આસન પાથર્યું, પુસ્તક લીધું, સામે રાખ્યું ને સામે ઘડિયાળ રાખીને બેઠા, પંડિતજી ચમક્યા. તુમ કિસકે શિષ્ય હો! તમારા ગુરુદેવ આ રીતે ભણતા હતા ને કદી પણ ઘડિયાળ રાખી નથી. એ પંડિતજી એ અમારા એક મહાત્માને કહ્યું હતું, કે ભુવનભાનુ-સૂરીજી જૈસા શિષ્ય મૈંને જિંદગી મેં દેખા નહીં!

હું કહું છું બહુ ભણી લીધું, તપ કરી લીધો, સંયમ બચાવી લીધો, મારફાડ એમની પ્રતિભા હતી, એટલે એ એટલી ઊંચાઈ એ બધી પહોંચ્યા. મારું ભણાઈ ગયું, આપવાનો હતો એ પગાર આપી દીધો, હવે મારે શું છે? હવે શું લેવા દેવા! આવું ન હતું. જીવ્યા ત્યાં સુધી, જે કૃતજ્ઞતા નો ભાવ હતો કે એમણે મને જ્ઞાન આપ્યું એ પગાર લઈને - ભણાવતા અજૈન પંડિતજી માટે, જેના જીવનમાં કદાચ એવા ગુણો ના પણ હોય, બની શકે એમના જીવનમાં કંઈક પાપ પણ હોય બની શકે આપણા ધર્મ પ્રત્યે એવા કોઈ પંડિતજી, જેમને એવો સદ્ભાવ ના પણ હોય, મારા ઉપકારી છે, મને જ્ઞાન આપ્યું, એના પ્રત્યે

એ આવું ઔચિત્ય બને, તો જે મહાત્માઓએ,
આપણને પાઠ આપ્યો, વાચના આપી,
ભણાવ્યા, જ્ઞાન આપ્યું. કેટલા મહાત્માઓ શેષકાળમાં
ચોમાસામાં પધારતા હોય, પંદર દિવસ, મહીનો,
ચાર મહિના, જિનવાણીની ગંગા વહાવે, ગળા ફાડે,
આપણા માટે, આપણે એમના માટે તો સદ્ભાવ
કૃતજ્ઞતા, FEELINGS એ કઈ કક્ષાના એ બતાડે
છે, કે આપણે જશ અર્થમાં કેટલું જ્ઞાન પામ્યા!

મહોપાધ્યાય યશોવિજયજી મહારાજ,
સિદ્ધપુર ના ઉપાશ્રય માં વ્યાખ્યાન ની પાટ પર બેસીને
વ્યાખ્યાન આપી રહ્યા છે, આપી રહ્યા છે, ઉપાશ્રય
એકદમ FULL ભરેલો છે, એમની ધારા વહી
રહી છે.....વહી.....રહી છે.....વહી રહી છે, અને
અચાનક મહોપાધ્યાયજી ચૂપ થઈ ગયા, અડધી-
સેકન્ડ માં હજુ કોઈ કાંઈ સમજે એની પહેલા તો
નીચે ઉતરી ગયા, બધાને થયું - થયું શું છે?
સાહેબ આમ આગળ જવા લાગ્યા, લોકો એ રસ્તો
કરી આપ્યો, તો દસ-પંદર ડગલા આગળ આવ્યા ને
સામેથી પંડિતજી આવ્યા! મહોપાધ્યાયજી એમને
આગળ લઈ આવે છે, સમ્માનનીય સ્થાન
અપાવે છે, વ્યાખ્યાન ચાલુ થાય છે. વ્યાખ્યાન
પુરુ થાય છે, હજુ અંદર બધાને બહુ પ્રશ્ન છે,
આશ્ચર્ય છે, ને મહોપાધ્યાયજી કહે છે, કાશીની
અંદર, હું બાર વર્ષ ભણ્યો, અને જે પંડિતજી પાસે
ભણ્યો, એ આ પંડિતજી!! એમણે મને જ્ઞાન-
દર્શનનું જ્ઞાન આપ્યું, એમણે મને નવ્ય ન્યાય નું
જ્ઞાન આપ્યું, એમણે જે પદાર્થો શીખવ્યા,
એના પાયા સાથે હું આગળ વધ્યો, અને
અહીંયા સુધી પહોંચ્યો, એ આ મારા ઉપકારી છે!
મહોપાધ્યાયજી પંડિતજી સાથે કંઈક વાત કરે છે,

તે ખ્યાલ આવે છે કાશી થી સિદ્ધપુર એ આવ્યા, કારણ એ હતું એમને ચિંતા સતાવતી હતી, એમની દીકરીના લગ્ન આવ્યા હતા, એવી - સ્થિતિ એમની ન હતી, મહોપાધ્યાયજી એ સંઘને ઈશારો કર્યો, સંઘના શ્રાવિકાઓ - આજ માં જીણજીણિયા સાથે બહુમાન સાથે, અમારા ગુરુજી ને એમણે ભેટાવ્યા, અમારા ગુરુજી ના ઉપકારી, અમારા ઉપકારી, અને ઘરેણા આખો ઢગલો કરી દીધો!

દસ વૈકાલિક આગમ કહે છે,

किं पुण जे सुयग्गाही

સ્થૂળ પ્રકાર એ મોક્ષ તો જેમાં મોક્ષ માર્ગ નો એક અક્ષર સુધ્ધા નથી, અર્થશાસ્ત્ર છે. જેની અંદર સમ્યક્ત્વ સંબંધી કોઈ વાત ના આવે, કદાચ એનાથી વિરુદ્ધ વાત પણ આવી શકે, એ જ્ઞાન દાતા પ્રત્યે એ આ ઔચિત્ય હોય, લૌકિક શિક્ષણ, લૌકિક કળા, એ શીખવાડનાર, દસ વૈકાલિક આગમ કહે છે,

जेणं बंधे वहं घोरं परियावं च दारुणं।

જેવો કે શિક્ષક નો સ્વભાવ, મારે, ગુસ્સે ગાળો આપે, ખાવા ન દે, અપમાન કરી નાખે ઉતારી દે, અને છતા એ વિદ્યાર્થી સમજે કે ભાઈ મારે એ જ્ઞાન મેળવવું છે તો આ તો હોય જ ને આ બધા સાથે એ જ્ઞાન આપે, તો એ મોટો ઉપકાર કર્યો કહેવાય!

किं पुण जे सुयग्गाही।

તો જે જિનશાસન નું જ્ઞાન આપે, જે ભગવાનની વાણી આપી, જે મોક્ષ માર્ગ સમજાવે, જે આત્મા નું ભવોભવ નું હરણ કરે છે, જે અનંત ભવિષ્ય સુધારી દે, એમના પ્રત્યેનું

આપણું કેવું ઔચિત્ય હોવું જોઈએ ? બહુ મનોમંથન કરીએ, બુદ્ધિ નું બારમું કરતા શીખીએ, હૃદયથી ઝૂકતા શીખીએ, જિનવાણી ના એકાદ શબ્દથી પણ પલળતા શીખીએ, ભાવિત થતા શીખીએ, તો આપણું કલ્યાણ થશે. આજે સમય થયો છે, આજે આટલું રાખીએ !!